S'RĪ ĀGAMODAYA SAMITI SERIES. No. 59.

CHATURVIMS'ATI-JINĀNANDA-STUTIS

BY

PANDITA S'RI MERUVIJAYAGANI

With his own gloss and four appendices.

Edited with Gujarati translation, annotation, introduction, etc.,

BY

HIRĀLĀL RASIKDĀS KĀPADIA, M. A.

Published by Jivanchand Sakarchand Javeri, a Secretary of the Agamodaya Samiti, 121/125 Javeri Bazar, Bombay.

Printed by B. M Sidhaye, at the Bombay Vaibhav Press, Servants of India Society's Home, Sandhurst Road, Girgaum, Bombay.

A. D. 1929.] Price Rs. 6-0-0. [1000 Copies.

The Publisher's Note.

We hoped to publish this work about the end of 1927 but as there was unusual delay in preparing the blocks for the pictures of the gods and goddesses, we are obliged to write this note and add the title-page in English, since, during the interval, unfortunately, there occured the deaths of the publisher and the printer as well. We regret very much for the death of Sheth **Venichand Surchand,** who was our Senior Secretary and an enthusiastic colleague. We may mention that by this time, the location of our office also has been changed as noted at the end of the page.

1st January 1929.
121/125 Javeri Bazar,
BOMBAY 2.

JIVANCHAND SAKERCHAND JAVERI,
one of the Hon. Secretaries
of
S'rī Āgamodaya Samiti.

पण्डितवर्यश्रीमेरुविजयगणिगुम्फिताः

श्रीचतुर्विंशतिजिनानन्दस्तुतयः

स्वोपज्ञावचूरिसमलङ्कृताः ।

श्रीसोमतिलकसूरिसूत्रितसाधारणजिनस्तुति-श्रीरविसागरमुनीशकृत-
श्रीगौतमस्तुति-पूर्वाचार्यप्रणीतश्रीपार्श्वनाथस्तव-श्रीजिनप्रभसूरिरचित-
श्रीअजितजिनस्तोत्ररूपपरिशिष्टचतुष्टयपरिष्कृताः ।

कापडियेत्युपाह्वश्रीरसिकदासतनुजनुषा एम्. ए.
इत्युपाधिविभूषितेन हीरालालेन
गूर्जरभाषानुवादविवरणादिविभूषिताः संशोधिताश्च ।

प्रकाशयित्री—
शाह वेणीचन्द्र सूरचन्द्रद्वारा श्रीआगमोदयसमितिः ।

मोहमय्यां 'चिन्तामण सखाराम देवळे' इत्यनेन मुंबईवैभवनाम्नि मुद्रणालये प्रकाशकस्य कृते मुद्रापितम् ।

प्रथमसंस्करणे प्रतयः १००० ।

विक्रमसंवत् १९८३]   वीरसंवत् २४५३ ।   [इ. स. १९२७

पण्यं रूप्यकषट्कम् ।

પણ્ડિતવર્ય શ્રીમેરુવિજયગણિકૃત

ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ.

સ્વોપજ્ઞ અવચૂરિ સહિત

તેમજ પરિશિષ્ટ તરીકે
શ્રીસોમતિલકસૂરિકૃત સાધારણજિનસ્તુતિ, શ્રીરવિસાગરમુનીશકૃત
શ્રીગૌતમસ્તુતિ, પૂર્વાચાર્યકૃત શ્રીપાર્શ્વનાથસ્તવ તથા
શ્રીજિનપ્રભસૂરિકૃત શ્રીઅજિતજિનસ્તોત્ર.

સંશોધન, ભાષાન્તર તથા વિવેચન કરનાર

પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.,

ન્યાયકુસુમાંજલિ, સ્તુતિ-ચતુર્વિંશતિકા, ચતુર્વિંશતિકા વિગેરેના અનુવાદક.

પ્રસિદ્ધકર્તા

શાહ વેણીચંદ સૂરચંદ,

સેક્રેટરી, શ્રીમતી આગમોદય સમિતિ, મુંબાઈ.

પ્રથમ આવૃત્તિ-પ્રત ૧૦૦૦.

[વિક્રમ સંવત્ ૧૯૮૩.] વીર સંવત્ ૨૪૫૩. [ઈ. સ. ૧૯૨૭.

મૂલ્ય રૂ. ૧-૦-૦

શાહ વેણીચંદ સૂરચંદે શ્રીમતી આગમોદય સમિતિ માટે

નં૦ ૧૧૪/૧૧૬, જવેરી બજાર મુંબાઇની

શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડની

ઑફીસમાંથી પ્રસિદ્ધ કર્યું.

---:o:---

મુદ્રક:—ચિંતામણ સખારામ દેવળે, 'મુંબઈ વૈભવ પ્રેસ' સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા

સોસાયટી બિલ્ડીંગ, સૅન્ડહર્સ્ટ રોડ, ગીરગામ, મુંબઈ.

શ્રીમદ્ મોહનલાલજી મહારાજશ્રીના શિષ્ય-રત્ન પંન્યાસ શ્રીહર્ષમુનિરાજના
શિષ્યવર્ય જૈન જ્યોતિષ-શિલ્પ-વિદ્યા-મહોદધિ જૈનાચાર્ય

શ્રીજયસૂરીશ્વરનો અભિપ્રાય.

अर्हम्.

શ્રીમતી આગમોદય સમિતિ તરફથી પણ્ડિત શ્રીમેરૂવિજયગણિકૃત ચતુર્વિંશતિ-જિનાનન્દસ્તુતિ નામના પુસ્તકના ફૉર્મો મને શુદ્ધિ-પત્ર તૈયાર કરવાને માટે સુશ્રાવક શ્રીયુત જીવણચંદ સાકેરચંદ ઝવેરી તરફથી અવાર નવાર મળતાં રહ્યાં છે. પરંતુ આ ગ્રન્થના સંશોધનનું કાર્ય એવું સુન્દર રીતે કરવામાં આવ્યું છે કે શુદ્ધિ-પત્ર આપવા જેવી અશુદ્ધિઓ એમાં દૃષ્ટિ-ગોચર થતી નથી. વિશેષમાં સંપાદનીય કાર્ય સુસંગઠનરૂપથી કરવામાં આવ્યું છે એટલે આવા અપૂર્વ ગ્રન્થ-રત્નના પ્રકાશનથી અવશ્ય સાહિત્યની અભિવૃદ્ધિ થઇ છે. આ ગ્રન્થમાં ખાસ ખૂબી તો એ છે કે મૂળ શ્લોકોના ઉપર સ્વોપજ્ઞ વિવરણ હોવા ઉપરાંત અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ તથા સ્પષ્ટીકરણ પણ આપવામાં આવ્યાં છે. આથી કરીને ગ્રન્થના મહત્ત્વમાં પણ ઓર વધારો થયો છે. આથી સંસ્કૃતના અભ્યાસીઓજ આ ગ્રન્થનો લાભ પૂર્ણ રીતે મેળવી શકશે એટલુંજ નહિ પરંતુ તેના અનભિજ્ઞો પણ લાભ લઇ શકશે.

વળી અન્તમાં જે અકારાદિક્રમ પૂર્વકનો શબ્દ-કોષ તેમજ સમાસ-વિગ્રહ આપવામાં આવ્યા છે તેથી આ ગ્રન્થના અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને વિશેષ અનુકૂળતા પ્રાપ્ત થઇ છે. આ ગ્રન્થની વળી એ પણ એક વિશિષ્ટતા છે કે વિવિધ છન્દઃશાસ્ત્રને આધારે ગણ તથા વસંતતિલકા વૃત્તના સંબંધમાં સુસ્પષ્ટ માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત મૂળ ગ્રન્થમાં જે જે દેવી-દેવતાની સ્તુતિ કરવામાં આવી છે તેનાં વર્ણનો પણ ઘણીજ સરલતાથી સમજાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. વિશેષમાં આ ગ્રન્થના અંતમાં પરિશિષ્ટો આપી તેને સમલંકૃત કરવામાં આવ્યો છે. વળી ભૂમિકામાં પણ વિવિધ વિષયો સુન્દર રીતે આ-લેખવામાં આવ્યા છે.

આવા પ્રકારનું કાર્ય તો પહેલ વહેલુંજ આ સંસ્થા તરફથી પ્રકાશિત થયેલું જોવાય છે. એથી આ પ્રસંગે એટલું તો મારે જરૂર ઉમેરવું પડશે કે આવા કાર્યથી સાહિત્યરેખા ઝળકી નીકળે છે. વળી આથી જૈનેતર વિદ્વાનો પણ જૈન સાહિત્ય પ્રત્યે આકર્ષાય તેમ છે.

આ ગ્રન્થને પ્રકાશમાં લાવવા માટે ખરેખર હું આ સંસ્થાના કાર્યવાહકને ધન્યવાદ આપું છું. સાથે સાથે આ પ્રમાણે ગ્રન્થ તૈયાર કરવા માટે પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. ને પણ ધન્યવાદ ઘટે છે. તેમનો પ્રયાસ ઘણોજ પ્રશંસનીય છે. મુંબઇમાં મેં ચાતુર્માસ કર્યું ત્યારે પ્રો. **કાપડિયા** સાથે મને પરિચય થયો હતો. તેમનું થોડું ઘણું કાર્ય જોઇને તે વેળા તેમની કાર્ય કરવાની પદ્ધતિના સંબંધમાં મેં જે અનુમાન બાંધ્યું હતું તે આજે ખરૂં પડયું છે એ જાણી મને આનંદ થાય છે. તેમની લેખન–શૈલી એટલી બધી સરળ છે કે સામાન્ય ગુજરાતી ભાષા જાણનાર હોય તે પણ આવા ગ્રન્થનો લાભ સહેલાઇથી લઇ શકે. ખરેખર તેમની કાર્ય કરવાની પદ્ધતિ ઘણીજ ઊંડી છે. કાર્ય કરાવનાર જોઇએ. અસ્તુ.

જૈન સાહિત્યની સર્વદા અભિવૃદ્ધિ હો.

નં. ૧૧૫ વેતાલપેઠ,
શ્રીદશાશ્રીમાલી જૈન ધર્મશાળા,
પુના સિટી.
મૌન એકાદશી, વીર સંવત્ ૨૪૫૩.

લી૦ આચાર્ય શ્રીજયસૂરીશ્વરજી મહારાજ
સાહેબની અનુજ્ઞાથી
પ્રતાપમુનિ

ॐ नमः सिद्धम् ।

આમુખ

પંડિતવર્ય શ્રીમેરૂવિજયકૃત ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ ગ્રન્થ અવચૂરિસહિત પહેલાં શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ સંસ્થા તરફથી ગ્રન્થાંક ૨૩ મા તરીકે બહાર પાડ-વામાં આવ્યો હતો. તેના સંશોધક સ્વર્ગસ્થ પંન્યાસ શ્રીમણિવિજયગણિના શિષ્ય–રત્ન મુનિરાજ કુમુદવિજયજીએ તે ગ્રન્થમાં સંસ્કૃતમાં પ્રસ્તાવના વિ. સં. ૧૯૭૧ ના માગશર શુદ સાતેમે લખી હતી જે ઉપયોગી હોવાથી અત્ર તે નીચે મુજબ આખી આપવામાં આવે છે. આ પ્રસ્તાવના ફરીથી છાપવાની રજા આપવા બદલ અમે સંસ્થાના કાર્યવાહકોને ધન્યવાદ આપીએ છીએ.

पूज्यपादगुरुभ्यो नमः

प्रस्तावना.

अस्य ग्रन्थस्य विचित्रयमकपदलालित्यादिगुणयुक्तस्य पण्डितजनमनश्चमत्कारिणो रच-यितारः श्रीपण्डितमेरुविजयमुनीश्वराः के कदा चावनीतलं पावयामासुरिति मीमांसायां–एत-त्पर्यवसाने " श्रीतपागच्छाधिपतिश्रीविजयसेनसूरीश्वरराज्ये सकलपण्डितोत्तमपण्डितश्रीआनन्द-विजयगणिचरणकमलचञ्चरीकायमाणेन पण्डितमेरुविजयगणिना विरचिता " इत्यवलोकनेन विजयसेनसूरिसमानकालीनत्वादानन्दविजयशिष्यत्वाच्च तत्परिपूर्तिरुपजायते । श्रीविजयसेन-सत्तासमयश्च विक्रमसप्तदशशतके सुप्रसिद्ध एव, तेन पूज्यपादानां स एवेति निर्णयपथमवतरति। कविचक्रललामैरन्ये के ग्रन्था गुम्फिता इति न सम्यग् जानीमहे ॥

किंप्रयोजनकाः स्तुतय इति जिज्ञासायां तु प्रतिपादितमेव भाष्ये तदवचूर्णौ च चैत्यवन्द-नाया अङ्गत्वात् षोडशद्वारे ' चउरो थुई ' इत्यत्र चतस्रः स्तुतयोऽत्र सम्पूर्णायां चूलिकारूपा अधिकृततीर्थकृत् १ समस्तार्हत् २ प्रवचन ३ भक्तदेवताविषया ४ दातव्या इत्याद्यनेन प्रयो-जनमासाम् ॥ कथयति महामोहविलसितमतिकत्वेन मिथ्याग्रहग्रहिलत्वात् कश्चित् ' तिस्र एव स्तुतयो न चतस्रः, यस्मात् देशविरतसर्वविरतयोरविरतसम्यग्दृष्टिदेवा न स्तुत्यर्हा इति ' तन्न, सर्वज्ञागमोपनिषद्वेदिप्रगल्भप्रगल्भापतिमुनिजनतारतारापतिसूरीश्वरश्रीहरिभद्र–बप्पभट्टि–शोभन-मुनिप्रभृतिभिः चतसृणामेव गुम्फितत्वात्, भाष्येऽपि ' सरणिज्ज ' इति चतुर्दशद्वारेऽपि क्षुद्रोपद्रववि-द्रावणादिकारित्वेन सम्यग्दृष्टिदेवानां स्मरणीयत्वेनाभिहितत्वात्, तथा च स्तुतिभिश्चतसृभिर्वन्दनं

देवानां प्राचीनमिति नायुक्तं तद्विधानं श्रीमतां, सूरिसत्तमविहितत्वेन देवस्थापनायाः प्रतिक्रमण-समयेऽप्यवश्यं कर्त्तव्यत्वेन न तत्राप्यनुचितमेतद्रीत्या प्रतिक्रमणस्थापनाया अर्वाग् देववन्दनम् ॥

भगवद्गुणोत्कीर्तनरूपत्वेन स्तुतिस्तोत्रयोः समानविषयकत्वात् कः प्रतिविशेष इत्यारेकायां चैत्यवन्दनापर्यन्ते भण्यमानं चतुःश्लोकादिरूपं स्तोत्रं, यास्तु कायोत्सर्गानन्तरं भण्यन्ते ताः स्तुतय इति रूढा इति भाष्यावचूरिकायाम्। विभर्त्ययं ग्रन्थोऽनादिसंसारपरिभ्रमणासादितानेकदुःखसन्ततिसन्तप्यमानतानुभवनानां तद्विध्वंसनानन्यसाधारणोपायसन्धित्सूनां जिनगुणस्तुतिपराणां मोक्षमार्गैकबद्धलक्षाणां सहृदयहृदयानां प्रतिक्रमणादिशुभानुष्ठानेऽपूर्वानन्दरसपोषकत्वं, तस्मादावश्यकमस्य मुद्रणमिति श्रेष्ठिदेवचन्द्रलालभाईसत्कज्ञानद्रव्यकोशान्मुद्रापितश्चयोर्विंशतितमः तदध्यक्षैः। समासादिता 'नडीयाद'सत्कपुस्तककोशादस्य प्रतिः या प्राचीना नात्यशुद्धा च, तदनुसारेण पूज्यपादगुरुनिदेशेन संशोधितेऽस्मिन् भवेद् या काचना शुद्धिः सा कृपामाधाय संशोधनीया गुणगणधनैः सौजन्यवद्भिः इति प्रार्थ्य विरमति मुनिजनगुणमकरन्दमधुपः पूज्यपादगुरुवर्यश्रीपंन्यासमणिविजयगणिचरणकमलोपासकः कुमुदविजयः 'पत्तन'नगरे वैक्रमीय-१९७१ संवत्सरे मार्गशीर्षशुक्लसप्तम्यां भौमवासरे। शुभं भवतु ॥

આ પ્રસ્તાવનામાં ગ્રન્થ અને ગ્રન્થકાર વગેરે પરત્વે પ્રકાશ પાડવામાં આવ્યો છે તેથી તેમજ શ્રીયુત હીરાલાલભાઈએ પણ એને અંગે વિસ્તાર યુક્ત ઉલ્લેખ કરેલો હોવાથી તત્સમ્બન્ધે હમારે કાંઈ વિશેષ નિવેદન કરવાનું બાકી રહેતું નથી.

આ અમૂલ્ય ગ્રન્થનું તેમજ અંતમાં આપેલ ચાર પરિશિષ્ટોનું સંશોધનાદિક કાર્ય સુરતવાસ્તવ્ય, પરમ જૈનધર્માવલમ્બી, તેમજ શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વર (આત્મારામજી મહારાજ) અને તેમના સન્તાનીય મુનિરાજ શ્રીહર્ષવિજયને ગુરૂ તરીકે પૂજનારા અને તેઓશ્રીના પાદ-સેવનથી જૈન ધર્મના તીવ્ર અનુરાગી બનેલા સ્વર્ગસ્થ રા. રસિકદાસ વરજદાસ કાપડિયાના જ્યેષ્ઠ પુત્ર પ્રોફેસર હીરાલાલ એમ. એ. દ્વારા કરાવવામાં આવ્યું છે.

સંસ્કૃતના અલ્પ અભ્યાસીઓને સુગમતા થઈ પડે તેટલા માટે અન્વય અને શબ્દાર્થ તેમજ જિનસિદ્ધાંતોથી અપરિચિત વર્ગથી જૈન પારિભાષિક શબ્દો વિગેરે સરલતાથી સમજી શકાય તેટલા માટે સ્પષ્ટીકરણ બનતી કાળજી પૂર્વક તૈયાર કરાવ્યાં છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને આ ગ્રન્થનો અભ્યાસ કરવામાં વિશેષ અનુકૂળતા થઈ પડે એ હેતુથી શબ્દ-કોષ અને સમાસ-વિગ્રહ પણ તૈયાર કરાવ્યાં છે.

અમારા પ્રયાસની સફળતા પાઠક-વર્ગની પસંદગી ઉપર તેમજ આ ગ્રન્થના લેવાતા લાભ ઉપર રહેલી હોવાથી આ સંબંધે વિશેષ નિવેદન કરવાનું બાકી રહેતું નથી. પરંતુ જો આ પદ્ધતિ વિશેષ ઉપયોગી માલૂમ પડશે તો ભવિષ્યમાં આવી પદ્ધતિથી બીજા ગ્રન્થો બહાર પાડવા અમારી પ્રબળ ઇચ્છા છે.

આવા ગ્રન્થો સંબંધે કાંઇ ન્યૂનતા આદિ માલુમ પડે તેમજ બીજી કાંઇ વિશેષ માહિતી દાખલ કરવાની રહી ગયેલી જણાય તેમજ અન્ય પણ કોઈ સૂચના કરવાની યોગ્ય લાગે તે જો પાઠક-વર્ગ તરફથી અમને જણાવવામાં આવશે તો ભવિષ્યના ગ્રન્થોમાં તેવો સુધારો કરવા અવશ્ય બનતું કરીશું. વિશેષમાં આ ગ્રન્થમાં આપેલી અવચૂરિ ઉપરાંત અન્ય કોઇ ટીકા કે અવચૂરિની પ્રતિ જેમની પાસે હોય અગર કયાં છે તેની માહિતી હોય તે અમને જણાવવામાં આવશે તો તે પણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન સેવવામાં આવશે.

આ ગ્રન્થ તૈયાર કરાવવામાં જૈનાચાર્ય શ્રીમદ્‌વિજયવલ્લભસૂરિની પ્રતિનો મુખ્ય આધાર લેવામાં આવ્યો છે. આ સૂરિવર્યે પ્રતિ મોકલી અમારા કાર્યમાં જે સહાયતા કરી છે તે બદલ તેઓના અમો અત્યંત ઋણી છિયે.

આગમોદ્ધારક વ્યાખ્યાપ્રજ્ઞ જૈનાચાર્ય શ્રીમદ્‌**આનન્દસાગરસૂરિ** આ **આગમોદય સમિતિ**ના ઉત્પત્તિ સમયથીજ અપૂર્વ સાહાય્ય આપતા રહ્યા છે, તેજ મુજબ આ ગ્રન્થ પણ પ્રસિદ્ધ કરવામાં તેમણે જે સાહાય્ય આપી છે તે બદલ તેઓશ્રીનો અમે જેટલો ઉપકાર માનીયે તેટલો ઓછોજ છે.

સંશોધન કાર્યમાં મદદ કરવા માટે અનુયોગાચાર્ય શ્રી**ક્ષાંતિવિજય** તેમજ મુનિરાજ **ચતુરવિજયજી**ના અને શુદ્ધિપત્રક માટે તૈયાર થયેલા ફૉર્મો તપાસી જોવા બદલ જૈનાચાર્ય જયસૂરિજીના પણ અમે આભારી છીએ.

અમે સોળ વિદ્યા-દેવીઓ તેમજ ચોવીસ શાસન-દેવીઓ વિગેરેની પ્રતિકૃતિઓ ભગવાન્ શ્રીપાદલિપ્તસૂરીશ્વરપ્રણીત શ્રી**નિર્વાણ-કલિકા**ના આધારે આલેખાવવા પ્રયત્ન સેવ્યો છે. એમાંથી જેટલી પ્રતિકૃતિઓ આ ગ્રન્થમાં આપવામાં આવી છે તેટલીનું એક સૂચી-પત્ર ૧૧ માં પૃષ્ઠ ઉપર આપ્યું છે. આ પ્રતિકૃતિઓ જૈનશાસનાનુરાગી દેવ-દેવીઓની હોવાથી જૈનો તેઓ પ્રત્યે બહુમાન ધરાવે તેમજ તેમની આશાતના ન થવા દે તે સ્વાભાવિક છે; પરંતુ અન્ય મતાવલંબીઓને પણ અમારી એ વિજ્ઞપ્તિ છે કે તેઓ પણ આ પ્રતિકૃતિઓ તરફ યોગ્ય સદ્‌ભાવ ધારણ કરશે. જેથી ભવિષ્યમાં આવી પ્રતિકૃતિઓ પ્રસિદ્ધ કરતી વેલાએ અમારે સંકોચ રાખવો પડશે નહિ, વિશેષમાં આ સમસ્ત પ્રતિકૃતિઓને લગતો સર્વ પ્રકારનો હક્ક અમોએ આધીન રાખેલો છે એ તરફ પણ પાઠક-વર્ગનું અમે ધ્યાન ખેંચીએ છિયે.

મહાશિવરાત્રી સં. ૧૯૮૩.
હંસરાજ પ્રાગજી બિલ્ડીંગ,
ગીરગામ-મુંબાઇ.

જીવણચંદ સાકરચંદ જવેરી,
માનદ સેક્રેટરી.

વિષયાનુક્રમણિકા

વિષય	પૃષ્ઠાંક

પ્રતિકૃતિઓનું સૂચી-પત્ર

અંક	પ્રતિકૃતિ
૧	ચક્રેશ્વરી (શાસન-દેવી)
૨	અજિતબલા ,, તથા મહાયક્ષ
૩	દુરિતારિ ,, ,, ત્રિમુખ
૪	રોહિણી (વિદ્યા-દેવી)
૫	કાલી ,,
૬	શ્યામા (અચ્યુતા) (શાસન-દેવી) તથા કુસુમ
૭	શાન્તા (શાસન-દેવી) તથા માતંગ
૮	વજ્રાંકુશી (વિદ્યા-દેવી)
૯	સુતારકા (શાસન-દેવી) તથા અજિત
૧૦	અશોકા ,, ,, બ્રહ્મા
૧૧	માનવી ,, ,, મનુજ (ઈશ્વર)
૧૨	ચણ્ડા (પ્રવરા) ,, ,, સુરકુમાર
૧૩	વિદિતા (વિજયા) ,, ,, ષણ્મુખ
૧૪	અંકુશી ,, ,, પાતાલ
૧૫	પ્રજ્ઞપ્તિ (વિદ્યા-દેવી)
૧૬	નિર્વાણી (શાસન-દેવી) તથા ગરૂડ
૧૭	બલા (અચ્યુતા) ,, ,, ગંધર્વ
૧૮	ચક્રધરા (વિદ્યા-દેવી)
૧૯	ધરણ-પ્રિયા (વૈરોટ્યા) (શાસન-દેવી) તથા કુબેર
૨૦	ગૌરી (વિદ્યા-દેવી)
૨૧	અંબિકા (શાસન-દેવી)
૨૨	પદ્માવતી ,, પાર્શ્વ (વામન)
૨૩	શ્રુત-દેવતા (સરસ્વતી)
૨૪	ગૌતમસ્વામી પ્રમુખ ગણધરદેવો.

વિષય-સૂચી

કિંચિદ્ વક્તવ્ય

'શ્રીચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ' નામના આ કાવ્યનું પ્રથમ દર્શન તો મને ઇ. સ. ૧૯૧૫માં થયું હતું. પ્રસંગ એમ બન્યો હતો કે ઇ. સ. ૧૯૧૪ માં હું બી. એ. (B. A. Honours) ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો તે સમયે આ પરીક્ષામાં ઊંચે નંબરે પસાર થયેલા જૈન વિદ્યાર્થીને શ્રેષ્ઠિ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી સંસ્કૃતના ગ્રન્થો ભેટ આપવામાં આવશે એમ જાહેર કરવામાં આવ્યું હતું. આ જાહેર ખબર વાંચીને મેં આ સંસ્થાના માનદ મન્ત્રી ઉપર અરજી કરી. તેના પરિણામ તરીકે અન્ય પુસ્તકોની સાથોસાથ આ કાવ્ય પણ મને ભેટ તરીકે મળ્યું. આને નિહાળતાંજ મને અતિશય આનન્દ થયો અને સ્વાભાવિક રીતે તેનો અભ્યાસ કરવા મારૂં મન લલચાયું. પરંતુ તે સમયે મારો સંસ્કૃતનો યથાયોગ્ય અભ્યાસ નહિ હોવાને લીધે આ કાવ્ય હું બરાબર સમજી શકયો નહિ, એટલે મારા અભ્યાસને દૃઢીભૂત કરવાને અંગે તેનું ભાષાંતર કરવાની વાત મારે પડતી મૂકવી પડી. ત્યારબાદ ઇ. સ. ૧૯૨૩માં શ્રીશોભન મુનીશ્વરકૃત સ્તુતિ-ચતુર્વિંશતિકાનું ભાષાંતર કરતી વેળાએ આ કાવ્યનું મને સ્મરણ થઇ આવ્યું. બી. એ. ની પરીક્ષા પસાર કર્યા પછી અને ખાસ કરીને એમ. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ મેં સંસ્કૃતનો વિશેષતઃ અભ્યાસ કરવા માંડ્યો હતો. તેથી કરીને મેં આ કાવ્યનું ભાષાંતર કરવા ફરીથી પ્રયાસ કરી જોયો. આ પ્રયાસનું પરિણામરૂપ આ ગ્રન્થ છે એમ સહજ સમજી શકાય તેમ છે એટલે તે વિષે ઉલ્લેખ કરવો હવે બાકી રહેતો નથી.

ગ્રીષ્મ-ઋતુના પ્રખર તાપથી પીડિત થયેલા ધનિકો શીતળ ટેકરી તરફ પ્રયાણ કરે છે, તેમ મેં પણ જૈન સાહિત્યરૂપી શીતળ ટેકરીનો આશ્રય લીધો અને તેમાં મેં સાંસારિક તાપથી તપ્ત થયેલા મારા મનને આ કાવ્યરૂપી વાયુની લહરીથી શાંત કરવા પ્રયત્ન કર્યો. આ વાયુનો પ્રભાવ કંઇ ઔરજ હતો. તેનો લાભ અન્યને પણ મળવો જોઇએ, તેની ખૂબીથી સંસ્કૃતના અલ્પ-અભ્યાસી જનોને પણ પરિચિત કરવા જોઇએ ઇત્યાદિ વિચારો આવતાં તેના પરિણામ તરીકે મેં પદ્યના પદચ્છેદાત્મક અન્વય તથા શબ્દાર્થ તેમજ ગૂર્જર ગિરામાં શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ તૈયાર કરવા માંડ્યાં. આ પ્રમાણે આ કાવ્ય તૈયાર કરીને શ્રીશોભન-સ્તુતિની પ્રસ્તાવનામાં પ્રદર્શિત કરેલ પ્રસંગ પ્રાપ્ત થતાં મેં તૈયાર કરેલી મુદ્રણાલય-પુસ્તિકા (પ્રેસ-કૉપી) આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીઆનન્દસાગરસૂરિના ઉપર મોકલી આપી. તેઓશ્રીએ મારી પ્રેસ-કૉપી સાદ્યંત તપાસી જવા તેમજ કેટલેક સ્થળે સુધારા-વધારા પણ સૂચવવા કૃપા કરી; આથી હું તમનો ઋણી છું. વિશેષમાં એ પણ ઉમેરવું આવશ્યક સમજાય છે કે આ કાવ્યનું સંશોધન કરવામાં મારે હસ્ત-લિખિત પ્રતિનો ખપ હોવાથી મેં તે બાબત જૈનશાસનપ્રભાવક, પાશ્ચાત્ય વિદ્વદ્-વર્ગ સાથે પ્રથમ પત્ર-વ્યવહાર શરૂ કરનારા, ન્યાયાંભોનિધિ સ્વર્ગસ્થ આચાર્ય શ્રીવિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજશ્રી)ના પટ્ટધર પંજાબકેસરી શ્રીવિજયવલ્લભસૂરિને લખી જણાવી. એટલે તેઓશ્રીએ હોશીયારપુરથી મને એક સુંદર અક્ષરોથી અલંકૃત શુદ્ધ પ્રતિ મોકલી આપી. (આ ૧૨ પત્રાત્મક પ્રતિના મધ્યમાં મૂળ કાવ્ય આપવામાં આવેલું છે અને ઉપર નીચે ટીકા છે. અર્થાત્ આ ત્રિપાઠી પ્રતિ છે. પ્રત્યેક પત્રની બંને બાજુ ઉપર ૧૭ પંક્તિઓ છે અને દરેક પંક્તિમાં લગભગ ૫૬

અક્ષરો છે.) આથી કરીને હું અત્ર તેમનો પણ ઉપકાર માનું છું. વળી **શ્રીશોભન** મુનિવર્યકૃત **સ્તુતિ–ચતુર્વિંશતિકા**નાં પ્રુફો તપાસવામાં જેમ મને **આનન્દસાગર**સૂરિજી તરફથી તેમજ મારી ધર્મપત્ની તથા મારા લઘુ બન્ધુ પ્રો૦ **મણીલાલ** તરફથી સાહાય્ય મળી હતી, તે વાત આ ગ્રન્થને પણ કેટલેક અંશે લાગૂ પડે છે. કેટલેક અંશે એમ કહેવાનું કારણ એ છે કે આ ગ્રન્થના લગભગ ૬૪ પાનાં છપાઇ ગયાં હતાં ત્યાર પછી પ્રસંગ નીકળતાં આ ગ્રન્થનાં બીજી વારનાં પ્રુફો તપાસી જવા સ્વર્ગસ્થ શ્રીમદ્**મંગવિજય**ગણિના શિષ્યરત્ન અનુયોગાચાર્ય શ્રી**ક્ષાન્તિવિજયે** હા પાડી (આ બદલ હું તેમનો ઋણી છું). આથી આનન્દસાગરસૂરિજી ઉપર પ્રુફો મોકલી તેમનો અમૂલ્ય સમય રોકવો મને ઉચિત જણાયો નહિ. આ ઉપરાંત એ પણ કારણ હતું કે તેઓ વિહારમાં હોવાથી તેમને સમય પણ ઘણો ઓછો રહેતો હતો.

આ પુસ્તક છપાતું હતું તે દરમ્યાન તેને સાંગોપાંગ બનાવવાની ઇચ્છાથી હું શબ્દ–કોષ, પદ્યાનુક્રમણિકા, ભૂમિકા વિગેરે તૈયાર કરતો ગયો. મૂળ કાવ્યના ઉપર ગ્રન્થકારે ટુંકમાં વિવરણ કરેલું હોવાથી આ કાવ્યના ઉપર વિશેષ પ્રકાશ પાડવો બાકી રહેલો છે એમ મને લાગ્યું. એથી અને ખાસ કરીને સંસ્કૃત ભાષાના અલ્પ અભ્યાસીઓ યમકમય પદ્યો સુગમતાથી સમજી શકે તે ઇરાદાથી મેં સમાસ–વિગ્રહનું પ્રકરણ પણ તૈયાર કર્યું (આ હેતુપૂર્વક મેં શ્રી**બપ્પભટ્ટિ**સૂરિકૃત **ચતુર્વિંશતિકા**માં પણ આવા પ્રકરણનો સમાવેશ કર્યો હતો).

વિશેષમાં **સ્તુતિ–ચતુર્વિંશતિકા**દિકની જેમ આ પુસ્તકમાં પણ પરિશિષ્ટ આપવામાં આવેલ છે. તેમાં પ્રથમ પરિશિષ્ટ તરીકે જે શ્રી**સોમતિલક**સૂરિકૃત સાધારણજિનસ્તુતિ આપી છે. તેની અવચૂરિ સહિત એક નકલ લખીને મારા ઉપર સ્વર્ગસ્થ જૈનાચાર્ય ન્યાયાંભોનિધિ શ્રી**વિજયાનંદ**સૂરીશ્વરના શિષ્ય–રત્ન દક્ષિણવિહારી મુનિરત્ન શ્રી**અમરવિજય**ના શિષ્યવર્ય મુનિરાજ શ્રી**ચતુરવિજયે** મોકલી આપી હતી. દ્વિતીય પરિશિષ્ટમાં આપેલી શ્રી**રત્નસાગર**કૃત શ્રી**ગૌતમ**સ્તુતિ અન્વયાંક સહિત તેઓએ લખી મોકલી હતી એટલુંજ નહિ, પણ તેનો અર્થ સહેલાઇથી ધ્યાનમાં આવે તેટલા માટે તેમણે તેની અવચૂરિ પણ રચી મોકલી હતી. વિશેષમાં ક્ષાન્તિવિજયજીએ વિહાર શરૂ કરેલો હોવાથી પરિશિષ્ટનાં તેમજ ભૂમિકાનાં બીજી વારનાં પ્રુફો તપાસી જવામાં તેઓ સહાયભૂત થયા હતા એથી કરીને તેમજ ભૂમિકામાં કેટલેક સ્થળે તેમણે જે અમૂલ્ય સૂચનાઓ પણ કરી હતી તે બદલ હું અત્ર તેમનો ઉપકાર માનું છું.

અત્ર મારે એ નિવેદન કરવું જોઇએ કે બે પરિશિષ્ટો છપાઇ ગયાં ત્યાર પછી બાકીનાં પરિશિષ્ટો હું છપાવવાની તૈયારીમાં હતો તેવામાં મારા સ્વર્ગસ્થ પિતાશ્રીને અને ખાસ કરીને મારા પિતામહને જૈન ધર્મથી વિશેષ પરિચિત કરાવનારા મુનિરત્નો પૈકી પ્રવર્તક શ્રી**કાન્તિવિજય**ના અમૂલ્ય ગ્રન્થ–ભંડારમાંથી શ્રી**સોમતિલક**સૂરિકૃત સાધારણજિનસ્તુતિની સ્વોપજ્ઞ અવચૂરિવાળી બે પ્રતિઓ તેમજ શ્રી**જિનપ્રભ**સૂરિકૃત શ્રીઅજિતજિનસ્તોત્રની આસપાસ ટિપ્પણવાળી એક પ્રતિ મને આ મુનિવર્યના શિષ્ય–રત્ન મુનિરાજ શ્રી**ચતુરવિજયે** મોકલી આપી. આ બદલ હું એમનો ઋણી છું. સાધારણ–સ્તુતિની બે પ્રતિઓ પૈકી એક તો તદ્દન નવીન વિ. સં. ૧૯૭૫ માં લખાયેલી છે. બીજી પ્રતિ આનાથી પ્રાચીન છે ખરી, પરંતુ તે અપૂર્ણ છે આ પ્રતિમાં દોઢેક શ્લોકનીજ

અવચૂરિ છે. પ્રથમ પ્રતિને પ્રથમ પરિશિષ્ટમાં છપાયેલી અવચૂરિ સાથે મેળવી જોતાં ખાસ કરીને એના પ્રારમ્ભમાં બે પદ્યો તેમજ અન્તમાં એક પદ્ય વધારે માલૂમ પડ્યાં. પરંતુ બીજા પાઠોનું સામ્ય વિચારતાં આને પ્રથમ અવચૂરિથી સ્વતંત્ર ગણી તેને અન્તમાં સંપૂર્ણ પ્રસિદ્ધ કરવાની મને જરૂર ન લાગી. આથી પાઠાન્તરો આપી મેં ચલાવી લીધું છે.

ત્રીજા તેમજ ચોથા પરિશિષ્ટગત સ્તોત્રો યમકબદ્ધ હોવાથી તેની ટીકા આપવાની આવશ્યકતા તો હું સ્વીકારૂં છું. આની ટીકાની પ્રતિ કોઇ જ્ઞાન–ભંડારમાં હોય તો તે મેળવવા માટે મેં તપાસ કરી જોઇ, પરંતુ તેમાં હું કૃત્તેહમંદ થયો નહી. કોઇ મહાશય પાસે તેવી પ્રતિ હોય અથવા તો તે ક્યાંથી મળી શકશે તે જાણવામાં હોય તો તે નિવેદન કરવા કોઇ મહાનુભાવ કૃપા કરશે તો તેમના ઉપકાર પૂર્વક આ બે પ્રસિદ્ધ કરવામાં આવશે.

અત્યારે તો મારી વિનતિ સ્વીકારી શ્રીવિજયસિદ્ધિસૂરિના સંતાનીય મુનિરાજ શ્રીકલ્યાણવિજયે તૈયાર કરી મોકલેલ તૃતીય પરિશિષ્ટની અવચૂરિ તેમજ ચતુર્થ પરિશિષ્ટ માટે પ્રવર્તકજીના જ્ઞાન–ભંડારની પ્રતિગત ટિપ્પણ તેમજ આ બેનો મેં યથામતિ તૈયાર કરેલ અનુવાદ સુજ્ઞ પાઠકના કર–કમલમાં અર્પી સંતોષ માનું છું.

પણ્ડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી પાટણના ભંડારના ગ્રન્થોનું સૂચી–પત્ર તૈયાર કરી રહ્યા છે એ વાતની મને ખબર પડતાં ભૂમિકાના પ્રુફની એક નકલ મેં તેમના ઉપર પણ મોકલી આપી હતી, કેમકે આમાં એવા કેટલાક ગ્રન્થો વિષે પ્રકાશ પાડવો બાકી રહેતો હતો. આ પ્રુફ જોઈ જઇ તેમાં જે સુધારા વધારા તેમણે સૂચવ્યાં છે તે બદલ હું તેમનો પણ અત્ર ઉપકાર માનું છું.

અંતમાં જે જે સદ્વ્યક્તિઓએ મને આ ગ્રન્થના સંશોધનાદિક કાર્યમાં સહાયતા કરી છે તેનો ફરીથી ઉપકાર માનતો તેમજ

" गच्छतः स्खलनं क्वापि, भवत्येव प्रमादतः ।
हसन्ति दुर्जनास्तत्र, समादधति सज्जनाः ॥ १ ॥ "

એ તરફ પાઠક–વર્ગનું સવિનય ધ્યાન ખેંચતો હું વિરમું છું.

ભગતવાડી, ભુલેશ્વર,
મુંબઈ.
વિક્રમ સંવત્ ૧૯૮૩
કાર્તિક શુક્લ પ્રતિપદ્.

સુજ્ઞસેવક
હીરાલાલ રસિકદાસ કાપડિયા.

અવતરણ—

કિંચિદ્ વક્તવ્યમાં સૂચવ્યા મુજબ આ **શ્રીચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** નામના કાવ્યના અનુવાદનો પ્રારંભ **શ્રીશોભન** મુનીશ્વરકૃત સ્તુતિ–ચતુર્વિંશતિકાનું ભાષાન્તર સમાપ્ત થયા બાદ કરવામાં આવ્યો હતો, જ્યારે તેની ભૂમિકા તો મેં તે ગ્રન્થ સંપૂર્ણ છપાઈ ગયો તે પૂર્વે તૈયાર કરવા માંડી હતી, કેમકે શોભન–સ્તુતિ છપાવવી શરૂ થયા પછી આઠેક મહિને આ ગ્રન્થ પણ મુંબાઈ વૈભવ મુદ્રણાલયમાં મોકલી આપવામાં આવ્યો હતો. ત્યાર પછી લગભગ છ માસ વીત્યા બાદ શ્રીબપ્પભટ્ટિસૂરિકૃત **ચતુર્વિંશતિકા** છાપવાનું કાર્ય નિર્ણયસાગર મુદ્રણાલયમાં શરૂ કરવામાં આવ્યું હતું. આ ગ્રન્થ સૌથી પ્રથમ છપાઈ ગયો અને ત્યાર પછી ટુંક સમયમાં **સ્તુતિ–ચતુર્વિંશતિકાનું** કાર્ય પણ સમાપ્ત થયું, પરંતુ પૃષ્ઠની અપેક્ષાએ લઘુ એવી આ **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** નામની કૃતિ છપાવવાનું કાર્ય તો ચાલૂજ રહ્યું.

આ પ્રમાણેની પરિસ્થિતિને લઈને ભૂમિકાનો કેટલોક ભાગ વિષયની અપેક્ષાએ સમાન એવી **ચતુર્વિંશતિકા**માં છપાવી દેવો પડયો. દાખલા તરીકે **ચતુર્વિંશતિકા**ના કાવ્ય–મીમાંસામાં આપેલ વસ્તુ, સ્તુતિ–વિચાર અને સ્તુતિ–કદમ્બકનો ક્રમ એ હકીકત આ ભૂમિકાને માટે તૈયાર કરવામાં આવી હતી.

કાવ્ય–સમીક્ષા

વિશિષ્ટતા—

પ્રત્યેક જિનેશ્વરની મુખ્યતાવાળી [1]ચાર ચાર પદ્યોની સ્તુતિરૂપ આ કાવ્ય સ્વોપજ્ઞ વિવરણથી વિભૂષિત છે, વળી તેનાં સમગ્ર (૯૬) પદ્યો વસંતતિલકા વૃત્તમાંજ રચાયેલાં છે તેમજ એના ચતુર્થાદિ પદ્યોમાં [2]મુખ્યતઃ [3]શાસન–દેવીની સ્તુતિ કરવામાં આવી છે એ એની વિશિષ્ટતા સૂચવે છે **સ્તુતિ–ચતુર્વિંશતિકા** અને **ચતુર્વિંશતિકા**ની જેમ અત્ર કોઇ યક્ષની કે શ્રુત–

૧ આવી સ્તુતિમાં ચાર જૂદાં જૂદાંજ પદ્યો હોવાં જોઇએ એવો કંઇ નિયમ નથી. એકના એક પદ્યના અમુક જિનેશ્વર, સર્વે જિનેશ્વરો, આગમ અને ભક્ત–દેવતા એ ચારેને ઉદ્દેશીને અર્થો થતા હોય તો તેવા પદ્યનો પણ આવી સ્તુતિમા સમાવેશ થઇ શકે છે. શું આનું પણ પ્રમાણ આપવુ પડશે ? એમજ હોય તો પાઠક મહાશયને પ્રથમ પરિશિષ્ટ પ્રતિ દૃષ્ટિપાત કરવા વિજ્ઞપ્તિ કરૂં છું.

૨ આ કાવ્યમાં ચોવીસ શાસન–દેવીઓ પૈકી સોળ શાસન–દેવીઓની અને સોળ વિદ્યા–દેવીઓ પૈકી ૭ વિદ્યા–દેવીઓની સ્તુતિ–કરવામાં આવી છે.

૩ તીર્થંકર તીર્થની સ્થાપના કરતી વેળાએ યક્ષ જાતિના શાસન–રાગી દેવ અને દેવીની પણ સ્થાપના કરે છે. આ પ્રમાણે શાસનના હિતાર્થે જે દેવીની નિમણૂક થઇ હોય તે ' શાસન–દેવી ' કહેવાય છે. જૈન દર્શનની માફક બૌદ્ધ દર્શનમાં પણ ' શાસન–દેવી 'નુ અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું છે.

દેવતાની સ્તુતિ કરવામાં આવી નથી, પરંતુ ઉપર્યુક્ત બે ગ્રન્થોની માફક અત્રે પણ કાલી અને અંબિકા એ બે દેવીઓની બે બે વાર સ્તુતિ કરવામાં આવી છે એ ધ્યાનમાં લેવા જેવી હકીકત છે.

આ કાવ્યમાં જે વિશિષ્ટતાઓ રહેલી છે તે પૈકી કેટલીકનું સ્થૂલ સ્વરૂપ તો આપણે ઉપર મુજબ વિચારી લીધું. વિશેષમાં અત્ર સમસ્ત પદ્યો દ્વિતીય અને ચતુર્થ ચરણોની સમાનતારૂપ યમકથી વિભૂષિત છે એ વિશિષ્ટતા તરફ દૃષ્ટિ–પાત કરવામાં આવે છે. આને વિશિષ્ટતા કહેવાનું કારણ એ છે કે ચતુર્વિંશતિકા, સ્તુતિ–ચતુર્વિંશતિકા તેમજ ઐન્દ્ર–સ્તુતિમાં આ [1]યમક પ્રધાન પદ ભોગવે છે, જ્યારે અત્ર તો તેનું એકચ્છત્ર સામ્રાજ્ય જોવામાં આવે છે. આવાજ યમકથી અલંકૃત ચતુર્વિંશતિજિનવિજયસ્તુતિ શ્રીહેમવિજયગણિએ માલિની છંદમાં રચી છે અને તે પણ સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત છે (આની સાન્વયાંક મુદ્રણાલય–પુસ્તિકા મેં તૈયાર કરી છે. સમયાનુસાર તે પ્રસિદ્ધ કરવામાં આવશે). ચોવીસ જિનેશ્વરોની સ્તુતિરૂપ આવાં યમકમય કાવ્યો અન્ય મુનિવર્યોએ રચ્યાં હશે, પરંતુ તેના દર્શન કરવાની વાત તો દૂર રહી કિન્તુ તેના નામ–શ્રવણનો પણ મને લાભ મળ્યો નથી. આથી ભિન્નાભિન્ન વિષયવાળાં ચરણ–સમાનતારૂપ યમકમય કાવ્યો નીચે મુજબ છે.

	કાવ્યનું નામ.	કર્તા.	છંદ.	પદ્ય–સંખ્યા.
૧	[2]શ્રીચતુર્વિંશતિજિનસ્તુતિ (અવચૂરિ સહિત)	શ્રીસોમસુન્દરસૂરિના શિષ્ય શ્રીજિનસુન્દર	શાર્દૂલવિક્રીડિત	૨૮
૨	”	”	રથોદ્ધતા	૨૮
૩	”	”	(મોટે ભાગે) ઉપજાતિ	૨૮
૪	”	પૂર્વાચાર્ય	અનુષ્ટુપ્	૨૮
૫	”	શ્રીસોમપ્રભસૂરિ	ઉપજાતિ	૨૭
૬	નેમિજિનસ્તવન	શ્રીરવિસાગર મુનિરાજ	દ્રુતવિલંબિત	૨૬
૭	શ્રીચતુર્વિંશતિજિનસ્તુતિ	શ્રીજિનપ્રભસૂરિ	ઉપજાતિ	૨૫
૮	જિન–સ્તવ	શ્રીધર્મશેખરગણિ	સ્રગ્ધરા	૨૫
૯	શારદા–સ્તોત્ર	શ્રીજિનપ્રભસૂરિ	ઉપજાતિ	૧૩
૧૦	જિનસિંહસૂરિ-સ્તવન	”	”	૧૩
૧૧	શ્રીવીર–સ્તવન	”	અનુષ્ટુપ	૧૩
૧૨	શ્રીપાર્શ્વનાથપ્રાતિહાર્યસ્તવન	”	રથોદ્ધતા	૧૦
૧૩	શ્રીપાર્શ્વનાથસ્તવ	”	અનુષ્ટુપ	૯
૧૪	શ્રીચન્દ્રપ્રભસ્વામિસ્તુતિ	”	”	૪

૧ યમકનું લક્ષણ—

“स्यात् पादपदवर्णाना-मावृत्तिः संयुताऽयुता ।
यमकं भिन्नवाच्याना-मादिमध्यान्तगोचरम् ॥”

—વાગ્ભટાલંકાર શ્લો૦ ૨૨

૨ આ ચૌદ કાવ્યો પૈકી પ્રત્યેકનું એકેક પદ્ય સ્તુતિ–ચતુર્વિંશતિકાની સંસ્કૃત ભૂમિકામાં આપવામાં આવ્યું છે.

આ ચૌદ કાવ્યો પૈકી જે કાવ્યોને ચતુર્વિંશતિજિનસ્તુતિ તરીકે મેં અત્ર ઓળખાવ્યાં છે અને જેની શ્લોક સંખ્યા ૨૭-૨૮ ની છે તેમાં એક વિશિષ્ટતા રહેલી છે. તે એ છે કે આ પ્રત્યેક કાવ્યમાં આ અવસર્પિણીમાં થઇ ગયેલા શ્રીઋષભનાથ પ્રમુખ ચોવીસ તીર્થંકરોની એક એક પદ્ય દ્વારા સ્તુતિ કર્યા પછી તેના કર્તાએ અંતમાં સમસ્ત તીર્થંકરો, આગમ અને ભક્ત-દેવતાની પણ પૃથક્ પૃથક્ પદ્ય રચીને સ્તુતિ કરી છે. આથી કરીને આવાં કાવ્યોમાંથી દરેક તીર્થંકરની સ્તુતિરૂપ પદ્યની સાથે પ્રત્યેક વેળા સમસ્ત તીર્થંકરાદિક સંબંધી ત્રણ પદ્યોનો સમન્વય કરવાથી ચોવીસ સ્તુતિ-કદમ્બકો ઉદ્ભવે છે અને તેમ થતાં આમાંથી ગમે તે સ્તુતિ-કદમ્બકનો પ્રતિક્રમણાદિક કરતી વખતે ઉપયોગ થઇ શકે તેમ છે.+ આ વાત નીચે મુજબનાં ચતુર્વિંશતિજિનસ્તુતિના નામથી ઓળખાવાય તેવાં કાવ્યોના સંબંધમાં પણ ઘટી શકે છે:—

કાવ્ય-પ્રારમ્ભ.	કર્તા.	છંદ.	પદ્ય-સંખ્યા.
૧ कनककान्तिधनुःशत०	શ્રીજિનપ્રભસૂરિ	દ્રુતવિલમ્બિત	૨૯
૨ *पात्वादिदेवो दश कल्पवृक्षाः	,,	ઉપજાતિ	૨૯
૩ *आनन्दसुन्दरपुरन्दरनम्रमौलि०	પૂર્વાચાર્ય	વસન્તતિલકા	૨૮
૪ तत्त्वानि तत्त्वानि भृतेषु सिद्धं	,,	ઇન્દ્રવજ્રા	૨૮
૫ ऋषभ ! नम्रसुरासुरशेखर०	,,	દ્રુતવિલમ્બિત	[1]૨૮
૬ *ऋषभदेवमहं जिननायकं	,,	દ્રુતવિલમ્બિત	૨૮
૭ *विनतवासवभूपतिमण्डली	શ્રીમુનિશેખર	,,	૨૮
૮ स्वामिन् ! सुपार्श्व ! भगवन् !	શ્રીચારિત્રરત્નગણિ	વસન્તતિલકા	૨૮
૯ जय वृषभ ! जिनाभिष्टूयसे	શ્રીધર્મઘોષસૂરિ	માલિની	૨૮
૧૦ जयश्रीनेतारं प्रथम०	[3]શ્રીજિનમણ્ડનગણિ	શિખરિણી	૨૮
૧૧ सकलमङ्गलभूरुहजीवनं	શ્રીદેવરત્નશિષ્ય	,,	૨૮

આ તો [4]સંસ્કૃત સ્તુતિઓનો મેં ઉલ્લેખ કર્યો છે. બાકી પ્રાકૃત ભાષામાં પણ આવી અનેક સ્તુતિઓ છે. અત્રે તો આવી બે સ્તુતિઓનો નિર્દેશ કરવામાં આવે છે. તે પૈકી પૂર્વાચાર્યે માલિની છંદમાં રચેલી ૨૭ શ્લોકની એક સ્તુતિ જે મારા જોવામાં આવી છે તેનું આદ્ય પદ્ય નીચે મુજબ છે:-

+ મુનિરત્ન શ્રીચતુરવિજયે આ સંબંધમાં મારૂં ધ્યાન ખેંચ્યું હતું, તેના પરિણામે મેં આ ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં તેમણે આવા કાવ્યોના પ્રારમ્ભિક પદો પણ સૂચવ્યાં છે એ તેમની સાહિત્ય-સેવાની ભાવના પ્રકટ કરે છે.

* આ નિશાનીવાળાં કાવ્યો સિવાયનાં બાકીનાં સાત કાવ્યે અન્યાન્ય યમકમય છે.

૧ આ ૨૮ પદ્યવાળા કાવ્યમાં ૨૫ મા અને ૨૬ મા એ બે પદ્યો દ્વારા સમગ્ર જિનેશ્વરોની સ્તુતિ કરવામાં આવી છે, જ્યારે ઉપર્યુક્ત કોષ્ટકમાં આપેલા પ્રથમ કાવ્યના ૨૫ માજ પદ્યમાં જિન-શ્રેણિની સ્તુતિ છે.

૨ પ્રથમ પદ્ય નહિ મળવાથી આ સાતમા શ્લોકનું પ્રારમ્ભિક પદ આપેલું છે.

૩ એમણે રચેલું આ કાવ્ય યહુલુગ ક્રિયાપદમય છે.

૪ આટલીજ આવી સંસ્કૃત સ્તુતિઓ છે એમ આ ઉપરથી સમજવાનું નથી, પરંતુ એથી વધારેના દર્શન કરવા હું ભાગ્યશાળી થયો નથી એટલે તેનો મેં અત્ર પરિચય કરાવ્યો નથી.

" जयपयडपयावं मेहगंभीररावं
भवजलनिहिनावं नायनीसेसभावं ।
हणियकुसुमचावं दोसकंतारदावं
पढमजिणमपावं वंदिमो छिन्नतावं ॥ १ ॥"

[जगत्प्रकटप्रतापं मेघगम्भीररावं
भवजलनिधिनावं ज्ञातनिःशेषभावम् ।
हतकुसुमचापं दोषकान्तारदावं
प्रथमजिनमपापं वन्दामहे च्छिन्नतापम् ॥ १ ॥]

બીજી આવી સ્તુતિ ૨૮ પદ્યની છે અને તે શ્રીઉદયપ્રધાન મુનીશ્વરે શાર્દૂલવિક્રીડિત છંદમાં રચી છે. તેનું પ્રથમ પદ્ય નીચે મુજબ છેઃ—

" जस्सासी चवणं चउत्थिदिवसे आसाढकिण्हे तहा
जम्मो निक्खमणं च जस्स कसिणे चित्तट्ठमीवासरे ।
नाणं फग्गुणकिण्हिगारसि सिवं माहस्स तेरस्सिए
किण्हाए रिसहेसरं जिणवरं वंदामि तं सुंदरं ॥ १ ॥"

[यस्यासीत् च्यवनं चतुर्थीदिवसे आषाढकृष्णे तथा
जन्म निष्क्रमणं च यस्य कृष्णे चैत्राष्टमीवासरे ।
ज्ञानं फाल्गुनकृष्णैकादश्यां शिवं माघस्य त्रयोदश्यां
कृष्णायां ऋषभेश्वरं जिनवरं वन्दे तं सुन्दरम् ॥ १ ॥]

ઉપર્યુક્ત કાવ્યોની જેમ સ્તુતિ–કદમ્બક જેમાંથી બની શકે એવું એક **શ્રીવિહરમાણવિંશતિજિનસ્તવ** પણ છે. આ કાવ્યમાં ૨૭ પદ્યો છે તેના પ્રથમના ૨૦ પદ્યોમાં અત્યારે **મહાવિદેહ** ક્ષેત્રમાં વિચરતા **શ્રીસીમંધર** પ્રમુખ [1]વીસ તીર્થંકરોની, ત્યાર પછીના ચાર પદ્યોમાં **ઋષભ, વર્ધમાન, વારિષેણ** અને **ચન્દ્ર** એ [2]શાશ્વત નામવાળાં ચાર તીર્થંકરોની અને અન્તના પદ્યોમાં

---

૧ (૧) **સીમંધર,** (૨) યુગંધર, (૩) **શ્રીબાહુ,** (૪) સુબાહુ, (૫) સુજાત, (૬) **સ્વયંપ્રભ,** (૭) **ઋષભાનન,** (૮) અનન્તવીર્ય, (૯) સૂરપ્રભ, (૧૦) વિશાલ, (૧૧) વજ્રધર, (૧૨) **ચન્દ્રાનન,** (૧૩) વજ્રબાહુ, (૧૪) ભુજંગ, (૧૫) ઈશ્વર, (૧૬) નેમિ, (૧૭) **વીરસેન,** (૧૮) મહાભદ્ર, (૧૯) દેવયશા અને (૨૦) અજિતવીર્ય એ આ વીસ તીર્થંકરોનાં અનુક્રમે નામ છે.

૨ સાધારણ રીતે એમ કહેવામાં આવે છે કે કોઇનું નામ અમર રહ્યું નથી અને રહેવાનું પણ નથી, પરંતુ અહિંઆ પણ અપવાદ નજરે પડે છે, કેમકે આ ચાર નામો તો પ્રત્યેક અવસર્પિણી–ઉત્સર્પિણીમાં મોજૂદ રહ્યા છે અને રહેશે એમ જૈન શાસ્ત્રકારો કહે છે. અર્થાત્ જગતમાંનાં અનેક નામો ભૂલી જવાશે–નષ્ટ થશે, પરંતુ આ નામોનો તો નાશ નહિ થાય, તે તો અમર રહેશે, જ્યારે તે તે નામધારી તીર્થંકર તો દેહોત્સર્ગ થતાં સિદ્ધિ સ્થાનમાં અમરતા ભોગવશે.

[1]આગમ, સમસ્ત તીર્થંકરો અને જિનશાસનાનુરાગી **સરસ્વતી** દેવીની સ્તુતિ કરવામાં આવી છે. આ સમગ્ર કાવ્ય[2]પાદાન્તયમકમય છે અને તે શ્રીસ્તોત્રરત્નાકરના દ્વિતીય ભાગના અંતમાં અવચૂરિ સહિત છપાયેલું છે.

અત્રે એ ઉમેરવું અનાવશ્યક નહિ ગણાય કે શ્વેતાંબર સાહિત્યની માફક દિગંબર સાહિત્યમાં પણ ચરણસમાનતારૂપ યમકમય પદ્યો દૃષ્ટિગોચર થાય છે ખરાં, પરંતુ તે છૂટાં છવાયાં છે. દાખલા તરીકે મહાકવિ શ્રીવાગ્ભટ્ટકૃત **નેમિ-નિર્વાણ** કાવ્યના છઠ્ઠા સર્ગમાં તેમજ કવિરાજ શ્રીહરિચન્દ્રે રચેલા **ધર્મશર્માભ્યુદય**ના ૧૯ મા સર્ગમાં આવાં પદ્યો છે. આ ઉપરાંત આદ્ય સ્તુતિકાર સ્વામી **સમંતભદ્રજી**એ રચેલા **જિન-શતક**માં અનેક પ્રકારના શબ્દાલંકારથી વિભૂષિત પદ્યો છે, પરંતુ તેમાં ચરણ-સમાનતારૂપ યમકબદ્ધ તો પાંચમા, પંદરમા, પચીસમા, એકાવનમા, બાવનમા અને એકસો આઠમા એમ છજ પદ્યો છે. છતાં પણ એ ભૂલવા જેવું નથી કે ૧૫ મું પદ્ય પાદાભ્યાસસર્વપાદાન્તયમકમય છે અને ૨૫ મું પદ્ય તો **શ્રીશોભન-સ્તુતિ**નાં સમુદ્ગયમકમય ૪૯ માથી ૫૨ મા પદ્યોના જેવું છે, જ્યારે ૫૧ મા અને ૫૨ મા પદ્યો તો દ્વયક્ષરપાદાભ્યાસયમકમય અને દ્વયક્ષરસમુદ્ગયમકમય છે. આ રહ્યાં તે બે પદ્યોઃ—

"ततोऽमृतिमतामीमं तमितामातिमुत्तमः ।
मतोऽमाताऽतिता तोन्नुं तमितामतिमुत्तमः ॥ ५१ ॥
नेतानतनुतेऽनेनोऽनितान्तं नाततो नुतात् ।
नेता न तनुते नेनो नितान्तं ना ततो नुतात् ॥ ५२ ॥"

ઉપર્યુક્ત પ્રકારના યમક ઉપરાંત વિવિધ પ્રકારના યમકમય તેમજ ચિત્રમય કાવ્યો પણ જૈન સાહિત્યમાં છે. આ વાતની પ્રતીતિ કરવાની જેને ઇચ્છા હોય તેણે **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની મારી સંસ્કૃત ભૂમિકા જોવી. તે તરફ નજર ફેંકવાથી સાથે સાથે જૈન (શ્વેતાંબર) સંસ્કૃત સાહિત્યનું ગૌરવ પણ ધ્યાનમાં આવશે, કેમકે એ સંબંધમાં પણ આ ભૂમિકામાં થોડુંક વિવેચન કરવામાં આવ્યું છે.

---

૧ અત્ર વ્યતિક્રમ છે અર્થાત્ સમસ્ત તીર્થંકરોની સ્તુતિ કર્યા પછી આગમની સ્તુતિ કરવાની પ્રથાનું અત્ર ઉલ્લંઘન થયેલું નજરે પડે છે.

૨ જૈન સાહિત્યમાં પાદાન્તયમકમય કાવ્યો ઘણાં છે. આમાં ચરણસમાનતારૂપ યમકનો અંતર્ભાવ નહિ કરીએ તો એમ બેધડક કહી શકાય કે વિવિધ પ્રકારના પાદાન્તયમકથી અલંકૃત પદ્યો **શ્રીબપ્પભટ્ટિસૂરિકૃત ચતુર્વિંશતિકા**માં મોટી સંખ્યામાં છે (જુઓ એ ગ્રન્થના ઉપોદ્ઘાતના ૫૨ મા અને ૫૩ મા પૃષ્ઠો). સર્વાંગે આ યમકથી અલંકૃત (મુદ્રિત) કાવ્યો તો શ્રીદેવનન્દિકૃત **સિદ્ધિપ્રિયસ્તોત્ર**, શ્રી**વિહરમાણવિંશતિજિનસ્તવ** અને શ્રી**જિનપ્રભ**સૂરિકૃત **પાર્શ્વજિનસ્તોત્ર** છે.

અત્ર પાદાન્તયમક શું છે તે ધ્યાનમાં આવે તેટલા માટે અનેક જાતના શબ્દાલંકારથી પરિપૂર્ણ અને સ્રગ્ધરા જેવા મોટા વૃત્તમાં શ્રી**જમ્બૂ** મુનીશ્વરે રચેલા **જિનશતક**ના દ્વિતીય પરિચ્છેદનો સોળમો શ્લોક દૃષ્ટાન્ત-રૂપે આપવામાં આવે છેઃ—

"**स्रष्टाऽजस्रं श्रियो यः शिवपुरपथिकासन्नहानोचितायाः-**
कोषाधीशैर्निशान्ते नमुचिरिपुगिरासन्नहा नो चितायाः ।
आनीयानीय नित्यं परमगुरुकरः पर्वशालीक्षयाय-
प्रान्तेर्हेतुः प्रधाना भवतु स भवतां पर्वशालीक्षयाय ॥"

હવે પાછા પ્રસ્તુત વિષય ઉપર વિચાર કરીશું તો માલુમ પડશે કે આ **શ્રીચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ**માંનાં કેટલાંક પદ્યોમાં દ્વિતીય અને ચતુર્થ ચરણો સર્વથા સમાન નથી, પરંતુ તેમાં બે ચરણોમાંથી એકમાં વિસર્ગની અધિકતા છે. જેમકે ૧૬ મા, ૨૨ મા, ૫૮ મા, ૬૩ મા તથા ૭૧ મા પદ્યોમાં આવી હકીકત દષ્ટિ–ગોચર થાય છે. પરંતુ આ કંઇ ક્ષતિ નથી, કેમકે કહ્યું પણ છે કે—

"यमकश्लेषचित्रेषु, बवयोर्डलयोर्न भित् ।
नानुस्वारविसर्गौ च, चित्रभङ्गाय सम्मतौ ॥"

—વાગ્ભટાલંકાર શ્લો૦ ૨૦

આ કથન અનુસાર ૭૪ મા પદ્યમાં ડકાર અને લકારની અને ૮૦ મા પદ્યમાં બકાર અને વકારની સવર્ણતા નજરે પડે એ સ્વભાવિક છે. પરંતુ ૬૩ મા પદ્યમાં તો શકાર અને સકારનું પણ સાવર્ણ્ય સ્વીકારેલું જોવામાં આવે છે એ વિશેષતા છે, કિન્તુ તે પણ આવા યમકમય કાવ્યમાં વાંધારૂપ નથી (જુઓ પૃ૦ ૧૧૨).

આ કાવ્યમાં ચોવીસ તીર્થંકરો પૈકી કેટલાકનાં તો [1]જનક અને [2]જનનીનાં નામો પણ દષ્ટિ–ગોચર થાય છે એ પણ એની વિશિષ્ટતામાં વધારો કરે છે; કેમકે **સ્તુતિ–ચતુર્વિંશતિકા**માં તો ફક્ત પ્રથમ તીર્થંકર **શ્રીઋષભદેવ**નાજ પિતાશ્રીના નામનો ઉલ્લેખ છે, બાકીના તીર્થંકરોની સ્તુતિઓમાં તો તે તે તીર્થંકરનાજ નામનો સાક્ષાત ઉલ્લેખ છે,[3] જ્યારે **નેમિનાથ**–સ્તુતિમાં તો **રાજીમતી**નો પણ ઉલ્લેખ છે.[4] આ **રાજીમતી**ના ઉલ્લેખને ધ્યાનમાં ન લઈએ તો એમ કહી શકાય કે **શોભન–સ્તુતિ** એ એકજ જિનેશ્વરની સ્તુતિરૂપ છે, કેમકે પ્રત્યેક તીર્થંકરના [5]નામના સામાન્ય અને વિશિષ્ટ એમ જે બે અર્થો થાય છે તે પૈકી સામાન્ય અર્થ અન્ય સ્થળે પણ ઘટી શકે છે. **ચતુર્વિંશતિકા**ના સંબંધમાં તો આ હકીકત સંપૂર્ણ રીતે ઘટાવી શકાય છે, કેમકે ત્યાં ફક્ત પ્રથમ પદ્યમાં 'નાભેય' એવો ઉલ્લેખ છે, જ્યારે અન્યત્ર તો તીર્થંકરોનાં નામોજ આપેલાં છે. આ પ્રમાણેની અત્ર વિશિષ્ટતા હોવા છતાં એ તો સુસ્પષ્ટ વાત છે કે ત્રણે કાવ્યોમાં પ્રથમ પદ્યમાં તો પ્રથમ તીર્થંકરના પિતાશ્રીનાજ નામનો ઉલ્લેખ હોવાથી તદંશે સમાનતા છે.

આ કાવ્યમાં વ્યાકરણના નિયમનો કોઇ સ્થળે ભંગ થયેલો જોવામાં આવતો નથી એ કવિરાજની વ્યાકરણ–શાસ્ત્રની સિદ્ધહસ્તતા સૂચવે છે વળી સંબોધનાર્થક રૂપના અન્તમાં એકાર કે ઓકાર હોય અને તેની પછી અકારથી શરૂ થતો શબ્દ આવે તો તે અકારનો લોપ કરી તેને સ્થાને

૧–૨ પહેલા ચાર તીર્થંકરોના તેમજ ૧૨ મા, ૧૮ મા અને ૨૨ મા તીર્થંકરોના જનકનાં નામો તેમજ બીજા, નવમા અને દશમા એ ત્રણ તીર્થંકરોની જનનીનાં નામોનો સાક્ષાત્ ઉલ્લેખ છે.

૩ આ **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ**માં ૧ લા, ૨ જા, ૪ થા, ૧૦ મા અને ૧૨ મા તીર્થંકરોનાં નામો આપવામાં આવ્યાં નથી.

૪ આ હકીકત **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ**ના સંબંધમાં પણ દૃષ્ટિગોચર થાય છે. જુઓ ૮૫ મો શ્લોક (આવી રીતે ૮૯ મા શ્લોકમાં **પાર્શ્વનાથ**ના **પાર્શ્વ** યક્ષનું પણ નામ નજરે પડે છે.)

૫ જુઓ **ચતુર્વિંશતિકા**નો ઉપોદ્ઘાત (પૃ૦ ૪૭–૫૧)

અવગ્રહ રાખવામાં આવે છે એવાં જે દૃષ્ટાન્તો ભાગ્યે નજરે પડે છે તે પણ આ કાવ્યમાં દૃગ્ગોચર થાય છે. એ વાતની ૪૮ મા, ૫૭ મા, ૮૧ મા અને ૯૬ મા પદ્યો સાક્ષી પૂરે છે.

વિશેષમાં એમણે અત્ર એકાક્ષરી કોશનો પણ ઉપયોગ કર્યો છે એ એમના કોશ સંબંધીના પાણ્ડિત્યને પણ પ્રકટ કરે છે. આ યમકમય કાવ્યમાંનાં અનેક પદ્યો [1]અનુપ્રાસથી પણ અલંકૃત છે એ તરફ ધ્યાન આપતાં એ પણ ઉમેરવું ઉચિત સમજાય છે કે કવિરાજ પાસે શબ્દનો અસાધારણ ભંડાર હોવો જોઇએ.

આ પ્રમાણે મેં યથામતિ વ્યાકરણ, કોશ, અલંકાર, વિષય ઇત્યાદિની અપેક્ષાએ આ કાવ્યની સ્થૂળ સમીક્ષા પાઠક-વર્ગ સમક્ષ ઉપસ્થિત કરી છે, કેમકે તેની સૂક્ષ્મ (આન્તરિક) સમીક્ષાનું કાર્ય કરવા જેટલું મારામાં બુદ્ધિ-બળ નથી. આથી કરીને તે બદલ હું સાક્ષર-વર્ગની ક્ષમા યાચું અને સાથે સાથે એ ત્રુટિ દૂર થવાની તેમની તરફથી આશા રાખું તો વધારે પડતું નહિ ગણાય.

કવીશ્વર-વિચાર—

ઘણી વાર એમ કહેવામાં આવે છે કે કાવ્યની ખરી ખૂબી તો તેના ઉત્પાદક કવિરાજનાં જનક, જનની, જન્મ-ભૂમિ, સત્તા-સમય વિગેરેથી વાકેફગાર થતાં ધ્યાનમાં આવે છે. આ સંબંધમાં વિશેષ ઊહાપોહ ન કરતાં વસન્તતિલકા નામના છંદમાં ઉપર્યુક્ત પ્રકારના યમકમય કાવ્ય રચનારા તરીકે [2]અદ્વિતીય એવા કવીશ્વર **શ્રીમેરૂવિજય**ગણિ પરત્વે યથાસાધન વિચાર કરવામાં આવે છે.

શ્રીમેરૂવિજયગણિ સંબંધી વિશેષ માહિતી મને મળી શકી નથી. પરંતુ તેઓ **તપા**-ગચ્છના છે, વળી તેમણે પણ્ડિત તેમજ ગણિ પદવીઓ પ્રાપ્ત કરી હતી તેમજ તેઓ **શ્રીઆનન્દ-વિજય**ગણિના શિષ્ય થાય છે એ વાત તેમજ તેઓ **શ્રીવિજયસેનસૂરીશ્વર**ના સમયમાં થઇ ગયા છે એ હકીકત પણ તેમણે રચેલ આ કાવ્યની અવચૂરિના અંતિમ ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે. ત્યાં કહ્યું છે કે—

"इति श्रीतपागच्छाधिपतिश्री**विजयसेन**सूरीश्वरराज्ये सकलपण्डितोत्तमपण्डितश्री**आनन्दविजय**गणिचरण-कमलचञ्चरीकायमाणेन पण्डितमे**रुविजय**गणिना विरचिता स्वोपज्ञचतुर्विंशतिजिनानन्दनामस्तुत्यवचूरिका सम्पूर्णा."

શ્રીવિજયસેનસૂરીશ્વરનો સમય વિક્રમની સત્તરમી શતાબ્દી હોવાનું સુપ્રસિદ્ધ છે. આથી કરીને આ કવિરાજ વિક્રમની સત્તરમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં એટલે કે ઇ. સ. ની ૧૭ મી શતાબ્દીના પૂર્વાદ્ધમાં થઇ ગયા હોવા જોઇએ.

---

૧ અનુપ્રાસનુ લક્ષણ એ છે કે:—

"तुल्यश्रुत्यक्षरावृत्ति-रनुप्रासः स्फुरद्गुणः ।
अतत्पदः स्याच्छेकानां, लाटानां तत्पदश्च सः ॥"

—વાગ્ભટાલંકાર શ્લો॰ ૧૭

૨ અદ્વિતીય કહેવાનું કારણ એ છે કે અન્ય કોઇ શ્વેતાંબર કવિરાજે આ છંદમાં ચરણ-સમાનતારૂપ યમકબદ્ધ ૯૬ શ્લોકની સ્તુતિ રચી હોય એમ જાણવામાં આવ્યું નથી.

કૃતિઓ—

આ કવિરાજે [1]**વિજ્ઞપ્તિ-પત્રી** (સંસ્કૃત ભાષામાં) અને **શ્રીપાલ-રાસ** પણ (ગૂર્જર ગિરામાં) રચ્યાનું કહેવામાં આવે છે. આ ઉપરાંત તેમણે અન્ય કોઇ ગ્રન્થ રચ્યો હોય તો તેની મને ખબર નથી.

કવિરાજના ગુરૂશ્રી—

" **आनंदविमल**सूरीश्वरशिष्यपंडित**वानर**गणिशिष्यपंडित**आनंदविजय**गणिभिर्जेसलमेरुभाण्डगारे चिरकोश मुक्ता सं० १६५९ " એવો ઉલ્લેખ શ્રી**કનકપ્રભ**કૃત **હૈમન્યાસ (દુર્ગપદવ્યાખ્યા)**ની હસ્તલિખિત પ્રતિના અન્તમાં છે એ પ્રમાણેની જે હકીકત **जेसलमीरभाण्डागारीयग्रन्थानां सूची** એ નામના પુસ્તકના ૫૩ મા પૃષ્ઠમાં જોઇ શકાય છે તે ઉપરથી શ્રી**આનન્દવિજય**ગણિ શ્રી**આનન્દવિમલ**સૂરીશ્વરના પ્રશિષ્ય અને **વિજયવિમલ**ના નામથી પણ ઓળખતા પણ્ડિત શ્રી**વાનરર્ષિ**ના શિષ્ય થતા હતા એમ બેધડક કહી શકાય. આ શ્રી**આનન્દવિજયગણિ** પ્રસ્તુત કવિરાજના ગુરૂ હોવાનો પૂર્ણ સંભવ છે. એમણે **જેસલમેર**ના ભંડારમાં વિ. સં. ૧૯૫૬ માં **નલાયન**ની પણ પ્રતિ મૂકી હતી (જુઓ જે. ભાં. સૂચી, પૃ૦ ૫૫).

આ **આનન્દવિજય**ગણિજીને **બુદ્ધિવિમલ** નામના શિષ્ય હતા એ વાત નીચેના ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છેઃ—

" विक्रमादित्यसंवत्सरात् १००९ वर्षे लिखितताडपत्रीयपुस्तकात् जेसलमरुमहादुर्गे संवत १६५१ वर्षे आषाढशुदि ३ सोमवारे पुष्यनक्षत्रे तपागच्छाधिराजभट्टारकश्रीश्रीश्री**आनन्दविमल**सूरीश्वरशिष्यपंडितश्रीश्रीश्री ५-**विजयविमल**गणिशिष्यशिरोमणिपंडितश्री६**आनंदविजय**गणिशिष्य**बुद्धिविमलेन** लिखितमिदं पुस्तकं ॥ "

જે પ્રતિના અંતમાં આ પ્રમાણેનો ઉલ્લેખ છે તે શ્રી**મહેશ્વરસૂરિ**ની પંચમી માહાત્મ્ય (પ્રા.) નામની [2]કૃતિ છે. જેસલમેરમાં રહેલી વિ. સં. ૧૦૦૯ માં તાડપત્ર ઉપર લખેલી પ્રતિ ઉપરથી શ્રી**બુદ્ધિવિમલ** મુનીશ્વરે તેની એક નકલ કરી હતી. આ નકલ પાટણના જૈન ભંડાર (**ફોફલીઆ** વાડ)માં છે.

જૈન ગ્રન્થાવલીમાં શ્રીહર્ષકુલકૃત **બંધહેતૂદયત્રિભંગી** પ્રકરણના વૃત્તિકાર, **અજ્ઞાતોંચ્છ** પ્રકરણના વૃત્તિકાર તેમજ **અન્યાયચ્છેદ**કુલકના કર્તા એ ત્રણેના સંબંધમાં **આનન્દવિજય**ના નામનો ઉલ્લેખ છે, પરંતુ તે વાસ્તવિક નથી. કેમકે સં. ૧૬૦૨ માં **રાણપુર**માં **બંધહેતૂદય-**

---

૧ આનો ઉલ્લેખ શ્રેષ્ઠિ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રસિદ્ધ થયેલ '**श्रीचतुर्विंशतिजिनानन्दस्तुतयः**' ના અંગ્રેજી આમુખમા જોવામાં આવે છે. **વિજ્ઞપ્તિ-પત્રી**ના કર્તા તરીકે **મેરૂવિજય**નું નામ **જૈન ગ્રન્થાવલી** (પૃ૦ ૩૪૩)માં પણ આપેલુ છે, પરંતુ તેજ આ કવીશ્વર છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

૨ આ કૃતિના એક ચતુર્થાંશનો પણ્ડિત **લાલચન્દ્રે** તૈયાર કરેલો અનુવાદ પ્રકાશિત છે.

ત્રિભંગી પ્રકરણની [1]વૃત્તિ રચનાર તરીકે તે ગ્રન્થના અન્તિમ ભાગમાં આપેલા શ્લોકમાં **વિજયવિમલ** નામ સુસ્પષ્ટ નજરે પડે છે. આ રહ્યા તે શ્લોક:—

" तपगणपुष्करतरणि-श्रीश्रीआनन्दविमलसूरीणाम् ।
शिष्येणेयं टीका, विहिता गणिविजयविमलेन ॥ १ ॥
द्विखरसनिशाकर(१६०२)मिते वर्षे हर्षेण ' राणपुर 'नगरे ।
स्वपरार्थकृते रचिता, टीकेयं भवतु पुण्यकरी ॥ २ ॥ "

૩૧ પદ્યવાળા [2]**અન્નાયઉંછકુલક (અજ્ઞાતોંછ પ્રકરણ)**ની વૃત્તિના અન્ત ભાગમાંના નિમ્ન-લિખિત—

" कोविदविजयविमलगणिशिष्येणानन्दविजयसंज्ञेन ।
एकत्रिंशत्पद्यार्थो लिखितः कोऽपि समयोक्तः ॥ "

—ઉલ્લેખ ઉપરથી જોઈ શકાય છે કે તેના કર્તા [3]શ્રી**વિજયવિમલ**ગણિના શિષ્ય-રત્ન શ્રીઆનંદવિજય છે. એટલે કે આ ઉલ્લેખ તો સત્ય છે.

શ્રી**મેરૂવિજય**ગણિ તેમજ શ્રી**બુદ્ધિવિમલ** મુનિના ગુરૂ અને જેસલમેરમાંના તપાગચ્છના ભંડારના સંવર્ધક-પોષક એવા આ શ્રી**આનન્દવિજય**ગણિએ શ્રી**હીરવિજયસૂરિ**ને તેમજ શ્રીવિજયસેનસૂરિને પૂછેલા મનનીય પ્રશ્નો **હીરપ્રશ્ન** યાને **પ્રશ્નોત્તર સમુચ્ચય** (શ્રી હંસવિજય જૈન ફ્રી લાયબ્રેરી ગ્રન્થમાલા નં. ૧૮) ના પ. ૧૨ માં તેમજ **સેનપ્રશ્ન** (દે. લા. પુ. ફં.) ના પ. ૧૮-૨૩ માં છે.

મેરૂવિજય નામના અન્ય મુનીશ્વરો—

મહોપાધ્યાય [4]શ્રી**મેઘવિજય**ગણિના શિષ્ય-રત્નનું નામ **મેરૂવિજય** છે. વળી (૧) નવ વાડી સજ્ઝાય, (૨) ઇરિયાવહી સઝાય (ગાથાંક ૧૬), (૩) મેતાર્યમુનિ સઝાય (ગા૦ ૧૫), (૪)

---

૧ આ વૃત્તિ જૈન આત્માનંદ સભા (ભાવનગર) તરફથી પ્રકાશિત થયેલી છે. સાથે સાથે આ ગ્રન્થમાં વાનરર્ષિએ રચેલું સાવચૂરિક **બંધોદયસત્તા** પ્રકરણ પણ આપેલું છે. વિશેષમાં સં. ૧૬૨૩ માં રચેલી અવચૂરિ સાથેનું તેમણે રચેલું **ભાવપ્રકરણ** પણ આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલું છે.

૨ શ્રી**આનન્દવિજય**ગણિકૃત પદાર્થ (વૃત્તિ) સહિત શ્રીઆત્માનંદ સભા તરફથી વિ. સં. ૧૯૬૯ માં પ્રસિદ્ધ થએલા આ ગ્રન્થના અન્તિમ ભાગમા " इति ' अन्नायउंछगहणे ' इति कुलकवृत्तिः समाप्ता ॥ पण्डितश्री**आनन्दविजय**गणिकृता सुविहितयतितिवाचनाकृते लिखिता प्रथमादर्शे **बुद्धिविमल**गणिना " આ પ્રમાણેનો ઉલ્લેખ છે. આમાં પણ **બુદ્ધિવિમલ**નું નામ નજરે પડે છે. પરંતુ અત્ર તેઓ પોતાને શ્રી**આનન્દવિજય**ગણિના શિષ્ય તરીકે ઓળખાવતા નથી એ વિચારણીય છે.

૩ પ્રકરણાદિકના સારા પ્રેમી અને વ્યાખ્યાતા તરીકે પ્રસિદ્ધ થયેલા આ શ્રી**વિજયવિમલ**ગણિએ **ગચ્છાચાર પ્રકીર્ણ**ની ટીકા તેમજ **તંદુલવૈચારિક**ની અવચૂરિ (વ્યાખ્યા) રચી છે. આ પૈકી પ્રથમ ગ્રન્થ શ્રીઆગમોદય સમિતિએ અને દ્વિતીય ગ્રન્થ શ્રેષ્ઠિ દે. લા. જૈ. પુ. ફંડ તરફથી પ્રકાશિત થયેલ છે.

૪ જુઓ **ભક્તામર** તથા **કલ્યાણમન્દિર**સ્તોત્રોની મદીય ભૂમિકા.

શ્રાવકગુણ સઝાય (ગા० ૧૫) અને (૫) ગજસુકુમાલ સઝાય (ગા० ૧૪) ઇત્યાદિ કૃતિઓના રચનારનું નામ પણ [1]**મેરૂવિજય** છે. એઓ [2]શ્રીદેવવિજયના પ્રશિષ્ય અને [3]શ્રીજયવિજયના શિષ્ય થાય છે. નંદીષેણુ સઝાયના કર્તાનું નામ પણ **મેરૂવિજય** છે અને તેઓ શ્રીહર્ષવિજયના શિષ્ય છે. આ ઉપરાંત (૧) પૃથ્વી સચિત્ત સઝાય, (૨) ધન્નાની સઝાય અને (૩) વસ્તુપાલ-તેજપાલનો રાસ એ ગ્રન્થોના કર્તાઓ પણ **મેરૂવિજયના** નામથી ઓળખાય છે. પરંતુ આ પૈકી પ્રથમ કૃતિ **શ્રીલાલવિજયના** શિષ્યે, બીજી **શ્રીજિનવિજયના** શિષ્યે અને ત્રીજી કૃતિ **શ્રીરંગવિજયના** શિષ્યે રચી છે.

પરિશિષ્ટ-પરિચય

(૧) સાધારણ જિનસ્તુતિ—

આ ગ્રન્થના અન્તિમ ભાગમાં **શ્રીસોમતિલકસૂરિકૃત સાધારણજિનસ્તુતિ** અવચૂરિ, અનુવાદ ઇત્યાદિ સહિત આપવામાં આવી છે. આ [4]ઉપજાતિ છંદમાં રચાયેલી [5]ચતુરર્થી સ્તુતિને '[6]સાધારણજિનસ્તુતિ ' કહેવાનું કારણ એ છે કે આમાં કોઇ અમુક તીર્થંકરના નામનો ઉલ્લેખ નથી એટલુંજ નહિ પણ તે અમુક તીર્થંકરની સ્તુતિ છે એમ સૂચન કરનાર કોઇ શબ્દ કે પદ પણ નથી એટલે કે આ ગમે તે કોઇ પણ તીર્થંકરની સ્તુતિરૂપ ગણી શકાય તેમ છે.

આ સ્તુતિના કર્તા **શ્રીસોમતિલકસૂરિએ** રચેલા [7]સર્વજ્ઞ-સ્તોત્રનો ઉલ્લેખ (અનુવાદ સહિત) મેં **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ० ૧૬૮-૧૭૦) માં કર્યો તે વખતે એમના સંબંધમાં મેં કંઇ ઊહાપોહ કર્યો નથી, એટલે આ વખતે પણ તેમ કરવું ઇષ્ટ નહિ ગણાય એથી કરીને તેમના વિષે બે શબ્દ લખવા પ્રવૃત્ત થાઉં છું.

૧-૩ આ ત્રણે મુનીશ્વરોની સ્થૂલ રૂપરેખા માટે જુઓ **સ્તુતિ-ચતુર્વિંશતિકાની** મારી સંસ્કૃત ભૂમિકા.

૪ ઉપજાતિનું લક્ષણ એ છે કે—

" स्यादिन्द्रवज्रा यदि तौ जगौ गः, उपेन्द्रवज्रा जतजास्ततो गौ ।
अनन्तरोदीरितलक्ष्मभाजौ, पादौ यदीयावुपजातयस्ताः ॥ "

૫ એકના એક પદ્યના ચાર અર્થો થતા હોવાથી આ સાર્થક છે.

૬ સાધારણ-સ્તોત્રો તેમજ સ્તવનો પૈકી કેટલાંક તો **જૈનસ્તોત્રસંગ્રહના** પ્રથમ અને દ્વિતીય ભાગમાં દૃષ્ટિગોચર થાય છે.

૭ આ દશ પદ્યનું સ્તોત્ર છે અને તેના અન્તિમ પદ્યમાં તો કર્તાએ આડકતરી રીતે પોતાનું નામ પણ સૂચવ્યું છે. આ સ્તોત્ર અવચૂરિ સહિત **જૈનસ્તોત્રસંગ્રહના** દ્વિતીય વિભાગ (પૃ० ૩૩)માં પ્રસિદ્ધ થયેલું છે. **જૈન ગ્રન્થાવલીના** ૨૯૪ મા પૃષ્ઠમાં ૪૦ પદ્યનું **સર્વજ્ઞ-સ્તોત્ર સોમતિલકે** રચેલાનો ઉલ્લેખ છે, તેથી આ કોઇ બીજું કાવ્ય છે અને તેના રચનારા પણ કોઇ અન્ય મુનિરાજ છે કે કેમ એ પ્રશ્ન ઉઠે છે. આ પ્રતિ જેસલમેરમાં હોવાનું ત્યાં સૂચવ્યું છે, પરંતુ ' जेसलमेरीयभाण्डागारीयग्रन्थानां सूची 'માં તેનું નામ જણાતું નથી. કિન્તુ આથી કરીને તે જેસલમેરના ભંડારમાં નથીજ એમ કહી શકાય નહિ, કારણ કે જે. ભાં. સૂચી એ મહત્ત્વવાળા અને ઉપયોગી જણાયેલા ગ્રન્થોનુંજ વર્ણાત્મક સૂચીપત્ર છે; એ સમસ્ત ગ્રન્થોનું સૂચી-પત્ર નથી એ વાતની એ ગ્રન્થની પ્રસ્તાવનાના ૧૪ મા અને ૧૫ મા પૃષ્ઠો સાક્ષી પૂરે છે.

શ્રીસોમતિલકસૂરિ **શ્રાદ્ધજીતકલ્પ** વિગેરેના રચનારા [1]**શ્રીસોમપ્રભસૂરિ**ના શિષ્ય અને **કાલસિત્તરી** પ્રમુખ ગ્રન્થોના રચનારા [2]**શ્રીધર્મઘોષસૂરિ**ના પ્રશિષ્ય થાય છે. **વિમલપ્રભ**, **પરમાનન્દ** અને **પદ્મતિલક** એ નામના ત્રણ મુનીશ્વરો એમના ગુરૂભાઇ થાય છે. આ તપાગચ્છીય સૂરિજીનો જન્મ વિ. સં. ૧૩૫૫ માં થયો હતો. વિ. સં. ૧૩૬૯ ના માઘ માસમાં તેમણે દીક્ષા લીધી હતી અને વિ. સં. ૧૩૭૩ માં તેઓ સૂરિ-પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા હતા. આ વાતની નિમ્ન-લિખિત પદ્ય સાક્ષી પૂરે છે:—

"स बाणबाणाग्निकु(१३५५)वर्षमाघे
जातः पद्माभ्यामनुकूलखेटैः ।
नन्दाङ्कविश्वे (१३६९) व्रतमाप्य मेजे
वह्न्यश्वविश्वे (१३७३)ऽपि पदप्रतिष्ठाम् ॥"

—**શ્રીમુનિસુન્દરસૂરિ**કૃત **ગુર્વાવલી** શ્લો૦ ૨૭૩

જૈન ગ્રન્થાવલી (પૃ૦ ૫૬) ઉપરથી જોઇ શકાય છે કે **શ્રીસોમતિલકસૂરિએ** **શ્રાદ્ધજીતકલ્પ**ની ૨૬૪૭ શ્લોકપ્રમાણક વૃત્તિ રચવા ઉપરાંત **શીલતરંગિણી** (સં. ૧૩૯૪ માં) અને **વૃહત્-નવ્ય-ક્ષેત્રસમાસ** તથા **સત્તરિસયઠાણ** પ્રકરણ એ બે ગ્રન્થો પણ રચ્યા છે. આ પૈકી **સત્તરિસયઠાણ** ૧૩૨૭ માં રચ્યાનો જે ઉલ્લેખ **જૈન ગ્રન્થાવલી** (પૃ૦ ૧૩૮)માં આપવામાં આવ્યો છે તે યોગ્ય નથી. પરંતુ તેને બદલે ખંભાતની ટીપમાં સં. ૧૩૮૭ નો ઉલ્લેખ કર્યો છે તે વાસ્તવિક છે. કેમકે પં. **દેવવિજય**ની વૃત્તિ સહિત જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થયેલા **સત્તરિસયઠાણ** પ્રકરણના અન્તમાં આપેલી ૩૫૮ મી ગાથા આ પ્રકરણ વિ. સં. ૧૩૮૭ માં રચાયાની સાક્ષી પૂરે છે:—

---

૧ **સોમપ્રભ** નામના બીજા પણ એક આચાર્ય થયા છે. એમને લગતી થોડીક માહિતી મેં **શૃંગાર-વૈરાગ્ય-તરંગિણી**ની પ્રસ્તાવનામા આપી છે, વાસ્તે તેના જિજ્ઞાસુને તે જોવા ભલામણ કરૂં છું. આ આચાર્ય સંબંધી ઉલ્લેખ **ગુર્વાવલી** (શ્લો૦ ૭૭)માં છે. એમણે સો અર્થવાળું એક પ્રાકૃત પદ્ય પણ રચ્યુ છે એમ મુનિરાજ શ્રી**ચતુરવિજય** જણાવે છે.

૨ એમની સ્થૂળ રૂપરેખા સારૂ જુઓ **ઋષભ-પંચાશિકા** (પૃ૦ ૪૭). એમણે **સમવસરણ-પ્રકરણ**, **કાલ-સપ્તતિકા**, **દેહસ્થિતિ-પ્રકરણ**, **યોનિ-સ્તવ**, અષ્ટયમકમય **ચતુર્વિંશતિજિનસ્તુતિ**, **યુગપ્રધાન-સ્તોત્ર**, '**દેવેન્દ્રૈરનિશં**'થી, '**યૂયં યુવા**'થી અને '**સ્વસ્તાશર્મા**'થી શરૂ થતી શ્લેષમય સ્તુતિઓ, **ગિરિનાર-કલ્પ**, **અષ્ટાપદ-કલ્પ** વિગેરે ગ્રન્થો રચ્યા છે. આ પૈકી **યુગપ્રધાનસ્તોત્ર** કે જેને **દુઃષમકાલ-સ્તવન** તરીકે પણ ઓળખાવવામા આવે છે, તેનાં આદ્ય અને અન્તિમ પદ્યો નીચે મુજબ છે:—

"वीरजिणभुवणविस्सुअपवयणगयणिक्कदिणमणिसमाणे ।
वट्टंतसुअनिहाणे थुणामि सूरी जुगप्पहाणे ॥ १ ॥"

"एवं देविंदणयं सिरिविज्जाणंदधम्मकित्तिमयं ।
वीरजिणपवयणट्ठिअं दूसमसंघं नमह निच्चं ॥ २४ ॥"

આ નામના બીજા પાંચ આચાર્યો થયા છે એમ **જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ** એ નામના પુસ્તકના ૬૮ મા પૃષ્ઠ ઉપરથી જોઇ શકાય છે.

" तेरहसयसगसीए (१३८७) लिहियमिणं सोमतिलयसूरीहिं ।
अब्भत्थणाए हेमस्स संघवईरयणतणयस्स ॥ "

આ ઉપરથી સુસ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે **સત્તરિસયઠાણુ**ના કર્તા (શ્રી**સોમપ્રભ**સૂરિના શિષ્યવર્ય) શ્રી**સોમતિલક**સૂરિજી છે અને વળી એ ગ્રન્થ **રત્ન** નામના સંઘપતિના પુત્ર **હેમ**ના અભ્યાસાર્થે તેમણે રચ્યો હતો.

કદાચ એ નામના બીજા સૂરિએ એ વર્ષમાં આ ગ્રન્થ રચ્યો હોય એમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, પરંતુ તે વાત સંભવતી નથી, કેમકે શ્રી**મુનિસુન્દર**સૂરિકૃત **ગુર્વાવલી**ના ૨૮૪ મા શ્લોકના પ્રારંભમાં " वृद्धक्षेत्रसमाससप्ततिशतस्थानादिशास्त्रैर्नवैः " એવો દીવા જેવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

શીલતરંગિણીના કર્તા **વૃદ્ધક્ષેત્રસમાસાદિ**ના કર્તાથી બીજા હોય એમ લાગે છે, કારણકે **જૈન ગ્રન્થાવલી**ના ૧૮૯ મા પૃષ્ઠ ઉપરથી જોઈ શકાય છે કે આ ગ્રન્થ સં. ૧૩૯૪ માં નહિ પરન્તુ સં. ૧૨૯૪ માં રચાયેલો છે. વળી તેના કર્તા તો રૂદ્રપલ્લીય ગચ્છીય **સોમતિલક**જી છે એ વાત તેમજ તે **શીલોપદેશ**માલાની વૃત્તિ છે એ હકીકત પણ **વૃહત્–ટિપ્પનિકા** ઉપરથી જોઈ શકાય છે. વિશેષમાં પુસ્તકાકારે ભાષાંતર સહિત શ્રાવક **ભીમસી માણે**કે પ્રસિદ્ધ કરેલ **શીલોપદેશ-માલાની** પ્રશસ્તિના નિમ્ન–લિખત નવથી અગિયાર પદ્યો ઉપરથી જોઈ શકાય છે કે નવાંગીવૃત્તિ-કાર શ્રી**અભયદેવ**સૂરિની પરંપરામાં થએલા શ્રી**સંઘતિલક**સૂરિના શિષ્ય શ્રી**સોમતિલક**સૂરિએ પ્રથમ **શીલતરંગિણી** નામની વૃત્તિ રચી, ત્યાર પછી તેનું અધ્યયન કરી અર્થ સ્ફુટ કરવા માટે **સેઢ** સાધુના આદેશથી અને **લાલા** સાધુ (શાહ)ના પુત્ર **છાજુ** સાધુએ કરેલી પ્રેરણાથી મુનિરાજ શ્રી**વિદ્યાતિલકે** વિ. સં. ૧૨૯૪ માં નવી વૃત્તિ રચી[1]. આ રહ્યાં તે પદ્યોઃ—

---

૧ આ સંબંધમાં સાક્ષરવર્ય **લાલચંદ્ર ભગવાનદાસ** સૂચવે છે કે—

" **હી. હં.** તરફથી **શીલતરંગિણી** પ્રકાશિત થયેલી છે, પરંતુ તેમાં પ્રશસ્તિ જોવામાં આવતી નથી. આ મુફમાં તમે **ભી. મા.** ના પુસ્તક પરથી પ્રશસ્તિનાં પદ્યો ટાંક્યા છે; અંહિના સંગ્રહની હસ્તલિખિત પ્રતિમાં થોડા ફેરફાર સાથે તે પદ્યો છે. પરંતુ વિ સ. ૧૨૯૪ કે ૧૩૯૪ એ બરાબર બંધબેસતું જણાતું નથી, કારણ કે આ **સોમતિલક**સૂરિના ગુરૂ તથા સતીર્થ્ય ગુરૂબંધુની કૃતિ વિ. સ. ૧૪૨૨ તથા ૧૪૨૯ માં રચાયેલી છે. તે બંને કૃતિ **દે. લા. પુ.** ફંડ તથા **હી. હં.** તરફથી પ્રકાશિત જોવાય છે. ઉપરની **શીલતરંગિણી**ની પ્રશસ્તિમાં સૂચવેલ **વિદ્યાતિલક**સૂરિ એ **સંઘતિલક**સૂરિના ભક્ત (શિષ્ય) જણાય છે કે જેણે **જિનપ્રભ**સૂરિના **કલ્પાણુય વીરકલ્પ**નો પરિશેષ ભાગ રચ્યો છે; જેમાં વિ. સં. ૧૩૮૯ નો ઇતિહાસ પણ આપેલ છે. મ્હારા અનુમાન પ્રમાણે **શીલતરંગિણી**ને જ **શીલોપદેશમાલા**ની નવી વૃત્તિ તરીકે ત્યાં ઓળખાવી છે. **શીલોપદેશમાલા**સૂત્રાર્થના અભ્યાસી **છાજુ (જુ)** શાહે **વિદ્યાતિલક**સૂરિ (**સંઘતિલક**સૂરિશિષ્ય) દ્વારા–**અર્થાત્** તેમને પ્રાર્થના કરી તેમના પરિવારમાંથી–તેમની આજ્ઞામાં રહેલા **સોમતિલક**સૂરિ પાસે એ પૂર્વોક્ત વૃત્તિ કરાવી. રચનાસમયમાં જ્યાં વિક્રમાંકે છે, ત્યાં કદાચ ભૂલ થઈ હશે. શકાંકે લેવાથી સબંધ મળે છે. ૧૨૯૪+૧૩૫=૧૪૨૯ વિ. સં. ૧૪૨૯ બરાબર આવે છે. યુગનો અર્થ બે લેવામાં આવે તો વિ. સ. ૧૪૨૭ આવે. એમાં પણ વાંધો નથી. વિ. સં ૧૪૨૯ માં રચાયેલી **પ્રશ્નોત્તર–રત્નમાલા**વૃત્તિમાં પણ આ **શીલોપદેશમાલા**વૃત્તિનો ઉલ્લેખ છે, તેને પણ વાંધો આવતો નથી. "

" तदीयचरणद्वयीसरसिजैकपुण्यन्धयः
स सङ्घतिलकप्रभुर्जयति साम्प्रतं गच्छराट् ।
शकक्षितिपबोधकृत् प्रभुजिनप्रभानुमहात्
त्ववाप्तगणभृत्पदप्रमुखतत्त्वविद्यागमः ॥ ९ ॥
तत्पादपद्महंसो विवृतिं शीलोपदेशमालायाः ।
श्रीसोमतिलकसूरिः श्रीशीलतरङ्गिणीं चक्रे ॥ १० ॥
लालासाधोस्तनूजः प्रभुगुणनिधिः साधुसेढानुमत्या
छाभूः शीलोपदेशस्रजममलधिया सूत्रतोऽधीत्य सम्यक् ।
अर्थं विज्ञातुमस्या युगनिधिसरवौ (१२९४) वत्सरे विक्रमाङ्के
वृत्तिं नव्यां स विद्यातिलकमुनिवरात् कारयामास साधुः ॥ ११ ॥"

આ શ્રીસોમતિલકસૂરિના લઘુ ગુરૂબાંધવ અને પ્રશ્નોત્તરરત્નમાલાના વૃત્તિકાર શ્રીદેવેન્દ્ર મુનિની પ્રેરણાથી એમના ગુરૂવર્ય સંઘતિલકસૂરિએ સમ્યક્ત્વસપ્તતિકાની વૃત્તિ સં. ૧૪૨૨ માં રચી હતી એ વાતની આ ગ્રન્થની પ્રશસ્તિનાં નિમ્નલિખિત પદ્યો સાક્ષી પૂરે છેઃ—

" श्रीसङ्घतिलकाचार्या-स्तत्पादाम्भोजरेणवः ।
सम्यक्त्वसप्ततेर्वृत्तिं, विदधुस्तत्त्वकौमुदीम् ॥ ९ ॥
अस्मच्छिष्यवरस्य सोमतिलकाचार्यानुजस्याधुना
श्रीदेवेन्द्रयुगीश्वरस्य वचसा सम्यक्त्वसत्सप्ततेः ।
श्रीमद्विक्रमवत्सरे द्विनयनाम्भोधिक्षपाकृत्प्रमे (१४२२)
श्रीसारस्वतपत्तने विरचिता दीपोत्सवे वृत्तिका ॥ १० ॥"

શ્રીહરિભદ્રસૂરિકૃત **ષડ્દર્શન સમુચ્ચય**ની ટીકા રચનારાઓમાં શ્રીસોમતિલકસૂરિનું નામ પણ છે એ હકીકત જૈન ગ્રન્થાવલીના ૭૯ મા પૃષ્ઠની નીચે મુજબની ટીપ ઉપરથી જોઈ શકાય છેઃ—

"વિદ્યાતિલક એ સોમતિલકસૂરિનું બીજું નામ છે. તેઓએ સં. ૧૩૮૯ માં તીર્થકલ્પના અન્તે રહેલું વીરકલ્પ રચ્યું છે. જિનદેવસૂરિ એમના શિષ્ય હતા." પરંતુ આ શ્રીસોમતિલકસૂરિ તે આ પ્રથમ પરિશિષ્ટના નાયકથી ભિન્ન હોવા જોઈએ એમ એમના શિષ્યના નામ ઉપરથી સૂચિત થાય છે.

અષ્ટપંચાશતસ્તુતિના વૃત્તિકારનું તેમજ લઘુસ્તોત્રના વૃત્તિકારનું નામ પણ સોમતિલક છે એ વાત જૈન ગ્રન્થાવલીના ૨૭૩મા અને ૨૮૮મા પૃષ્ઠ ઉપરથી જોઈ શકાય છે. પરંતુ તે સંબંધમાં ત્યાં વિશેષ માહિતી નહિ આપેલી હોવાથી આ કયા મુનીશ્વર છે તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

વિશેષમાં શ્રીધર્મઘોષસૂરિના ઉપદેશથી પૃથ્વીધર સાધુએ કરાવેલાં ચૈત્યને ઉદ્દેશીને ૧૬ શ્લોકનું સંસ્કૃત ભાષામાં સ્તોત્ર રચનારા મુનીશ્વર પણ શ્રીસોમતિલકસૂરિ છે એ વાત ગુર્વાવલી (દ્વિતીય આવૃત્તિ, પૃ૦ ૨૦) ઉપરથી જોઈ શકાય છે. કિન્તુ આ સૂરિજી તો આપણી કથાના નાયક હોય એમ જણાય છે, કેમકે આ કાર્યોનું પ્રશંસાત્મક વર્ણન તો શ્રીધર્મઘોષસૂરિના સંતાનીય કરે એ સ્વાભાવિક છે. આ નિમ્ન-લિખિત પંક્તિમાં યોજેલ 'પૂજ્યગુરૂ' પદ પણ ખાસ અર્થસૂચક હોય એમ ભાસે છે.

" अत्र श्रीपृथ्वीधरसाधुकारितप्रासादस्थानसंख्या मूलनायकजिननामादि वाच्यम्, पूज्यगुरु-श्रीसोमतिलकसूरिपादैः कृतं स्तोत्रमवसार्थं पठनीयम्. "

—ગુર્વાવલી (પૃ૦ ૧૮)

આ સ્તોત્ર અન્યાન્ય અપેક્ષાએ ઉપયોગી લાગવાથી તેના પરસ્પર સંબંધવાળા પ્રથમના [1]પાંચ શ્લોકો તેમજ [2]અન્તિમ શ્લોક રજુ કરવામાં આવે છે:—

श्रीसोमतिलकसूरिकृतं

॥ श्रीपृथ्वीधरसाधुकारितचैत्यस्तोत्रम् ॥

श्रीपृथ्वीधरसाधुना सुविधिना दीनादिषूद्दानिना
भक्तश्रीजयसिंहभूमिपतिना स्वौचित्यसत्यापिना ।
अर्हद्भक्तिपुषा गुरुक्रमजुषा मिथ्यामनीषामुषा
सच्छीलादिपवित्रितात्मजनुषा प्रायः प्रणश्यद्रुषा ॥ १ ॥

नैकाः पौषधशालिकाः सुविपुला निर्मापयित्रा सता
मन्त्रस्तोत्रविदीर्णलिङ्गविवृतश्रीपार्श्वपूजायुजा ।
विद्युन्मालिसुपर्वनिर्मितलसद्देवाधिदेवाह्वय-
ख्यातज्ञाततनूरुहप्रतिकृतिस्फूर्जत्सपर्यासृजा ॥ २ ॥

त्रिःकाले जिनराजपूजनविधिं नित्यं द्विरावश्यकं
साधौ धार्मिकमात्रकेऽपि महतीं भक्तिं विरक्तिं भवे ।
तन्वानेन सुपर्वपौषधवता साधर्मिकाणां सदा
वैयावृत्त्यविधायिना विदधता वात्सल्यमुच्चैर्मुदा ॥ ३ ॥

श्रीमत्सम्प्रतिपार्थिवस्य चरितं श्रीमत्कुमारक्षमा-
पालस्याप्यथ वस्तुपालसचिवाधीशस्य पुण्याम्बुधेः ।
स्मारं स्मारमुदारसम्मदसुधासिन्धूर्मिपून्मज्जता
श्रेयःकाननसेचनस्फुरदुरुप्रावृड्भवाम्भोमुचा ॥ ४ ॥

सम्यङ्न्यायसमर्जितोर्जितधनैः सुस्थानसंस्थापितै-
र्ये ये यत्र गिरौ तथा पुरवरे ग्रामेऽथवा यत्र ये ।
प्रासादा नयनप्रसादजनका निर्मापिताः शर्मदा-
स्तेषु श्रीजिननायकानभिधया सार्द्धं स्तुवे श्रद्धया ॥ ५ ॥

---

१ 'सूर्याश्वैर्यदि मस्सजौ सततगाः' એ લક્ષણવાળા શાર્દૂલવિક્રીડિત છંદમાં રચાયેલા આ પાંચ શ્લોકો વડે કુલક બનેલ છે.

૨ આ શ્લોક 'म्रभ्नैर्यानां त्रयेण त्रिमुनियतियुता स्रग्धरा कीर्तितेयम्' એ લક્ષણથી લક્ષિત સ્રગ્ધરા છંદમાં રચાયેલા છે, જ્યારે બાકી બધા શ્લોકો તો શાર્દૂલવિક્રીડિત છંદમાં રચાયેલા છે.

इत्थं पृथ्वीधरेण प्रतिगिरिनगरग्रामसीमं जिनाना-
मुच्चैश्चैत्येषु विश्वग् हिमगिरिशिखरैः स्पर्धमानेषु यानि ।
बिम्बानि स्थापितानि क्षितियुवतिशिरःशेखराण्येष वन्दे
तान्यप्यन्यानि यानि त्रिदशनरवरैः कारिताकारितानि ॥ १६ ॥

જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ એ ગ્રન્થમાં તેમજ **જૈન ગ્રન્થાવલીમાં શ્રીધર્મઘોષ** સૂરિકૃત जय वृषभ ઇત્યાદિ પદથી શરૂ થતી અષ્ટ યમકમય સ્તુતિના વૃત્તિકાર તરીકે **સોમતિલક**નું નામ સૂચવેલું છે, પરંતુ શ્રી**સ્તોત્રરત્નાકર**ના પ્રથમ ભાગમાં આ સ્તુતિની અવચૂરિ આપેલી છે ત્યાં તો તેના કર્તા વિષે કંઈ ઉલ્લેખ કર્યો જોવામાં આવતો નથી. કદાચ તેની કોઈ અન્ય પ્રતિમાં એવો ઉલ્લેખ હોય તો ના નહિ કહી શકાય (કેમકે **સાધારણજિનસ્તુતિ**ના કર્તા **સોમતિલકસૂરિ** છે એ વાતનું પણ એ સ્તુતિના લેખકના અન્તિમ ઉલ્લેખ તેમજ **જૈનતત્ત્વાદર્શ**માં ચતુરર્થીના કર્તા શ્રી**સોમતિલક**સૂરિ છે એ ઉલ્લેખ સિવાય કોઇ અન્ય પ્રમાણ મારા જોવામાં આવ્યું નથી).

આ પરિસ્થિતિમાં એ ઉમેરવું આવશ્યક છે કે પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ સ્વર્ગસ્થ જૈનાચાર્ય શ્રી**વિજયાનન્દ**સૂરિકૃત **જૈનતત્ત્વાદર્શ**ના ૫૭૯ મા પૃષ્ઠમાં શ્રી**ધર્મઘોષ**સૂરિકૃત जय वृषभ० એ તેમજ स्रस्ताशर्म० સ્તુતિના વૃત્તિકાર તરીકે તેમજ શ્રી**સોમપ્રભ**સૂરિકૃત यत्राखिल० એ સ્તુતિના ટીકાકાર તરીકે શ્રી**સોમતિલક**સૂરિનું નામ નજરે પડે છે. આ ઉપરાંત श्रीमद्वीर ! स्तुवे० થી શરૂ થતું કમલબંધથી મનોહર સ્તોત્ર, शिवशिरसि०, श्रीनाभिसम्भव० અને श्रीशैवेय० થી શરૂ થતાં સ્તોત્રો પણ આ સરિજીની કૃતિઓ છે એવો પણ ત્યાં ઉલ્લેખ છે. આ વાત સહેલાઈથી ધ્યાનમાં આવે તેટલા માટે તેમની કહેવાતી સમગ્ર કૃતિઓનું કોષ્ટક આપવામાં આવે છે.

ગ્રન્થ.	શ્લોક-સંખ્યા.	પ્રકાશન.
૧ બૃહન્નવ્યક્ષેત્રસમાસ.		
૨ સત્તરિસયઠાણ પયરણ.	૩૫૯	જૈન આત્માનંદ સભા.
૩ શ્રીતીર્થરાજથી શરૂ થતી સ્તુતિ.	૧	આ ગ્રન્થના પરિશિષ્ટમાં.
૪ સર્વજ્ઞ-સ્તોત્ર.	૧૦	આગમોદય સમિતિ.
૫ પૃથ્વીધર સાધુકારિત ચૈત્યસ્તોત્ર	૧૬	શ્રીયશોવિજય જૈનગ્રન્થમાલા
૬ શ્રીસિદ્ધાર્થથી શરૂ થતું મહાવીર-સ્તોત્ર	૧૨	
૭ श्रीमद्वीर ”	અનુપલબ્ધ હોવાથી શ્લોક-સંખ્યા આપી નથી.	
૮ शिवशिरसि ”		
૯ श्रीनाभिसम्भव ”		
૧૦ श्रीशैवेय० ”		
૧૧ यत्राखिल० ની વૃત્તિ.		
૧૨ जय वृषभ० ”		
૧૩ स्रस्ताशर्म ”		

આ ઉપરથી એ ફલિતાર્થ થાય છે કે જૈન સાહિત્યરૂપી વૃક્ષને પલ્લવિત કરવામાં સૂરિજીએ સારો ભાગ લીધો હતો. વિશેષ આનન્દની વાત તો એ છે કે ગચ્છીય મમતારૂપ ડાકણથી તેઓ ગ્રસ્ત હતા નહિ. આ વાત પ્રખર પણ્ડિત જૈનાચાર્ય ખરતરગચ્છીય **શ્રીજિનપ્રભસૂરિએ** પોતાના શિષ્ય–રત્નોના અભ્યાસાર્થે રચેલાં અને વળી પોતાના નામથી અંકિત એવાં સાતસે સ્તોત્રો **શ્રીસોમતિલકસૂરિને** સમર્પણ કર્યાં વિષેના નીચે મુજબના (**કાવ્યમાલાના** સપ્તમ ગુચ્છના ૮૬ મા પૃષ્ઠ ઉપરના) ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છેઃ—

“ पुरा श्रीजिनप्रभसूरिभिः प्रतिदिनं नवस्तवनिर्माणपुरस्सरं निरवद्याहारग्रहणाभिग्रहवद्भिः प्रत्यक्षपद्मावतीदेवीवचसामभ्युदयिनं श्रीतपागच्छं विभाव्य भगवतां श्रीसोमतिलकसूरीणां स्वशैक्ष-शिष्यादिपठनाविलोकनाद्यर्थं यमकश्लेषचित्रच्छन्दोविशेषादिनवनवभङ्गीसुभगाः सप्तशतीमिताः स्तवा उपदीकृता निजनामाङ्किताः । ”

—**શ્રીસિદ્ધાન્તાગમસ્તવની અવચૂરિ**

વિવિધ ગ્રન્થો રચી ૬૯ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સં. ૧૪૨૪ માં સ્વર્ગે સંચરેલા સૂરિજીને સવિનય પ્રણામ કરતો હું પ્રથમ પરિશિષ્ટ પૂર્ણ કરૂં તે પૂર્વે તેમના શિષ્ય–પ્રશિષ્યાદિકને લગતી હકીકત **શ્રીદેવસુન્દરસૂરિના** શિષ્ય શ્રીગુણરત્નસૂરિએ વિ. સ. ૧૪૬૬ માં રચેલા **ક્રિયા-રત્ન-સમુચ્ચયમાંના** શ્રીગુરૂપર્વક્રમવર્ણનાધિકારના આધારે ટુંકમાં અત્ર નિવેદન કરૂં તો અસ્થાને નહિ ગણાય.

આમાં **શ્રીસોમતિલકસૂરિના** સંબંધમાં તેમજ તેમના **ચન્દ્રશેખર**, **જયાનન્દ** અને **દેવ-સુન્દર** નામના ત્રણ શિષ્ય–રત્નોના સંબંધમાં નીચે મુજબનો ઉલ્લેખ છેઃ—

“ *श्रीसोमतिलकाख्याश्च, सूरयो यद्यशोऽर्णवे ।*
ज्योत्स्ना जलं ग्रहाः फेन–पिण्डा वेलावलिर्दिशः ॥ ४९ ॥

विश्वख्याततपागणाधिपतयः सार्वत्रिकख्यातयः
सद्वैराग्यपयोधयस्त्रिजगतीदीव्यद्गुणश्रेणयः ।
आसन् ग्रन्थकृतः सदागमभृतश्चारित्रलक्ष्मीवृतः
सद्भाग्याभ्यधिकाश्च सोमतिलकाः सूरीशवृन्दारकाः ॥ ५० ॥

तेषां शिष्यास्त्रयः ख्याता, अभूवन्नद्भुतैर्गुणैः ।
ज्ञानदर्शनचारित्र–त्रयी मूर्तिमती किल ॥ ५१ ॥

संक्षुब्धसागरगभीररवेण नित्य–मावर्जिताखिलजगज्जनमानसालिः ।
श्रीचन्द्रशेखरगुरुर्गरिमैकधाम विद्याविलासवसतिः प्रथमो बभूव ॥ ५२ ॥

भव्यप्राणिशिवश्रियोः परिणये सांवत्सरार्धीश्वरा
गाम्भीर्यादिगुणैर्निजैरुदधिवत् केनाप्यलब्धान्तराः ।
तेऽजायन्त यतीश्वराविह जयानन्दा द्वितीयाः क्रमात्
येषां देवतया करेण निहतो भ्राताऽनुमेने व्रतम् ॥ ५३ ॥

वैराग्यं विमलं शमोऽतिविशदः शास्त्रज्ञता चारुता
  सिद्धान्तैकरुचिर्मनोहरतरा भव्योपकारः परः ।
चारित्रं त्रिजगत्यनुत्तरतमं भाग्यं ह्यसाधारणं
  येषां श्रीयुतदेवसुन्दरवराः ख्यातास्तृतीयास्तु ते ॥ ५४ ॥ ”

શ્રીસોમતિલકસૂરિના પ્રથમ શિષ્ય શ્રીચન્દ્રશેખરસૂરિનો જન્મ વિ. સં. ૧૩૭૩ માં થયો હતો. તેમણે વિ. સં. ૧૩૮૫ માં એટલે કે બાર વર્ષની નાની વયમાં દીક્ષા લીધી હતી. વિ. સં. ૧૩૯૩ માં તેઓ સૂરિપદથી અલંકૃત થયા હતા. તેમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૪૨૩ માં થયો હતો.

ઉષિત ભોજન કથા, યવરાજર્ષિ કથા, શ્રીમત્સ્તંભકથી શરૂ થતું હારબદ્ધ સ્તોત્ર, શત્રુંજય-રૈવત-સ્તુતિ ઇત્યાદિ તેમની કૃતિઓ છે.

શ્રીસોમતિલકસૂરિના દ્વિતીય શિષ્ય શ્રીજયાનન્દસૂરિનું જીવન-વૃત્તાન્ત [1]શ્રીસોમસુન્દરસૂરિના વિદ્વાન્ વિનેય (શિષ્ય) શ્રીપ્રતિષ્ઠાસોમ મુનીશ્વરે વિ. સં. ૧૫૨૪ (पारावारकरस्मरेषु-हिमकक्)માં રચેલા સોમસૌભાગ્ય કાવ્યમાં નજરે પડે છે.

---

૧ વિ. સં. ૧૪૮૫ માં ઉપદેશમાલા-બાલાવબોધ, વિ. સં. ૧૪૯૬ માં ષષ્ટિશત-બાલાવબોધ, યોગશાસ્ત્ર-બાલાવબોધ, યુષ્મચ્છબ્દ-નવસ્તવી તથા અસ્મચ્છબ્દ-નવસ્તવી (અષ્ટાદશસ્તોત્રી), सकलनाकिनिकायथी શરૂ થતો યમકમય ચતુર્વિંશતિજિનસ્તવ, यः प्राक् सार्थथी શરૂ થતું શ્રીચતુર્વિંશતિજિનભવોત્કીર્તનસ્તવન વગેરેના કર્તા **શ્રીસોમસુન્દરસૂરિ**ના કેટલાક ગુણોનું વર્ણન **શ્રીસોમચારિત્ર**ગણિકૃત **ગુરૂગુણરત્નાકર** કાવ્યમાં ૪૮ માથી ૬૬ મા શ્લોક પર્યન્ત દૃષ્ટિગોચર થાય છે. એમનું વિશેષ વર્ણન તો **સોમસૌભાગ્ય** કાવ્યમાંથી મળી આવે છે.

પ્રહ્લાદન નગરના નિવાસી **સજ્જન** શ્રેષ્ઠીની પ્રિયા **માલ્હણ** દેવીએ વિ. સં. ૧૪૩૦ માં પુત્ર-રત્નને જન્મ આપ્યો. એનું નામ **સોમ** રાખવામાં આવ્યુ. આ કુમારે પોતાની બેનની સાથે વિ. સં. ૧૪૩૭ માં **અર્થાત** સાત વર્ષની લઘુ વયે દીક્ષા ગ્રહણ કરી. ત્યારે એમનું **સોમસુન્દર** નામ પાડવામાં આવ્યું. વિ. સં. ૧૪૫૦ માં તેમણે વાચક પદ મળ્યું, જ્યારે વિ. સં ૧૪૫૭ માં તેઓને આચાર્ય-પદવી મળી. પાટડીના મંદિરના (સ્વર્ગ॰ શાસ્ત્રવિશારદ **શ્રીવિજયધર્મસૂરિ**સંકલિત પ્રતિમા-લેખ-સંગ્રહમાંના) નિમ્ન-લિખિત ઉલ્લેખ—

“ सं० १४९४ वर्षे प्राग्वाटज्ञातीय श्रे० रत्न भा० माऊसुत श्रे० ताल्हा भा० सारु (?) सुत श्रे० वेलाकेन भा० वानू प्रमुखकुटुंबयुतेन स्वश्रेयसे श्रीश्रेयांसबिंबं कारितं प्रतिष्ठितं तपा(०)श्री**सोमसुंदर**सूरिभिः । ”

—ઉપરથી જોઇ શકાય છે કે શ્રી**સોમસુન્દરસૂરિ**એ વિ. સં. ૧૪૯૮ માં શ્રી**શ્રેયાંસ**નાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. વિ. સં. ૧૪૯૯ માં તેઓ સ્વર્ગે સિધાવ્યા. તેમને અનેક શિષ્યો હતા. સ્વર્ગસ્થ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી**વિજયધર્મસૂરિ** દ્વારા સંકલિત **ઐતિહાસિક રાસ સંગ્રહ** (ભા. ૧) માં જે કવિવર **શ્રીલાવણ્યસમય**-વિરચિત **સુમતિસાધુસૂરિ વિવાહલો** છપાયેલો છે તેમાં શ્રી**શાન્તિનાથ**ના દહેરાસરનો ઉલ્લેખ છે. આ દહેરાસરના ગભારામાં પેસતાં બારશુાની ઉપર નીચે મુજબનો લેખ નજરે પડે છે કે જેમાં **શ્રીસોમસુન્દરસૂરિ**ના શિષ્ય-વર્ગના નામનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

“ संवत् १४७८ वर्षे पोष शु. ५ राजाधिराजश्री**मोकल**देवविजयराज्ये प्राग्वाटसारूवानाभा० सू...सुत सा. रतन भा० लाषूपुत्रेण श्रीशत्रुंजयगिरिनारार्बुदजीरापल्लीचित्रकूटादितीर्थयात्रा कृता श्रीसंघमुख्यसा०धणपालेन भा० हासूपुत्र सा. हाजा भोजा धाना वधू देऊ भऊ धाई पौत्र देवा नरसिंग पुत्रिका पूनी पूरी मरघद चमकूप्रभृतिकुटुंबपरिवृतेन श्रीशांतिनाथप्रासादः

સ્થૂલિભદ્ર-ચરિત્ર, દેવાઃ પ્રમોદયંથી શરૂ થતું નવ પદ્યનું સ્તવન ઇત્યાદિના કર્તા **શ્રીજયાનન્દ-સૂરિનો** જન્મ વિ. સં. ૧૩૮૦ માં થયો હતો. તેમણે વિ. સં. ૧૩૯૨ માં દીક્ષા ગ્રહણ કરી હતી. વિ. સં. ૧૪૨૦ માં તેમણે સૂરિ-પદ મળ્યું હતું.

શ્રી**સોમતિલક**સૂરિના તૃતીય શિષ્ય-રત્ન **શ્રીદેવસુન્દરસૂરિનો** જન્મ વિ. સં. ૧૩૯૬ માં થયો હતો. વિ. સં. ૧૪૦૪ માં મહેશ્વપુરમાં તેમણે દીક્ષા ગ્રહણ કરી હતી અને વિ. સં. ૧૪૨૦ માં તેઓ **અણહિલ્લપુરપાટણ**માં સૂરિપદ મેળવવા ભાગ્યશાળી થયા હતા. પ્રો. **પિટર્સનના** ત્રીજા રિપૉર્ટમાં ૭૧ મા પૃષ્ઠનાં નિમ્ન-લિખિત—

"इति श्रीमलयगिरिविरचिता सप्ततिटीका समाप्ता संवत् १४४७ वर्षे भट्टारकदेवसुन्दरसूर्युपदेशेन कर्मग्रंथ वृत्तिपुस्तकं लेखयामास "

ઉલ્લેખમાં જે **દેવસુન્દરસૂરિ**નું નામ નજરે પડે છે તે પ્રસ્તુત હશે એમ લાગે છે. **જૈનધાતુપ્રતિમાલેખસંગ્રહ** (ભા૦ ૧)ના ૭૬૧ મા લેખાંક ઉપરથી જોઈ શકાય છે કે તેઓ વિ. સં. ૧૪૬૬ સુધી તો વિદ્યમાન હતા. આ સૂરિરાજના જીવનનું થોડુંક વર્ણન તેમના પ્રશિષ્ય સહસ્રાવધાની શ્રી**મુનિસુન્દરસૂરિ**એ **ગુર્વાવલી**માં ૩૦૩ મા પદ્યથી આપ્યું છે. તેમને **જ્ઞાનસાગર, કુલમંડન, ગુણરત્ન, સોમસુન્દર** (ગુર્વાવલીના કર્તા ગુરૂ) તથા (વિ. સં. ૧૪૫૬ માં **યતિજીતકલ્પવૃત્તિ**ના રચનારા) **સાધુરત્ન** નામના પાંચ શિષ્યો હતા. આ મુનિવર્યોને લગતી કેટલીક હકીકતો **ગુર્વાવલી**માં મળી આવે છે.

પણ્ડિતવર્ય **લાલચન્દ્ર** સૂચવે છે કે "**સોમતિલક**સૂરિના એક શિષ્ય **દેવપ્રભગણિ** જાણવામાં આવેલ છે જેણે **કુમારપાલ** રાસ પ્રા. ગૂ. માં ૪૧ કડીમાં રચેલ છે; મારા ખ્યાલ પ્રમાણે આ

कारितः प्रतिष्ठितस्तपापक्षे श्री**देवसुंदर**सूरिपट्टपूर्वाचलदिननायक-तपागच्छनायकनिरुपममहिमानिधानयुगप्रधानसमानश्री-श्री**सोमसुंदर**सूरिभिः ॥ भट्टारकपुरंदरश्री **मुनिसुन्दर**सूरि-श्री**जयचंद्र**सूरि-श्री**भुवनसुंदर**सूरि-श्री**जिनकीर्ति**सूरि-श्री**विशालराज**सूरि-श्रीर**त्नशेखर**सूरि-श्री**उदयनंदि**सूरि-(श्री**लक्ष्मीसागर**सूरि ?)-महोपाध्यायश्री **सत्यशेखर**गणि-श्री**सूरसुंदर**गणि-श्री**सोमदेव**गणिकलंदिकाकुमुदिनसोमोदयपं.**सोमोदय**गणिप्रमुखप्रतिदिनाधिकाधिकोदयमानशिष्यवर्गै. ॥ चिरं विजयता श्रीशांतिनाथचैत्यं कारयिता च । "

આ પૈકી શ્રી**જિનકીર્તિ**સૂરિની **દાનકલ્પદ્રુમ** નામની કૃતિ છે. આ દે. લા. પુ. ફં. તરફથી પ્રસિદ્ધ થયેલી છે.

શ્રી**વિશાલરાજ**સૂરિએ **વીતરાગ-સ્તોત્ર**ની પંજિકા રચી છે. તેઓ શ્રી**સોમોદય**ગણિના ગુરૂ થાય છે.

ઐતિહાસિક રાસ-સંગ્રહ (ભા૦ ૧)ના સંક્ષિપ્ત-સાર (પૃ૦ ૨૬-૨૮)માંથી **જલ્પકલ્પલતા**ના કર્તા શ્રી**રત્નશેખર**સૂરિ તેમજ શ્રી**લક્ષ્મીસાગર**સૂરિ સંબંધી માહિતી મળી શકે છે, તો તેના જિજ્ઞાસુએ તે તરફ દૃષ્ટિપાત કરવો.

શ્રી**તિલકહંસ**ગણિ પણ શ્રી**સોમસુન્દર**સૂરિના શિષ્ય હશે એમ **ઉદેપુર**ના ગોડીજીના ભંડારની **ભક્તામર** સ્તવ (સટીક)ની હસ્તલિખિત પ્રતિના નિમ્ન-લિખિત ઉલ્લેખ ઉપરથી ભાસે છે:—

" संवत् १५०५ वर्षे प्रथमभाद्रवदि २ दिने श्री**सोमसुन्दर**सूरिचरणसेविना **तिलकहंस**गणिना लिखिता परोपकाराय श्रीश्रमणसङ्घस्य "

તપાગચ્છીય હોવા સંભવ છે. આ રાસ અહીંના સંસ્કૃત સંગ્રહમાં છે." (જૈન ગૂર્જર કવિઓ નામના ગ્રન્થ (પૃ૦ ૬૧)માં પણ કુમારપાલરાસનો ઉલ્લેખ છે, પરંતુ તેના કર્તા તો શ્રીદેવપ્રભગણિ છે. એઓ શ્રીવીરસિંહના શિષ્ય હોવાનો ત્યાં સ્પષ્ટ ઉલ્લેખ છે.)

(૨) શ્રીગૌતમસ્તુતિ—

આ ગ્રન્થના અંતમાં આપેલ પ્રથમ પરિશિષ્ટ સંબંધી આપણે વિચાર કર્યો. તે પ્રમાણે હવે દ્વિતીય પરિશિષ્ટ સંબંધી ટુંકમાં વિચાર કરવો અસ્થાને નહિ ગણાય. આ પરિશિષ્ટમાં **શ્રીરાજસાગર** મુનિરાજના શિષ્ય-રત્ન **શ્રીરવિસાગર** મુનીશ્વરે રચેલ **શ્રીઇન્દ્રભૂતિ-સ્તુતિ** આપવામાં આવી છે. આ સ્તુતિના નાયક શ્રી**મહાવીર** પ્રભુના પ્રથમ ગણધર **શ્રીઇન્દ્રભૂતિ** યાને **ગૌતમ**સ્વામી છે. તેમનાં અનેક ચરિત્રો લખાયેલાં છે એટલુંજ નહિ, પરંતુ તેમને ઉદ્દેશીને સ્તુતિ-સ્તોત્રો પણ રચાયાં છે. દાખલા તરીકે શ્રીજિનપ્રભસૂરિએ એક અનુપમ **ગૌતમ-સ્તોત્ર** રચ્યું છે (આ સ્તોત્ર કાવ્યમાલાના સપ્તમ ગુચ્છકમાં છપાયેલું છે). આ ઉપરાંત એમણે 'ॐ नमस्त्रिजगन्नेतुः' એ પ્રથમ પાદવાળું એક નવ શ્લોકનું પણ સ્તોત્ર રચ્યું છે. વળી શ્રી**વજ્રસ્વામી**એ 'स्वर्णाष्टाग्रसहस्रपत्र'થી શરૂ થતું ૧૨ શ્લોકનું **ગૌતમ-સ્તોત્ર** શાર્દૂલવિક્રીડિત છંદમાં રચ્યું છે, જ્યારે 'गुणपुङ्गवगौतम'થી શરૂ થતું પાંચ શ્લોકનું એક સ્તોત્ર શ્રી**ધર્મસાગર** ઉપાધ્યાયના શિષ્ય-રત્ન શ્રી**ગુણસાગરગણિ**એ રચ્યું છે. એમના જીવન-વૃત્તાન્ત પરત્વે વિશેષ ન લખતાં પાઠક-વર્ગને અત્રે એટલુંજ ખાસ નિવેદન કરવું બસ થશે કે—

> "अहङ्कारोऽपि बोधाय, रागोऽपि गुरुभक्तये ।
> विषादः केवलायाभूत, चित्रं श्रीगौतमप्रभोः ॥ १ ॥"

—સુબોધિકા (કલ્પસૂત્રવૃત્તિ) પત્રાંક ૧૨૭.

જેમ પ્રતિક્રમણાદિક સમયે બોલવામાં આવતી ચાર પદ્યની સ્તુતિમાં પ્રથમ અમુક તીર્થંકરની સ્તુતિ હોય છે, તેમ તેને બદલે 'તીર્થ' શબ્દથી સંબોધાતા પ્રથમ ગણધરની સ્તુતિરૂપ આ દ્વિતીય પરિશિષ્ટ છે. આ પ્રમાણેની બીજી [1]બે સ્તુતિઓ નીચે મુજબની મળી આવે છે. આ બંનેના કર્તા વાચકચક્રવર્તી મહોપાધ્યાય શ્રી**ધર્મસાગરગણિ**ના શિષ્યરત્ન પં૦ **ગુણસાગરગણિજી** છે.

(१) श्रीगौतमस्तुतिः

गौतमान्वयपवित्रगौतमः, सततहस्ततनुकः स सिद्धये ।
अस्तु सत्समचतुरस्रसंस्थितः, केवलाय समभूद् विषादकः ॥ १ ॥
तीर्थकृत्ततिरियं भवे भवे, दुःखकूपनिपतज्जनाय भवेत् ।
पालनाय यतनापरायणा, कर्मशत्रुसुपुटीकृताक्षरा ॥ २ ॥

---

૧ આ બંને સ્તુતિઓ મુનિરાજ શ્રીચતુરવિજયે લખી મોકલવા કૃપા કરી હતી.

૨ આ સ્તુતિ રથોદ્ધતા છંદમાં રચાયેલી છે. એનું લક્ષણ એ છે કે—

"रात् परैर्नरलगै रथोद्धता."

नैगमादियुतसंयुतागम–स्तीर्थकृद्वदनभाषणाभिमः।
अन्यतीर्थिकमनश्चमत्कृतिः, शङ्करः सकलजन्मिनोऽस्तु वः ॥ ३ ॥
अम्बिकाऽभिधगरिष्ठदेविका, बिभ्रती श्रवणयोः सुकुण्डले ।
स्तूयमानगुणमण्डला जनै–र्विघ्नघातजनकाऽस्तु सन्ततम् ॥ ४ ॥

(२) श्रीगौतमस्तुतिः

यदीयं प्रभाते स्फुरन्नामधेयं, गृहीत्वा ययुर्जन्मिनः कोटिसङ्ख्याः ।
शिवं यान्ति यास्यन्ति कुर्यात् कलानां, कलापं कुकर्मारिभिद् गौतमो मे ॥ १ ॥
जगन्नाथपङ्क्तिः सुमुक्तिर्विमुक्तिः, सशक्तिः सयुक्तिः सुभक्तिः सुभुक्तिः ।
प्रकामागता माहतामाविरामा, यतीनां ततीनां रतीनां हतीनाम् ॥ २ ॥
गुणैः शुद्धसिद्धान्त सिद्धान्त ऊर्ध्वान्तिकृत्, सदाभावतां सम्मतां दीयतां पोषिताम् ।
दुरत्यन्तकष्टेन शिष्टेन लष्टेन वा, स्फुरद्वर्णपूर्णैः सकर्णैः सकर्णे. ि तः ॥ ३ ॥
गलज्झारतीपीनपीयूषतुल्या, यदीया रणत्कारिकारिक्रमाब्जा ।
महामूल्यसन्नूपुराभ्यां नवाभ्यां, सुखायास्तु देवी सतां जन्मभाजाम् ॥ ४ ॥

श्रीइन्द्रभूति–स्तुतिના રચનારા શ્રીરવિસાગર મુનિરાજ શ્રીરાજસાગરના શિષ્ય થાય એ વાત એની હસ્તલિખિત પ્રતિના અન્તર્ગત ઉલ્લેખ ઉપરથી જણાય છે. બાકી એ સ્તુતિમાં તેના કર્તાનું નામ નજરે પડતું નથી.

એમણે દ્રુતવિલંબિત છંદમાં રચેલા તેમજ ચરણ–સમાનતારૂપ યમકથી અલંકૃત એવા ૨૬ પદ્યના 'श्रियमदाद्'થી શરૂ થતા શ્રીનેમિજિનસ્તવનમાં તો એથી ઉલટી હકીકત નજરે પડે છે અર્થાત્ તેના અન્તિમ પદ્યમાં તો કર્તાએ પોતાના તેમજ પોતાના ગુરૂજીના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. તે પદ્ય નીચે મુજબ છે:—

"इत्थं भक्तिमयोक्तिभिः स्तुतिकृतः श्रीनेमिनाथः प्रभु-
भूयो विघ्नपरम्पराप्रमथने माद्याभिधानो नृणाम् ।
श्रीमत्पण्डित'राजसागर'पदां शिष्यस्य देयान्निजं
भृत्यत्वं 'रविसागर'स्य सततं कल्याणसत्कारणम् ॥"

આ કવિરાજે જે 'श्रीपतियतिवन्दित'થી શરૂ થતું ૧૧ પદ્યનું [2]શ્રીહીરવિજયસૂરિસ્તવન[3] રચ્યું છે. તેના અન્તિમ પદ્યમાં પોતાના ગુરૂના રાજસાગર એ નામનો નિર્દેશ કર્યો છે એ વાતની નિમ્ન–લિખિત પદ્ય સાક્ષી પૂરે છે:—

---

૧ આ સ્તુતિના ત્રીજા પદ્ય સિવાયનાં પદ્યો 'भुजङ्गप्रयातं चतुर्भिर्यकारैः' એ લક્ષણવાળા ભુજંગપ્રયાત છંદમાં રચાયેલાં છે.

૨ આ તપાગચ્છના ભૂષણરૂપ જગદ્ગુરૂ શ્રીહીરવિજયસૂરિનું જીવનચરિત્ર 'સૂરીશ્વર અને સમ્રાટ્' નામના પુસ્તકમાં સારી રીતે આલેખવામાં આવ્યું છે.

૩ શ્રીરવિસાગરના કોઈ અન્ય શિષ્ય–રત્ને આ રચ્યું હોય તો તે બનવા જોગ છે, પરંતુ તેમને અન્ય શિષ્ય હતા એવું જાણવામાં નહિ આવવાથી આમ ઉલ્લેખ કર્યો છે.

"इति नेतारं सुविनेतारं राजसागरशिष्यसुखकारं
गतमारविकारं रिपुनरकारं हीरविजयगुरुगणधारम् ।
शुचिशास्त्रविचारं....................संयमरमणीवरहारं
क्षितितलमन्दारं परमसुदारं स्तुत यूयं मुनिजनसारम् ॥"

વિશેષમાં આ સ્તવનના પ્રત્યેક પાદના પ્રથમ પ્રથમ વર્ણ એકત્રિત કરવાથી ત્રણ મુનિવર્યોના નામ દૃષ્ટિ–ગોચર થાય છે. જેમકે શ્રીઆનંદવિમલસૂરિ અ, શ્રીવિજયદાનમુનીંદ્ર હં અને શ્રીરાજપાલવિશારદ વૈ. આ ઉપરથી એમ માનવાનું કારણ મળે છે કે તેઓ આ મુનીશ્વરોના સમયમાં અથવા તો એમના પછીના સમયમાં થયા હશે.

આ ત્રણ મુનીશ્વરો પૈકી **રાજપાલ** નામથી પ્રખ્યાત મુનીશ્વર **જમ્બૂકુમારરાસ**ના કર્તા હોવા જોઈએ એમ ભાસે છે અને તેમ હોય તો તેઓ **પિપ્પલ** ગચ્છના સ્થાપક શ્રી**શાન્તિસૂરિ**ના સંતાનીય અને તેમની પટ્ટપરંપરામાં **પૂર્ણચન્દ્ર** શાખામાં ૧૫ મી પાટે થયેલા શ્રી**પદ્મતિલક**સૂરિના શિષ્ય શ્રી**ધર્મસાગર**સૂરિના પ્રશિષ્ય અને શ્રી**વિમલપ્રભ**સૂરિના શિષ્ય થાય છે. વિશેષમાં એમણે આ રાસ ક્યારે રચ્યો તે વાત આ રાસની નીચે મુજબની કડીઓ ઉપરથી જોઈ શકાય છે:—

"વિક્રમ રાયે થાપીઓ સંવત ઋતુ ઇંદ્ર(દ્) જાણો રે
હોઈ યુગ વરસ વિચારયો માસ મને મધુ આણો રે;
કૃષ્ણપક્ષ મુનિ તિંથિ ભલી તિણિ દિનિ વારજ સવિતા રે
ગુરૂ શારદ સુપસાઉલે ચરિત્ર રચ્યું કહે કવિતા રે."

અર્થાત્ સંવત્ ૧૬૪૨ માં ચૈત્ર વદ સાતેમને રવિવારે આ રાસ રચાયો છે.

રાજપાલ મુનીશ્વર સં. ૧૬૭૨ ના જેઠ શુદ તીજને બુધવારે **લવકુશ**રાસ રચનારા અને સં. ૧૬૯૮ માં **પ્રસન્નચન્દ્ર રાજર્ષિ**રાસ રચનારા **રાજસાગર** ઉપાધ્યાયના કાકા–ગુરૂ થાય છે એ વાત **લવકુશ**રાસ ઉપરથી જોઈ શકાય છે, કેમકે ત્યાં કહ્યું છે કે—

"'પીપલ' ગચ્છિ ગુરૂ વડા શ્રી**શાંતિ**સૂરિ સુજાણ
પ્રતિબોધીઆ કુલ સાતસઈ શ્રીમાલપુર અહિઠાણ;
તાસ અનુક્રમી પાટિ પ્રગટ્યા શ્રી**ધર્મસાગર**સૂરિ
શ્રી**વિમલપ્રભ**સૂરીસ પ્રણમું, હુઈ આણંદ પૂરિ;
વિબુધ વિદ્યા ધરમદાતા અધિક જસુ ઉપગાર
જેણિ ટાલ્યા હિત કરી અગન્યાનના અંધકાર;
જેણિં થાપ્યા સૂરિ શ્રી**સૌભાગ્યસાગર** પાટિ
જિનવચન મારગ દાખવઈ પ્રીછવઇ પુણ્યહ વાટ;
વીનવઈ વાચક **રાજસાગર** રાસ એહ રંગિ મુદા
નરનારિ ભાવિ સંભલઈ તસુ સંપજઈ ઘરિ સંપદા."

—જૈન ગૂર્જર કવિઓ (પૃ૦ ૪૮૯)

આ **રાજસાગર** ઉપાધ્યાયન્તે પ્રસ્તુત કવીશ્વરના ગુરૂ હશે કે કેમ એ પ્રશ્ન છે કેમકે તેઓ તો પિપ્પલ ગચ્છના છે, જ્યારે આ કવિરાજ તો તપાગચ્છીય હોય એમ ભાસે છે. તપાગચ્છીય **રાજસાગરજી**ના ઐતિહાસિક વૃત્તાન્ત પરત્વે ગ્રન્થ-ગૌરવના ભયથી અત્ર વિચાર ન કરતાં **જૈન ગૂર્જર કાવ્યસંચય** પુસ્તકને રાસસાર (પૃ૦ ૨૧) જોવા હું ભલામણ કરૂં છું.

ઉપર્યુક્ત કૃતિઓ ઉપરાંત **રવિસાગરજી**એ ‘ रुचिराजीरुचिराजी ’ થી શરૂ થતી ચાર શ્લોકની **વીર-સ્તુતિ** પણ રચી છે. આ સ્તુતિ ચાર સંસ્કૃત ટીકાઓ સહિત છપાયેલી **સ્તુતિ-ચતુર્વિંશતિકા**માં ખ-પરિશિષ્ટ તરીકે આપેલી છે. વળી ‘ श्रीइन्द्रभूतिगणभृद् गणभृच्छुमानां ’થી શરૂ થતી ચાર શ્લોકની **શ્રીગૌતમ-સ્તુતિ** પણ તેમની કૃતિ છે (આ સ્તુતિ **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની સંસ્કૃત ભૂમિકાના ૧૨મા પૃષ્ઠમાં આપવામાં આવી છે). વિશેષમાં તેમણે श्रीवर्धमानभगवान् भगवान् प्रचक्रे એવા પ્રારંભિક પદવાળું ૧૧ પદ્યનું **શ્રીવીરસ્તોત્ર** પણ રચ્યું છે.

જૈન ગ્રન્થાવલી તરફ દૃષ્ટિ-પાત કરતાં સં. ૧૬૩૬ માં ૨૬૭૦ શ્લોકપ્રમાણક **રૂપસેન-ચરિત્ર** અને સં. ૧૬૫૪ માં ૨૦૦ શ્લોક જેવડું [1]**મૌનએકાદશીકથામાહાત્મ્ય** રચનારા તરીકે જે **રવિસાગર**નું નામ જોવામાં આવે છે તેજ આ પ્રસ્તુત કવિરાજ હશે એમ લાગે છે વિશેષમાં ૭૦૦૨ શ્લોકના પ્રમાણવાળા **પ્રદ્યુમ્ન-ચરિત્ર** રચનારા તરીકે પણ **રવિસાગર**નું નામ નજરે પડે છે. પરંતુ આ ચરિત્ર સં. ૧૨૦૭ માં રચાયાનો ત્યાં (૨૨૭ મા પૃષ્ઠમાં) ઉલ્લેખ હોવાથી આ **રવિસાગરજી** તો પ્રસ્તુત મુનીશ્વરથી ભિન્ન હોવા જોઇએ એમ સહેલાઈથી અનુમાન થાય છે. (કદાચ સંવતનો ઉલ્લેખ કરવામાં ભૂલ થઇ હોય તો તે જૂદી વાત છે).

અત્ર એ ઉમેરવું આવશ્યક સમજાય છે કે પણ્ડિત **હીરાલાલ** હંસરાજ તરફથી દશેક વર્ષ ઉપર પ્રસિદ્ધ થયેલ **પ્રદ્યુમ્ન ચરિત્ર** ૭૨૦૦ શ્લોક પ્રમાણક છે અને તે ૧૬૪૫ માં શ્રીહીર-વિજયસૂરિના સામ્રાજ્યમાં અને શ્રી**વિજયસેન**સૂરિના યૌવરાજ્યમાં રચાયેલું છે. વળી તેના કર્તાનું નામ પણ **રવિસાગર** છે. આ શ્રી**રવિસાગર**ગણિ તપાગચ્છીય શ્રીહીર**વિજય**સૂરિના

---

1 શ્રીયશોવિજય **જૈન ગ્રન્થમાલા** તરફથી પ્રસિદ્ધ થયેલા **પર્વકથાસંગ્રહ**માં આ કૃતિ પ્રકાશિત થયેલી છે. આ કૃતિના પ્રાન્ત ભાગમાં એવો ઉલ્લેખ છે કે—

“ श्रीश्रीहीरविजयगुरुपट्टे श्रीविजयसेनसूरीन्द्रः ।
तेषां स्वच्छे गच्छे विबुधश्रीराजसागरकाः ॥ १०३ ॥

तेषां शिष्यभुजिष्यो निजमत्यनुसारतश्च माहात्म्यम् ।
मौनस्यैकादश्याश्चकार रविसागरो विबुधः ॥ १०४ ॥

यत्राह्लाहरपार्श्वो यत्र स्तूपश्च हीरविजयगुरोः ।
यस्योपान्ते द्वीपाभिधबन्दिरमस्ति शास्तिकरम् ॥ १०५ ॥

उन्नतनगरे तस्मिन्नेतत् पूर्णीबभूव विज्ञाज्ञैः ।
संशोध्य वाच्यमब्दे सागरशररसशशि(१६५७)प्रमिते ॥ १०६ ॥

અત્ર રચના-સમય સં. ૧૬૫૭ હોવાનો ઉલ્લેખ છે તે વિચારણીય છે એમ શ્રીયુત **લાલચન્દ્ર** સૂચવે છે.

સમકાલીન અને તેમના સંતાનીય હોય એમ આ ચરિત્રના અન્તમાં આપેલી ૫૦ શ્લોકની પ્રશસ્તિ ઉપરથી જણાય છે. આ પ્રશસ્તિમાં શ્રીહીરવિજયસૂરિની દ્વાત્રિંશિકા છે તેમજ ત્યાં વાચક હર્ષસાગર, પંન્યાસ રાજસાગર, પં૦ સહસાગર, વા૦ વિનયસાગર પ્રમુખનાં નામો પણ નજરે પડે છે. આ મહાત્માઓની કૃપાથી પ્રદ્યુમ્નચરિત્ર રવિસાગરજીએ માંડલમાં રચ્યું હતું. તે વખતે ત્યાં ખેંગાર નામનો રાજા રાજ્ય કરતો હતો. વિશેષમાં રચના-સ્થળમાં અર્હત્-સમવસરણની રચના કરવામાં આવી હતી. ચતુર્દશીને દિવસે શિકાર નહિ કરવાનો રાજાએ નિયમ પણ લીધો હતો તથા જિન-પ્રાસાદના ઉદ્ધારાદિક સુકૃતો કરવામાં આવ્યાં હતાં.

આ ઉપરથી જોઇ શકાય છે કે રવિસાગર નામના અન્યાન્ય મુનીશ્વરો થયા છે. તે પૈકી આ ગ્રન્થના દ્વિતીય પરિશિષ્ટમાં આપેલી ગૌતમ-સ્તુતિ કોની કૃતિ છે એનો નિર્ણય કરવો દુઃશકય છે. અત્ર એટલું ઉમેરવું વધારે પડતું નહિ ગણાય કે સં. ૧૬૫૫ માં જીર્ણગઢ (જુનાગઢ)માં નેમિચંદ્રાવલા સ્તવન રચનારા ન્યા(જ્ઞા)નસાગરના ગુરૂનું નામ પણ રવિસાગર છે (જુઓ જૈન ગૂર્જર કવિઓનું ૩૧૭ મું પૃષ્ઠ), પરંતુ આ રવિસાગરજી તો શ્રીવિજયસેનસૂરિના શિષ્ય હોવાનું સંભવે છે.

આવી પરિસ્થિતિમાં પણ શ્રીગૌતમ-સ્તુતિના કર્તાની કહેવાતી સમગ્ર કૃતિઓનું કોષ્ટક રજુ કરવું સર્વથા અનુચિત નહિ ગણાય એમ માની તે નીચે મુજબ આપવામાં આવે છે (આ બધી કૃતિઓના કર્તા એકજ છે કે નહિ તે સંદેહાત્મક છે).

	શ્લોક-સંખ્યા	રચના-સમય	મુદ્રિત
૧ શ્રીગૌતમસ્તુતિ	૪		આ ગ્રન્થમાં
૨ ,,	૪		સ્તુતિ-ચતુર્વિંશતિકામાં
૩ શ્રીવીર-સ્તુતિ	૪		,,
૪ શ્રીવીર-સ્તોત્ર	૧૧		અમુદ્રિત
૫ શ્રીહીરવિજયસૂરિસ્તવન	૧૧		,,
૬ શ્રીનેમિજિનસ્તવન	૨૬		,,
૭ રૂપસેન-ચરિત્ર	૨૬૭૦	સં. ૧૬૩૬	,,
૮ પ્રદ્યુમ્ન-ચરિત્ર	૭૨૦૦	સં. ૧૬૪૫	પં. હીરાલાલ હંસરાજ.
૯ મૌનએકાદશીકથામાહાત્મ્ય	૨૦૦	સં. ૧૬૫૪	શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલા.

હવે બે પરિશિષ્ટો સંબંધી વિચાર કરવો બાકી રહે છે. તે પૈકી શ્રીપાર્શ્વનાથસ્તવના કર્તાના તો નામનો પણ નિર્દેશ થઇ શકે તેમ નથી, જ્યારે શ્રીઅજિતજિનસ્તોત્રના કર્તા શ્રીજિનપ્રભસૂરિ વિષે ઘણું લખી શકાય તેમ છે, પરંતુ તેનાં [1]કાવ્યોની ભૂમિકામાં હું તે પરત્વે સવિશેષ

[1] આની મુદ્રણાલય-પુસ્તિકા મેં તૈયાર કરી છે. શ્રેષ્ઠિ દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી તે છપાવવાનું કાર્ય શરૂ કરવામાં આવનાર છે.

વિચાર કરનાર હોવાથી તેમજ ગ્રંથ-ગૌરવના ભયથી અત્ર વિશેષ ઉલ્લેખ કરતો નથી. છતાં એટલું તો પ્રસંગોપાત્ત નિવેદન કરીશ કે તેઓ ચૌદમા સૈકામાં થઇ ગયા છે. આ ખરતરગચ્છીય સૂરિજીનું પાણ્ડિત્ય પૂરવાર કરી આપે એવી નીચે મુજબની અનેક કૃતિઓ તેમણે રચી છેઃ—

શ્રીજિનપ્રભસૂરિનો ગ્રન્થ-સન્દર્ભ.

(૧) [1]તપોમતકુટ્ટન; (૨) ધર્માધર્મકુલક; (૩) પરમસુખદ્વાત્રિંશિકા; (૪) પૂજા-વિધિ, (૫) વિધિપ્રપા; (૬) [2]વિવિધતીર્થકલ્પ; (૭) શ્રેણિકચરિત્ર (દ્વયાશ્રય); (૮) દીપાલિકાકલ્પ (સં. ૧૩૩૭); (૯) પ્રત્યાખ્યાનસ્થાન-વિવરણ; (૧૦) પ્રવ્રજ્યાવિધાન-વૃત્તિ; (૧૧) વન્દનસ્થાન-વિવરણ; (૧૨) વિષમ-કાવ્ય-વૃત્તિ; (૧૩) [3]સન્દેહવિષૌ-ષધી-વૃત્તિ; (૧૪) [4]સપ્તસ્મરણ-ટીકા; (૧૫) [5]સાધુપ્રતિક્રમણ-વૃત્તિ [6]

---

૧ આ ગ્રન્થમાં તપાગચ્છ વિષે અનુચિત ઉદ્‌ગારો હોવાનું કહેવાય છે. જો એ વાત સત્ય હોય, તો તપા-ગચ્છ પ્રતિ પ્રેમ રાખનારા તેમજ ગચ્છ-કદાગ્રહથી વિમુખ (જુઓ પૃ૦ ૪૩) સૂરિજીએ આવો ગ્રન્થ કેમ રચ્યો હશે એ વિકટ પ્રશ્ન છે. અન્ય કોઇ કદાગ્રહીએ આ ગ્રન્થ રચી સૂરિજીનું નામ બદનામ તો નહિ કર્યું હોય !

૨ **તીર્થકલ્પ** એ નામથી કેટલાક કલ્પો 'એશિયાટિક સોસાયટિ ઑફ બેન્ગૉલ' તરફથી ઇ. સ. ૧૯૨૩ માં પ્રસિદ્ધ થયા છે.

૩ આ પૈકી કેટલાક સ્મરણોની ટીકા શ્રેષ્ઠિ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી અત્યારે છપાય છે અને તેનું સંશોધન-કાર્ય મને સોંપવામાં આવ્યું છે. વિ. સં. ૧૩૬૫ માં રચાયેલી ઉપસર્ગહર સ્તોત્રની વૃત્તિનું નામ તેના કર્તાએ અર્થકલ્પલતા રાખ્યું છે.

૪ રોયલ એશિયાટિક સોસાયટીની સાધુપ્રતિક્રમણસૂત્ર (અવચૂર્ણિસહિત)ની પ્રતિના અન્તમાનો નિમ્ન-લિખિત ઉલ્લેખ સાક્ષી પૂરે છેઃ—

"वृद्धव्याख्यानुसारेण कृतायाः श्रीजिनप्रभसूरिवृत्तेः कृतेयमवचूर्णिः"

૫ આ ગ્રન્થ કલ્પસૂત્રની ટીકા છે અને તે ઈ. સ ૧૯૧૬ માં પં. **હીરાલાલ** હંસરાજ તરફથી પ્રકટ થયો છે.

૬ શ્રીજૈનાનન્દ પુસ્તકાલય સુરતની **ગાયત્રીવિવરણ**ની હસ્તલિખિત પ્રતિના અંતમાં 'इति श्री**जिनप्रभ-सूरि**विरचित **गायत्रीविवरणं** समाप्तं' એવો ઉલ્લેખ છે. આથી આને શ્રી**જિનપ્રભ**સૂરિની કૃતિ તરીકે આ પુસ્તકાલયમાં નોંધવામાં આવેલ છે, પરંતુ આ ઉલ્લેખની પૂર્વેના નીચે મુજબ—

"चक्रे श्रीशुभतिलको-पाध्यायैः स्वमतिशिल्पकल्पनया ।
दशाख्यानं गायत्र्याः, क्रीडामात्रोपयोगमिदम् ॥ १ ॥"

—પદ્ય ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે કે આ વિવરણના કર્તા તો શ્રી**શુભતિલક** ઉપાધ્યાય છે. પ્રવર્તક મુનિવર્ય શ્રી**કાન્તિવિજય**ના જ્ઞાન-ભંડારની એક પ્રતિ હાલ મારી પાસે છે. આ ગાયત્રી-વિવરણની પ્રતિ ઉપર્યુક્ત પ્રતિ સાથે મેળવી જોતા કંઇ ખાસ ફરક જણાતો નથી. ફક્ત અંતિમ ઉલ્લેખ નથી, પરંતુ પૂર્વ પદ્ય તો છે. ત્યાં એને શ્રી**શુભતિલક**ની કૃતિ તરીકે ઓળખાવી છે તે વાસ્તવિક છે. વળી **તત્ત્વનિર્ણયપ્રાસાદ** (પૃ૦ ૨૯૮) માં પણ શુભતિલકીય કૃતિ તરીકે આનો નિર્દેશ છે એટલુંજ નહિ, પણ ત્યાં (પૃ૦ ૨૮૦-૨૯૮) તેનો હિંદી અનુવાદ પણ આપવામાં આવ્યો છે.

આ રચવા ઉપરાંત તેમણે લગભગ ૭૦૦ સ્તુતિ–સ્તોત્રો પણ રચ્યાં છે. આ પૈકી નીચે મુજબનાં સ્તોત્રો મારા જોવામાં આવ્યાં છે.

સ્તોત્ર–રત્નાવલી

ક્રમાંક	નામ	પદ્ય–પ્રારંભ	પદ્ય–સંખ્યા	વિશેષતા
૧	શ્રીઋષભજિનસ્તોત્ર	अस्तु श्रीनाभिभूर्देवो	૧૧	શ્લેષ
૨	,,	अह्लाह्लाहि ! तुराहं	૧૧	પારસીય ભાષા
૩	,,	निरवधिरुचिरज्ञानं	૪૦	આઠ ભાષા
૪	[૧]શ્રીઅજિતજિનસ્તોત્ર	विश्वेश्वरं मथितमन्मथ०	૨૧	મહાયમક
૫	શ્રીચન્દ્રપ્રભજિનસ્તુતિ	देवैर्यस्तुष्टुवे तुष्टैः	૪	સમચરણ–સામ્ય
૬	,,	नमो महासेननरेन्द्रतनुज !	૧૩	છ ભાષા
૭	શ્રીશાન્તિજિનસ્તોત્ર	श्रीशान्तिनाथो भगवा०	૨૦	
૮	શ્રીમુનિસુવ્રતજિનસ્તોત્ર	निर्माय निर्मायगुणार्द्धि०		ત્ર્યક્ષરયમક
૯	શ્રીનેમિજિનસ્તોત્ર	श्रीहरिकुलहीराकर०	૨૦	ક્રિયાગુપ્ત
૧૦	[૨]શ્રીપાર્શ્વજિનસ્તોત્ર	अधियदुपनमन्तो	૧૨	
૧૧	,,	का मे वामेय ! शक्तिर्भवतु	૧૭	
૧૨	,, (જીરાપલ્લી)	जीरिकापुरपतिं सदैव तं	૧૫	ત્ર્યક્ષરયમક
૧૩	,, (પ્રાતિહાર્ય)	त्वां विनुत्य महिमश्रिया महं	૧૦	સમચરણ–સામ્ય
૧૪	,, (નવગ્રહગર્ભિત)	दोसावहारदर०	૧૦	પ્રાકૃત
૧૫	,,	पार्श्वनाथमनघं	૯	
૧૬	[૩],,	पार्श्वं प्रभुं शश्वदकोपमानम्	૮	પાદાન્તયમક
૧૭	[૪],,	श्रीपार्श्व ! पादानतनागराज !	૮	,,
૧૮	,,	श्रीपार्श्वं भावतः स्तौमि	૯	સમચરણ–સામ્ય
૧૯	,,	श्रीपार्श्वः श्रेयसे भूयात्	૪૪	
૨૦	,, (ફલવર્દ્ધિ)	सयलाहिवाहितलहर०	૧૨	પ્રાકૃત
૨૧	,,	असमशमनिवासं	૨૫	
૨૨	શ્રીવીરજિનસ્તોત્ર	कंसारिक्रमनिर्यदापगा०	૨૫	છંદનાં નામો
૨૩	,,	चित्रैः स्तोष्ये जिनं वीरं	૨૭	ચિત્રમય
૨૪	,,	निस्तीर्णविस्तीर्णभवार्णवं	૧૭	લક્ષણપ્રયોગ
૨૫	,, (પંચકલ્યાણક)	पराक्रमेणेव पराजितोऽयं	૩૬	

---

૧ આ સ્તોત્ર અવચૂરિ તેમજ તેના અનુવાદાદિ સહિત આ ગ્રન્થના અંતમાં અંતિમ પરિશિષ્ટ તરીકે આપવામાં આવ્યું છે.

૨ આ સ્તોત્ર વિ. સં. ૧૩૬૯ (नन्द–ऋतु–ज्वलन–क्षपाकर)માં રચાયેલું છે.

૩–૪ આ બે સ્તોત્રો મદીય અનુવાદ સહિત ચતુર્વિંશતિકા (પૃ૦ ૮૬–૮૭, ૧૫–૧૬)માં છપાયેલાં છે.

ક્રમાંક	નામ	પદ્ય-પ્રારંભ	પદ્ય-સંખ્યા	વિશેષતા
૨૬	શ્રીવીરજિનસ્તોત્ર	श्रीवर्धमानपरिपूरित०	१३	
૨૭	,,	श्रीवर्धमानः सुखवृद्धयेऽस्तु	९	પદ્યના પ્રારંભિક તેમજ અન્ત્ય અક્ષરોથી નામોલ્લેખ
૨૮	,, (નિર્વાણ-કલ્યાણક)	श्रीसिद्धार्थनरेन्द्रवंश०	१९	
૨૯	,,	सिरिवीयराय ! देवाहिदेव !	३५	પ્રાકૃત
૩૦	,,	स्वःश्रेयससरसीरुह–	२६	પંચવર્ગપરિહાર
૩૧	,,	आनन्दसुन्दरपुरन्दर०	२९	
૩૨	,,	आनम्रनाकिपति०	२५	
૩૩	ચતુર્વિંશતિ-જિનસ્તોત્ર	ऋषभदेवमनन्तमहोदयं		ત્ર્યક્ષરયમક
૩૪	,,	ऋषभ ! नम्रसुरासुर०	२९	,,
૩૫	,,	ऋषभनाथ ! भनाथनिमानन !	२९	,,
૩૬	,,	कनककान्तिधनुःशत०	२९	,,
૩૭	,,	जिनर्षभ ! प्रीणितभव्यसार्थ !	७	
૩૮	,,	तत्त्वानि तत्त्वानि भूतेषु सिद्धं	२८	ત્ર્યક્ષરયમક
૩૯	,,	पात्वादिदेवो दश कल्पवृक्षः	२९	શ્લેષ
૪૦	,,	प्रणम्यादिजिनं प्राणी	२८	
૪૧	,,	यं सततमक्षमालोप०	३०	
૪૨	શ્રીવીતરાગસ્તોત્ર	जयन्ति पादा जिननायकस्य	१६	
૪૩	શ્રીઅર્હદાદિસ્તોત્ર	मानेनोर्वी व्यहृत परितो	८	
૪૪	શ્રીપંચનમસ્કૃતિસ્તોત્ર	प्रातिष्ठितं तमःपारं	३३	
૪૫	શ્રીમન્ત્રસ્તોત્ર	स्वःश्रियं श्रीमदर्हन्तः	५	
૪૬	પંચકલ્યાણકસ્તોત્ર	निलिम्पलोकायितभूतलं	८	
૪૭	શ્રીગૌતમસ્વામિસ્તોત્ર	जम्मपवित्तिअसिरिमग्गह०	२५	પ્રાકૃત
૪૮	,,	श्रीमन्तं मगधेषु गोर्वर इति	२१	
૪૯	,,	ॐ नमस्त्रिजगन्नेतुः	९	મહામંત્રગર્ભિત
૫૦	શ્રીશારદાસ્તોત્ર	वाग्देवते ! भक्तिमतां	१३	ચરણ-સમાનતા
૫૧	શ્રીશારદાષ્ટક	ॐ नमस्त्रिजगद्वन्दितक्रमे !	९	
૫૨	શ્રીવર્ધમાનવિદ્યા	इय वद्धमाणविज्जा	१७	
૫૩	સિદ્ધાન્તાગમસ્તોત્ર	नत्वा गुरुभ्यः	४६	
૫૪	આજ્ઞાસ્તોત્ર	नयगमभंगपहाणा	११	પ્રાકૃત
૫૫	શ્રીજિનસિંહસૂરિસ્તોત્ર	प्रभुः प्रदद्यान्मुनिपाक्षिपङ्क्ते–	१३	ચરણ-સામ્ય
૫૬	મંગલાષ્ટક	नतसुरेन्द्र ! जिनेन्द्र !	९	ચોવીસ જિનોનાં નામ-ગર્ભિત

આ પૈકી થોડાંક સ્તોત્રો **કાવ્યમાલા**ના સપ્તમ ગુચ્છકમાં પ્રસિદ્ધ થયેલાં છે, જ્યારે કેટલાંક **પ્રકરણ-રત્નાકર**ના બીજા અને ચોથા ભાગમાં દૃષ્ટિ-ગોચર થાય છે. વળી કેટલાંક સ્તોત્રો તો અનુવાદ સહિત 'જૈનસ્તોત્ર તથા સ્તવનસંગ્રહ' એ પુસ્તકમાં પ્રકટ થયેલાં નજરે પડે છે. પરંતુ સ્તોત્રોનો મોટો ભાગ હજી અપ્રસિદ્ધ છે એટલુંજ નહિ, કિન્તુ કેટલાંક તો અનુપલબ્ધ હોય એમ સંભળાય છે. ખરેખર આ વાત સાચી હોય તો એ જાણીને કયા મનસ્વીને દુઃખ નહિ થાય ? કેમકે અપૂર્વ સ્તોત્રો રચવાની વાત તો દૂર રહી, પરંતુ આવા પ્રાચીન સાહિત્યનું સંરક્ષણ કરવા જેટલું પણ કાર્ય જૈન સમાજ ન કરી શકી એ ખેદજનક કથની છે.

અન્ય આચાર્યોની જેમ સંસ્કૃત, પ્રાકૃત તેમજ અપભ્રંશ ભાષામાં સ્તુતિ-સ્તોત્રો રચવા ઉપરાંત તેમણે [1]**ઋષભદેવસ્તોત્ર** [2]ફારસી ભાષામાં રચ્યું છે. આ એમની ભાષા પરત્વેની ઉદારતા સૂચવે છે, કેમકે સંકુચિત દૃષ્ટિવાળા પૂર્વકાલીન વિપ્રો તો આ ભાષાનો ઉચ્ચાર કરતાં પણ અભડાતા એમ નીચે મુજબના શ્લોકાર્ધ ઉપરથી જોઈ શકાય છેઃ—

"न वदेद् यावनीं भाषां, प्राणैः कण्ठगतैरपि"

આવી ભાષાવિષયક ઉદારતા ઉપરાંત પર-મત-મીમાંસા પરત્વેની જૈનાચાર્યની ઉદારતા તો મુક્ત કંઠે પ્રશંસા કરવા યોગ્ય છેજ. આ અતિશયોક્તિ નથીજ, કેમકે એ વાત શ્રીહરિભદ્રસૂરિકૃત **શાસ્ત્રવાર્તાસમુચ્ચય, યોગદૃષ્ટિસમુચ્ચય** પ્રમુખ ગ્રન્થોના નિરીક્ષકોથી અજાણી નથી.

અલ્લાઉદ્દીનના સમકાલીન આ જૈનાચાર્યે એ બાદશાહની પછી ગાદીએ આવેલા **મહમૂદશાહ**ના દરબારમાં જઇને બાદશાહને પોતાની વિદ્વત્તાથી ચમત્કૃત કરી જૈન ધર્મ તરફ આકર્ષી તેમની સહાનુભૂતિ સંપાદન કરી જૈન મંદિરોનું ધર્માન્ધ મુસલમાનોથી રક્ષણ કર્યું હતું.

આવી રીતે જૈન શાસન તેમજ જૈન સાહિત્યની અનુપમ સેવા બજાવવા બદલ શ્રી**જિનપ્રભ**સૂરિને ખરેખર અભિનન્દન ઘટે છે. તેઓ વિશેષ ધન્યવાદને પણ પાત્ર છે, કેમકે તેઓ ગચ્છ-મમતારૂપ મોહિનીથી અંજાયા હતા નહિ એટલુંજ નહિ, પરંતુ ગુણાનુરાગી હોઇ કરીને તેમણે પોતે રચેલાં સાતસે સ્તોત્રો તપાગચ્છીય શ્રી**સોમતિલક**સૂરિને અર્પણ કર્યાં હતાં (જુઓ પૃ૦ ૩૨). વળી કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્ર**સૂરિએ રચેલી શ્રી**મહાવીર** પ્રભુની સ્તુતિરૂપ એવી **અન્યયોગવ્યવચ્છેદિકા** દ્વાત્રિંશિકાની [3]**સ્યાદ્વાદમંજરી** નામની ટીકા રચવામાં તેના કર્તા

---

૧ આના પ્રથમ પદ્ય (સટીક)નો શ્રી**શોભન** મુનીશ્વરકૃત **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની ભૂમિકા(પૃ૦ ૩૨-૩૩)માં મેં ઉલ્લેખ કર્યો છે. આ સમગ્ર સ્તુતિ ટીકા સહિત 'જૈન સાહિત્ય સંશોધક'માં પ્રસિદ્ધ થનાર છે એમ સાંભળવામાં આવ્યું હતું તે વાત ખરી પડી છે એટલે હવે આથી તેને સત્વર પ્રસિદ્ધ કરવાનો મારો વિચાર માંડી વાળું છું.

૨ આ ભાષામાં રચાયેલું અને **दोस्ती स्वांद**થી શરૂ થતું અને એક પદ્યનું સ્તોત્ર શ્રી**જિનભદ્ર**સૂરિએ રચ્યું છે એમ ઉપયુક્ત શ્રી**શોભન-સ્તુતિ**ની ભૂમિકા (પૃ. ૩૨)માં મેં ઉલ્લેખ કર્યો છે, પરંતુ પ્રવર્તકજીવાળી અન્ય પ્રતિમાં તેના કર્તા તરીકે શ્રી**જિનપ્રભ**સૂરિનું નામ નજરે પડે છે.

૩ આ ગ્રન્થ શક સંવત્ ૧૨૧૪ (વિ. સં. ૧૩૪૯)માં દીવાળીને દિવસે શનિવારે પૂર્ણ કરવામાં આવ્યો હતો.

નાગેન્દ્રગચ્છીય [1]શ્રીમલ્લિષેણસૂરિને આ ખરતરગચ્છીય **શ્રીજિનપ્રભસૂરિએ** સહાયતા કરી હતી. આ વાતની **સ્યાદ્વાદમંજરી**ની પ્રશસ્તિમાં આપેલાં નિમ્ન-લિખિત પદ્યો સાક્ષી પૂરે છે:—

" नागेन्द्रगच्छगोविन्द-वक्षोऽलङ्कारकौस्तुभाः ।
ते विश्ववन्द्या नन्द्यासु-'रुदयप्रभ'सूरयः ॥ ६ ॥
श्री'मल्लिषेण'सूरिभिरकारि तत्पदगगनदिनमणिभिः ।
वृत्तिरियं मनुरवि(१२१४)मितशाकाब्दे दीपमहसि शनौ ॥ ७ ॥
श्री'जिनप्रभ'सूरीणां, साहाय्योद्भिन्नसौरभा ।
श्रुतावुत्तंसतु सतां, वृत्तिः ' स्याद्वादमञ्जरी ' ॥ ८ ॥ "

આ વાતની તેમણે રચેલી **નમિઊણસ્તોત્ર**ની **અભિપ્રાયચંદ્રિકા** નામની વૃત્તિમાંના તેમજ **અજિતશાન્તિસ્તવ**ની વૃત્તિમાંના નિમ્ન-લિખિત પદ્યગત (વિ. સં. ૧૩૬૫) રચના-સમય સાક્ષી પૂરે છે:—

" संवद्विक्रमभूपतेः शरऋतुत्रार्चिःशशाङ्कैर्मिते
पौषस्यासितपक्षभाजि शशिना युक्ते द्वितीयातिथौ ।
श्रीमान् श्री'जिनसिंह'सूरिसुगुरोः पादाब्जपुष्पन्धयः
पुर्यां दाशरथे'र्जिनप्रभ'गुरुर्जग्रन्थ टीकामिमाम् ॥ १ ॥ "

આ ઉપરથી તેઓ શ્રીજિનસિંહસૂરિના શિષ્ય થાય છે એ વાત પણ જાણી શકાય છે.

સાતસે સ્તોત્રોના કર્તા તરીકે સુપ્રસિદ્ધ આ શ્રી**જિનપ્રભ**સૂરિના ચરિત્રની રૂપરેખા શ્રી**સોમધર્મ**ગણિએ પોતે રચેલી **ઉપદેશ-સપ્તતિકા**(અ૦ ૩, ઉ૦ ૫)માં આલેખી છે. સૌથી પ્રથમ આ સૂરિજીને ઉદ્દેશીને એમ કહેવામાં આવ્યું છે કે—

" दन्तविश्वमिते वर्षे, श्री'जिनप्रभ'सूरयः ।
अभूवन् भूभुतां मान्याः, प्राप्त'पद्मावती'वराः ॥ १ ॥ "

અર્થાત્ રાજાઓને માન્ય અને શ્રી**પદ્માવતી** દ્વારા જેમને વરદાન મળ્યું છે એવા શ્રી**જિનપ્રભ**સૂરિ ૧૩૩૨ મા વર્ષમાં થયાં. અત્ર 'વિશ્વ' ચૌદ નહિ પણ તેર સંખ્યાવાચક છે.[2] **ઉપદેશ૦**માં તેમની યન્ત્ર-તન્ત્ર શક્તિનો આબેહુબ ચિતાર આપવામાં આવ્યો છે. જેમકે યોગિનીપુરમાંના

---

૧ શ્રીમલ્લિષેણસૂરિ **આરમ્ભસિદ્ધિ, ધર્માભ્યુદય કાવ્ય, ઉપદેશમાલાકર્ણિકાવૃત્તિ** પ્રમુખ ગ્રન્થોના કર્તા શ્રી**ઉદયપ્રભસૂરિ**ના શિષ્ય થાય છે, જ્યારે કલિકાલગૌતમ એવા બિરુદધારી શ્રી**હરિભદ્રસૂરિ**ના શિષ્ય શ્રી**વિજયસેન**સૂરિના તેઓ પ્રશિષ્ય થાય છે.

૨ આ હકીકતનું સંદેહવિષૌષધિના નિમ્ન-લિખિત પદ્યથી સમર્થન થાય છે:—

" सूरीन्द्रस्यान्वये जातो, नवाङ्गीवृत्तिवेधसः ।
श्रीजिनेश्वरसूरीणां, पौत्रः पात्रमवेधसः ॥ १ ॥
पुत्रः श्रीमज्जिनसिंह-सूरीणां रीणरेफसाम् ।
जग्रन्थ ग्रन्थमेतं श्री-जिनप्रभमुनिप्रभुः ॥ २ ॥
वैक्रमेऽस्ति कलाविश्व-देवसङ्ख्येऽनुवत्सरे । "

તેમના ચાતુર્માસ દરમ્યાન તેમણે મ્લેચ્છોના આક્રમણથી પીરોજ સુલતાન (પીરોજશાહ?)નું કેવી રીતે વિજય-યન્ત્ર દ્વારા રક્ષણ કર્યું એ વાત, અન્યદા ગુજરાતમાં જવાની ઇચ્છાવાળા આ સુલતાનની સાથે જતાં સૂરિજીએ વટ વૃક્ષને પોતાની સાથે કેવી રીતે ચલાવ્યો તેમજ સુલતાનને વન્દન કરાવીને સ્વસ્થાને પહોંચાડ્યો એ હકીકત, મરૂસ્થલીમાં નિર્ધનતાનો નિવાસ જોઇ ત્યાંના પ્રત્યેક પુરૂષને તેમણે પાંચ દિવ્ય વસ્ત્રો અને પ્રત્યેક પ્રમદાને બે સુવર્ણ ટંક અને સાડી આપી એ બીના, ત્યાર બાદ જંઘરાલ નગરમાં તપાગચ્છીય શ્રીસોમપ્રભસૂરિ સાથેનો તેમનો સમાગમ, વિદ્યાબળથી ઉંદરોનું આકર્ષણ અને ચોરેલી સાધુની સિક્કિકા (?)ની પુનઃ પ્રાપ્તિ ઇત્યાદિ ચમત્કાર, સુલતાન સાથે શત્રુંજય ગિરિની યાત્રા કરતી વેળાએ રાયણના ઝાડમાંથી દૂધની વૃષ્ટિ તથા તેવી રીતે ગિરિનાર ગિરિની પણ યાત્રા કરી તેમનું યોગિનીપુરમાં આગમન, ત્યાં સુલતાનની ટોપી એક વિદ્યાસિદ્ધે અદ્ધર ઉડાવી તેને રજોહરણ વડે ભૂમિ ઉપર આણીને તથા બીજે દિવસે જળપૂર્ણ ઘટ જે ઊંચે જઈ રહ્યો હતો તેના કકડા કરી નાંખ્યા પરંતુ પાણીને મન્ત્ર વડે સ્તંભિત કરી રાખ્યું ઇત્યાદિ આશ્ચર્યજનક ઘટના.

અંતમાં સૂરિજીને ઉદ્દેશીને એમ કહ્યું છે કે—

"इत्यादिनानाप्रवरप्रभावना-भरैः सुरत्राणमपि व्यबूबुधत् ।
स्तोत्राणि यः सप्तशतीमितानि च, ग्रन्थांश्च जग्रन्थ बहूपकारिणः ॥ ४९ ॥"

દક્ષિણવિહારી મુનિરત્ન શ્રીઅમરવિજયના જ્ઞાનભંડારની શ્રીપાદલિપ્તસૂરિકૃત ચાર ગાથાના શ્રીવીર-સ્તવની અવચૂરિની પ્રતિના નિમ્ન-લિખિત—

इति श्रीजिनप्रभसूरिभिः संवत् १३८० वर्षे कृतायाः श्रीवीरस्तववृत्तेः संक्षिप्ताऽवचूरिः"

—ઉલ્લેખ ઉપરથી જણાય છે કે આ સૂરિવરે શ્રીવીરસ્તવની વૃત્તિ રચી હોવી જોઇએ.

ચુનીજીના ભંડારની ગુણસ્થાનપ્રકરણટીકાની હસ્તલિખિત પ્રતિના અંતમાંના નીચે મુજબના ઉલ્લેખમાં જે જિનપ્રભ નામ નજરે પડે છે, તે પ્રસ્તુત શ્રીજિનપ્રભસૂરિ હોય તો તેમની શિષ્ય-પરંપરા વિ. સં. ૧૬૩૧ સુધી તો ચાલી આવી હતી એમ ભાસે છે.

"संवत् १६३१ वर्षे ज्येष्ठ वदि १२ बुधदिने सिद्धियोगे लिषि(खि)तं श्रीखरतरगच्छे जिनप्रभसूरिसन्ताने वा. श्रीश्री २ भारतीचंद तत्सि(च्छि)ष्य लि. भानुतिलक ॥"

અત્ર એમના સંબંધમાં વિશેષ ઊહાપોહ ન કરતાં તેમને સવિનય પ્રણામ કરતો હું આ પ્રકરણ પૂર્ણ કરૂં છું.

આ પ્રમાણે ભૂમિકા પૂર્ણ થાય તે પૂર્વે, યમકમય કાવ્યોથી કશો લાભ નથી, એ ખાલી કાલ-ક્ષેપ છે, એમાં શબ્દ-રમત સિવાય કશું નથી, વગેરે ઉદ્ગારો કાઢી કેટલાક સુજ્ઞ જનો આવાં કાવ્યોને 'અધમ' ગણવા ઉશ્કેરાઇ જાય છે, તેમનું સવિનય ધ્યાન ખેંચવા માટે નિમ્ન-લિખિત નિવેદન કરવું હું ઉચિત સમજું છું.

યમકનો પ્રયોગ—

યમકબદ્ધ કાવ્યો પરત્વે શ્રીરુદ્રટકૃત કાવ્યાલંકારના શ્રીનમિસાધુકૃત ટિપ્પણ (પૃ૦ ૩૫)માં એવો ઉલ્લેખ છે કે યમક, શ્લેષ અને ચિત્રોને રસમય-ખાસ કરીને શૃંગાર અને કરૂણ રસમય

કાવ્યમાં સ્થાન આપવાથી રસભંગ થાય છે. વિશેષમાં એ સંબંધમાં " अभिधानमात्रमेतद् गडुरिकाविप्रवाहो वा " એવો સાક્ષીભૂત પાઠ પણ ત્યાં રજુ કરવામાં આવ્યો છે. છતાં એ ન ભૂલવું જોઇએ કે ' प्रयोगस्तु तेषां खण्डकाव्येषु देवतास्तुतिषु रणवर्णनेषु च " એમ કહી ટિપ્પણકાર યમકાદિનો પ્રયોગ ખણ્ડ-કાવ્યોને વિષે, દેવતાની સ્તુતિઓમાં તેમજ યુદ્ધના વર્ણનોમાં અસ્થાને નથી એવો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે. આથી સમજાય છે કે આ ગ્રન્થ મુખ્યત્વે કરીને જિનેશ્વરોની સ્તુતિરૂપ હોવાથી અત્ર યમકનો પ્રયોગ સમુચિતજ છે. વિશેષમાં જોકે નાટક, કથા તથા આખ્યાયિકામાં આને માટે અલ્પ અવકાશ છે, પરંતુ સર્ગ-બંધોમાં-મહાકાવ્યોમાં એને સારૂ વિશેષ અવકાશ છે. આ વાત **કાવ્યાલંકાર** (અ૦ ૩)ના નિમ્ન-લિખિત અન્તિમ પદ્યમાં ઝળકી ઊઠે છેઃ—

" इति यमकमशेषं सम्यगालोचयद्भिः
सुकविभिरभियुक्तैर्वस्तु चौचित्यविद्भिः ।
सुविहितपदभङ्गं सुप्रसिद्धाभिधानं
तदनु विरचनीयं सर्गबन्धेषु भूम्ना ॥ ५९ ॥ "

આથી ભૂમિકા સમાપ્ત થાય છે ખરી, પરંતુ પૂજ્યપાદ પ્રવર્તક મુનિવર્ય શ્રી**કાન્તિવિજય**ના જ્ઞાનભંડારની સ્તુતિ-સ્તોત્રો સંબંધી કેટલીક [1]પ્રતિઓ, સ્વર્ગસ્થ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીવિજય**ધર્મ**સૂરિએ એકત્રિત કરેલ **પ્રશસ્તિ-સંગ્રહ** ઇત્યાદિમાંથી કેટલીક નિમ્ન-સૂચિત

વિશેષ હકીકત

મળી આવે છે એટલે તેનો અત્ર ઉલ્લેખ કરવો અસ્થાને નહિ ગણાય.

સૌથી પ્રથમ તો ભૂમિકાના ૧૭ મા પૃષ્ઠગત પ્રથમ ટિપ્પણને પુષ્ટ કરનારાં પદ્યો રજુ કરવામાં આવે છે.

(१) " [2]जिनशासनभासनभासुरभानुसमान ! सुरसुन्दरसेवित ! वृषभ ! जिनौघप्रधान ! ।
परमागमसम्मतनयघनरत्ननिधान ! श्रेयःश्रियमर्पय कमलविजयप्रियदान ! ॥ " १-४ ॥

(२) " जय नेमिजिनेश्वर ! समुदयसमयाचार ! घनगाहतपातक ! केवलकमलागार ! ।
वन्दारुसुरासुरविपुलविलासविहार ! तीर्थङ्करपदकजपुष्पन्धयमन्दार ! ॥ " १-४ ॥

(३) " वासवस्तुतपदो महामहा भक्तदत्तविलसन्महापदः ।
वागुपासितसमस्तमाजिनः स्वामिनो विदधतां सुखश्रियम् ॥ " १-४ ॥

---

૧ આ પ્રતિઓ તેમના શિષ્યરત્ન મુનિરાજ શ્રી.અનુરવિજય દ્વારા મળી હતી, તે બદલ હું તેમનો આભારી છું

૨ આ તેર સ્તુતિઓ પૈકી પહેલીમાં શ્રીઋષભદેવની, બીજીમાં શ્રીનેમિનાથની, ત્યાર પછીની ચોથી અને પાંચમીમાં શ્રીપાર્શ્વનાથની, ત્યાર પછીની ૬ થી ૧૧ સુધીમાં શ્રીમહાવીરની, બારમીમાં શ્રી**સીમંધરસ્વામી**ની અને તેરમીમાં શ્રીસિદ્ધચક્રની મુખ્યતા છે. વિશેષમાં દશમી અને અગ્યારમી સ્તુતિમાં શ્રી**ગૌતમસ્વામી** પણ પ્રધાન પદ ભોગવે છે. આ બધી સ્તુતિઓના કર્તાની ખબર નથી, કિન્તુ પહેલી, બીજી, પાંચમી, છઠ્ઠી, દશમી, અગ્યારમી, બારમી અને તેરમીના કર્તા શ્રીવિજય**સેન**સૂરિના શિષ્ય શ્રી**કમલવિજય** છે.

(४) " कल्याणानि समुल्लसन्ति जगतां दारिद्र्यविद्रावण-
द्राघीयःपदवीप्रवर्हघटनाकल्याणकल्पद्रुमात् ।
कल्याणप्रगुणीभवत्प्रवचनश्रीसिद्धसारस्वत-
श्रीमत्पार्श्वजिनेश्वरस्मरणतः कल्याणमाहात्म्यतः ॥ " १-४ ॥

(५) " सकलजिनराजकोटीरहीराङ्कुरं, पार्श्वपरमेश्वरं समयकमलाकरम् ॥
स्मरत कंसारिपुररत्नतिलकोत्तरं, विजयलक्ष्मीवरं नीलरुचिसुन्दरम् ॥ " १-४ ॥

(६) " कमलदललोचनं विमलकुलरोचनं, भजत भयभञ्जनं भुवनजनरञ्जनम् ।
समयमभिवन्दितं त्रिजगतीजीवनं, वीरमर्हद्गुणं शासनस्वामिनम् ॥ " १-४ ॥

(७) " वीर ! देवव्रजाराध्ययक्ष ! सिद्धान्ततत्त्ववित् ! ।
श्रीमद्विजयसेनाख्य ! कुरु भद्रं महोदयम् ॥ " १-४ ॥

(८) " श्रीवर्धमान ! प्रभुताऽभिराम ! श्रीतीर्थराजः शिवशूचिवाचः ।
सर्वानुभूतिप्रभवः प्रसर्पत्-सौख्यं प्रकर्वं ददतां जनानाम् ॥ " १-४ ॥

(९) " श्रीवर्धमान ! जय ! सर्वजिनेशसिद्ध-सिद्धान्तगोमुखहिमद्युतिकान्तिकान्त-।
सौवर्णवर्णवरदेहसमुल्लसच्छ्री-लावण्यतोषितसुधीजनलोचनाली ॥ " १-४ ॥

(१०) " जिनशासनभासन ! श्रीगौतमगणधर ! गुणनिधान ! ।
जिनसमुदयसमयसुरप्रधान ! । जय दीपालीध्येयाभिधान ! ॥ " १-८ ॥

(११) " जय जय करमङ्गलदीपक ! जिनवरवीर ! वीर ! श्रीगौतमगणधर ! ।
भवदवनीरदनीर ! प्रवचन जनसमुदयसुन्दर ! सुरकोटीरदीपालीकमलामालतिलकवरहीर !" १-८

(१२) " सीमन्धरभूधरबन्धुरसिन्धुरचारी सर्वज्ञसुधाकरप्रकरप्रभुताधारी ।
सभयामयवारणनिष्कारणमुपकारी जय शासन ! सुरवरकमलविजय ! जयकारी ॥ " १-४ ॥

(१३) " जगतीजनजीव ! सिद्धचक्र ! कमनीयप्रवचन ! जिनपुङ्गवसिद्धचक्रगणनीय ! ।
जय सूरिपुरन्दरवाचकमुनिमहनीय ! दर्शनत्रिक ! तपसा कमलविजयभजनीय ! ॥ " १-४ ॥

વિશેષમાં જેમ એકજ પદ્ય ચાર સ્તુતિઓની ગરજ સારે છે તેમ બબ્બે અક્ષરવાળા ' શ્રી છંદમાં રચાયેલી સ્તુતિઓ નીચે મુજબ મળી આવે છે.

(१४) " दद्यादर्हन् शान्तिः शान्ति १ सार्वस्तोमं स्तौम्यस्ताघम् । २
सिद्धान्तः स्ताज्जैनो मुक्त्यै ३ निर्वाणी वो विघ्नं हन्यात् ॥ ४ ॥ "

(१५) " नेमिं नाथं वन्दे बाढं १ सर्वे सार्वाः सिद्धिं दद्युः २ ।
जैनी वाणी सिद्ध्यै भूयात् ३ वाणी विद्यां दद्याद् हृद्याम् ॥ ४ ॥ "

(१६) " नेमिनाथं वन्दे बाढं १ सर्वे सार्वाः शं मे दद्यात् २ ।
सार्वं वाक्यं कुर्यात् सिद्धिं ३ कल्याणं मे दद्यादम्बा ॥ ४ ॥ "

(१७) " पार्श्वः प्रभुः जीयान्नित्यं १ सार्वः सङ्घः दद्याच्छं मे । २
अर्हद्वाक्यं सिद्धिं दद्यात् ३ भद्रं नित्यं देयात् पद्मा ॥ ४ ॥ "

(૧૮) " वीरं हीरं सेवे भक्त्या १ सर्वेऽर्हन्तः शान्तिं कुर्युः । २
जैनं वाक्यं सिद्धिं दद्यात् ३ विद्यादेवी दद्याद् विद्याम् ॥ ४ ॥ "

૧૮ મા પૃષ્ઠમાં જે ચરણસમાનતારૂપ યમકમય કાવ્યોની યાદી આપવામાં આવી છે. તેમાં નીચે મુજબ ઉમેરો થઇ શકે છે:—

કાવ્યનું નામ	કર્તા	છંદ	પદ્ય-સંખ્યા
(૧) [1]શ્રીચતુર્વિંશતિજિનસ્તોત્ર (સાવચૂરિ)	શ્રીજિનસુન્દરસૂરિ	રથોદ્ધતા	૨૯
(૨) [2] ,, (સાવચૂરિ)	શ્રીચારિત્રરત્નગણિ	અનુષ્ટુપ્	૨૯
(૩) [3]શ્રીચતુર્વિંશતિજિનાદિસ્તોત્ર	શ્રીધર્મઘોષસૂરિ	અનુષ્ટુપ્	૩૯

૧૯ મા પૃષ્ઠમાં ચોવીસ સ્તુતિ-કદમ્બકો તરીકે જેનો ઉપયોગ થઇ શકે એવાં સ્તોત્રોમાં ૪૨મા પૃષ્ઠગત કેટલાંક સ્તોત્રોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નીચેનાંની નોંધ લેવી આવશ્યક છે:—

કર્તા	છંદ	પદ્ય-સંખ્યા	વિશેષતા
(૧) [4]ઉપાધ્યાય શ્રીધર્મસાગરગણિ	દ્રુતવિલંબિત	૨૯	ત્રણ ત્રણ અક્ષરોની પુનરાવૃત્તિ
(૨) [5]શ્રીચારિત્રરત્નગણિ	વસંતતિલકા	૨૯	પાદાન્તયમક
(૩) [6]કવિચક્રવર્તી શ્રીપાલ	અનુષ્ટુપ્	૨૯	ચરણ-સમાનતા

પં૦ કેસરવિજયના ભંડાર (વઢવાણ કૅમ્પ)ની વીરજિનસ્તુતિસ્વોપજ્ઞાવચૂરિની પ્રતિના અંતમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

---

૧ સ્તોત્રસમુચ્ચયમાં પ્રસિદ્ધ થનાર આ સ્તોત્રનુ આદ્ય પદ્ય નીચે મુજબ છે:—

" श्रीजिनर्षभ ! भवन्तमाश्रितो देव ! भव्यनयनाभिनन्दन ! ।
भूरिवैभवभरो भवी भवेदेव भव्यनय ! नाभिनन्दन ! ॥ १ ॥ "

२ " यस्ते श्रीऋषभ ! स्तौमि, पदतामरसद्वयम् ।
स भुङ्क्ते परमानन्द-पदतामरसद्वयम् ॥ १ ॥ "

३ " जिनं यशः प्रतापास्त-पुष्पदन्तं समन्ततः ।
संस्तुवे यत्क्रमौ मोहं, पुष्पदन्तं समं तत ॥ १ ॥ "

४ " ऋषभनम्रगतिर्दिविषद्गुमः समभवद् यदवेक्ष्य विधानतः ।
अहमपि प्रणमामि नुवामि ते प्रणतदेवतदेवपदाम्बुजम् ॥ १ ॥ "

५ " आनन्दनम्रसुरनायक ! नाभिजात ! भक्ताङ्गिसङ्घटितदिव्यकुनाभिजात ! ।
चित्ते ममेव भवभञ्जननाभिजात ! कस्त्वां शिवेच्छुरभिवाञ्छितनाभिजात ! ॥१॥ "

६ " भक्त्या सर्वजिनश्रेणि-रसंसारमहामया ।
स्तोतुमारभते बद्ध-रसं सारमहामया ॥ १ ॥ "

" संवत्१६६२वर्षे तपागच्छाधिराजभट्टारकश्रीहरिविजयसूरीश्वरपट्टालङ्कारभट्टारकश्रीविजयसेनसूरीन्द्रराज्ये पण्डितश्रीआनन्दविजयगणिचरणकमलालिना पण्डितमेरुविजयगणिना विरचिता चिरं नन्दतु "

આ ઉપરથી એ ફલિતાર્થ છે કે શ્રીચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિના કર્તા શ્રીમેરૂવિજયગણિ વિ. સં. ૧૬૬૨ સુધી તો વિદ્યમાન હતા. વળી તેમણે વીરજિનસ્તુતિ (સ્વોપજ્ઞ અવચૂરિ સહિત) રચી છે. આ સ્તુતિ અત્ર મુદ્રિત સ્તુતિને એક અંશ છે કે સ્વતંત્ર કૃતિ છે તે જાણવું બાકી રહે છે.

શ્રીમેરૂસુન્દર મુનિરાજે રચેલ ભક્તામર સ્તોત્રના વાર્તા યુક્ત બાલાવબોધની રૉયલ એશિયાટિક સોસાયટી (મુંબાઈ)ની હસ્ત-લિખિત પ્રતિના નિમ્ન-લિખિત ઉલ્લેખ—

" मुनिश्रीप्रेमविजयेन हर्षप्रमोदेन लिषिताः संवत् १७८३ वर्षे श्रीराजनगरे लिषितं सकलभट्टारकपू(पु)रंदरभट्टारकश्रीश्रीश्री१०८श्रीश्रीश्रीहीरविजयसूरि(री)श्वरचरणसेविपंडितश्रीश्रीश्रीआणंदविजयगणिशिष्यपंडितश्रीश्रीश्री१९(२० ?)श्रीश्रीश्रीमेरु(रू)विजयगणिशिष्यपं०महोपाध्यायश्रीश्री१९श्रीलावण्यविजयगणिशिष्यपंडितश्री२१श्रीज्ञानविजयगणिशिष्यपं०श्रीवृद्धिविजयगणिपं०श्रीनयविजयगणिशिष्यपं०शुभविजयगणिशिष्यमुनिप्रेमविजय(येन) लिषितं "

—ઉપરથી શ્રીમેરૂવિજયની શિષ્ય-પરંપરા નીચે મુજબ તારવી શકાય છે.

મેરૂવિજય
|
[1]લાવણ્યવિજય
|
જ્ઞાનવિજય
|
વૃદ્ધિવિજય
|
નયવિજય
|
શુભવિજય
|
પ્રેમવિજય

ઉપર્યુક્ત પ્રશસ્તિસંગ્રહમાંની નિમ્ન-લિખિત પ્રશસ્તિ આ વાતનું સમર્થન કરે છે—

૧ આ મુનીશ્વરે વાચક શ્રીધર્મવિજયની જેમ શ્રીશુભવિજયગણિકૃત કાવ્યકલ્પલતાવૃત્તિમકરન્દ નામનો ગ્રન્થ શોધ્યો છે. આ વાત પ્રો. પિટર્સનના છઠ્ઠા રિપૉર્ટ (પૃ૦ ૨૬)ગત નિમ્નલિખિત પદ્ય ઉપરથી જોઇ શકાય છે:—

" ततश्च पण्डितोत्तंस-मेरुविजयकोविदाः ।
तच्छिष्यैः शोधिता, प्राज्ञलावण्यविजयाभिधैः ॥ १३ ॥ "

"तत्पट्टेऽभूत् प्रभूतश्री-र्विजयप्रभसूरिराट् ।
शुद्धाचारविचाराणां, यः प्रवर्तयिता भृशम् ॥ ८ ॥—अनु०

तत्पट्टेऽभूत् प्रकटमहिमा भूरिधामा सुनामा
श्रीमान् धीमान् सुभुवि विजयाद् रत्नसूरीश्वराख्यः ।
आयन् साहिः सुवचनगुणै रञ्जितश्चामरेशो
हर्षान् मेषानथ च महिषान् मोचयामास भक्त्या ॥ ९ ॥—मन्दाक्रान्ता

तत्पट्टे विजयक्षमाभिधगुरुः पट्टाभिषेकं दधद्
धीमान् श्रीउदयापुरीयकसुसङ्घेनैव सन्निर्मितं
भक्त्याऽनेकनमद्विवेकिजनतानन्दप्रदः सम्पदा-
माधारो विजयी सदा विजयतां सूरीश्वरो भूतले ॥ १० ॥—शार्दूल०

श्रीहीरविजयसूरेः शिष्य-श्चानन्दविजय इत्यासीत् ।
तच्छिष्योऽभून्मेरु-विजयाख्यः पण्डितप्रवरः ॥ ११ ॥—आर्या०

लावण्यविजयाख्यास्तच्छिष्याः सद्वाचकोत्तमाः ।
तेषां शिष्योऽभवज्ज्ञानविजयो विजयालयः ॥ १२ ॥

शिष्यस्तदीयो विकसद्विशेष-विद्यो नयादिविजयो जयीह ।
शिशुः शुभादिविजयस्तदीयो-ऽलिखन्मुदा चित्रचरित्रमेतत् ॥ १३ ॥

श्रीविजयक्षमासूरीश्वरराज्ये रचितमेतद्वृतिसुगमम् ।
श्रीश्रीपालचरित्रं शुभविजयेनोदयाख्यपुरे ॥ १४ ॥

वेदर्षिसंयमभिदा(१७७४)निवेदिताख्यस्य शस्यवर्षस्य
विरचिततम(तमा ?)श्विनमासोज्ज्वलदशमीदिवस एवैतत् ॥ १५ ॥"

અત્ર એ ધ્યાનમાં લેવા જેવી વાત છે કે જેસલમેરના ભંડારમાં વિ. સં. ૧૬૫૯ માં (પૃ. ૨૪) નલાયનની પ્રતિ મૂકનારા શ્રીઆનન્દવિજયગણિ તો શ્રીવાનરર્ષિના શિષ્ય થાય છે[1], જ્યારે આ શ્રીઆનન્દવિજય તો શ્રીહીરવિજયસૂરિના શિષ્ય છે. વળી નિમ્ન-લિખિત પ્રશસ્તિના અંતમાં તો એવો ઉલ્લેખ છે કે—

---

૧ ગચ્છાચાર પ્રકીર્ણકની વિ. સં. ૧૬૩૪ માં રચાયેલી ટીકાની ૪૬૪ મી પ્રશસ્તિમાં પણ શ્રીઆનન્દ-વિજયગણિ નામના શ્રીવિજયવિમલ (વાનરર્ષિ)ને શિષ્ય હતા એ વાત દૃષ્ટિગોચર થાય છે, કેમકે ત્યાં કહ્યું છે કે—

"शिष्यो भूरिगुणानां सुगोत्तमानन्दविमलसूरीणाम् ।
निर्मितवान् वृत्तिमिमामुपकारकृते विजयविमलः ॥ ७४ ॥

कोविदविद्याविमला विवेकविमलाभिधाश्च विद्वांसः ।
आनन्दविजयगणयो[:] विचिन्तयन्तो गुरोर्म(र्म)क्तिम् ॥ ७५ ॥"

આ ઉપરથી એ પણ જોઈ શકાય છે કે શ્રીઆનન્દવિજયગણિનું અપર નામ વિવેકવિમલ હતું.

" सकलभट्टारकपुरन्दरश्रीश्री१०८श्रीविजयमा(दा ?)नसूरीश्वरशिष्यश्राधश्रीपं०आनं (नं)-दविजयगणिशिष्यपुलालविजयवाचनार्थं । लषीतं आमोदनगरमध्ये लिपीकृतम् ।"

અર્થાત્ આમાં શ્રીઆનન્દવિજયગણિનો નિર્દેશ કરવામાં આવ્યો છે, પરંતુ તેમને તો શ્રીવિજયમા(દા?)નસૂરીશ્વરના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે.

૨૯ મા પૃષ્ઠમાં લઘુસ્તોત્રના વૃત્તિકારનું સોમતિલક નામ સૂચવવામાં આવ્યું હતું. એના સંબંધમાં લઘુસ્તવટીકાની પ્રશસ્તિમાં લખ્યું છે કે—

" जाता(तो) नवाङ्गीविवृतेर्विधातु–रनुक्रमेणाभयदेवसूरिः ।
युगप्रधाना गुणशेखराह्वाः–सूरीश्वराः सम्प्रति तस्य पट्टे ॥ १ ॥
श्रीसिंहसूरि(सद्घतिलक ?)स्तच्चरणाम्भोजोल्लेलनमरालः ।
श्रीसोमतिलकसूरिल(र्ल)घुस्तव(वं) व्यधित वृत्तिमिमाम् ॥ २ ॥
मुनिनन्दगुणक्षोणी(१३९७)मिति(ते) विक्रमवत्सरे ।
कृता धृता घटीपुर्यामाचन्द्रार्कं प्रवर्तताम् ॥ ३ ॥ "

અર્થાત્ શ્રીસોમતિલકસૂરિ એ શ્રીસિંહ(?)સૂરિના ભક્ત (શિષ્ય) છે અને તેઓ નવાંગી વૃત્તિકાર શ્રીઅભયદેવસૂરિની પરંપરામાં થયેલા છે. આથી તેઓ સાધારણજિનસ્તુતિના કર્તાથી ભિન્ન છે.

' घात्याघे 'થી શરૂ થતું ભોજ્યગર્ભિત [1]સ્તોત્ર તેમજ તેની અવચૂરિના કર્તા પણ શ્રીસોમતિલકસૂરિ છે. પરંતુ તેઓ પ્રસ્તુત છે કે નહિ તેનો નિર્ણય કરવો બાકી રહે છે. કિન્તુ સ્તોત્ર–સમુચ્ચય (પૃ. ૧૧૪–૧૧૬)ગત ચતુર્વિંશતિજિનસ્તવન તો શ્રીસોમપ્રભસૂરિના શિષ્ય શ્રીસોમતિલકસૂરિએ રચેલું છે, એ વાત એના [2]અન્તિમ પદ્યના પહેલાં ત્રણ ચરણોના ત્રીજા ત્રીજા, સત્તરમા સત્તરમા, છઠ્ઠા છઠ્ઠા અને ચૌદમા ચૌદમા વર્ણો એકત્રિત કરતાં ' श्रीसोमतिलकसूरिविरचितं ' એવું જે બાર વર્ણાત્મક પદ ઉદ્ભવે છે તેથી સિદ્ધ થાય છે.

૩૧ મા પૃષ્ઠમાં શ્રીધર્મઘોષસૂરિકૃત અષ્ટયમકમય ' जयवृषभ० 'થી શરૂ થતી સ્તુતિના [3]વૃત્તિકાર તરીકે શ્રીસોમતિલકસૂરિનું નામ સૂચવતાં તે સંદેહાત્મક હકીકત જણાવી હતી.

---

૧ જુઓ શ્રીશોભન–સ્તુતિની સંસ્કૃત ભૂમિકા (પૃ૦ ૨૦–૨૧).

૨ આ રહ્યું તે પદ્યઃ—

" यस्त्वां श्रीजिनसूवितोन्मदमनश्चौरः प्रणौति श्रमं
जित्वा सोढमरिछकद्वहनं रोचिष्णुमाल्लुतम् ।
दत्तामर्त्यपवित्रसम्मद ! पठन् कांतं विशं कः स्तवं
बन्ध्याहनाय भवान् जिनाः प्रवदतामन्येऽपि तस्मै शिवम् ॥ १ ॥ "

૩ આ વૃત્તિના પ્રારંભમાં નિમ્ન–લિખિત બે પદ્યો છે (જુઓ ઉપર્યુક્ત રિપોર્ટ, પૃ૦ ૩૧૧):—

" श्रेयःश्रीवरदं जिनौघमनघं प्रणम्य विवृणोमि ।
यमकैरलङ्कृतयतीर्जिनस्तुतीः स्वपरहितकृतये ॥ १ ॥
तास्त्वष्टाविंशतिः स्पष्टा मालिनीच्छन्दसाऽद्भुताः ।
अष्टाष्टयमकै रम्या वर्णयुग्मविनिर्मिताः ॥ २ ॥ "

પરંતુ સંદેહ રાખવાનું કંઇ પ્રયોજન નથી એમ પ્રો. પિટર્સનના ત્રીજા રિપૉર્ટના ૩૧૨ મા પૃષ્ઠ ઉપર નીચે મુજબનો ઉલ્લેખ મળી આવતાં સમજાય છેઃ—

" श्रीदेवेन्द्रमुनीन्द्रपट्टमुकुटैः श्रीधर्मघोषाख्यया
ख्यातैः सूरिवरैर्विशिष्टकविभिश्चारित्रिभिर्ज्ञानिभिः ।
सङ्घाचार इति प्रसिद्धमहिमा सिद्धान्ततत्त्वाचित-
श्चक्रे ग्रन्थवरः परोपकृतये यैः कृमयत्नैर्भृशम् ॥ १ ॥
तस्यान्तिर्यतिपर्यन्त-विन्यस्तयमका इमाः ।
व्यरच्यन्त च यैरष्टा-विंशतिः स्तुतयोऽनघाः ॥ २ ॥
तच्छिष्यशेखरश्री-सोमप्रभसूरिपादपद्मालिः ।
श्रीसोमतिलकसूरि-स्तनुमतिरपि विवृतिमकृतेमाम् ॥ ३ ॥"

વળી આ રિપૉર્ટના ૩૧૧ મા પૃષ્ઠગત નિમ્ન-લિખિત નિર્દેશ ઉપરથી તો એ પણ જોઇ શકાય છે કે પ્રથમ પરિશિષ્ટમાં આપેલી તેમની સાધારણજિનસ્તુતિની કૃતિ ઉપર તેમણે પોતે વૃત્તિ રચી છે.

"श्रीसोमतिलकसूरिः स्तुतिमेकामपि स्वयं रचिताम् ।
विवृणोति स्म चतुर्द्धा श्लेषवशात् स्वपरहितकृतये ॥ १ ॥"

આ વૃત્તિના પ્રારંભિક પદ્યો વગેરે નીચે મુજબ છે (જુઓ પૃ૦ ૩૧૦-૩૧૧):—

"ॐ नमः सिद्धम् । अर्हम् ।
श्रीमत्तीर्थपतीन् सर्वाननर्वाचीनचिन्मयान् ।
अद्वैतसंविदे वन्दे सानन्देन स्वचेतसा ॥ १ ॥
अधिकृत्य श्लेषमहं प्रकृतिप्रत्ययविभक्तिरचनाढ्यम् ।
एकामपि हि चतुर्द्धा विवृणोमि स्तुतिमिमां स्तु(स्व)कृताम् ॥ १ (२) ॥"

અત્ર એ ઉમેરવું અનાવશ્યક નહીં ગણાય કે પ્રથમ પરિશિષ્ટમાં આપેલી આ સાધારણ-જિનસ્તુતિ શ્લેષ નામના અલંકારથી અલંકૃત છે. આ અલંકારનું લક્ષણ કાવ્યાલંકાર (પૃ. ૩૬)માં એમ આપવામાં આવ્યું છે કે—

" वक्तुं समर्थमर्थं, सुश्लिष्टाक्लिष्टविविधपदसन्धि ।
युगपदनेकं वाक्यं, यत्र विधीयेत स 'श्लेषः' ॥ "

અર્થાત્ અર્થ (અભિધેય)નું નિવેદન કરવામાં સમર્થ, સુશ્લિષ્ટ (સમુચિત પ્રયોગવાળી), કષ્ટકારી કલ્પનાથી રહિત તેમજ તિઙન્તાદિ વિવિધ પદોની સંધિથી યુક્ત એવું સમકાલે અનેક વાકયનું જ્યાં વિધાન થાય, ત્યાં 'શ્લેષ' અલંકાર છે. આ અલંકારના (૧) વર્ણ, (૨) પદ, (૩) લિંગ, (૪) ભાષા, (૫) પ્રકૃતિ, (૬) પ્રત્યય, (૭) વિભક્તિ અને (૮) વચન આશ્રીને આઠ પ્રકારો પડે છે.[૩] તે પૈકી અત્ર છેલ્લા ચાર પ્રકારો વિશેષતઃ દૃષ્ટિગોચર થાય છે, વાસ્તે એ ચારનાંજ લક્ષણો વિચારીશું.

૧-૨ પાઠાંતર માટે જુઓ (પૃ૦ ૨૬૪)

" सिध्यति यत्रानन्यैः सारूप्यं प्रत्ययागमोपपदैः ।
प्रकृतीनां विविधानां ' प्रकृति 'श्लेषः स विज्ञेयः ॥ २४ ॥

यत्र प्रकृतिप्रत्ययसमुदायानां भवत्यनेकेषाम् ।
सारूप्यं प्रत्ययतः स ज्ञेयः ' प्रत्यय 'श्लेषः ॥ २६ ॥

सारूप्यं यत्र सुपां तिङां तथा सर्वथा मिथो भवति ।
सोऽत्र ' विभक्ति 'श्लेषो ' वचन 'श्लेषस्तु वचनानाम् ॥ २८ "

—કાવ્યાલંકાર (અ. ૪)

દ્વિતીય સ્તુતિમાં પ્રકૃતિ–શ્લેષ અને વચન–શ્લેષ એમ બે છે; તૃતીય સ્તુતિમાં વિભક્તિ શ્લેષ, લિંગ–શ્લેષ, શબ્દ–શ્લેષ અને અર્થ–શ્લેષ છે; અને ચતુર્થ સ્તુતિમાં પ્રકૃતિ, પ્રત્યય વગેરે સંબંધી શ્લેષ છે.

૩૧ મા પૃષ્ઠમાં शस्ताशर्म૦ની ટીકાનો અનુપલબ્ધ તરીકે નિર્દેશ કર્યો છે, પરંતુ હાલમાં મને પ્રવર્તક શ્રીકાન્તિવિજય તરફથી ચાર શ્લોકના આ સ્તોત્રવાળી તેમજ તેની શ્રીસોમતિલક-સૂરિકૃત વૃત્તિ ઉપરથી ઉદ્ધૃત અવચૂરિવાળી એક પ્રતિ મળી આવી છે.

આ પ્રમાણે ભૂમિકા સમાપ્ત થાય છે એટલે અંતમાં સ્પષ્ટીકરણાર્થે જે જે ગ્રન્થોનો મેં ઉપયોગ કર્યો છે તેના પ્રયોજકોનો ધન્યવાદપૂર્વક ઉપકાર માનતો, વળી આ ગ્રન્થ તૈયાર કરવામાં જે જે વ્યક્તિઓએ મને અલ્પાંશે પણ મદદ કરી છે તેમને શાસન–દેવતા આત્મોન્નતિના શિખર ઉપર આરૂઢ થવામાં સહાયભૂત થાઓ એવી ભાવના ભાવતો તથા આ ગ્રન્થમાં જે ન્યૂનતા દૃષ્ટિ–ગોચર થતી હોય તે બદલ સાક્ષર–સમૂહની ક્ષમા યાચતો તેમજ તેમના તરફથી તદંશે સૂચનાઓની આશા રાખતો હું વિરમું છું.

ભગતવાડી, ભૂલેશ્વર, મુંબાઈ.
વીર સંવત ૨૪૫૩.

સાહિત્યરસપિપાસુ
હીરાલાલ રસિકદાસ કાપડિયા.

---

૧ ૨૫ મું પદ્ય ૨૪ માના ઉદાહરણરૂપ છે; એવી રીતે ૨૭ મા પરત્વે સમજી લેવું.

श्रीमत्पण्डितमेरुविजयगणिविरचिताः

॥ श्रीचतुर्विंशतिजिनानन्दस्तुतयः ॥

१ श्रीऋषभजिनस्तुतयः ।

अथ श्रीनाभिनन्दनस्य नुतिः—

आनन्दमन्दिरमुपैमि तमृद्धिविश्व-
नाभेय ! देवमहितं सकलाभवन्तम् ।
लब्ध्वा जयन्ति यतयो भवयोधमादौ
'नाभेय'देवमहितं सकला भवन्तम् ॥ १ ॥

—वसन्ततिलका (८, ६)

समस्तजिनवराणां स्मरणम्—

तं तीर्थराजनिकरं स्मर मर्त्य ! मुक्तं
पद्मेक्षणं सुमनसां प्रमदा दरेण ।
वृष्टिं व्यधुर्विविधवर्णजुषां यदंह्रि-
पद्मेऽक्षणं सुमनसां प्रमदादरेण ॥ २ ॥

श्रीसिद्धान्तस्वरूपम्—

चित्ते जिनप्रवचनं चतुराः ! कुरुध्वं
सद्धेतुलाञ्छितमदोदितसाङ्गजालम् ।
यत् प्राणिनामकथयद् वरवित्तिलक्ष्मीं
सद्धेऽतुलां छितमदोदितसाङ्गजालम् ॥ ३ ॥

श्रीचक्रेश्वर्याः प्रार्थना—

सा मे विनोतु सुचिरं चलचञ्चुनेत्रा
'चक्रेश्वरी' मतिमतान्तिमिरम्मदाभा ।
या हन्ति हेलिरुचिवद् विलसन्नितम्ब—
चक्रेश्वरी मतिमतां तिमिरं मदाभा ॥ ४ ॥ १ ॥

२ श्रीअजितजिनस्तुतयः ।

अथ श्रीअजितनाथस्य स्मरणम्—

सद्युक्तिमुक्तितरुणीनिरतं निरस्त—
रामानवस्मरपरं जितशत्रुजातम् ।
अन्तर्जवेन 'विजया'ङ्गजमात्तधर्म्म—
रा मानव ! स्मर परं 'जितशत्रु'जातम् ॥ १ ॥

विश्वविश्वेश्वराणां विज्ञप्तिः—

विश्वेश्वरा विशसनीकृतविश्वविश्वा—
वामप्रतापकमलास्ततमोविपक्षाः ।
निघ्नन्तु विघ्नमघवन्तमनन्तमाप्ता
वामप्रतापकमलास्ततमोविपक्षाः ॥ २ ॥

प्रवचनपरिचयः—

पीयूषपानमिव तोषमशेषपुंसां
निर्मायमुच्चरणकृद् भवतो ददानम् ।
ज्ञानं जिन ! प्रवचनं रचयत्वनल्पं
निर्मायमुच्चरणकृद् भवतोददानम् ॥ ३ ॥

श्रीअजितबलायै विज्ञप्तिः—

श्रेयःपरागनलिनी नयतां नवाङ्गी
सा मे परा'ऽजितबला' दुरितानि तान्तम् ।
कल्याणकोटिमकरोन्निकरे नराणां
सामे पराजितबलाऽदुरिता नितान्तम् ॥ ४ ॥ २ ॥

---

३ श्रीसम्भवजिनस्तुतयः ।

अथ श्रीसम्भवनाथाय प्रार्थना—

या दुर्लभा भवभृतामृमुवल्लरीव
मानामितद्रुमाहिमाभ ! जितारिजात ! ।
श्री'सम्भवे'श ! भवभिद् भवतोऽस्तु सेवा-
ऽमाना मितद्रुमहिमाभ ! 'जितारि'जात ! ॥ १ ॥

निखिलजिनवराणां नुतिः—

नाशं नयन्तु जिनपङ्काजिनीहृदीशा
निष्कोपमानकरणानि तमांसि तानि ।
ज्ञानद्युता बहुभवभ्रमणेन तप्त-
निष्कोपमानकरणा नितमां सितानि ॥ २ ॥

श्रीसिद्धान्तस्वरूपम्—

सिद्धान्त ! सिद्धपुरुषोत्तमसंप्रणीतो
विश्वावबोधक ! रणोदरदारधीरः ।
भव्यानपायजलधेः प्रकटस्वरूप-
विश्वाऽत्र बोधकरणोऽदरदारधीरः ॥ ३ ॥

श्रीदुरितार्यै विनतिः—

माकन्दमञ्जरिरिवान्यभृतां भरैर्या
देवैरसेवि 'दुरितारि'रसावलक्षा ।
दारिद्र्यकृन्मम सपत्नजनेऽतिदुःख-
दे वैरसे विदुरितारिरसा वलक्षा ॥ ४ ॥ ३ ॥

---

४ श्रीअभिनन्दनजिनस्तुतयः ।

अथ श्रीअभिनन्दननाथस्य स्तुतिः—

निःशेषसत्त्वपरिपालनसत्यसन्धो
भूपाल'संवर'कुलाम्बरपद्मबन्धो ! ।
कुर्वन् कृपां भवभिदे जिन ! मे विनम्र-
भूपाल संवरकुलां वरपद्म ! बन्धो ! ॥ १ ॥

तीर्थराजस्तवनम्—

यत्पाणिजत्रजमभाद् धुतबुद्धनीर-
जं बालघर्मकरपादसमस्तपद्मम् ।
तं नौमि तीर्थकरसार्थ ! भवन्तमेनो-
जम्बालघर्म ! करपादसमस्तपद्मम् ॥ २ ॥

जिनमतप्रशंसा—

कामं मते जिनमते रमतां मनो मे-
ऽमुद्दामकामभिदसंवरहेतुलाभे ।
चण्डद्युताविव वितन्वति सत्प्रकाश-
मुद्दामकामभिदसंवरहेऽतुलाभे ॥ ३ ॥

रोहिणीदेव्याः स्तुतिः—

धर्मोद्विषां क्षयमधर्मजुषां करोतु
सा ' रोहिणी ' सुरभियातवपू रमाया ।
यस्या बभौ हृदयवृत्तिरजस्रमूना
सारोहिणी सुरभिया तव पू रमायाः ॥ ४ ॥ ४ ॥

५ श्रीसुमतिजिनस्तुतयः ।

अथ श्रीसुमतिनाथस्य महिमा—

भक्तिर्व्रजेन विहिता तव पादपद्म-
सत्काऽमिता सुमनसां 'सुमते !' नतेन ।
लब्धा सुखेन जिन ! सिद्धिसमृद्धिवृद्धिः
सत्कामिता सुमनसां सुमतेन तेन ॥ १ ॥

जिनवरेभ्यः प्रार्थना—

येषां स्तुवन्त्यपि ततिश्चरणानि नृणा-
मज्ञानघस्मरपराभवभां जिना वः ।
दुःखाम्बुधाविव घनं मरुतः क्षिपन्ता-
मज्ञाऽनघस्मरपरा भवभाञ्जि नावः ॥ २ ॥

जिनवाण्या माहात्म्यम्—

या हेलया हतवती कुमतिं कुपक्षै-
र्विज्ञा नराऽजितपदा शिवरा जिनेन ।
वाचं तमस्सु रचितां हृदि धेहि शैल-
विज्ञानराजितपदा शिवराजिनेनम् ॥ ३ ॥

श्रीकालीदेव्या स्तुतिः—

उद्यद्गदा मृगमदाविलकज्जलाङ्क–
कालीं सुरीतिमतिरा जितराजदन्ता ।
मुष्णातु मर्मजननीमनिशं मुनीनां
'काली' सुरीतिमतिराजितराजदन्ता ॥ ४ ॥ ५ ॥

६ श्रीपद्मप्रभजिनस्तुतयः ।

अथ श्रीपद्मप्रभस्य प्रार्थना—

भव्याङ्गिवारिजविबोधरविर्नवीन–
पद्मप्रभेशकरणोऽर्जितमुक्तिकान्तः ।
त्वं देहि निर्वृतिसुखं तपसा विभञ्जन्
'पद्मप्रभे'श ! करणोर्जितमुक्तिकान्तः ॥ १ ॥

जिनसमुदायस्य स्तुतिः—

सिद्धिं सतां वितर तुल्यगते ! गजस्य
विध्वस्तमोहनतमा नवदानवारेः ।
तीर्थङ्करव्रज ! दधद् वदनं विभास्त–
विध्वस्तमोह ! नतमानवदानवारे ! ॥ २ ॥

जिनागमस्य स्तुतिः—

गम्भीरशब्दभर ! गर्वितवादिघूक–
वीथीकृतान्तजनकोपम ! हारिशान्तिः ।
त्रायस्व मां जिनपतेः प्रवरापवर्ग–
वीथी कृतान्त ! जनकोपमहारिशान्तिः ॥ ३ ॥

श्रीश्यामायाः स्तुतिः—

या सेव्यते स्म दनुजैर्वरदायिवक्त्र-
श्यामावरा सुरवशोचितदैत्यरामा ।
श्यामं निरस्यतु ममेयमनन्तशोकं
'श्यामा' वरा सुरवशोचितदैत्य रामा ॥ ४ ॥ ६ ॥

७ श्रीसुपार्श्वजिनस्तुतयः ।

श्रीसुपार्श्वनाथस्य सेवायाः फलम्—

यं प्रास्तवीदतिशयानमृताशनानां
कान्ता रसारसपदं परमानवन्तम् ।
विज्ञः श्रियं भजति कां न नतः 'सुपार्श्व'
कां तारसारसपदं परमानवन्तम् ? ॥ १ ॥

जिनपतिभ्यः प्रणामः—

निःशेषदोषरजनीकजिनीशमास-
संसारपारगतमण्डलमानमारम् ।
प्राज्यप्रभावभवनं भुवनातिशायि-
सं सारपारगतमण्डलमानमारम् ॥ २ ॥

प्रवचनप्रणामः—

सर्वार्थसार्थखचितं रचितं यतीन्द्र--
भारा ! जिनेन मतमानतमानवेनम् ।
हेलावहेलितकुकर्म शिवाय शर्म-
भाराजिने नमत मानतमानवेनम् ॥ ३ ॥

शान्तादेव्याः स्तुतिः—

भक्तिं बभार हृदये जिनसामजानां
शान्ताशिवं शमवतां वसुधामदेहा ।
सीमन्तिनी क्रतुभुजां कुरुतां सदा सा
' शान्ता ' शिवं शमवतां वसुधामदेहा ॥ ४ ॥ ७ ॥

---

८ श्रीचन्द्रप्रभजिनस्तुतयः ।

अथ श्रीचन्द्रप्रभप्रभोः प्रार्थना—

पूज्यार्चितश्चतुरचित्तचकोरचक्र-
चन्द्र ! प्रभावभवनं दितमोहसारः ।
संसारसागरजले पुरुषं पतन्तं
' चन्द्रप्रभा'व भवनन्दितमोहसारः ॥ १ ॥

तीर्थकरनिकरप्रणिपातः—

तीर्थेशसार्थ ! नतिरस्तु भवत्युदारा-
ऽऽरम्भागसामज ! समाननतारकान्ते ! ।
सन्दोहराहुबलनिर्मथने तमःसं-
रम्भागसामजसमान ! नतारकान्ते ॥ २ ॥

जिनवाण्याः स्तुतिः—

सम्यग्दृशामसुमतां निचये चकार
सद्भा रतीरतिवरा मरराजिगे या ।
दिश्यादवश्यमखिलं मम शर्म जैनी
सद्भारती रतिवरामरराजिगेया ॥ ३ ॥

वज्राङ्कुशीदेव्याः स्तुतिः—

अध्यासिता नवसुधाकरबिम्बदन्तं
स्वानेकपं कमलमुक्तघनाघनाभम् ।
'वज्राङ्कुशी' दिशतु शं समुपात्तपुण्य-
स्वाऽनेकपङ्कमलमुक्तघना घनाभम् ॥ ४ ॥ ८ ॥

९ श्रीसुविधिजिनस्तुतयः ।

अथ श्रीसुविधिनाथस्य स्तुतिः—

निर्वाणमिन्दुयशसां वपुषा निरस्त-
रामाङ्गजोऽरुज ! गतः सुविधे ! निधे ! हि ।
विस्तारयन् सपदि शं परमे पदे मां
'रामा'ङ्गजोरु जगतः 'सुविधे !' निधेहि ॥ १ ॥

जिनसमूहस्य प्रार्थना—

संप्रापयन्नतिमतोऽसुमतोऽतिचण्ड-
भास्वन्महाः शिवपुरः सविधेऽयशस्तः ।
पायादपायरहितः पुरुषान् जिनौघो
भास्वन्महाः शिवपुरः सविधेयशस्तः ॥ २ ॥

जिनवचनविचारः—

ये प्रेरिताः प्रचुरपुण्यभरैर्विनम्रा-
पापायमानव ! सुधारुचिरङ्गतारम् ।
कुर्वन्तु ते हृदि भवद्वचनं व्यपास्त-
पापायमान ! वसुधारुचिरं गतारम् ॥ ३ ॥

सुतारकादेव्याः स्तुतिः—

त्वं देवते ! विशदवाग्विभवाभिभूत-
सारामृता समुदितास्यसुतारकेशा ।
नृणामुपप्लवचमूमुचितप्रदाने-
ऽसारामृता समुदिता स्य 'सुतारके'शा ॥ ४ ॥ ९ ॥

---

१० श्रीशीतलजिनस्तुतयः ।

अथ श्रीशीतलनाथस्य स्तुतिः—

पीडागमो न परिजेतरि दत्तमर्त्या-
नन्दातनूद्भवभयायशसां प्रसिद्धे ! ।
चित्ते विवर्तिनि विशां भवति त्वयीश !
'नन्दा 'तनूद्भव ! भया यशसां प्रसिद्धे ॥ १ ॥

जिनवरध्यानम्—

यच्चित्तवृत्तिरवधीत् तमसां प्रशस्ता-
या तापदं मनसि तारतमोरु जालम् ।
तं मानवप्रकर ! तीर्थकृतां कलापं
यातापदं मन सितारतमोरुजालम् ॥ २ ॥

सिद्धान्तस्य स्तुतिः—

गायन्ति सार्धममरेण यशस्तदीयं
रम्भा जिनागम ! दवारिहरे सवर्णे ।
ध्यानं धरन्ति तव ये पठने सदा सा-
रम्भाजिनागमदवारिहरेऽसवर्णे ॥ ३ ॥

अशोकादेव्याः स्तुतिः—

या भेजुषी जिनपदं न्यदधद् विशाला-
पत्त्रं परागमधुरं विगतामशोकाम् ।
स्मेराननां सुजन ! भो स्मर तां सहस्र-
पत्त्रं परागमधुरं विगता'मशोकाम्' ॥ ४ ॥ १० ॥

---

११ श्रीश्रेयांसजिनस्तुतयः ।

अथ श्रीश्रेयांसनाथाय नमः—

'श्रेयांस 'सर्वविदमङ्गिगण ! त्रियामा-
कान्ताननं तमहिमानम मानवाते ।
यं भेजुषो भवति यस्य गुणान् न यातं
कान्ताननन्तमहिमानममा नवा ते ॥ १ ॥

आप्तनिकरस्य स्तुतिः—

लक्ष्मीमितानभजतर्मुसदोऽङ्घ्रिशैल-
राजानन्तमहिमप्रभवामकायम् ।
भिन्दन्तमाप्तनिकरं समुपैमि राका-
राजाननं तमहिमप्रभवामकायम् ॥ २ ॥

प्रवचनपरिचयः—

निर्वाणनिर्वृतिपुषां प्रचुरप्रमाद-
मारं भवारिहरिणा सममाऽऽगमेन ।
विद्वज्जनः परिचयं चिनुतां जिनाना-
मारम्भवारिहरिणा सममागमेन ॥ ३ ॥

मानवीदेव्याः स्तुतिः—

यस्याः प्रसादमधिगम्य बभूव भूस्पृक्
सारातुलाभममला यतिमानवीनः ।
शं तन्वती मतिमताममरी शिवानां
सा रातु लाभममलायति ' मानवी ' नः ॥ ४ ॥ ११ ॥

---

१२ श्रीवासुपूज्यजिनस्तुतयः ।

अथ श्रीवासुपूज्यनाथस्य स्तुतिः—

एनांसि यानि जगति भ्रमणार्जितानि
पर्जन्यदानवसुपूज्य ! सुतानवानि ।
त्वन्नाम तानि जनयन्ति जना जपन्तः
पर्जन्यदान ! ' वसुपूज्य 'सुतानवानि ॥ १ ॥

जिनराज्या ध्यानम्—

ध्यानान्तरे धरत धोरणिमीश्वराणां
वाचंयमा ! मरणदामितमोहनाशाम् ।
दत्तेहितां भगवतामुपकारकारि-
वाचं यमामरणदामितमोहनाशाम् ॥ २ ॥

शास्त्रमहिमा—

सोऽयं हिनस्ति सुकृती समवाप्य शास्त्र-
विद्यातरो गवि भवं भवतोदि तारम् ।
श्रोत्रैर्वचोऽमृतमधादिह सर्वभाव-
विद् ! यातरोगविभवं भवतो दितारम् ॥ ३ ॥

चण्डादेव्याः स्तुतिः—

भक्त्या यया यतिगणः समपूजि भिन्न-
चण्डेतिकोऽमलकले ! वरशोभनाभे ! ।
पण्डामखण्डिततमां घटयाशु पुंसां
' चण्डे ' ! ऽतिकोमलकलेवरशोभनाभे ! ॥ ४ ॥ १२ ॥

१३ श्रीविमलजिनस्तुतयः ।

अथ श्रीविमलनाथस्य स्तुतिः—

सिंहासने गतमुपान्तसमेतदेव-
देवे हितं सकमलं ' विमलं ' विभासि ।
आनर्च यो जिनवरं लभते जनौघो
देवेहितं स कमलं विमलं विभासि ॥ १ ॥

तीर्थंकराणां स्तुतिः—

ते मे हरन्तु वृजिनं भवतां नियोगा-
येऽनर्थदं भविरतिप्रियदा नदीनाः ।
तीर्थाधिपा वरदमं दधिरे दयाया
येऽनर्थदम्भविरतिप्रियदा नदीनाः ॥ २ ॥

प्रवचनप्रशंसा—

दूरीभवन् भवभृतां पृथु सिद्धिसौधं
सिद्धान्तराम ! नय मा नयमालयानाम् ।
यं त्वां बभार हृदये शमिनां समूहः
सिद्धान्त ! रामनयमानयमालयानाम् ॥ ३ ॥

विदितादेव्याः स्तुतिः—

सा कल्पवल्लिरिव वोऽस्तु सुरी सुखाय
रामासु भासिततमा 'विदिता'ऽमितासु ।
श्रेणीषु या गुणवतां करुणां सरागा
रामा सुभा सिततमा विदितामितासु ॥ ४ ॥ १३ ॥

---

१४ श्रीअनन्तजिनस्तुतयः ।

अथ श्रीअनन्तनाथस्य प्रार्थना—

प्रज्ञावतां तनु तमस्तनुतामनन्त—
माऽऽयासमेतपरमोहमलो भवन्तम् ।
स्याद्वादिनामधिपते ! महता'मनन्त' !
मायाऽसमेत ! परमोहमलोभवन्तम् ॥ १ ॥

तीर्थङ्करनिकरस्य विज्ञप्तिः—

चक्रे मराल इव यो जगतां निवासं
कामोदितावनिधनादृत ! मानसे नः ।
ऊर्वीमिवावनिवरो व्रज ! तीर्थपानां
कामोदिताव निधनादृतमानसेनः ॥ २ ॥

प्रवचनस्य विनतिः—

स त्वं सतत्त्व ! कुरु भक्तिमतामनन्यां
यामागमोहसदनं ततमोदमारम् ।
यश्चिन्तितार्थजनको यमिनां जघान
यामागमो हसदनन्ततमोदमारम् ॥ ३ ॥

अङ्कुशीदेव्या अभ्यर्थना—

या वर्जितं व्रजमुदारगुणैर्मुनीना—
मस्ताघमानमति रङ्गमना दरेण ।
शर्माङ्कुशी' दिशतु सा मम मङ्गलाना—
मस्ताघमानमतिरङ्गमनादरेण ॥ ४ ॥ १४ ॥

१५ श्रीधर्मजिनस्तुतयः ।

अथ श्रीधर्मनाथाय नमनम्—

सद्धर्म ! ' धर्म ! ' भवतु प्रणतिर्विमुक्त—
मायाय ते तनुभवाय धरेशे' भानोः ' ।
यस्याभिधानमभवद् भविनां पवित्र—
मायायते ! ऽतनुभवाय धरेशभानोः ॥ १ ॥

जिनपङ्क्त्याः स्तुतिः—

दन्दह्यते स्म दमहव्यभुजा जिनाली
संपन्नरागमरमानवनी रदाभाः ।
कीर्तीः करोतु दधती कुशलानि सा सत्—
सम्पन्नरागमरमानवनीरदाभा ॥ २ ॥

जिनवाण्या विचारः—

वाचंयमैर्धृतवती धरणीव गुर्वी
सत्कामसङ्गमरसाजरसोपमाना ।
सा वाक् सतां व्यथयतु प्रथितं जिनेन्द्र—
सत्काऽऽमसङ्गमरसा जरसोऽपमाना ॥ ३ ॥

१ ' यमैरवधूता ' इत्यपि पाठः ।

प्रज्ञप्तिदेव्याः स्तुतिः—

संप्रापयत्यसुमतः कविकोटिकाम्यां
प्रज्ञप्तिकामितरसाममरोचिता या ।
सा केकिनं गतवती घतु दुष्टदोषान्
'प्रज्ञप्तिका'ऽमितरसा मम रोचिताया ॥ ४ ॥ १५ ॥

---

१६ श्रीशान्तिजिनस्तुतयः ।

अथ श्रीशान्तिनाथस्य स्तुतिः—

यं स्तौति 'शान्ति'जिनमिन्द्रततिर्नितान्तं
श्रीजातरूपतनुकान्तरसाभिरामम् ।
शान्तिं सुरीभिरभिनूत ! नुदन् स नुन्न-
श्रीजातरूप ! तनु कान्तरसाभिरामम् ॥ १ ॥

जिनेश्वरेभ्यः प्रार्थना—

राजीभिरर्चितपदाऽमृतभोजनानां
मन्दारवारमणिमालितमस्तकानाम् ।
पुंसां ददातु कुशलं जिनराजमाला-
ऽमन्दारवाऽरमणिमालितमस्तकानाम् ॥ २ ॥

जिनागमस्य माधुर्यम्—

यो गोस्तनीमधुरतां निजहार हानि-
च्छिन्नाशिताजिनवरागमहारिवार ! ।
माधुर्यमेति न तवाधिशुचौ मधुत्व-
च्छिन्ना सिता जिनवरागम ! हारिवारः ॥ ३ ॥

निर्वाणीदेव्याः स्तुतिः—

श्री'आचिरेय'चरणान्तिकसक्तचित्ता
निर्वाणिनी रसनरोचितदेहकान्ता ।
मां शर्मणां पृथु विधेहि गृहं सुराणां
'निर्वाणि'! नीरसनरोचितदेह कान्ता ॥ ४ ॥ १६ ॥

---

१७ श्रीकुन्थुजिनस्तुतयः ।

अथ श्रीकुन्थुनाथस्य स्तुतिः—

मां 'कुन्थु'नाथ! शमथावसथः प्रकृष्ट-
स्थानं दमाय नय मोहनवारिराशेः ।
मध्येऽम्बुनाथतुलनां कलयन्ननल्पा-
स्थानन्दमाय ! नयमोहनवारिराशेः ॥ १ ॥

तीर्थपतीनां स्मरणम्—

नित्यं वहेम हृदये जिनचक्रवाल-
मानन्ददानमहितं नरकान्तकारि ।
मुक्ताकलापमिव हारिगुणं धुनानं
मानं ददानमहितं नरकान्तकारि ॥ २ ॥

जिनवाण्याः प्रशंसा—

वाचां ततिर्जिनपतेः प्रचिनोतु भद्रं
भ्राजिष्णुमा नरहिताऽकलिताऽपकारैः ।
सेव्या नरैर्धवलिमास्तसुधासुधामा-
भ्राऽजिष्णुमानरहिता कलितापकारैः ॥ ३ ॥

बलादेव्याः स्तुतिः—

या जातु नान्यमभजज्जिनराजपाद-
द्वन्द्वं विना शयविभाकरराजमाना ।
हे श्री'बले' ! वरबले ! समसङ्कटस्य
द्वन्द्वं विनाशय विभाकरराजमाना ॥ ४ ॥ १७ ॥

---

१८ श्रीअरजिनस्तुतयः ।

अथ श्रीअरनाथस्य सेवा—

पीठे पदोर्लुठति यस्य सुरालिरग्र-
सेवे सुदर्शनधरेऽशमनं तवामम् ।
त्वां खण्डयन्त' मर '! तं परितोषयन्तं
सेवे ' सुदर्शन 'धरेशमनन्तवामम् ॥ १ ॥

जिनाल्या विज्ञप्तिः—

सर्वज्ञसंहतिरवाप शिवस्य सौख्यं
सारं भवारिजनिशापतिरोहितश्रीः ।
शुद्धां धियं कृतधियां विदधातु नित्यं
साऽऽरम्भवारिजनिशापतिरोहितश्रीः ॥ २ ॥

जिनवाण्याः प्रार्थना—

हन्ति स्म या गुणगणान् परिमोचयन्ती
साभा रतीशमवतां भवतोदमायाः ।
ज्ञानश्रिये भवतु तत्पठनोद्यतानां
सा भारती शमवतां भवतो दमाया ॥ ३ ॥

चक्रधरादेव्याः स्तुतिः—

चञ्चद्विलोचनमरीचिचयाभिभूत—
सारङ्गता स्फटिकरोचितभालकान्ता ।
चक्रं सतामवतु ' चक्रधरा ' सुपर्ण
सारं गता स्फटिकरोचितभालकान्ता ॥ ४ ॥ १८ ॥

१९ श्रीमल्लिजिनस्तुतयः ।

अथ श्रीमल्लिनाथस्य स्तुतिः—

श्रीमल्लिनाथ ! शमथद्रुमसेकपाथः
कान्तप्रियङ्गुरुचिरोचितकायतेजः ! ।
पादाब्जमस्तु मदनार्त्तिमधौ विमुक्ता—
कान्त ! प्रियं गुरु चिरोचितकाय तेऽज ! ॥ १ ॥

स्याद्वादिश्रेण्याः स्तुतिः—

स्याद्वादिनां ततिरनन्यजमिन्दुकान्ता—
च्छा या विडम्बयति सन्तमसङ्गमानाम् ।
सा सेवधिः प्रविधुनोतु कृतप्रकाश—
च्छायाविड(ल)म्बयति सन्तमसं गमानाम् ॥ २ ॥

जिनवाक्चन्द्रिकाया महिमा—

सङ्कोचमानयति या गृहमस्तमोहा—
नायाऽसमानममतामरसं स्तवानाम् ।
वाक्चन्द्ररुग् धतु तमोभरमर्हताम—
नायासमानममतामरसंस्तवानाम् ॥ ३ ॥

धरणप्रियायाः स्तुतिः—

श्रीजैनशासनहिता निखिलाहिताली-
संभिन्नतामरसभा सुरभासमाना ।
देवी दुनोतु दुरितं 'धरण'प्रिया वः
संभिन्नतामरसभासुरभा समाना ॥ ४ ॥ १९ ॥

२० श्रीमुनिसुव्रतजिनस्तुतयः ।

अथ श्रीमुनिसुव्रतनाथस्य स्तुतिः—

सीमन्तिनीमिव पतिः समगंस्त सिद्धिं
निर्माय विस्मितमहामुनि सुव्रतत्वम् ।
सोऽयं मम प्रतनुतात् तनुतां भवस्य
निर्माय ! विस्मितमहा 'मुनिसुव्रत !' त्वम् ॥ १ ॥

जिनेश्वराणां स्तुतिः—

दीक्षां जवेन जगृहुर्जिनपा विमुच्य
कान्तारसं गतिपराजितराजहंसाः ।
ते मे सृजन्तु सुषमां यशसा सुकीर्त्ति-
कां तारसङ्गतिपरा जितराजहंसाः ॥ २ ॥

जिनागमाय महादेवस्योपमा—

दुर्दान्तवादिकुमत'त्रिपुरा'भिघाते
कामारिमानम मतं पृथु लक्षणेन ।
सर्वज्ञशीतरुचिना रचितं निरस्त-
कामारिमानममतं पृथुलक्षणेन ॥ ३ ॥

---

१ 'भाऽसमाना' इत्यपि पाठः ।

गौरीदेव्याः स्तुतिः—

या दुर्धियामकृत दुष्कृतकर्ममुक्ता-
ऽनालीकभञ्जनपराऽस्तमरालवाला ।
गत्याऽऽस्यमस्यतु तमस्तव 'गौर्य'वन्ती
नालीकभं जन ! परास्तमरालबाला ॥ ४ ॥ २० ॥

---

२१ श्रीनमिजिनस्तुतयः ।

अथ श्रीनमिनाथस्य नुतिः—

देवेन्द्रवृन्दपरिसेवित ! सत्त्वदत्त-
सत्यागमो मदनमेघमहानिलाभः ।
मथ्नासि नाथ ! रतिनाथसरूपरूपः
सत्यागमोऽमद ! 'नमे !'ऽघमहानिलाभः ॥ १ ॥

जिनश्रेण्याः स्मरणम्—

पापप्रवृत्तिषु पराणि निवर्तयन्त्य-
सत्यासु स्वानि शिवसङ्गमनाददाना ।
जैनेन्द्रपङ्क्तिरुपयातु मदीयचित्ते
सत्या सुखानि शिवसङ्गमना ददाना ॥ २ ॥

प्रवचनस्य विजयः—

यूथं ममन्थ हरिरिभामिवाधिमस्त-
मायामहारिमदनं दितदानवारि ।
जैनं मतं विजयतां तदिदं गमाना-
मायामहारि मदनन्दितदानवारि ॥ ३ ॥

काळीदेव्याः स्तुतिः—

या 'काल्य'किञ्चनजनानतनोदिताऽब्जं
प्रत्यर्थिनो विशदमानगदाऽक्षमाला ।
सा देवता प्रथयतु प्रथितप्रभावा
प्रत्यर्थिनो विशदमानगदाक्षमाला ॥ ४ ॥ २१ ॥

२२ श्रीनेमिजिनस्तुतयः ।

अथ श्रीनेमिनाथाय प्रणामः—

यो रैवताख्यगिरिमूर्ध्नि तपांसि भोग-
राजीमतीत्य जनमारचयां चकार ।
'नेमिं' जना ! नमत यो विगतान्तरारी
'राजीमती'त्यजनमारचयाञ्चकार ॥ १ ॥

जिनाधिपाना स्तुतिः—

यज्ज्ञानसारमुकुरे प्रतिबिम्बमीयु-
र्भावालयो गणनया रहिता निशाते ।
मेधाविनां स भगवन् ! परमेष्ठिनां श्री-
भावालयो गण ! नयारहितानि शाते ॥ २ ॥

सिद्धान्तस्य शोभा—

निर्मापयन्त्यखिलदेहजुषां निषेधं
सारा विभाति समतापर ! मारणस्य ।
सिद्धान्त ! सिद्धरचितस्य तवोग्रतत्त्व-
सारा विभाऽतिसमतापरमारणस्य ॥ ३ ॥

अम्बिकादेव्याः स्तुतिः—

प्राता प्रकाशमसमद्युतिभिर्निरस्त-
ताराविभावसुमतोदमहारिबन्धा ।

भक्त्या'ऽम्बिका'ऽमरवशाऽवतु 'नेमि'सार्व-
तारविभावसुमतो दमहारिबन्धा ॥ ४ ॥ २२ ॥

२३ श्रीपार्श्वजिनस्तुतयः ।

अथ श्रीपार्श्वनाथस्य स्तुतिः—

श्री'पार्श्व'यक्षपतिना परिसेव्यमान-
पार्श्वे भवामितरसादरलाङ्गलाभे ।
इन्दीवरेऽलिरिव रागमना विनीले
'पार्श्वे' भवामि तरसा दरलाङ्गलाभे ॥ १ ॥

जिनपङ्क्त्याः प्रार्थना—

श्यामासुधाकरसुवर्णवरेन्द्रनील-
राजीवराजिततराङ्गधराऽतिधीरा ।
श्रेयःश्रियं सृजतु वो जिनकुञ्जराणां
राजी वराऽजिततराऽङ्ग धरातिधीरा ॥ २ ॥

जिनवाण्याः स्मरणम्—

या स्तूयते स्म जिनवाग् गहनार्थसार्थै
राज्याऽऽयता मघवतां समया तमोहाम् ।
दूरस्थितां स्मृतिपथं कुरु मुक्तिपुर्या
राज्याय तामघवतां समयातमोहाम् ॥ ३ ॥

पद्मावतीदेव्याः स्तुतिः—

छायेव पूरुषमसेवत 'पार्श्व'पाद-
पद्मावतीहितरसाजवनोपमाना ।
सा मे रजांसि हरतादिव गन्धवाहः
'पद्मावती' हि तरसा जवनोऽपमाना ॥ ४ ॥ २३ ॥

२४ श्रीवीरजिनस्तुतयः ।

अथ श्रीवीरनाथस्य स्तुतिः—

'सिद्धार्थ'वंशभवनेऽस्तुत यं सुराली
हृद्या तमोहमकर ! ध्वजमानतारे ! ।
त्वां नौमि 'वीर !' विनयेन सुमेरुधीरं
हृद्यातमोहमकरध्वजमान ! तारे ॥ १ ॥

जिनश्रेण्या नुतिः—

यत्पादपद्ममभवत् पततां भवाब्धा-
वालम्बनं शमधरी कृतकामचक्रा ।
त्वं जैनराजि ! सृज मञ्जुशिवद्रुमाणां
बालं वनं शमधरीकृतकामचक्रा ॥ २ ॥

जिनागमस्य स्तुतिः—

कादम्बिनीव शिखिनामतनोदपास्ता-
रामारमा मतिमतां तनुतामरीणाम् ।
जैनी नृणामियममर्त्यमणीव वाणी
रामा रमामतिमतां तनुतामरीणाम् ॥ ३ ॥

अम्बिकादेव्या नुतिः—

सम्यग्दृशां सुखकरी मदमत्तनील-
कण्ठीरवाऽसि ततनोदितसाक्षमाला ।
दे'व्यम्बिके' ! शिवमियं दिश पण्डितानां
कण्ठीरवासिततनो ! ऽदितसा क्षमाला ॥ ४ ॥ २४ ॥

॥ ऐं नमः ॥

श्रीमत्पण्डितमेरुविजयगणिविरचिताः स्वोपज्ञविवरणयुताः

श्रीचतुर्विंशतिजिनानन्दस्तुतयः

१ श्रीऋषभजिनस्तुतयः

अथ श्रीनाभिनन्दनस्य स्तुतिः—

आनन्दमन्दिरमुपैमि तमृद्धिविश्व—
नाभेय ! देवमहितं सकलाभवन्तम् ।
लब्ध्वा जयन्ति यतयो भवयोधमादौ
'नाभेय'देवमहितं सकला भवन्तम् ॥ १ ॥

—वसन्ततिलका (८, ६)

विवरणम्

नत्वा महिमनिधानं, स्वगुरुं विवृणोति मेरुविजयकविः ।
स्वोपज्ञचतुर्विंशति—स्तुतीर्जिनानां यमकविषयाः ॥—आर्या[1]

तं—जिनं अहं उपैमि—श्रये । तं किंविशिष्टं ? आनन्दस्य—हर्षस्य गृहम् । पुनः किं० ? देवैर्महितं—पूजितम् । पुनः (किंवि०) केन—सुखेन सहितो लाभः—प्राप्तिस्तद्वन्तम् । ऋद्धिः—सम्पत् तद्रूपविश्वे—जगति अस्मा तत्संबोधनम् । तं कं ? यं भवन्तं लब्ध्वा—प्राप्य यतयो भवयोधं—संसारभटं जयन्ति । क्व ? आदौ—युगादौ । यं किंविशिष्टं ? नाभेयदेवं—वृषभनामानम् । भवयोधं किंविशिष्टं ? अहितं—दुःखदम् । यतयः किंविशिष्टाः ? सकलाः—सर्वे ॥ १ ॥

अन्वयः

(हे) ऋद्धि—विश्व—नाभेय ! (यं) भवन्तं नाभेय—देवं आदौ लब्ध्वा सकलाः यतयः अ—हितं भव—योधं जयन्ति, तं आनन्द—मन्दिरं, देव—महितं स—क—लाभ—वन्तं उपैमि ।

---

१ आर्या—लक्षणम्—

"यस्याः पादे प्रथमे, द्वादश मात्रा तथा तृतीयेऽपि ।
अष्टादश द्वितीये, चतुर्थके पञ्चदश साऽऽर्या ॥"

શબ્દાર્થ

आनन्द=હર્ષ.
मन्दिर=ગૃહ, ઘર.
आनन्दमन्दिरं=હર્ષના ગૃહ (રૂપ).
उपैमि (ધાતુ इ)=હું આશ્રય લઉં છું.
तं (મૂલ तद्)=તેને.
ऋद्धि=સંપત્તિ.
विश्व=બ્રહ્માણ્ડ, જગત.
नाभेय=બ્રહ્મા.
ऋद्धिविश्वनाभेय !=હે સંપત્તિરૂપ વિશ્વને વિષે બ્રહ્માસમાન !
देव=દેવ, સુર.
महित (ધા० मह)=પૂજિત.
देवमहितं=દેવો વડે પૂજિત.
सह=સહિત.
क=સુખ.
लाभ=લાભ, પ્રાપ્તિ.
सकलाभवन्तं=સુખપૂર્વક લાભયુક્ત.
लब्ध्वा (ધા० लभ्)=પ્રાપ્ત કરીને, મેળવીને.
जयन्ति (ધા० जि)=જીતે છે.
यतयः (મૂ० यति)=સાધુઓ, મુનિવરો.
भव=સંસાર.
योध=સુભટ, યોદ્ધા.
भवयोधं=સંસારરૂપ સુભટને.
आदौ (મૂ० आदि)=શરૂઆતમાં.
नाभेय=નાભિ(નરેશ)ના નન્દન, ઋષભ દેવ.
नाभेयदेवं=ઋષભદેવને, પ્રથમ તીર્થંકરને.
हित=હિતકારી, કલ્યાણકારી.
अहितं (મૂ० अहित)=અહિતકારી, અનિષ્ટ.
सकलाः (મૂ० सकल)=સર્વે, સમસ્ત.
भवन्तं (મૂ० भवत्)=આપને.

શ્લોકાર્થ

શ્રીનાભિ-નન્દનની સ્તુતિ—

" હે સંપત્તિરૂપ બ્રહ્માણ્ડને વિષે બ્રહ્માસમાન (અર્થાત્ સંપત્તિરૂપ વિશ્વના ઉત્પાદક)! (ધર્મ-પ્રવર્તનની) શરૂઆત[1]માં જે આપ **નાભિ-નન્દન** (અર્થાત્ ઋષભપ્રભુ)ને પ્રાપ્ત કરીને સમસ્ત મુનિવરો અહિતકારી એવા સંસારરૂપી સુભટને જીતે છે, તે આનંદના ગૃહરૂપ, દેવો વડે પૂજિત તેમજ સુખપૂર્વક (જ્ઞાનાદિક) લાભયુક્ત એવા આપ (પ્રથમ જિનવર)નો હું આશ્રય લઉં છું. "—૧

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આ ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ ફક્ત **વસંતતિલકા** નામના એકજ વૃત્ત યાને છંદમાં રચવામાં આવી છે અર્થાત્ આ સંપૂર્ણ કાવ્ય **શ્રીશોભનમુનિ** અને **બપ્પભટ્ટિસૂરિજીની** માફક વિધ વિધ વૃત્તોમાં ન રચતાં ફક્ત એકજ 'વસંતતિલકા' વૃત્તમાં **શ્રીમેરૂવિજયગણિએ** રચ્યું છે. વિશેષમાં ઉપર્યુક્ત બે મુનિવરોએ રચેલી સ્તુતિઓને કેટલેક અંશે કાવ્ય-ચમત્કૃતિમાં મળતી

---

૧ ધર્મ-પ્રવર્તનની શરૂઆતમાં એટલે કે ધર્મનો વિચ્છેદ થયા બાદ ફરીથી ધર્મની પ્રવૃત્તિ થાય ત્યારે; અર્થાત્ યુગની આદિમાં એટલે કે ત્રીજા આરાના અંતમાં.

આવતી આ સ્તુતિમાં તો પ્રત્યેક શ્લોકનાં દ્વિતીય અને ચતુર્થ ચરણો મળતાં આવે છે; એ એની શોભામાં યમકની દૃષ્ટિએ વધારો કરે છે. વળી એક બીજી વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે આ કવિરાજે તો પ્રથમજ શ્લોકમાં અને તે પણ વળી આદિમાં પોતાના ગુરૂના આનન્દવિજય-ગણિ એ નામનો નિર્દેશ કરવાપૂર્વક તેમનું સ્મરણ કર્યું છે; આ એની વિશિષ્ટતા સૂચવે છે.

હવે જ્યારે આ કાવ્ય વસંતતિલકા શ્લોકમાં રચાયેલું છે, તો પછી 'વસંતતિલકા'ના લક્ષણ પરત્વે કંઇક વિચાર કરવો એ અપ્રાસંગિક નહિ ગણાય.

દરેક પદ્ય કયાં તો અક્ષરના કે કયાં તો માત્રાના નિયમને અનુસરતું રચવામાં આવે છે. જે પદ્ય અક્ષરોના નિયમાનુસાર રચાયેલું હોય તેને વૃત્ત કહેવામાં આવે છે. આ વૃત્તના સમ, અર્ધ-સમ અને વિષમ એવા ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે. જે વૃત્તનાં ચારે ચરણો (પાદ) એક એકની સાથે અક્ષર પરત્વે મળતાં આવતાં હોય, તે વૃત્ત 'સમવૃત્ત' કહેવાય છે; જ્યારે જેનાં પ્રથમ અને તૃતીય ચરણો તેમજ દ્વિતીય અને ચતુર્થ ચરણો અરસ્પરસ મળતાં આવતાં હોય, તે વૃત્તને 'અર્ધસમવૃત્ત' કહેવામાં આવે છે; અને જે વૃત્તનાં કોઈ પણ બે ચરણો અક્ષરના નિયમથી એકમેક સાથે મળતાં આવતાં ન હોય, તે વૃત્ત 'વિષમવૃત્ત'ના નામથી ઓળખાય છે. વળી સાધારણ રીતે વૃત્તમાં એકથી માંડીને તે વધારેમાં વધારે છવ્વીસ (૨૬) અક્ષરો હોય છે. આ અક્ષરોમાંના કેટલાક હ્રસ્વ અને કેટલાક દીર્ઘ ગણાય છે. જેમકે અ, ઈ, ઉ, ઋ અને લૃ એ હ્રસ્વ અક્ષરો છે, જ્યારે બાકીના આ, ઈ, ઊ, ૠ, એ, ઐ, ઓ અને ઔ એ દીર્ઘ અક્ષરો છે. આ ઉપરાંત એ ધ્યાનમાં રાખવું કે હ્રસ્વ અક્ષરની પછી અનુસ્વાર, વિસર્ગ કે જોડાક્ષર આવે, તો તે અક્ષર દીર્ઘ ગણાય છે, તેમજ પાદના અન્તનો હ્રસ્વ સ્વર પણ કવચિત્ ગુરૂ ગણાય છે. અમુક અક્ષર હ્રસ્વ છે કે દીર્ઘ છે અર્થાત્ તે 'લઘુ' છે કે 'ગુરૂ' છે, તે દર્શાવવા લ અને ગ એવા અક્ષરો તેમજ '⏑' અને '–' અથવા '।' અને 'ऽ' ચિહ્નો વપરાય છે. આ હ્રસ્વ-દીર્ઘ અક્ષરોમાંના ત્રણ ત્રણ અક્ષરના સમૂહને 'ગણ' કહેવામાં આવે છે. છન્દઃશાસ્ત્રમાં બતાવ્યા મુજબ એકંદર આઠ ગણો છે. આ સંબંધમાં નીચેનો શ્લોક વિચારવો ઉપયોગી થઈ પડશે:—

" 'म' स्त्रिगुरुस्त्रिलघुश्च 'न' कारो
'भा'दिगुरुः पुनरादिलघु'र्यः' ।
'जो' गुरुमध्यगतो 'र' लमध्यः
'सो'ऽन्तगुरुः कथितोऽन्तलघु'स्त': ॥ "

અર્થાત્ મગણમાં ત્રણે અક્ષરો (વર્ણો) ગુરૂ હોય છે, જ્યારે નગણમાં તો ત્રણે લઘુ હોય છે; આદિ વર્ણ ગુરૂ હોય અને બાકીના બે લઘુ હોય, તો તે ભગણ છે; એવી રીતે પ્રથમ વર્ણ લઘુ હોય અને બાકીના બે ગુરૂ હોય, તો તે યગણ છે. એકલો મધ્ય વર્ણ ગુરૂ હોય તે જગણ છે અને એકલો મધ્ય વર્ણ લઘુ હોય તે રગણ છે. એકલો અન્ત્ય વર્ણ ગુરૂ હોય તે સગણ અને એવીજ રીતે એકલો અન્ત્ય વર્ણ લઘુ હોય તે તગણ છે.

આઠ ગણોની સમજ—

म (– – –), य (⏑ – –), र (– ⏑ –), स (⏑ ⏑ –), त (– – ⏑), ज (⏑ – ⏑), भ (– ⏑ ⏑), न (⏑ ⏑ ⏑).[1]

---

१ સરખાવો સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ૯-૧૧).

વિશેષમાં દરેક છંદમાં યતિ એટલે વિશ્રામ-સ્થાન હોય છે અને તે દર્શાવવા (આવું) ચિહ્ન કરવામાં આવે છે. વળી સાધારણ રીતે દરેક છન્દનું લક્ષણ તેજ છન્દના પાદમાં આપેલું હોય છે. તેવીજ રીતે **વસન્તતિલકા** વૃત્તનું લક્ષણ પણ તેજ વૃત્તમાં નીચે મુજબ આપવામાં આવ્યું છે:—

— — ⏑ — ⏑ ⏑ ⏑ — | ⏑ ⏑ — ⏑ — —
उ क्ता **व सं त ति ल का** | त भ जा ज गौ गः

[⏑ લઘુનું ચિહ્ન, — ગુરૂનું ચિહ્ન; | યતિનું ચિહ્ન.]

અર્થાત—આ છંદમાં ચૌદ વર્ણો છે. તેમાં **ત, ભ, જ** અને **જ** એમ ચાર ગણો છે અને છેવટના બે વર્ણો યાને અક્ષરો ગુરૂ છે. આ છંદને **વસંતતિલક, સિંહોદ્ધતા, સિંહોન્નતા, ઈન્દુવદના** ઈત્યાદિ નામોથી પણ ઓળખવામાં આવે છે. આ છંદમાં આઠમા અને છઠ્ઠા અક્ષર પછી યતિ છે. અર્થાત્ પહેલા આઠ વર્ણો બોલ્યા બાદ અટકવામાં આવે છે તેમજ ત્યાર પછી છ વર્ણો પછી પણ તેમજ છે.

આ તો આપણે આ વૃત્તનો ગણની અપેક્ષાએ વિચાર કર્યો. હવે આ વૃત્તમાં કયો અક્ષર યાને વર્ણ હ્રસ્વ કે દીર્ઘ છે એ અપેક્ષાપૂર્વક વિચાર કરીએ, તો માલૂમ પડશે કે એ બાબત ઉપર નિમ્નલિખિત શ્લોક યથાયોગ્ય પ્રકાશ પાડે છે.

" आद्यं द्वितीयमपि चेद् गुरु तच्चतुर्थं
यत्राष्टमं च दशमान्त्यमुपान्त्यमन्त्यम् ।
कामाङ्कुशाङ्कुशितकामिमतङ्गजेन्द्रे !
कान्ते ! 'वसन्ततिलकां' किल तां वदन्ति ॥"

—શ્રુતબોધ (શ્લો૦ ૩૭).

અર્થાત્—હે કામરૂપ અંકુશ વડે અંકુશમાં આણ્યા છે કામિજનરૂપી કુંજરોને જેણે એવી હે કાન્તા ! જે પદ્યનો પહેલો, બીજો, ચોથો, આઠમો, દશમાની પછીનો (એટલે કે અગ્યારમો), તેરમો (ઉપાન્ત્ય) અને ચૌદમો (અન્ત્ય) અક્ષર ગુરૂ હોય, તે પદ્યને (વિબુધ જનો) 'વસંતતિલકા' કહે છે.

ઉપર્યુક્ત વિવેચન ઉપરથી જોઈ શકાય છે કે આ સ્તુતિ **વસન્તતિલકા** નામના સમ-વૃત્તમાં રચાયેલી હોવાથી તે તગણથી શરૂ થાય છે. પરંતુ તે વાત ઇષ્ટ નથી, કેમકે કહ્યું છે કે—

" 'मो' भूमिः श्रियमातनोति 'य' जलं वृद्धिं 'र' चाग्निर्मृतिं
'सो' वायुः परदेशदूरगमनं 'त' व्योम शून्यं फलम् ।
'जः' सूर्यो रुजमाददाति विपुलं 'भे'न्दुर्यशो निर्मलं
'नो' नाकश्च सुखप्रदः फलमिदं प्राहुर्गणानां बुधाः ॥ "

—શાર્દૂલવિક્રીડિત.

અર્થાત્—**મગણનો** અધિષ્ઠાયક દેવતા 'પૃથ્વી' છે અને તે લક્ષ્મીનો વિસ્તાર કરે છે; **ય**-ગણનો દેવતા 'જલ' છે અને તે આયુષ્યની વૃદ્ધિ કરે છે, રગણનો અધિષ્ઠાયક દેવતા 'અગ્નિ' છે અને તેનું ફળ મૃત્યુ છે; **સગણનો** દેવતા 'વાયુ' છે અને દૂર પરદેશગમન તે તેનું ફળ છે; **તગણનો** અધિષ્ઠાયક દેવતા 'ગગન' છે અને તેનું ફળ શૂન્ય છે; 'સૂર્ય' એ

જગણુનો દેવતા છે અને તે રોગ–જનક છે; ‘ ચન્દ્ર ’ એ ભગણુનો અધિષ્ઠાયક છે અને તે નિર્મલ તેમજ વિપુલ યશનો દાતા છે; નગણુનો દેવતા ‘ સ્વર્ગ ’ છે અને તે સુખકારી છે; આ પ્રમાણેનું ગણોનું ફળ પણ્ડિતોએ કહ્યું છે[1].

આના બચાવમાં કહી શકાય તેમ છે કે તાર્કિકશિરોમણિ શ્રીસિદ્ધસેન દિવાકરે કલ્યાણમંદિર અને માનતુંગસૂરિજીએ ભક્તામર સ્તોત્ર વસંતતિલકા વૃત્તમાં રચ્યાં છે તેનું શું ? આ ઉપરાંત શ્રીબપ્પભટ્ટિસૂરિએ પણ ચતુર્વિંશતિકાનો પ્રથમ શ્લોક આ વૃત્તમાં રચ્યો છે તે પણ ભૂલવા જેવું નથી.

તીર્થંકર–વિચાર—

જૈન શાસ્ત્રમાં કાલના (‘ કાલ–ચક્ર’ના) ‘ ઉત્સર્પિણી ’ અને ‘ અવસર્પિણી ’ એમ બે મુખ્ય વિભાગો પાડવામાં આવ્યા છે. આ દરેકના છ છ અવાન્તર વિભાગો પણ કલ્પવામાં આવ્યા છે અને તે દરેકને ‘ આરા ’ (સં० अर) કહેવામાં આવે છે. તુલ્ય સમયવાળા ઉત્સર્પિણી અને અવસર્પિણી કાલના ત્રીજા અને ચોથા આરામાં ભરત ક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાં ચોવીસ ચોવીસ તીર્થંકરોનો સદ્ભાવ હોય છે. આ તીર્થંકરો કંઈ વિષ્ણુના કૂર્માદિક દશ અવતારોની માફક એકજ વ્યક્તિના અવતારો નથી; પરંતુ તેઓ તો પૃથક્ પૃથક્ વ્યક્તિ છે અને વળી ભવ પૂર્ણ થતાં તેઓ પરમાનંદ પદને પામે છે. આ ચાલુ અવસર્પિણી કાલમાં આ ભરતક્ષેત્રમાં ઋષભદેવ આદિ ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે. તેમનું ચરિત્ર કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્ર આચાર્યે ‘ ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્ર ’ નામના કાવ્યમાં આબેહુબ રીતે આલેખ્યું છે. આ ઉપરાંત પ્રાયઃ દરેક તીર્થંકરનું અલગ ચરિત્ર પણ જોવામાં આવે છે. દાખલા તરીકે ઋષભ દેવના વર્ધમાનસૂરિ, અમરચન્દ્ર તેમજ વિનયચન્દ્રકૃત ચરિત્રો છે. (જુઓ જૈન ગ્રન્થાવલિ પૃ० ૨૩૮.) આ પ્રભુની સ્થૂલ રૂપરેખા તો શ્રીશોભનમુનિકૃત ‘ સ્તુતિચતુર્વિંશતિકા’ના પ્રથમ શ્લોકના સ્પષ્ટીકરણ (પૃ० ૯) ઉપરથી જોઈ શકાશે.

समस्तजिनवराणां स्मरणम्—

तं तीर्थराजनिकरं स्मर मर्त्य ! मुक्तं
पद्मेक्षणं सुमनसां प्रमदा दरेण ।
वृष्टिं व्यधुर्विविधवर्णजुषां यदंह्रि–
पद्मेऽक्षणं सुमनसां प्रमदादरेण ॥ २ ॥

—वसन्त०

---

[1] સરખાવો—

“ उर्वी ‘म’स्त्रिगुरुः श्रियं वितनुते ‘न’ स्वस्त्रिलो जीवितं
‘रो’ऽग्निर्मध्यलघुर्मृतिं ‘स’ पवनो देशभ्रमं चान्त्यगुः ।
‘यो’ वार्यादिलघुर्धृतिं दिनमणिर्मध्ये गुरु ‘र्जो’ रुजं
द्यौ ‘र्तो’ मूर्तिधनक्षयं गुरुमुखो ‘भ’स्तारकेशो यशः ॥ ”

विवरणम्

हे मर्त्य ! तं तीर्थराजनिकरं स्मर–चिन्तय । निकरं किंविशिष्टं ? मुक्तं–रहितम् । केन ? दरेण–भयेन । पुनः पद्मवदीक्षणे–लोचने यस्य तम् । तं कं ? यदंह्रिपद्मे सुमनसां प्रमदाः–सुरस्त्रियः सुमनसां–पुष्पाणां वृष्टिं–वर्षणं व्यधुः–चक्रुः । कथं ? अक्षणं–चिरम् । केन ? प्रमदादरेण–हर्षादरेण । पुष्पाणां किंविशिष्टानां ? विविधवर्णजुषां–पञ्चवर्णयुतानाम् ॥ २ ॥

अन्वयः

(हे) मर्त्य ! यद्–अंह्रि–पद्मे सुमनसां प्रमदाः विविध–वर्ण–जुषां सुमनसां वृष्टिं प्रमद–आदरेण अ–क्षणं व्यधुः, तं दरेण मुक्तं, पद्म–ईक्षणं, तीर्थ–राजन्–निकरं स्मर ।

શબ્દાર્થ

तीर्थ=(૧) ચતુર્વિધ સંઘ; (૨) દ્વાદશાંગી; (૩) પ્રથમ ગણધર.
राजन्=રાજા, સ્વામી.
निकर=સમૂહ, સમુદાય.
तीर्थराजनिकरं=તીર્થંકરોના સમુદાયને.
स्मर (ધા૦ स्मृ)=તું યાદ કર.
मर्त्य !(મૂ૦ मर्त्य)=હે માનવ, હે મરણશીલ જીવ !
मुक्तं (મૂ૦ मुक्त)=મુક્ત.
पद्म= પદ્મ, કમલ.
ईक्षण=નેત્ર.
पद्मेक्षणं=કમલનાં જેવાં નેત્ર છે જેનાં એવાને.
सुमनसां (મૂ૦ सुमनस्)=દેવોની.
प्रमदाः (મૂ૦ प्रमदा)=કાન્તાઓ, વલ્લભાઓ.
दरेण (મૂ૦ दर)=ભયથી.
वृष्टिं (મૂ૦ वृष्टि)=વરસાદ.
व्यधुः (ધા૦ धा)=કરતી હવી.
विविध=વિધ વિધ, અનેક પ્રકારના.
वर्ण=રંગ.
जुष्=સેવવું.
विविधवर्णजुषां=વિવિધ વર્ણોને સેવનારાં.
यद्=જે.
अंह्रि=ચરણ.
यदंह्रिपद्मे=જેનાં ચરણ-કમલમાં.
क्षण=ક્ષણ.
अक्षणं=ક્ષણ વારજ નહિ, લાંબા કાલ પર્યંત.
सुमनसां (મૂ૦ सुमनस्)=પુષ્પોની.
प्रमद्=હર્ષ, આનન્દ.
आदर=માન, વિનય.
प्रमदादरेण=હર્ષ અને આદર સહિત.

શ્લોકાર્થ

સકલ જિનેશ્વરોનું સ્મરણ—

" હે માનવ ! જેનાં ચરણ-કમલમાં દેવોની વલ્લભાઓ (અર્થાત્ દિવ્યાંગનાઓ) વિવિધ વર્ણનાં (અર્થાત્ પંચરંગી[1]) પુષ્પોની ચિરકાલપર્યંત હર્ષ અને આદરપૂર્વક વૃષ્ટિ કરતી

---

[1] જૈન શાસ્ત્રમાં વર્ણના (રંગના) પાંચ પ્રકારો બતાવ્યા છે- (૧) શુક્લ, (૨) કૃષ્ણ, (૩) રક્ત, (૪) પીત અને (૫) નીલ.

હવી, તે ભયથી મુક્ત (અર્થાત્ નિર્ભય) તેમજ કમલનાં સમાન નેત્રવાળા એવા તીર્થંકરોના સમુદાયનું તું સ્મરણ કર."—૨

श्रीसिद्धान्त-स्वरूपम्—

चित्ते जिनप्रवचनं चतुराः ! कुरुध्वं
सद्धेतुलाञ्छितमदो दितसाङ्गजालम् ।
यत् प्राणिनामकथयद् वरवित्तिलक्ष्मीं
सद्देऽतुलां छितमदोदितसाङ्गजालम् ॥ ३ ॥

—वसन्त०

विवरणम्

हे चतुराः ! यूयं अदो जिनप्रवचनं-जिनमतं चित्ते कुरुध्वं-स्मरत। प्रवचनं किंविशिष्टं ? सद्धेतुभिः-प्रधानहेतुभिः लाञ्छितं-युक्तम् । पुनः किं० ? दितं-छितं,साङ्गजं-सकन्दर्पं, आलं-अनर्थो येन तत् । तत् किं० ? यन्मतं प्राणिनां वरवित्तिलक्ष्मीं-सज्ज्ञानरमां अकथयद्-वदीत स्म । यत् किं० ? सत्-अर्थतः सर्वदा विद्यमानम् । लक्ष्मीं किंविशिष्टां ? अतुलां-असाधारणाम् । यत् किं० ? छितमदानां-मुनीनां, उदिता-उदयमागता, सा-लक्ष्मीर्यस्मात् एतादृशं अङ्गानां-आचाराङ्गादीनां जालं-व्रजं यत्र तत् ॥ ३ ॥

अन्वयः

हे चतुराः ! यद् सत्, छित-मद-उदित-सा-अङ्ग-जालं (प्रवचनं) प्राणिनां अ-तुलां वर-वित्ति-लक्ष्मीं अकथयत्, अदः सत्-हेतु-लाञ्छितं, दित-स-अङ्गज-आलं, जिन-प्रवचनं चित्ते कुरुध्वम् ।

શબ્દાર્થ

चित्ते (મૂ० चित्त)=મનમાં.
जिन=જીત્યા છે રાગ-દ્વેષ જેણે તે, વીતરાગ.
प्रवचन=સિદ્ધાન્ત, મત.
जिनप्रवचनं=જિનના સિદ્ધાન્તને, જૈન મતને.
चतुराः ! (મૂ० चतुर)=હે કુશલ જનો !
कुरुध्वं (મૂ० कृ)=કરો.
सत्=ઉત્તમ, પ્રશંસનીય.
हेतु=યુક્તિ.
लाञ्छित=યુક્ત.
सद्धेतुलाञ्छितं=પ્રશંસનીય યુક્તિઓથી યુક્ત.
अदः (મૂ० अदस्)=આ.
दित (ધા० दो)=કાપી નાંખેલ.
अङ्गज=કંદર્પ, કામદેવ, રતિ-પતિ.
आल=અનર્થ.
दितसाङ्गजालं=નાશ કર્યો છે કામદેવનો તેમજ અનર્થનો જેણે એવા.

यद् (मू० यद्)=જે.
प्राणिनां (मू० प्राणिन्)=જીવોને.
अकथयत् (धा० कथ्)=કહેતો હવો.
वर=પ્રધાન.
वित्ति=જ્ઞાન.
लक्ष्मी=લક્ષ્મી.
वरवित्तिलक्ष्मीं=પ્રધાન જ્ઞાનરૂપ લક્ષ્મીને.
सत्=વિદ્યમાન, હૈયાત.
हे=હે.
अतुलां (मू० अतुला)=અસાધારણ.
छित्त (धा० छो)=કાપી નાંખેલ.
मद=અભિમાન, ગર્વ.
उदित (धा० इ)=ઉદયમાં આવેલ.
सा=લક્ષ્મી[1].
अङ्ग=અંગ, જૈન શાસ્ત્રના પાડવામાં આવેલા બાર વિભાગો પૈકી એક વિભાગ.
जाल=સમૂહ.
छित्तमदोदितसाङ्गजालं=તોડી નાંખ્યો છે ગર્વને જેમણે એવાને પ્રાપ્ત થઈ છે લક્ષ્મી જેમાંથી એવાં અંગોનો સમૂહ છે જેને વિષે એવા.

શ્લોકાર્થ

શ્રીસિદ્ધાન્તનું સ્વરૂપ—

"(અર્થતઃ સર્વદા) વિદ્યમાન [અથવા શોભનીય] એવા, તેમજ તોડી નાંખ્યો છે અભિમાનને જેઓએ એવાને (અર્થાત્ નિરભિમાનીને) પ્રાપ્ત થઈ છે (સર્વજ્ઞતારૂપી) લક્ષ્મી જેમાંથી એવાં અંગોના[2] સમૂહરૂપ જે (મત) જીવોને અસાધારણ તેમજ ઉત્તમ જ્ઞાનરૂપ એવી લક્ષ્મીને કહેતો હવો, તે પ્રધાન યુક્તિઓથી યુક્ત એવા, તથા વળી નાશ કર્યો છે રતિ–પતિનો તેમજ અનર્થનો જેણે એવા જૈન મતને, હે ચતુર (જનો)! તમે ચિત્તમાં (ધારણ) કરો. "—૩

શ્રીચક્રેશ્વર્યાઃ પ્રાર્થના—

सा मे चिनोतु सुचिरं चलचञ्चुनेत्रा
'चक्रेश्वरी' मतिमतान्तिमिरम्मदाभा ।
या हन्ति हेलिरुचिवद् विलसन्नितम्ब-
चक्रेश्वरी मतिमतां तिमिरं मदाभा ॥ ४ ॥ १ ॥

—वसन्त०

---

૧ સરખાવો—

"लक्ष्मीः पद्मा रमा या मा, ता सा श्रीः कमलेन्दिरा ।
हरिप्रिया पद्मवस्सा, क्षीरोदतनयाऽपि च ॥

—અભિધાન-ચિન્તામણિ (કાં૦ ૨, શ્લો૦ ૧૪૦).

૨ આ 'અંગ' સંબંધી માહિતીને માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકાના તૃતીય શ્લોકના ઉપરનું મારું સ્પષ્ટીકરણ (પૃ૦ ૨૨).

चक्रेश्वरी (अप्रतिचक्रा) १/१६

निर्वाणकलिकायाम—

"तस्मिन्नेव तीर्थे समुत्पन्नामप्रतिचक्राभिधानां यक्षिणीं हेमवर्णां गरुड वाहनामष्टभुजां वरदबाणचक्रपाशयुक्तदक्षिणकरां धनुर्वज्रचक्राङ्कुशवाम हस्तां चेति।"

विवरणम्

सा 'चक्रेश्वरी' देवी मे-मम मतिं-बुद्धिं चिनोतु-करोतु । मतिं कीदृशीं ? अतान्ति-अक्षीणाम् । कथं ? सुचिरं-सदा । सा किंविशिष्टा ? चलचञ्चुवत्-चकोरवत् नेत्रे-नयने यस्याः सा । पुनः किं० ? इरम्मदाभा-मेघाग्निवत् आभा-प्रभा यस्याः । सा का ? या देवी मतिमतां-विदुषां तिमिरं-तमो हन्ति । किंवत् ? हेलिरुचिवत् । यथा रविरश्मिस्तमो हन्ति । या किंविशिष्टा ? विलसत्-दीप्यत् नितम्बचक्रं-कटितटं यस्याः सा । पुनः किं० ? ईश्वरी-स्वामिनी । पुनः किं० ? मदेन-हर्षेण स्मयेन वा आभा-शोभा यस्याः सा ॥ ४ ॥

अन्वयः

या विलसत्-नितम्ब-चक्रा, ईश्वरी, मद-आभा (देवी) मति-मतां तिमिरं हेलि-रुचि-वत् हन्ति, सा चल-चञ्चु-नेत्रा, इरम्मद-आभा 'चक्रेश्वरी' मे अ-तान्तिं मतिं सुचिरं चिनोतु ।

શબ્દાર્થ

सा (मू० तद्)=તે.
मे (मू० अस्मद्)=મારી.
चिनोतु (धा० चि)=કરો.
सुचिरं=દીર્ઘ કાલ પર્યંત.
चल=ચંચળ, અસ્થિર.
चञ्चु=ચાંચ.
चलचञ्चु=ચંચળ છે ચાંચ જેની તે, ચકોર પક્ષી.
नेत्र=લોચન, આંખ.
चलचञ्चुनेत्रा=ચકોર પક્ષીનાં જેવાં નેત્રો છે જેનાં એવી.
चक्रेश्वरी=ચક્રેશ્વરી (દેવી).
मतिं (मू० मति)=બુદ્ધિ.
तान्ति=ક્ષીણતા.
अतान्तिं (मू० अतान्ति)=અક્ષીણ.
इरम्मद=(૧) સૌદામિની, વીજળી; (૨) વડવાનલ.
आभा=પ્રભા.
इरम्मदाभा=સૌદામિની અથવા વડવાનલના જેવી છે પ્રભા જેની એવી.

या (मू० यद्) જે.
हन्ति (धा० हन्)=હણે છે, નાશ કરે છે.
हेलि=સૂર્ય.
रुचि=કિરણ.
वत्=માફક.
हेलिरुचिवत्=સૂર્યનાં કિરણોની માફક.
विलसत् (धा० लस्)=દેદીપ્યમાન, સુશોભિત.
नितम्ब=સ્ત્રીની કેડ.
चक्र=ચક્ર, વલય.
विलसन्नितम्बचक्रा=દેદીપ્યમાન છે કટિ-વલય જેનું એવી.
ईश्वरी=સ્વામિની.
मतिमतां (मू० मतिमत्)=બુદ્ધિશાળીઓના.
तिमिरं (मू० तिमिर)=(૧) અજ્ઞાનને; (૨) અંધકારને.
मद=(૧) હર્ષ; (૨) આશ્ચર્ય.
आभा=શોભા.
मदाभा=હર્ષ અથવા આશ્ચર્ય વડે શોભા છે જેની એવી.

શ્લોકાર્થ

શ્રીચક્રેશ્વરીને પ્રાર્થના—

" દેદીપ્યમાન કટિ-વલય છે જેનું એવી તેમજ (માનવ, દાનવ વિગેરેની) સ્વામિની તથા હર્ષ [અથવા આશ્ચર્ય] વડે શોભતી એવી જે (દેવી) બુદ્ધિશાળીઓના (મોહરૂપી) અંધકારનો સૂર્યનાં કિરણોની જેમ નાશ કરે છે, તે ચકોર (પક્ષી)નાં જેવાં લોચનવાળી તેમજ સૌદામિની [અથવા વડવાનલ]ના જેવી પ્રભાવાળી **ચક્રેશ્વરી** (દેવી) મારી મતિને દીર્ઘ કાલ પર્યંત (અર્થાત્ સદાને માટે) અક્ષીણ કરો. "—૪

સ્પષ્ટીકરણ

ચક્રેશ્વરી દેવીનું સ્વરૂપ—

જેમ દરેક તીર્થંકરની એક શાસન-દેવી હોય છે, તેમ પ્રથમ તીર્થંકર **શ્રીઋષભદેવ**ને પણ હતી. આ દેવી **ચક્રેશ્વરી**ના નામથી ઓળખાય છે. આનું બીજું નામ **અપ્રતિચક્રા** પણ છે. આ દેવીનો વર્ણ સુવર્ણસમાન છે. વળી તેને ગરૂડનું વાહન છે અને તેને આઠ હાથ છે. તેના જમણા ચાર હાથમાં વરદ[1], બાણ, ચક્ર અને પાશ છે, જ્યારે ડાબા ચાર હાથમાં તો ધનુષ્ય, વજ્ર, ચક્ર અને અંકુશ છે. આ તો **પ્રવચનસારોદ્ધાર** (પત્રાંક ૯૩-૯૪) પ્રમાણે હકીકત વિચારી. હવે આ સંબંધમાં **આચાર-દિનકર** (પત્રાંક ૧૭૬)શું કહે છે તે પણ જોઈ લઈએ. ત્યાં કહ્યું છે કે—

" स्वर्णाभा गरुडासनाष्टभुजयुग् वामे च हस्तोच्चये
वज्रं चापमथाङ्कुशं गुरुधनुः सौम्याशया बिभ्रती ।
तस्मिंश्चापि हि दक्षिणेऽथ वरदं चक्रं च पाशं शरान्
सच्चक्राऽपरचक्रभञ्जनरता 'चक्रेश्वरी' पातु नः ॥ "

—શાર્દૂલ-વિક્રીડિત.

૧ વરદાન દેતી વખતે જેવો હાથ રાખવો પડે તે ' વરદ ' કહેવાય છે.

२ श्रीअजितजिनस्तुतयः

अथ श्रीअजितनाथस्य स्मरणम्—

सद्युक्तिमुक्तितरुणीनिरतं निरस्त-
रामानवस्मरपरं जितशत्रुजातम् ।
अन्तर्जवेन 'विजया'ङ्गजमात्तधर्म्म-
रा मानव ! स्मर परं 'जितशत्रु'जातम् ॥ ५ ॥

—वसन्त०

विवरणम्

हे मानव ! त्वं 'विजया'ङ्गजं–'अजित'जिनं स्मर–स्मृतिपथं नय । केन ? अन्तर्जवेन–मनोवेगेन । विजयाङ्गजं किंविशिष्टं ? सद्युक्तिमुक्तितरुण्यां–प्रधानसिद्धिस्त्रियां निरतं–रागिणम् । पुनः किं० ? निरस्ता–मुक्ता रामाः–स्त्रियो नवस्मरः–नव्यकामः परे–वैरिणो येन तम् । पुनः किं० ? परं–प्रशस्यम् । पुनः किं० ? जितं कर्मरूपशत्रुजातं येन तम् । त्वं किं० ? आत्तः–प्राप्तो धर्म्मराः–सुकृतस्वं येन सः । जिनं किं० ? 'जितशत्रु'नृपात् जातं–समुद्भवम् ॥ ५ ॥

अन्वयः

(हे) मानव ! आत्त–धर्म–राः (त्वं) सत्–युक्ति–मुक्ति–तरुणी–निरतं निरस्त–रामा–नव–स्मर–परं, जित–शत्रु–जातं, परं, 'जितशत्रु'–जातं, 'विजया'–अङ्गजं अन्तर्–जवेन स्मर ।

શબ્દાર્થ

युक्ति=હેતુ.
मुक्ति=સિદ્ધિ, મોક્ષ.
तरुणी=યુવતિ, રમણી.
निरत (धा० रम्)=અત્યંત આસક્ત.
सद्युक्तिमुक्तितरुणीनिरतं=સુંદર યુક્તિઓથી યુક્ત એવી મુક્તિરૂપી યુવતિને વિષે અત્યંત આસક્ત થયેલાને
निरस्त (धा० अस्)=દૂર કરેલ, ત્યજી દીધેલ.
रामा=લલના, નારી.
नव=નવીન.
स्मर=કામદેવ, રતિ-રમણ, મદન.
पर=શત્રુ, વૈરી.
निरस्तरामानवस्मरपरं=દૂર ફેંકી દીધાં છે નારીઓને, નવીન કામદેવને તેમજ શત્રુઓને જેણે એવાને.
जित (धा० जि)=જીતેલ.
शत्रु=દુશ્મન.
जात=સમૂહ.
जितशत्रुजातं=જીત્યો છે શત્રુ-સમૂહને જેણે એવા તેને.

अन्तर्=આન્તરિક.
जव=વેગ.
अन्तर्जवेन=મનોવેગપૂર્વક.
विजया=વિજયા (રાણી).
अङ्गज=પુત્ર, નન્દન.
विजयाङ्गजं=વિજયા (રાણી)ના પુત્રને.
आत्त (ધા૦ दा)=ગ્રહણ કરેલ.
धर्म=ધર્મ.
रै=લક્ષ્મી, ધન.
आत्तधर्मरा:=ગ્રહણ કરી છે ધર્મરૂપી લક્ષ્મી જેણે એવા.
मानव ! (મૂ૦ मानव)=હે મનુષ્ય !
परं (મૂ૦ पर)=ઉત્કૃષ્ટ.
जितशत्रु=જિતશત્રુ (રાજા).
जात=નન્દન.
जितशत्रुजातं=જિતશત્રુ (રાજા)ના નન્દનને.

શ્લોકાર્થ

શ્રીઅજિતનાથનું સ્મરણ—

"સુંદર યુક્તિઓથી યુક્ત એવી (અર્થાત્ સાદિ અનંત કાલ જ્યાં રહેવાનું છે એવા સદ્યોગવાળી) મુક્તિરૂપી મહિલાને વિષે અત્યંત આસક્ત થયેલા, તથા વળી દૂર ફેંકી દીધાં છે નારીઓને, નવીન કંદર્પને તેમજ શત્રુઓને જેણે એવા [અર્થાત્ માનિની, મદન કે દુશ્મન સાથે જેને કંઈ પણ લેવા દેવા નથી એવા], તેમજ વળી વિજય મેળવ્યો છે (બાહ્ય તેમજ અભ્યંતર) શત્રુ-સમૂહ ઉપર જેણે એવા, તથા ઉત્કૃષ્ટ એવા, તેમજ **જિતશત્રુ** [રાજા]થી ઉત્પન્ન થયેલા [અર્થાત્ તેમના નન્દન] તથા **વિજયા** [રાણી]ના પુત્ર એવા **અજિતનાથને**, હે મનુષ્ય! જેણે ધર્મરૂપી ધન ગ્રહણ કર્યું છે એવો તું મનોવેગપૂર્વક યાદ કર "—૫

સ્પષ્ટીકરણ

જેમ પ્રથમ શ્લોકમાં 'નાભેય' શબ્દ દ્વારા પ્રથમ જિનેશ્વર **ઋષભદેવ**ના પિતાશ્રી 'નાભિના'નામનું સૂચન કરવામાં આવ્યું છે, તેમ આ શ્લોકમાં દ્વિતીય જિનેશ્વર **શ્રીઅજિતનાથ**ના માતા અને પિતા એમ બન્નેનાં નામોનો સાક્ષાત્ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વળી જોકે આ તીર્થંકરને કામિની સાથે કંઈ કામ નથી, છતાં પણ તે મુક્તિ-રમણીના રાગી છે એમ વર્ણવી કવિ-રાજે કટાક્ષ કર્યો છે.

બૃહત્-ટિપ્પનિકાના આધારે સમજી શકાય છે કે **અજિતનાથ-ચરિત્ર** પણ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં પૃથક્ લખાયેલ છે પણ તે લભ્ય નથી. આ દ્વિતીય તીર્થંકરની સ્થૂલ રૂપ-રેખા શ્રીશોભનમુનિકૃત સ્તુતિ-ચતુર્વિંશતિકાના વિવેચન (પૃ૦ ૩૪) ઉપરથી મળી શકશે.

विश्वविश्वेश्वराणां विज्ञप्तिः—

विश्वेश्वरा विशसनीकृतविश्वविश्वा-
वामप्रतापकमलास्ततमोविपक्षाः ।
निघ्नन्तु विघ्नमघवन्तमनन्तमाप्ता
वामप्रतापकमलास्ततमोविपक्षाः ॥ ६ ॥

—वसन्त०

विवरणम्

आप्ता-जिना विघ्नं निघ्नन्तु-निरस्यन्तु । आप्ताः किंविशिष्टाः ? विश्वेश्वरा-जगदीश्वराः । पुनः किं० ? विशसनीकृता-हता विश्वे-समस्ता विश्वाया-जगत्याः वामः-प्रतिकूलः प्रतापः-प्रकृष्टः क्लेशो येभ्यः ईदृशा मलास्ततमोविपक्षाः-पापमरणाज्ञानवैरिणो यैस्ते । विघ्नं किं० ? अघवन्तं-पापयुतम् । पुनः किं० ? अनन्तं-अपारम् । आप्ताः किंविशिष्टाः ? वामः-कान्तः प्रतापस्तस्य कमला-श्रीस्तया अस्तो-जिनः तमोविपक्षः-सूर्यो यैस्ते ॥ ६ ॥

अन्वयः

विश्व-ईश्वराः, विशसनी-कृत-विश्व-विश्वा-वाम-प्र-ताप-क-मल-अस्त-तमस्-विपक्षाः, वाम-प्रताप-कमला-अस्त-तमस-विपक्षाः आप्ताः अघ-वन्तं विघ्नं निघ्नन्तु ।

શબ્દાર્થ

ईश्वर=સ્વામી, પ્રભુ.
विश्वेश्वराः=જગતના સ્વામીઓ
विशसन=મારી નાંખવું તે.
विशसनीकृत=હણી નાંખેલ.
विश्व=સમસ્ત.
विश्वा=જગત્, દુનિયા.
वाम=પ્રતિકૂલ.
प्र=પ્રકર્ષવાચક ઉપસર્ગ.
ताप=સંતાપ.
प्रताप=અત્યંત સંતાપ.
मल=પાપ.
अस्त=મરણ.
तमस्=કાર્યાકાર્યનો અવિવેક, અજ્ઞાન.
विपक्ष=શત્રુ, દુશ્મન.
विशसनीकृतविश्वविश्वावामप्रतापकमलास्ततमोविपक्षाः=નાશ કર્યો છે સમસ્ત બ્રહ્માણ્ડને પ્રતિકૂલ તેમજ અત્યંત ક્લેશ છે જેનાથી એવા પાપ, મરણ અને અજ્ઞાનરૂપી દુશ્મનોનો જેમણે એવા.
निघ्नन्तु (धा० हन्)=હણી નાંખો.
विघ्नं (मू० विघ्न)=વિઘ્નને, સંકટને.
अघ=પાપ.
अघवन्तं (मू० अघवत्)=પાપયુક્ત.
अनन्तं (मू० अनन्त)=અન્ત નથી જેનો એવા, અપાર.
आप्ताः (मू० आप्त)=આપ્ત, વિશ્વાસ-પાત્ર.
वाम=મનોહર.
प्रताप=પ્રતાપ, તેજ.

कमला=લક્ષ્મી.
अस्त (ધા૦ अस्)=ફેંકી દીધેલ, પરાસ્ત કરેલ.
तमस्=અંધકાર.
तमोविपक्ष=સૂર્ય.
वामप्रतापकमलास्ततमोविपक्षाः=મનોહર પ્રતાપરૂપી લક્ષ્મી વડે પરાસ્ત કર્યો છે સૂર્યને જેમણે એવા.

શ્લોકાર્થ

સમસ્ત જિનેશ્વરોને વિનતિ—

"વિશ્વના સ્વામી, તેમજ વળી નાશ કર્યો છે સમસ્ત બ્રહ્માણ્ડને પ્રતિકૂલ તેમજ અત્યંત ક્લેશકારી એવા પાપ, મરણ અને અજ્ઞાનરૂપી દુશ્મનનોનો જેમણે એવા, તથા વળી મનોહર પ્રતાપરૂપી લક્ષ્મી વડે પરાસ્ત કર્યો છે સૂર્યને (પણ) જેમણે એવા આપ્ત (તીર્થંકરો) પાપથી યુક્ત તેમજ અપાર એવા વિઘ્નનો સર્વથા અંત આણો."—૬

સ્પષ્ટીકરણ

આપ્ત-વિચાર—

દરેક સ્તુતિ-કદમ્બકમાં દ્વિતીય શ્લોકમાં તો સમસ્ત જિનવરો-તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવે છે, ત્યારે અત્ર તો કવિરાજે તેમ ન કરતાં 'આપ્ત'ની સ્તુતિ કરી છે તેનું શું કારણ ? અરે, આ પ્રશ્ન દમ વિનાનો છે, કારણકે શું તીર્થંકરો 'આપ્ત' નથી કે ? ધ્યાનમાં રાખવું કે આપ્તના મુખ્યત્વેન લૌકિક અને લોકોત્તર એમ બે વિભાગો પડે છે. તેમાં લૌકિક આપ્તથી જનક, વિદ્યા-ગુરૂ સમજવામાં આવે છે, કારણકે પોતાના પુત્ર-શિષ્ય ઉપરના પ્રેમને લીધે તેઓ તેમને યથોચિત સલાહ આપે છે અને તદંશે તેઓ વિશ્વાસ-પાત્ર છે. આથી વધારે વિશ્વાસ-પાત્ર તો તેજ ગણાય કે જેનામાં રાગ-દ્વેષનો લેશતઃ પણ સદ્ભાવ ન હોય અને અતએવ જે સર્વજ્ઞ હોઈ કરીને પોતાની જ્ઞાન-દૃષ્ટિમાં જેવું દેખાય, તેવુંજ કહે. આવા આપ્તો તે બીજા કોઈજ નહિ, પરંતુ તીર્થંકરોજ છે. આ સંબંધમાં વિદ્વચ્ચક્રચૂડામણિ **સમન્તભદ્રજી** પણ શું કહેછે ? એજ કે—

> "देवागमनभोयान-चामरादिविभूतयः ।
> मायाविष्वपि दृश्यन्ते, नातस्त्वमसि नो महान् ॥"
>
> —દેવાગમસ્તોત્ર (આપ્ત-મીમાંસા[1], પ્રથમ શ્લોક).

અર્થાત્ (સમવસરણને વિષે) દેવતાઓનું આગમન, આકાશ-ગમન, ચામર, (છત્ર) વિગેરે વિભૂતિઓ માયાવી (ઈન્દ્રજાળ પાથરનારા)ઓને વિષે પણ દૃષ્ટિ-ગોચર થાય છે. વાસ્તે આ કારણોને લઇને કંઇ, હે જિનેશ્વર ! તું મહાન્ નથી, તું આપ્ત નથી.

આથી જોઈ શકાય છે કે ફક્ત દેવકૃત વિભૂતિ કે ચમત્કાર એ આપ્તનું લક્ષણ નથી. પરંતુ સર્વથા રાગ-દ્વેષનો ક્ષય એજ આપ્તતા છે. વિશેષમાં આ **આપ્તમીમાંસા** ઉપર **વસુનંદિએ** રચેલી ટીકા, **અકલંકદેવ**કૃત ભાષ્ય અને **વિદ્યાનંદે** રચેલી અષ્ટસહસ્રી-વૃત્તિ પણ 'આપ્ત'ના લક્ષણ ઉપર ઓરજ પ્રકાશ પાડે છે. આ ઉપરાંત 'આપ્ત' કોને કહેવા તે સંબંધમાં ૨૦૦ શ્લોક

[1] આનું બીજું નામ 'દેવાગમ-સ્તોત્ર' પણ છે.

પ્રમાણાત્મક શ્રીવિદ્યાનન્દકૃત આપ્તપરીક્ષાનામક ગ્રન્થ પણ તેની ૪૫૦૦ શ્લોક પ્રમાણની વૃત્તિપૂર્વક વિચારવા જેવો છે. આપ્તનું લક્ષણ યથાર્થ રીતે સમજાતાં અને ત્યાર બાદ અમુક વ્યક્તિ આપ્ત છે કે કેમ તેનો વાસ્તવિક નિર્ણય થતાં કયા આગમનો (સિદ્ધાન્તનો) સ્વીકાર કરવો એ પ્રશ્નને સારૂ અવકાશજ રહેશે નહિ અને આ પ્રમાણે સત્ય આગમ હાથ આવતાં મુક્તિ-મહિલાના મહેલ ઉપર જઈ પહોંચવામાં પણ ઘણો વિલંબ નહિજ થાય એ દેખીતી વાત છે.

प्रवचन-परिचयः—

पीयूषपानमिव तोषमशेषपुंसां
निर्मायमुच्चरणकृद् भवतो ददानम् ।
ज्ञानं जिन! प्रवचनं रचयत्वनल्पं
निर्मायमुच्चरणकृद् भवतोददानम् ॥ ७ ॥

—वसन्त०

विवरणम्

हे जिन ! भवतः प्रवचनं ज्ञानं रचयतु-करोतु । ज्ञानं किंविशिष्टं ? अनल्पं-प्रचुरम् । प्रवचनं किं कुर्वाणं ? ददानं-ददत् । कं ? तोषं-संतोषम् । केषां ? अशेषपुंसाम् । इव-यथा पीयूषपानं तोषं ददाति । पुनः किं० ? निर्मायं-कपटमुक्तम् । पुनः किं० ? उच्चरणकृत्-मौढ-युद्धभिद् । पुनः किं० ? निर्मायानां-मुनीनां मुच्चरणकृत्-हर्षचारित्रकारि । पुनः किं० ? भवस्य तोदो बाधा तस्य दानं यस्य तत् ॥ ७ ॥

अन्वयः

(हे) जिन ! भवतः अशेष-पुंसां पीयूष-पानं इव तोषं ददानं, निर्माय-मुद्-चरण-कृत्, निर्मायं, उच्च-रण-कृत [अथवा उद्-चरण-कृत्-] भव-तोद-दानं प्रवचनं अनल्पं ज्ञानं रचयतु ।

શબ્દાર્થ.

पीयूष=સુધા, અમૃત.
पान=પાન, પીવું તે.
पीयूषपानं=અમૃતનું પાન.
इव=જેમ.
तोषं (मू० तोष)=સંતોષ.
अशेष=નિઃશેષ, સમસ્ત.
पुंस्=માનવ.
अशेषपुंसां=સમસ્ત માનવોના.
माया=કપટ.
निर्माय=જતું રહ્યું છે કપટ જેનું એવા, નિષ્કપટી.
मुद्=હર્ષ.
चरण=ચારિત્ર.

कृत्=કરનાર.
निर्मायमुच्चरणकृत्=નિષ્કપટી (મુનિઓ)ના હર્ષ અને ચારિત્રને કરનાર અથવા હર્ષ-દાયક ચારિત્રને કરનાર.
भवतः (मू० भवत्)=આપનું.
ददानं (मू० ददान)=અર્પણ કરનારૂ, દેનારૂં.
ज्ञानं (मू० ज्ञान)=જ્ઞાનને.
जिन ! (मू० जिन)=હે જિન ! હે વીતરાગ !
प्रवचनं (मू० प्रवचन)=શાસન, સિદ્ધાન્ત.
रचयतु (धा० रच्)=કરો.
अनल्पं (मू० अनल्प)=પ્રચુર, ઘણું.
निर्मायं (मू० निर्माय)=કપટ-રહિત.
उच्च=પ્રૌઢ.
रण=સંગ્રામ.
कृत्=ભેદવું.
उच्चरणकृत्=પ્રૌઢ યુદ્ધને ભેદનારૂં.
तोद=બાધા, પીડા.
दान=દાન, આપવું તે.
भवतोददानं=સંસારને પીડા કરનારૂં.
उद्=પ્રબલતાસૂચક અવ્યય.
उच्चरणकृद्भवतोददानं=ઉત્કૃષ્ટ ચારિત્રના વિરાધક એવા સંસારને બાધાનું દાન છે જેના દ્વારા એવું.

શ્લોકાર્થ

પ્રવચનનો પરિચય—

" સમસ્ત માનવોને અમૃતના પાનની જેમ સંતોષ અર્પણ કરનારૂ, તથા માયારહિત એવા (મુનિઓ) ના હર્ષ અને ચારિત્રના [અથવા હર્ષદાયક ચારિત્રના] કારણરૂપ, વળી કપટ-રહિત તેમજ પ્રૌઢ યુદ્ધને ભેદનારૂ તથા ભવને પીડા કરનારૂ એવું [અથવા ઉત્કૃષ્ટ ચારિત્રના વિરાધક એવા સંસારને બાધાનું દાન છે જે દ્વારા એવું] હે વીતરાગ ! આપનું પ્રવચન પ્રચુર જ્ઞાન કરો."—૭

श्रीअजितबलायै विज्ञप्तिः—

श्रेयःपरागनलिनी नयतां नताङ्गी
सा मे पराऽजितबला दुरितानि तान्तम् ।
कल्याणकोटिमकरोन् निकरे नगणां
सामे पराजितबलाऽदुरिता नितान्तम् ॥ ८ ॥ २ ॥

—वसन्त०

विवरणम्

सा 'अजितबला' नाम्नी—देवी मे—मम दुरितानि—पापानि तान्तं—क्षयं नयतु (तां)—प्रापयतु। सा किंविशिष्टा ? परा—प्रधाना । पुनः किं० ? श्रेयःपरागस्य—मङ्गलरूपपौष्पस्य नलिनी—कजिनी ।

महायक्षाभिधान यक्षेश्वर चतुर्मुख श्यामवर्ण मातङ्गवाहन अष्टपाणि वरदमुद्गराक्षसूत्रपाशान्वितदक्षिणपाणि बीजपूरकाभयाङ्कुशशक्तियुक्तवामपाणिपल्लव चेति।

अजिताभिधाना यक्षिणी गौरवर्णा लोहासनाधिरूढा। चतुर्भुजा वरदपाशाधिष्ठितदक्षिणकरा बीजपूराङ्कुशयुक्त ।मकरा चेति।

Lakshmi Art Bombay 8

पुनः किं० ? नवाङ्गी–नवीनतनुः । सा का ? या नराणां निकरे–नृव्रजे कल्याणकोटिं अकरोत्–तनोति स्म । निकरे किंविशिष्टे ? सामे–सरोगे । या किंविशिष्टा ? परैः अजितं–अनभिभूतं बलं यस्याः सा । पुनः किं० ? अदुरिता–अनघा । नितान्तं–अत्यर्थम् ॥ ८ ॥

अन्वयः

(या) पर–अजित–बला, अ–दुरिता (देवी) नराणां स–आ [अ] मे निकरे कल्याण–कोटिं अकरोत्, सा श्रेयस्–पराग–नलिनी, नव–अङ्गी, परा 'अजितबला' मे दुरितानि तान्तं नितान्तं नयताम् ।

શબ્દાર્થ

श्रेयस्=કલ્યાણ, મંગલ.
पराग=પુષ્પની બારીક રજ.
नलिनी=પદ્મિની, પદ્મનો સમૂહ.
श्रेयःपरागनलिनी=કલ્યાણરૂપ પરાગની પદ્મિની.
नयतां (धा० नी)=લઇ જાઓ.
अङ्ग=દેહ, શરીર.
नवाङ्गी=નવીન છે દેહ જેનો એવી.
परा (मू० पर)=સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ.
अजितबला=અજિતબલા (દેવી).
दुरितानि (मू० दुरित)=પાપોને.
तान्तं (मू० तान्त)=ક્ષય, નાશ.
कल्याण=મંગલ.
कोटि=સો લાખ, કરોડ.
कल्याणकोटिं=કરોડો કલ્યાણને.
अकरोत् (धा० कृ)=કરતી હવી.
निकरे (मू० निकर)=સમુદાયને વિષે.
नराणां (मू० नर)=મનુષ્યોના.
आम=રોગ.
अम= „
सामे (मू० साम)=રોગી, વ્યાધિ–ગ્રસ્ત.
पर=અન્ય.
अजित=નહિ જીતાયેલ.
बल=પરાક્રમ.
पराजितबला=અન્ય વડે જીતાયેલું નથી પરાક્રમ જેનું એવી.
अदुरिता=અવિદ્યમાન છે પાપ જેને વિષે એવી, પાપ–રહિત.
नितान्तं=અત્યંત, સર્વથા.

શ્લોકાર્થ

શ્રીઅજિતબલા દેવીને વિજ્ઞપ્તિ—

" અન્ય (વ્યક્તિઓ) વડે નથી જીતાયેલું પરાક્રમ જેનું એવી (અર્થાત્ અપૂર્વ બળવાળી) તેમજ પાપ–રહિત એવી જે (દેવી) મનુષ્યોના વ્યાધિ–ગ્રસ્ત વર્ગને વિષે કરોડો કલ્યાણો કરતી હવી, તે મંગલરૂપ પરાગની પદ્મિનીરૂપ એવી તેમજ નવીન દેહવાળી (અર્થાત્ તરુણી) તથા વળી સર્વોત્તમ એવી અજિતબલા (દેવી) મારાં પાપોનો સર્વથા ક્ષય કરો."—૮

३ श्रीसंभवजिनस्तुतयः

अथ श्रीसंभवनाथाय प्रार्थना—

या दुर्लभा भवभृतामृभुवल्लरीव
मानामितद्रुमहिमाभ ! जितारिजात ! ।
श्रीसम्भवेश ! भवभिद् भवतोऽस्तु सेवा
ऽमाना मितद्रुमहिमाभ ! 'जितारि'जात ! ॥ १ ॥

—वसन्त०

विवरणम्

हे श्रीसम्भवेश ! भवतः सा सेवा भवभित्–संसारनाशिनी अस्तु । सा का ? या सेवा भवभृतां–प्राणिनां ऋभुवल्लरीव–कल्पलतेव दुर्लभा–दुष्प्रापाऽस्ति । या किंविशिष्टा ? अमाना–मानातीता । मितद्रुः–समुद्रः तद्वन्महिम्न आभा–शोभा यस्य तत्संबोधनम् । हे जितारिजात ! 'जितारि'नृपपुत्र ! । मानः–स्मयः तद्रूपामितद्रुमे–प्रौढवृक्षे हिमाभः–तुहिनसमस्तत्सं० । जितं अरिजातं-वैरिवृन्दं येन तत्सं० ॥ १ ॥

अन्वयः

(हे) मान–अमित–द्रुम–हिम–आभ ! जित–अरि–जात ! मितद्रु–महिमन्–आभ ! 'जितारि'–जात ! श्री–'सम्भव'–ईश ! या (भवतः सेवा) भव–भृतां ऋभु–वल्लरी इव दुर्लभा, (सा) भवतः अमाना सेवा भव–भिद् अस्तु ।

શબ્દાર્થ

दुर्लभा (मू० दुर्लभ)=દુર્લભ.
भृत्=ધારણ કરનાર.
भवभृतां (मू० भवभृत्)=સંસારીઓને.
ऋभु=કલ્પવૃક્ષ.
वल्लरी=લતા, વેલ.
ऋभुवल्लरी=કલ્પ–લતા.
मान=અભિમાન, ગર્વ.
अमित=પ્રૌઢ.
द्रुम=તરૂ, ઝાડ.
हिम=બરફ.
आभ=સમાન.
मानामितद्रुमहिमाभ !=હે અભિમાનરૂપ પ્રૌઢ વૃક્ષ પ્રતિ હિમસમાન !
अरि=શત્રુ.
जितारिजात ! =જીત્યો છે વૈરિ–વર્ગને જેણે એવા ! (સંબોધનાર્થે)
श्री=માનવાચક શબ્દ.
सम्भव=સંભવ (નાથ), ત્રીજા તીર્થંકર.

સ્પષ્ટીકરણ

અજિતબલા દેવીનું સ્વરૂપ—

'અજિતબલા' એ દ્વિતીય તીર્થંકર શ્રીઅજિતનાથની શાસન-દેવીનું નામ છે. 'અજિતા' એ એનું અપર નામ છે. એ ગૌરવર્ણી છે અને એને ગાયનું વાહન છે. વિશેષમાં એને ચાર હાથ છે. તેમાં તેના જમણા બે હાથમાં વરદ અને પાશ છે, જ્યારે ડાબા બે હાથમાં તો બીજપૂરક[1] અને અંકુશ છે[2]. આ દેવીના સંબંધમાં આચાર-દિનકરમાં પણ કહ્યું છે કે—

"गोगामिनी धवलरुक् च चतुर्भुजाढ्या
वामेतरं वरदपाशविभासमाना ।
वामं च पाणियुगलं सृणिमातुलिङ्ग-
युक्तं सदाऽ'जितबला' दधती पुनातु ॥"

—વસન્તતિલકા.

૧ બીજોરું. ૨ સરખાવો પ્રવચન-સારોદ્ધાર (પત્રાંક ૯૪).

ईश=નાથ.
श्रीसम्भवेश !=હે શ્રીસંભવનાથ !
भिद्=ભેદવું.
भवभिद्=ભવને ભેદનારી.
अस्तु (धा० अस्)=થાઓ.
सेवा=ભક્તિ, ઉપાસના
मान=માપ.
अमाना (मू० अमान)=માપ-રહિત, અપાર.
मितद्रु=સમુદ્ર
महिमन्=મહિમા.
मितद्रुमहिमाम !=હે સમુદ્રના મહિમાની જેમ શોભા છે જેની એવા ! (સં०)
जितारि=જિતારિ (નૃપતિ).
जितारिजात !=હે જિતારિના પુત્ર !

શ્લોકાર્થ

શ્રીસંભવનાથને પ્રાર્થના—

"હે અભિમાન[1]રૂપી પ્રૌઢ વૃક્ષને (નષ્ટ કરવામાં) હિમસમાન (હરિ) ! જીત્યો છે વૈરિ-વર્ગને જેણે એવા હે (વિશ્વેશ્વર) ! હે સમુદ્રના જેવા મહિમાવાળા (મહેશ્વર) ! હે **જિતારિ** (નૃપતિ)ના નન્દન ! હે શ્રીસંભવનાથ ! જે (સેવા) સંસારી જીવોને કલ્પ-લતાની માફક દુર્લભ છે, તે આપની અપાર સેવા (અમારા) સંસારનો ઉચ્છેદ કરનારી થાઓ."—૯

સ્પષ્ટીકરણ

અજિતનાથ-ચરિત્રની જેમ સંસ્કૃત તેમજ પ્રાકૃત ભાષામાં રચેલ **સંભવનાથ-ચરિત્ર** સંબંધી બૃહત્-ટિપ્પનિકામાં ઉલ્લેખ છે. આ તીર્થંકરની સ્થૂલ રૂપરેખા સારૂ જુઓ **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ० ૪૮-૪૯).

निखिलजिनवराणां नुतिः—

नाशं नयन्तु जिनपङ्कजिनीहृदीशा
निष्कोपमानकरणानि तमांसि तानि ।
ज्ञानद्युता बहुभवभ्रमणेन तस-
निष्कोपमानकरणा नितमां सितानि ॥ १० ॥

—वसन्त०

विवरणम्

जिनपङ्कजिनीहृदीशाः—जिनसूर्याः **तमांसि**—अज्ञानानि **नाशं नयन्तु** । केन ? **ज्ञानद्युता**—सबोधतेजसा । **तमांसि** किंविशिष्टानि ? **निर्**—नितरां **को**ऽमानयोः—क्रोधस्मययोः **करणं** येभ्य-

[1] અભિમાનના સ્વરૂપ સારૂ જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ૫૩-૫૪).

स्तानि । तानि कानि ? यानि तमांसि बहुभवभ्रमणेन–संसारभ्रमेण सितानि–बद्धानि सन्ति । कथं ? नितमां–अत्यर्थम् । जिनाः किंविशिष्टाः ? तप्तनिष्कस्य–स्वर्णस्य उपमानं–उपमा येषां ईदृशानि करणानि–शरीराणि येषां ते ॥ १० ॥

अन्वयः

तप्त–निष्क–उपमान–करणाः जिन–पङ्कजिनी–हृद्–ईशाः तानि बहु–भव–भ्रमणेन नितमां सितानि, निर–कोप–मान–करणानि तमांसि ज्ञान–द्युता नाशं नयन्तु ।

શબ્દાર્થ

नाशं (મૂ૦ नाश)=વિનાશ પ્રતિ.
नयन्तु (ધા૦ नी)=દોરો, લઈ જાઓ.
पङ्कजिनी=પદ્મિની, કમલિની.
हृद्=હૃદય, અંતઃકરણ
पङ्कजिनीहृदीश=પદ્મિનીનો સ્વામી, સૂર્ય.
जिनपङ्कजिनीहृदीशाः=તીર્થંકરરૂપી સૂર્યો.
निर्=અત્યંતવાચક અવ્યય.
कोप=ક્રોધ, ગુસ્સો.
करण=સાધન, કારણ.
निष्कोपमानकरणानि=નિરંતર ક્રોધ અને ગર્વના કારણરૂપ.
तमांसि (મૂ૦ तमस्)=અજ્ઞાનોને.
तानि (મૂ૦ तद्)=તે.
ज्ञान=જ્ઞાન, બોધ.
द्युत=(૧) પ્રકાશ; (૨) કિરણ.
ज्ञानद्युता=જ્ઞાનરૂપ પ્રકાશ અથવા કિરણ વડે.
बहु=ઘણા.
भ्रमण=પરિભ્રમણ, રખડપટ્ટી.
बहुभवभ्रमणेन=ઘણા ભવના પરિભ્રમણથી.
तप्त (ધા૦ तप्)=તપેલા.
निष्क=સુવર્ણ, સોનું.
उपमान=ઉપમા.
करण=દેહ.
तप्तनिष्कोपमानकरणाः=તપેલા સુવર્ણની ઉપમા (ઘટે) છે દેહને જેમના એવા.
नितमां=અત્યંત.
सितानि (મૂ૦ सित)=બાંધેલા.

શ્લોકાર્થ

અનેક જિનેશ્વરોની સ્તુતિ—

" તપ્ત સુવર્ણના જેવા (વર્ણવાળા) દેહવાળા એવા જિન–સૂર્યો ઘણા ભવોના પરિભ્રમણથી અત્યંત ગાઢ બાંધેલા એવા તેમજ નિરંતર ક્રોધ અને ગર્વના કારણભૂત એવા તે (અમારા) અજ્ઞાન (રૂપી અંધકારો) નો જ્ઞાનરૂપ પ્રકાશ [અથવા કિરણ] વડે વિનાશ કરો."—૧૦

સ્પષ્ટીકરણ

અજ્ઞાન અને તેથી થતી અવનતિ—

આ શ્લોકમાં અજ્ઞાનને સંસાર–પરિભ્રમણના હેતુ તરીકે તેમજ તેને ક્રોધ અને માનના કારણ તરીકે ઓળખાવવામાં આવ્યું છે, તે ન્યાય–સંગત છે. કેમકે અજ્ઞાન એજ દુઃખ–દરિયામાં ડૂબાડનારો પત્થર છે, અવનતિના ખાડામાં ઉતારનારૂં હથિયાર છે અને અનેક પ્રકારના હાસ્ય–જનક, તિરસ્કાર–પાત્ર ભાગ ભજવાવનારો સૂત્રધાર છે; અરે ટુંકમાં કહીએ તો સર્વ આપત્તિઓનું તે મૂળ છે.

એ તો દેખીતી વાત છે કે કદાચ કોઈ મનુષ્ય ક્રોધના વિપાકથી-તેના કટુ ફળથી **અજ્ઞાત હોય તેથી તે ક્રોધ કરે કદાચ એમ પણ બને કે અન્ય વ્યક્તિને પોતાના દુશ્મન તરીકે સમજ**વાની ભૂલ થવાથી તે ક્રોધ કરે. અરે જ્યારે અન્ય વ્યક્તિ દુશ્મન હોવાથી તેના તરફ ક્રોધ કરવો ન્યાય્ય ગણાય, તો તે જીવે એમ કેમ ન વિચારવું કે મારા કટ્ટા દુશ્મન જેવા કે **અજ્ઞાનાદિક** આભ્યન્તર શત્રુઓના ઉપર ક્રોધ કરવો શું ઉચિત નથી કે ? કહ્યું પણ છે કે—

" प्रकुप्याम्यपकारिभ्य, इति चेदाशयस्तव ।
तत् किं न कुप्यसि स्वस्य, कर्मणे दुःखहेतवे ? ॥"

અર્થાત્ 'હું તો ગુન્હેગાર ઉપર ગુસ્સે થાઉં છું' એમ જો (હે જીવ !) તારો આશય હોય, તો તો તારા દુઃખનાં કારણભૂત એવાં તારાં કર્મ કે જે ખરેખરા ગુન્હેગાર છે તેનાં ઉપર તું કેમ કોપાયમાન થતો નથી ?

એ પણ વિચારવા જેવી હકીકત છે કે મનુષ્યે શ્વાન (કુતરા) ન બનતાં સિંહ જેવું આચરણ કરવું યોગ્ય છે, કેમકે કુતરાનો સ્વભાવ તો તેના તરફ પત્થર ફેંકનારને કરડવાનો હોતો નથી, પરંતુ તે તો પત્થરનેજ પોતાનો શત્રુ ગણી તેને કરડવા ધસે છે; જ્યારે સિંહનો સ્વભાવ ખરા શત્રુનો પીછો પકડવાનો છે **અર્થાત્** જો કોઈ એને બાણ મારે, તો તે બાણ પ્રતિ નહિ દોડતાં, બાણ મારનાર તરફ તે સામો થાય છે. એજ વાત ઉપર નીચેનો શ્લોક પણ પ્રકાશ પાડે છે.

" **उपेक्ष्य लोष्टक्षेप्तारं, लोष्टं दशति मण्डलः ।**
मृगारिः शरमुत्प्रेक्ष्य, शरक्षेप्तारमृच्छति ॥ "

આ ઉપરથી જોઈ શકાય છે કે ક્રોધનું કારણ અજ્ઞાન છે. એવીજ રીતે વિચારતાં એ પણ સમજી શકાય તેમ છે કે જાતિ, લાભ, કુલ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુત એ આઠ પૈકી ગમે તે વિષયક ગર્વ કરનાર મનુષ્ય પણ તેવી ભુલ **અજ્ઞાનવશાત્** કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અજ્ઞાનરૂપ અંધકારમાં અથડાતાં કૂટાતા પણ પૂર્વ પૂણ્યને લઈને કદાચ સન્મતિરૂપ પ્રકાશ પ્રાપ્ત થાય, તો તો અજ્ઞાનને લીધે સંસારમાં કર્યા કરવી પડતી રખડપટ્ટીનો અંત આવે; બાકી તો એક પછી એક યોનિ[1]માં પરિભ્રમણ કર્યાજ કરવું પડે.

श्रीसिद्धान्तस्वरूपम्—

सिद्धान्त ! सिद्धपुरुषोत्तमसंप्रणीतो
विश्वावबोधक ! रणोद्दरदारधीरः ।
भव्यानपायजलधेः प्रकटस्वरूप—
विश्वाऽव बोधकरणोऽदरदारधीरः ॥ ११ ॥

—वसन्त०

---

૧ જૈન શાસ્ત્ર પ્રમાણે યોનિની સંખ્યા ચોર્યાસી લાખની છે. આ સંબંધમાં વિશેષ માહિતી સારૂ જુઓ **ન્યાયકુસુમાંજલિ** (પૃ૦ ૩૦૧-૩૦૨).

विवरणम्

हे सिद्धान्त ! त्वं भव्यान् अपायजलधेः–कष्टसिन्धोः अव–रक्ष । त्वं किंविशिष्टः ? सिद्धपुरुषोत्तमैः–जिनैः संप्रणीतः–प्रकाशितः । विश्वस्य–जगतः अवबोधकः तत्सं० । त्वं किं० ? रणोदरस्य–द्वन्द्वमध्यस्य दारो–विनाशः तत्र धीरः–समर्थः । प्रकटस्वरूपा–स्पष्टरूपा विश्वा–भूमिः यत्र तत्सं० । त्वं किं० ? बोधस्य–सम्यग्ज्ञानस्य करणं यस्य सः । पुनः किं० ? न विद्यन्ते दरो–भयं दाराः–स्त्रियश्च यत्र ईदृशीं धियं–बुद्धिं रातीति स तथा ॥ ११ ॥

अन्वयः

(हे) सिद्धान्त ! विश्व–अवबोधक ! प्रकट–स्वरूप–विश्व ! सिद्ध–पुरुष–उत्तम–संप्रणीतः, रण–उदर–दार–धीरः, बोध–करणः, अ–दर–दार–धीः (त्वं) भव्यान् अपाय–जलधेः अव ।

શબ્દાર્થ

सिद्धान्त ! (मू० सिद्धान्त)=હે આગમ, હે શાસ્ત્ર !
सिद्ध=મોક્ષે ગયેલા.
पुरुष=પુરૂષ.
उत्तम=શ્રેષ્ઠ.
संप्रणीत (धा० नी)=રચેલ.
सिद्धपुरुषोत्तमसंप्रणीतः=મોક્ષે ગયેલા એવા ઉત્તમ પુરૂષો વડે રચાયેલ.
अवबोधक=પ્રકાશક, જ્ઞાન કરાવનાર.
विश्वावबोधक !=હે વિશ્વના પ્રકાશક, હે જગતનું જ્ઞાન કરાવનાર !
उदर=મધ્યભાગ.
दार=વિનાશ, વિદારણ.
धीर=સમર્થ.
रणोदरदारधीरः=યુદ્ધના મધ્યભાગનું વિદારણ કરવામાં ધીર.
भव्यान् (मू० भव्य)=ભવ્યોને, વહેલા કે મોડા મોક્ષે જનારાને.
अपाय=કષ્ટ.
जलधि=સમુદ્ર.
अपायजलधेः=કષ્ટરૂપ સમુદ્રમાંથી.
प्रकट=સ્પષ્ટ, ખુલ્લું.
स्वरूप=સ્વરૂપ.
प्रकटस्वरूपविश्व !=સ્પષ્ટ છે ભૂમિ જેને વિષે એવા ! (સં०)
अव (धा० अव्)=તું રક્ષણ કર, બચાવ.
बोध=જ્ઞાન.
बोधकरणः=જ્ઞાનના હેતુભૂત.
दर=ભય, ભીતિ, બીક.
दार=સ્ત્રી, નારી.
धी=બુદ્ધિ, મતિ.
रा=આપવું.
अदरदारधीरः=અવિદ્યમાન છે ભીતિ અને નારી જ્યાં એવી મતિને અર્પણ કરનાર.

શ્લોકાર્થ

શ્રીસિદ્ધાન્તનું સ્વરૂપ—

" હે આગમ ! હે બ્રહ્માણ્ડના પ્રકાશક ! સ્પષ્ટ છે ભૂમિ જેને વિષે એવા (અર્થાત્ પ્રકટ રીતે વર્ણન કર્યું છે જગત્‌ના સ્વરૂપનું જેમાં એવા) હે (સિદ્ધાન્ત) ! મોક્ષે ગયેલા

એવા ઉત્તમ પુરૂષોએ રચેલો (અર્થાત્ મોક્ષે ગયા તે પૂર્વે જ્ઞાન-સિદ્ધ એવા જિનવરોએ પ્રરૂપેલો[1]) એવો, તથા વળી યુદ્ધના મધ્ય ભાગનું વિદારણ કરવામાં સમર્થ એવો, વળી (સમ્યગ્-) જ્ઞાનના હેતુભૂત તેમજ અવિદ્યમાન છે ભીતિ અને ભામિની જ્યાં એવી (અર્થાત્ નિર્ભય તેમજ વીતરાગ એવી) મતિને અર્પણ કરનારો તું ભવ્યોને કષ્ટરૂપ સમુદ્રમાંથી બચાવ."—૧૧

श्रीदुरितायै विनतिः--

माकन्दमञ्जरिरिवान्यभृतां भरैर्या
देवैरसेवि 'दुरितारि'रसावलक्षा ।
दारिद्र्यकृन् मम सपत्नजनेऽतिदुःख-
दे वैरसे विदुरितारिरसा वलक्षा ॥ १२ ॥ ३ ॥

—वसन्त०

विवरणम्

असौ-देवी मम सपत्नजने-वैरिणि दारिद्र्यकृत् भवतु । असौ किंविशिष्टा ? अलक्षा-निर्दम्भा । सपत्नजने किंविशिष्टे ? अतिदुःखदे-अधिककष्टदे । पुनः किं० ? वैरस्य-विरोधस्य सा-सम्पद् यस्य तस्मिन् । असौ किं० ? विगतो दुरितारेः-पापशत्रोः रसो यस्याः सा । पुनः किं० ? वलक्षा-गौरा । असौ का ? या दुरितारिः देवैः-सुरैः असेवि-सेव्यते स्म । इव-यथा अन्यभृतां भरैः-पिकव्रजैः माकन्दमञ्जरिः सेव्यते ॥ १२ ॥

अन्वयः

अन्य-भृतां भरैः माकन्द-मञ्जरिः इव या देवैः असेवि, असौ अ-लक्षा, वि-दुरित-अरि-रसा, वलक्षा 'दुरितारिः' मम अति-दुःख-दे, वैर-से सपत्न-जने दारिद्र्य-कृत् (भवतु) ।

શબ્દાર્થ

माकन्द=આમ્ર, આંબો.	अन्यभृतां (मू० अन्यभृत्)=કોકિલાના, કોયલોના.
मञ्जरि=મોર, માંજર.	भरैः (मू० भर)=સમુદાયો વડે.
माकन्दमञ्जरिः=આંબાની મોર.	देवैः (मू० देव)=દેવોથી.
अन्य=પર.	असेवि (धा० सेव्)=સેવા થઈ.

[1] આ ઉપરથી સમજી શકાય છે કે વેદ અપૌરૂષેય છે તેવી રીતે જૈન આગમ પણ છે, એ વાત જૈનોને સંમત નથી. વળી વેદ અપૌરૂષેય છે કે કેમ તેની સ્થૂલ રૂપરેખા **ન્યાયકુસુમાંજલિ** (પૃ૦ ૨૪૦-૨૪૪) ઉપરથી જોઈ શકાશે.

दुरितारिः (मू० दुरितारि)=દુરિતારિ (દેવી).
असौ (मू० अदस्)=એ.
छद्म=દગો, કપટ.
अच्छद्मा=અવિદ્યમાન છે કપટ જેને વિષે એવી, નિષ્કપટી.
दारिद्र्य=દરિદ્રતા, કંગાળ અવસ્થા.
दारिद्र्यकृत्=દરિદ્રતાની કરનારી.
मम (मू० अस्मद्)=મારા.
सपत्न=શત્રુ.
जन=લોક.
सपत्नजने=વૈરિ-વર્ગને વિષે.
अति=ઘણું.
दुःख=કષ્ટ, પીડા.
दा=અર્પણ કરવું.
अतिदुःखदे=ઘણું દુઃખ દેનારા.
वैर=દુશ્મનાવટ, શત્રુતા.
वैरसे (मू० वैर-स)=શત્રુતા છે સંપત્તિ જેની એવા.
वि=વિયોગવાચક ઉપસર્ગ.
दुरित=પાપ.
रस=રસ.
विदुरितारिरसा=જતો રહ્યો છે પાપરૂપ દુશ્મનનો રસ જેમાંથી એવી.
वलक्षा (मू० वलक्ष)=ગૌરવર્ણી.

શ્લોકાર્થ

"જેમ કોકિલાઓના સમુદાયો વડે આમ્ર-મંજરી સેવાય છે, તેમ જે (દેવી) દેવો વડે સેવિત છે (અર્થાત્ જેની સુરો સેવા કરે છે), તે નિષ્કપટી એવી તથા જતો રહ્યો છે પાપરૂપ દુશ્મનનો રસ જેમાંથી એવી (અર્થાત્ પાપ-રહિત) તેમજ ગૌરવર્ણી એવી દુરિતારિ (દેવી) અતિશય પીડાકારી એવા તથા શત્રુતારૂપી સંપત્તિથી વિભૂષિત એવા મારા વૈરિ-વર્ગને દરિદ્ર બનાવનારી (અર્થાત્ તેને 'ખાખા વીખી' કરનારી) થાઓ."—૧૨

સ્પષ્ટીકરણ

દુરિતારિ દેવીનું સ્વરૂપ—

તૃતીય તીર્થંકર શ્રીસંભવનાથની શાસન-દેવીનું નામ 'દુરિતારિ' છે. આનો ગૌર વર્ણ છે અને એને મેષનું વાહન છે. વિશેષમાં એને પણ ચાર હાથ છે. એના જમણા બે હાથમાં વરદ અને અક્ષસૂત્ર (જપ-માલા) છે, જ્યારે એના ડાબા બે હાથમાં ફલ અને અભય[1] છે. આ દેવી પરત્વે આચાર-દિનકર (પત્રાંક ૧૭૬)માં એવો ઉલ્લેખ છે કે—

"मेषारूढा विशदकरणा वोऽक्षतुच्छेण युक्ता
मुक्तामालावरदकलितं दक्षिणं पाणियुग्मम् ।
वामे तथाभयफलशुभं बिभ्रति पुण्यभाजां
दद्यात् भद्रं सपदि दुरिताराऽतिदेवी जनानाम् ॥"

—મન્દાક્રાન્તા.

દરિદ્રતા—

કવિરાજ પોતાના વૈરિ-વર્ગને દરિદ્ર થયેલા જોવા ઇચ્છે છે તે વાસ્તવિક છે. કેમકે ગૃહસ્થને દરિદ્રતાના સમાન અન્ય કોઇ દુઃખ નથી. આ વાતનું અત્ર દિગ્દર્શન કરાવવામાં આવે છે.

1 શરણાગતને એમ સૂચવવું કે બીવાનું કંઈ કારણ નથી એ 'અભય' છે.

એ તો જગજાહેર હકીકત છે કે દરિદ્રના મનોરથો મનમાં ને મનમાંજ સમાઈ જાય છે. વળી ધનિકના નહિ સગાં પણ સગાં થવા તૈયાર થઈ જાય છે, જ્યારે દરિદ્રને તો સ્વજન પણ પરજનની ગરજ સારે છે; અરે એટલુંજ નહિ પણ તેની સ્ત્રી પણ ભોગજોગે કુભાર્યા હોય તો તે પણ તેનો તિરસ્કાર કરે છે. વિશેષમાં દરિદ્ર અને ચાણ્ડાલમાં કંઈ બહુ ભેદ નથી, કેમકે જેમ ચાણ્ડાલની પાસેથી તે અસ્પૃશ્ય હોવાને લીધે કંઈ કોઇ લેતું નથી, તેમ દરિદ્ર કોઈને પણ કંઈ આપતો નથી.[1] વળી જેમ મરનારો મનુષ્ય ગદ્‌ગદ કણ્ઠે બોલે છે અને તેના મુખ ઉપર પરસેવાનાં બિન્દુઓ દૃષ્ટિગોચર થાય છે તેમજ તેનો ચહેરો ફિક્કો પડી ગયેલો હોય છે, તેવી વાત દરિદ્રને-યાચકને પણ લાગૂ પડે છે. આ ઉપરાંત જેને ઘેર પુત્ર ન હોય, તેનું તો ફક્ત ઘર શૂન્ય ગણાય છે, અને મૂર્ખના સંબંધમા તો દિશાઓજ શૂન્ય લેખાય છે, જ્યારે દરિદ્ર આશ્રીને તો સમસ્ત જગત્ શૂન્ય છે. એમ કહેવાય છે કે હમેશાં પ્રવાસમાં જીવન વ્યતીત થાય તે કષ્ટકારી છે, પરંતુ તેનાથી પણ વિશેષ કષ્ટદાયક તો પરના ઘરમાં નિવાસ કરવો તે છે; અરે એથી પણ વધારે ક્લેશજનક વાત તો નીચ મનુષ્યની સેવા ગણાય છે. પરંતુ આ બધાં કરતાં દુઃખની અપેક્ષાએ ચડિયાતી વસ્તુ તો દરિદ્રતા છે. હજી એકલી દરિદ્રતા હોય તો તો ઠીક છે, પણ સાથોસાથ તપશ્ચર્યાનો અભાવ હોય, તો તો પછી થઇ રહ્યું. આ સંબંધમાં નીચેનો શ્લોક વિચારવા જેવો છેઃ—

"द्वाविमावम्भसि क्षेप्यौ, गाढं बद्ध्वा गले शिलाम् ।
धनिनं चाप्रदातारं, दरिद्रं चातपस्विनम् ॥ "

અર્થાત્—ધનિક હોઈ કરીને જે દાન દેતો ન હોય અને દરિદ્ર હોઇ કરીને જે તપશ્ચર્યા કરતો ન હોય, તે બંનેના ગળામાં મજબૂત રીતે શિલા બાંધીને તે બંનેને જલમાં ડૂબાડી દેવા જોઇએ.

આ ઉપરથી જોઈ શકાય છે કે દરિદ્રતા એ સર્વ આપદાઓનું મૂળ છે. કહ્યું પણ છે કે—

"दारिद्र्याद्ध्रियमेति ह्रीपरिगतः सत्वात् परिभ्रश्यते
निःसत्त्वः परिभूयते परिभवान्निर्वेदमापद्यते ।
निर्विण्णः शुचमति शोकनिहतो बुद्ध्या परित्यज्यते
निर्बुद्धिः क्षयमेत्यहो । निधनता सर्वापदामास्पदम् ॥"

અર્થાત્—દરિદ્રતાને લઇને તો મનુષ્ય શરમાઇ જાય છે અને શરમનો માર્યો તે સત્ત્વથી ભ્રષ્ટ થાય છે. આ પ્રમાણે નિઃસત્ત્વ બનેલો તે મનુષ્ય પરાભવને પામે છે અને તેમ થતાં તે નિર્વેદી બની જાય છે. તેનું પરિણામ એ આવે છે કે તે શોકાતુર બને છે. આમ થતાં તે બુદ્ધિ-હીન બને છે અને મતિ-ભ્રષ્ટ થવાથી તો તેનો નાશ થાય છે. આ ઉપરથી સમજી શકાય છે કે દરિદ્રતા એ સમસ્ત આપત્તિનું કારણ છે.

---

૧ સરખાવો—

"चाण्डालश्च दरिद्रश्च, द्वावेतौ सदृशाविह ।
चाण्डालस्य न गृह्णन्ति, दरिद्रो न प्रयच्छति ॥"

४ श्रीअभिनन्दनजिनस्तुतयः

अथ श्रीअभिनन्दननाथस्य स्तुतिः—

निःशेषसत्त्वपरिपालनसत्यसन्धा
भूपाल'संवर'कुलाम्बरपद्मबन्धो ! ।
कुर्वन् कृपां भवभिदे जिन ! मे विनम्र-
भूपाल संवरकुलां वरपद्म ! बन्धो ! ॥ १३ ॥

—वसन्त०

विवरणम्

हे भूपाल'संवर'कुलाम्बरपद्मबन्धो !—अभिनन्दनजिन ! त्वं मे-मम भवभिदे—संसारघाताय अलं—उद्यमंकुरु । त्वं किंविशिष्टः ? निश्शेषसत्त्वानां—सर्व्वाङ्गिनां परिपालनाय—रक्षणाय सत्यसन्धः—सम्यक्प्रतिज्ञः । त्वं किं० ? कुर्वन् । कां ? कृपां—करुणाम् । विनम्रा—नम्रीभूता भूपा यस्य तत्सं० । कृपां किंविशिष्टां ? संवरस्य—संयमस्य कुलं—समूहो यत्र ताम् । वरा—प्रधाना पद्मा—ज्ञानरमा यस्य तत्सं० । हे बन्धो !—मित्र ! ॥ १३ ॥

अन्वयः

भूपाल—'संवर-'कुल-अम्बर-पद्म-बन्धो ! जिन ! विनम्र-भूप । वर-पद्म ! बन्धो ! निःशेष-सत्त्व-परिपालन-सत्य-सन्धः संवर-कुलां कृपां कुर्वन् (त्वं) मे भव-भिदे अल ।

શબ્દાર્થ

निःशेष=સમસ્ત.
सत्त्व=પ્રાણી, જીવ.
परिपालन=રક્ષણ.
सत्य=સત્ય, સાચી.
सन्धा=પ્રતિજ્ઞા.
निःशेषसत्त्वपरिपालनसत्यसन्धः=સમસ્ત પ્રાણીઓની રક્ષણને માટે (લીધી) છે સત્ય પ્રતિજ્ઞા જેણે એવા.
भू=પૃથ્વી.
पाल्=પાળવું, રક્ષણ કરવું.
भूपाल=પૃથ્વીપતિ, રાજા.
संवर=સંવર (રાજા).
कुल=કુળ, વંશ.
अम्बर=આકાશ, ગગન.
बन्धु=મિત્ર.
पद्म-बन्धु=સૂર્ય.

भूपालसंवरकुलाम्बरपद्मबन्धो !=હે સંવર રાજાના કુલરૂપી ગગનને વિષે સૂર્યસમાન!
कुर्वन् (મૂ૦ कुर्वत्)=કરનારો.
कृपां (મૂ૦ कृपा)=કૃપાને, મહેરબાનીને.
भवभिदे=ભવને ભેદવામાં.
विनम्र=અત્યંત નમનશીલ.
पा=રક્ષણ કરવું.
भूप=ભૂપતિ, નૃપતિ.
विनम्रभूप !=નમન કર્યું છે નૃપતિઓએ જેને એવા ! (સં૦)
अल (ધા૦ अल्)=તું ઉદ્યમ કર, શક્તિમાન્ થા.
संवर=સંયમ.
कुल=સમૂહ.
संवरकुलां=સંયમના સમૂહરૂપી.
पद्मा=લક્ષ્મી.
वरपद्म !=ઉત્તમ છે લક્ષ્મી જેની એવા ! (સં૦)
बन्धो ! (મૂ૦ बन्धु)=હે મિત્ર, હે બાન્ધવ !

શ્લોકાર્થ

શ્રીઅભિનન્દનનાથની સ્તુતિ—

"હે સંવર (નામના) પૃથ્વીપતિના કુલરૂપ ગગનને વિષે (પ્રકાશ કરવામાં) સૂર્ય-સમાન (જિનેશ્વર) ! હે વીતરાગ ! નમન કર્યું છે નૃપતિઓએ જેને એવા હે (ચતુર્થ તીર્થંકર **શ્રીઅભિનન્દન**) ! ઉત્તમ છે (જ્ઞાનરૂપી) લક્ષ્મી જેની એવા હે (જગન્નાથ) ! હે (ત્રૈલોક્યના) બાન્ધવ ! સમસ્ત પ્રાણીઓના રક્ષણને માટે (લીધી) છે સત્ય પ્રતિજ્ઞા જેણે એવો તું સંયમના સમૂહરૂપી કૃપા કરતો થકો મારા ભવને ભેદવાને માટે ઉદ્યમ કર."—૧૩

સ્પષ્ટીકરણ

શ્રીઅભિનન્દન-ચરિત્ર—

અત્ર પણ એ નિવેદન કરવું પડશે કે આ અભિનન્દનનાથના સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં સ્વતંત્ર લખાયેલ ચરિત્રો દૃષ્ટિગોચર થતાં નથી. પરંતુ તેના અસ્તિત્વના સંબંધમાં બૃહત્-ટિપ્પનિકામાં ઉલ્લેખ છે. આ તીર્થંકરના ચરિત્રનું વિહંગાવલોકન કરવું હોય, તો જુઓ **સ્તુતિચતુર્વિંશતિકા** (પૃ૦ ૬૪).

तीर्थराजस्तवनम्—

यत्पाणिजव्रजमभाद् धुतबुद्धनीर–
जं बालघर्मकरपादसमस्तपद्मम् ।
तं नौमि तीर्थकरसार्थ ! भवन्तमेनो–
जम्बालघर्म ! करपादसमस्तपद्मम् ॥ १४ ॥

—वसन्त०

विवरणम्

हे तीर्थंकरसार्थ !-जिनव्रज ! तं भवन्तं अहं नौमि-स्तौमि । एनोजम्बाले-पापपङ्के घर्मो-निदाघसमः तत्सं० । भवन्तं किंविशिष्टं ? करपादाभ्यां-हस्तांह्रिभ्यां समस्तं-सम्यग् जितं पद्मं-कमलं येन तम् । तं कं ? यत्पाणिजव्रजं-यन्नखौघोऽभात्-शोभते स्म । व्रजं किं० ? धुतं-जितं बुद्धनीरजं-स्वेराब्जं येन तत् । पुनः किं० ? बालो-नवो घर्मकरः-सूर्यः तस्य पादा-रश्मयः तद्वत् रक्ता समस्ता-सर्वा पद्मा-शोभा यस्य तत् ॥ १४ ॥

अन्वयः

एनस्-जम्बाल-घर्म ! तीर्थंकर-सार्थ ! धुत-बुद्ध-नीरजं, बाल-घर्म-कर-पाद-समस्त-पद्मं यत्-पाणि-ज-व्रजं अभात्, तं कर-पाद-समस्त-पद्मं भवन्तं नौमि ।

શબ્દાર્થ

पाणि=હસ્ત, હાથ.
पाणिज=હાથના નખ.
व्रज=સમુદાય.
यत्पाणिजव्रजं=જેના હાથના નખોનો સમૂહ.
अभात् (धा० भा)=શોભતો હવો.
धुत (धा० धु)=હલાવેલું, જીતેલું.
बुद्ध (धा० बुध्)=વિકસ્વર, ખીલેલ.
नीर=જલ, પાણી.
नीरज=જલમાં ઉત્પન્ન થાય તે, કમલ.
धुतबुद्धनीरजं=જીત્યું છે વિકસ્વર કમલને જેણે એવો.
बाल=બાળ.
घर्म=તાપ.
कर=કિરણ.
घर्मकर=સૂર્ય, રવિ.
पाद=કિરણ.
पद्मा=શોભા.
बालघर्मकरपादसमस्तपद्मं=બાલ સૂર્યનાં કિરણોના સમાન (રક્ત) છે સમસ્ત શોભા જેની એવાને.
नौमि (धा० नु)=હું સ્તવું છું.
तीर्थंकर=તીર્થંકર, તીર્થપતિ.
सार्थ=સમૂહ.
तीर्थंकरसार्थ !=હે તીર્થંકરોના સમૂહ !
एनस्=પાપ.
जम्बाल=કાદવ, કીચડ.
एनोजम्बालघर्म !=હે પાપરૂપ કાદવ પ્રતિ તાપ-સમાન !
कर=હસ્ત, હાથ.
पाद=ચરણ, પગ.
समस्त (धा० अस्)=સર્વથા પરાસ્ત કરેલ.
करपादसमस्तपद्मं=હસ્ત અને ચરણ વડે સર્વથા પરાસ્ત કર્યું છે પદ્મને જેણે એવાને.

શ્લોકાર્થ

તીર્થંકરોની સ્તુતિ –

"હે પાપરૂપ કાદવને (સૂકાવી નાંખવામાં) સૂર્યસમાન ! હે તીર્થંકરોના સમુદાય ! (રક્તતાના સંબંધમાં) ધુત્કારી કાઢ્યું છે વિકસ્વર કમલને જેણે એવા તેમજ બાલ

(અર્થાત્ ઉગતા) સૂર્યનાં કિરણોના જેવી (રક્ત) છે સમસ્ત શોભા જેની એવા જે (આપ તીર્થંકર-વર્ગ)ના હસ્તોના નખોનો સમૂહ શોભતો હવો, તે (જિન-વૃન્દ) કે જેણે હસ્ત અને ચરણ (ની પ્રભા) વડે પદ્મને સર્વથા પરાસ્ત કર્યાં છે એવા આપને હું સ્તવું છું."-૧૪

जिनमतप्रशंसा:—

कामं मते जिनमते रमतां मनो मे
ऽमुद्दामकामभिदसंवरहेतुलाभे ।
चण्डद्युताविव वितन्वति सत्प्रकाशम्
उद्दामकामभिदसंवरहेऽतुलाभे ॥ १५ ॥

—वसन्त०

विवरणम्

मते-मान्ये जिनमते मे-मम मनः-चित्तं रमतां-क्रीडतु । मते किंविशिष्टे ? अमुद्दौ-विषादमदौ आमकामौ-रोगकन्दर्पौ तयोर्भिदा-भेदनं यस्मात् एवंविधोऽयं संवरः-संयमः तस्य हेतवः तेषां लाभः-प्राप्तिः यस्मात् यस्मिन् वा तस्मिन् । मते किं कुर्वति ? वितन्वति-सृजति । कं ? सत्प्रकाशं-सद्ज्ञानम् । इव-यथा । चण्डद्युतौ-रवौ सत्प्रकाशं-सदुद्योतं तन्वति । उद्दामः कामः-अभिलाषः तस्य भिद्-भेदकोऽसंवरः-असंयमः तद्धन्तरि । पुनः किं० ? अतुला-अनुपमा आभा-श्रीर्यस्य तस्मिन् । कामं-अत्यर्थम् ॥ १५ ॥

अन्वयः

चण्ड-द्युतौ इव सत्-प्रकाशं वितन्वति, उद्दाम-काम-भिद्-अ-संवर-हे, अ-तुल-आभे, मते, अ-मुद्-द-आम-काम-भिद-संवर-हेतु-लाभे जिन-मते मे मनः कामं रमताम् ।

શબ્દાર્થ

कामं=અત્યંતપણું બતાવનાર અવ્યય.
मते (મૂ० मत)=અભીષ્ટ, પ્રિય.
मत=દર્શન, સિદ્ધાન્ત.
जिनमते=જૈન સિદ્ધાન્તને વિષે.
रमतां (ધા० रम्)=રમો, રમણ કરો.
मनस्=મન, ચિત્ત.
काम=મદન.
भिदा=ભેદન.
हेतु=કારણ.
अमुद्दामकामभिदसंवरहेतुलाभे=અપ્રીતિકર એવા રોગ અને કંદર્પને ભેદનારા એવા સંયમના કારણની પ્રાપ્તિરૂપ.

रोहिणीदेवी.

चण्ड=પ્રખર.
द्युति=તેજ.
चण्डद्युति=પ્રખર છે તેજ જેનું તે, સૂર્ય.
चण्डद्युतौ=સૂર્યને વિષે.
वितन्वति (મૂ० वितन्वत्)=વિસ્તાર કરનાર.
प्रकाश=પ્રકાશ.
सत्प्रकाशं=સુપ્રકાશ.
उद्दाम=અત્યંત તીવ્ર.
काम=અભિલાષા, ઇચ્છા.
हन्=નાશ કરવો.
उद्दामकामभिदसंवरहे=તીવ્ર અભિલાષાને ભેદનારા અસંયમના ઘાતક.
अतुल=અવિદ્યમાન છે તુલના જેની તે, અનુપમ.
अतुलाभे=અનુપમ છે શોભા જેની એવા.

શ્લોકાર્થ

જિન-મતની પ્રશંસા—

"સૂર્યની માફક (યથાર્થ જ્ઞાનરૂપ) સત્પ્રકાશનો વિસ્તાર કરનારા, વળી (ચારિત્ર ગ્રહણ કરવાની) તીવ્ર અભિલાષાનો નાશ કરનારા એવા અસંયમના ઘાતક, તથા વળી અનુપમ શોભાથી યુક્ત, તેમજ (સજ્જનોને) અભીષ્ટ, તથા વળી અપ્રીતિકર (અર્થાત્ શોકાતુર બનાવનારા) એવા રોગ અને મદનનો વિનાશ કરનારા સંયમના કારણના લાભરૂપ એવા જૈન મતને વિષે મારૂં મન અત્યંત રમણ કરો."—૧૫

रोहिणीदेव्याः स्तुतिः---

धर्मद्विषां क्षयमधर्मजुषां करोतु
सा ' रोहिणी ' सुरभियातवपू रमाया ।
यस्या बभौ हृदयवृत्तिरजस्रमूना
सारोहिणी सुरभिया तव पू रमायाः ॥ १६ ॥ ४ ॥

—वसन्त०

विवरणम्

सा 'रोहिणी' देवी अधर्म्मजुषां नृणां क्षयं करोतु—तनोतु । किंभूतानां ? अधर्मजुषां धर्म्मद्विषां—धर्म्मध्वंसकानां । सा किंविशिष्टा ? सुरभौ—गवि यातं—गतं वपुः—तनुः यस्याः सा । पुनः किं० ? रमो—रम्यः आयो—लाभो यस्याः सा । (सा का?) यस्याः तव हृदयवृत्तिः बभौ—भाति स्म । अजस्रं—निरन्तरम् । वृत्तिः किं० ? ऊना—रहिता । कया ? सुरभिया—देवभीत्या । पुनः किं० ? सारः-प्रधानः ऊहः—तर्को विद्यते यस्याः सा । पुनः किं० ? पूः—नगरी । कस्याः ? रमायाः—श्रियः ॥ १६ ॥

अन्वयः

यस्याः तव सुर-भिया ऊना, सार-ऊहिणी, रमायाः पूः हृदय-वृत्तिः अजस्रं बभौ, सा सुरभि-यात-वपूः रम-आया 'रोहिणी' धर्म-द्विषां अधर्म-जुषां क्षयं करोतु ।

શબ્દાર્થ

द्विष्=દ્વેષ કરનાર, શત્રુ.
धर्मद्विषां=ધર્મના દ્વેષીઓના.
क्षयं (મૂ૦ क्षय)=નાશને.
अधर्मजुषां=અધર્મને સેવનારાઓના.
करोतु (ધા૦ कृ)=કરો.
रोहिणी=રોહિણી (દેવી).
सुरभि=ધેનુ, ગાય.
यात=(ધા૦ या) =પ્રાપ્ત થયેલ.
वपुस्=દેહ, શરીર.
सुरभियातवपूः=ધેનુને પ્રાપ્ત થયો છે દેહ જેનો એવી.
रम=રમ્ય, મનોહર.
आय=લાભ.
रमाया=રમ્ય છે લાભ જેનો એવી.
यस्याः=(મૂ૦ यद्)=જેની.
बभौ=(ધા૦ भा)=શોભી નીકળી.
हृदय=અંતઃકરણ.
वृत्ति=વળણ.
हृदयवृत्तिः=અંતઃકરણની વૃત્તિ.
अजस्रं=નિરંતર, હમેશાં.
ऊना (મૂ૦ ऊन)=અપૂર્ણ, અધુરી, રહિત.
सार=શ્રેષ્ઠ, ઉત્તમ.
ऊह=તર્ક.
सारोहिणी=ઉત્તમ છે તર્કો જેના એવી.
सुर=દેવ.
भी=ભીતિ, બીક.
सुरभिया=દેવોની બીકથી.
तव (મૂ૦ युष्मद्)=તારી.
पूः (મૂ૦ पुर्)=નગર.
रमायाः= (મૂ૦ रमा)=લક્ષ્મીના.

શ્લોકાર્થ

રોહિણી દેવીની સ્તુતિ—

"તારી કે જેની, દેવોના ભયથી મુક્ત તેમજ ઉત્તમ તર્કોથી યુક્ત તથા લક્ષ્મીના નગરરૂપ એવી હૃદય-વૃત્તિ નિરંતર શોભી રહી, તે (તું) રોહિણી (દેવી) કે જે ધેનુ ઉપર સ્વારી કરનારી છે તેમજ જેનો લાભ મનોહર છે તે (દેવી) ધર્મના દ્વેષી તેમજ અધર્મને સેવનારા (એવા જનો)નો વિનાશ કરો."—૧૬.

સ્પષ્ટીકરણ

રોહિણી દેવીની સ્તુતિ કરવાનું કારણ—

પ્રથમ, દ્વિતીય અને તૃતીય જિનેશ્વરના સ્તુતિ-કદમ્બક આશ્રીને તો તે તે જિનેશ્વરની શાસન-દેવીની સ્તુતિ કરવામાં આવી છે, પરંતુ અત્ર તે નિયમ પાળવામાં આવ્યો નથી; કેમકે

ચતુર્થ જિનેશ્વરની શાસન-દેવીનું નામ તો કાલી છે અને અત્ર તો રોહિણી દેવીની સ્તુતિ કરવામાં આવી છે. આ સ્તુતિના સંબંધમાં એમ કહી શકાય તેમ છે કે મેરૂવિજયજી શ્રીશોભન કવીશ્વરે રચેલી 'સ્તુતિ-ચતુર્વિંશતિકા'ને અનુસરે છે (કેમકે ત્યાં પણ સોળમા શ્લોકમાં રોહિણી નામની વિદ્યા-દેવીની સ્તુતિ કરવામાં આવી છે), છતાં પણ દરેક સ્થલે તેવું અનુકરણ નહિ કરેલું હોવાથી આ પ્રમાણે એકાએક રોહિણી દેવીની કેમ સ્તુતિ કરી તે સમજી શકાતું નથી.

શ્રીરોહિણીનું સ્વરૂપ—

'પુણ્ય બીજને ઉત્પન્ન કરે તે રોહિણી' એ રોહિણી શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. રોહિણી દેવી એ સોળ વિદ્યા-દેવીઓ પૈકી એક છે. તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ જપ-માલા અને બાણથી અલંકૃત છે, જ્યારે ડાબા બે હાથ શંખ અને ધનુષ્યથી શોભે છે. વળી તે કુન્દ, પુષ્પ, હિમ ઇત્યાદિકના જેવી શ્વેતવર્ણી છે અને ગાય એ એનું વાહન છે. આ હકીકત નિર્વાણ-કલિકા ઉપરથી જોઇ શકાય છે, કેમકે ત્યાં કહ્યું છે કે—

"तत्राद्यां **रोहिणीं** धवलवर्णां सुरभिवाहनां चतुर्भुजामक्षसूत्रबाणान्वितदक्षिणपाणिं शङ्खधनुर्युक्तवामपाणिं चेति"

આ વાતની નિમ્ન-લિખિત શ્લોક પણ સાક્ષી પૂરે છે:—

"शङ्खाक्षमालाशरचापशालि-
　चतुष्करा कुन्दतुषारगौरा ।
गोगामिनी गीतवरप्रभावा
　श्री'रोहिणी' सिद्धिमिमां ददातु ॥"

—આચાર-દિનકર, પત્રાંક ૧૬૧

५ श्रीसुमतिजिनस्तुतयः

अथ श्रीसुमतिनाथस्य महिमा—

भक्तिर्व्रजेन विहिता तव पादपद्म-
सत्काऽमिता सुमनसां सुमते ! नतेन ।
लब्धा सुखेन जिन ! सिद्धिसमृद्धिवृद्धिः
सत्कामिता सुमनसां सुमतेन तेन ॥ १७ ॥

—वसन्त०

विवरणम्

हे सुमते !—सुमतिजिन ! तव पादपद्मसत्का भक्तिः येन सुमनसां—विदुषां व्रजेन विहिता-कृता । भक्तिः किंविशिष्टा ? अमिता—भूयसी । व्रजेन किंविशिष्टेन ? नतेन—नम्रेण । तेन व्रजेन सिद्धिसमृद्धिवृद्धिः—मुक्तिसंपत्तिवृद्धिः लब्धा—प्राप्ता । केन ? सुखेन—शर्मणा । वृद्धिः किंविशिष्टा ? सद्भिः—विज्ञैः कामिता—प्रार्थिता । तेन किंविशिष्टेन ? सुमतेन—अतिमान्येन । केषां ? सुमनसां—सुराणाम् ॥ १७ ॥

अन्वयः

(हे) सुमते ! सुमनसां (येन) नतेन व्रजेन तव पाद-पद्म-सत्का, अमिता भक्तिः विहिता, तेन सुमनसां सु-मतेन (हे) जिन ! सत्-कामिता सिद्धि-समृद्धि-वृद्धिः सुखेन लब्धा ।

શબ્દાર્થ

भक्तिः (मू० भक्ति)=સેવા, ઉપાસના.
व्रजेन (मू० व्रज)=સમુદાય વડે.
विहिता (धा० धा)=કરવામાં આવી.
पादपद्मसत्का=ચરણ-કમલના સંબંધી.
अमिता (मू० अमित)=માપ-રહિત.
सुमनसां (मू० सुमनस्)=(૧) શુદ્ધ ચિત્તવાળાના, વિદ્વાનોના; (૨) સુરોના.
सुमते ! (मू० सुमति)=હે સુમતિ(નાથ) !
नतेन (मू० नत)=પ્રણામ કરેલ.
लब्धा (धा० लभ्)=પ્રાપ્ત થઇ.
सुखेन=સુખપૂર્વક, કષ્ટ વિના.
सिद्धि=મુક્તિ.
समृद्धि=સંપત્તિ.
वृद्धि=આબાદી.
सिद्धिसमृद्धिवृद्धिः=મુક્તિ, સંપત્તિ અને આબાદી.
कामित (धा० कम्)=ઇચ્છિત, ઇચ્છેલી.
सत्कामिता=સજ્જનોએ ઇચ્છેલી.
मत (धा० मन्)=માન્ય.
सुमतेन=અત્યંત માન્ય.
तेन (मू० तद्)=તે વડે.

શ્લોકાર્થ

શ્રીસુમતિનાથનો મહિમા—

"હે સુમતિ (નાથ) ! જે પ્રણામ કરેલા વિદ્વાનોના [અથવા સુરોના] સમૂહે તારા ચરણ-કમલ-વિષયક (અર્થાત્ તારા ચરણ-કમલની) અનુપમ સેવા બજાવી, તે સુરોને (પણ) અતિશય માન્ય એવા વિદ્વદ્-વર્ગે હે જિન ! સજ્જનોએ ઇચ્છેલી એવી મુક્તિ, સંપત્તિ અને આબાદી સુખેથી પ્રાપ્ત કરી "—૧૭

સ્પષ્ટીકરણ

સુમતિનાથ-ચરિત્ર—

શ્રીવિજયસિંહસૂરિના શિષ્ય શતાર્થિક [1]સોમપ્રભસૂરિએ પરમાર્હત કુમારપાલ નૃપતિના રાજ્ય દરમ્યાન ૯૮૨૧ શ્લોક પ્રમાણનું સુમતિનાથ-ચરિત્ર લખ્યું છે. આ ચરિત્રનો ઘણો ખરો ભાગ પ્રાકૃત ભાષામાં રચાયેલો છે. આ તીર્થંકરના ચરિત્રની સ્થૂલ રૂપરેખા સારૂ જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૭૮).

जिनवरेभ्यः प्रार्थना—

येषां स्तुवन्त्यपि ततिश्चरणानि नृणा-
मज्ञानघस्मरपराभवभां जिना वः ।
दुःखाम्बुधाविव घनं मरुतः क्षिपन्ता-
मज्ञाऽनघस्मरपरा भवभाञ्जि नावः ॥ १८ ॥

—वसन्त०

विवरणम्

ते जिना वो-युष्माकं अज्ञानमेव घस्मरो-भक्षकः पुमान् तस्य पराभवभां-पराभूतिभभां क्षिपन्तां-दलयन्तु । इव-यथा घनं-मेघं मरुतः-प्रभञ्जनाः क्षिपन्ते । ते किंविशिष्टाः ? नावः-नौसमाः । क्व ? दुःखाम्बुधौ-पीडाम्भोधौ । ते के ? येषां चरणानि-पदानि स्तुवन्ती-नुवन्ती सती नृणां ततिः-नरश्रेणिः बभूव । कीदृशी ? न सन्ति अघं-पापं स्मरः-कामः परे-वैरिणो यस्याः सा । ततिः किंविशिष्टा ? अपर्भिभक्रमत्वात् अज्ञाऽपि-मूर्खाऽपि । चरणानि किंविशिष्टानि ? भवं-कल्याणं भजन्तीति तथा ॥ १८ ॥

---

[1] આ સૂરિજીને લગતી હકીકત સારૂ જુઓ તેમણે રચેલ શૃંગાર-વૈરાગ્ય-તરંગિણી નામના કાવ્ય ઉપરની મારી પ્રસ્તાવના.

अन्वयः

येषां भव-भाञ्जि चरणानि स्तुवन्ती (सती) नृणां अज्ञा अपि ततिः अन्-अघ-स्मर-परा (बभूव), (ते) दुःख-अम्बुधौ नावः जिनाः मरुतः घनं इव व अज्ञान-घस्मर-पराभव-भां क्षिपन्ताम्।

શબ્દાર્થ

येषां (મૂ० यद्)=જેમનાં.
स्तुवन्ती (ધા० स्तु)=સ્તવના કરતી, સ્તુતિ કરતી.
अपि=પણ.
ततिः (મૂ० तति)=શ્રેણિ, સમુદાય.
चरणानि=ચરણોને.
नृणां (મૂ० नृ)=માનવોની.
अज्ञान=અજ્ઞાન, મોહ.
घस्मर=ભક્ષક.
पराभव=(૧)અપમાન, તિરસ્કાર; (૨)પરાજય.
भा=પ્રભા, તેજ.
अज्ञानघस्मरपराभवभां=અજ્ઞાનરૂપ ભક્ષકને (હાથે થતી) પરાભવની પ્રભાને.
जिनाः (મૂ० जिन)=જિનો, તીર્થંકરો.
अम्बुधि=સમુદ્ર, સાગર.
दुःखाम्बुधौ=દુઃખરૂપ સમુદ્રમાં.
घन (મૂ० घन)=મેઘને.
मरुतः (મૂ० मरुत्)=પવનો.
क्षिपन्ताम् (ધા० क्षिप्)=દૂર ફેંકી દો, નષ્ટ કરો.
अज्ञा (મૂ० अज्ञ)=મૂર્ખ.
अनघस्मरपरा=અવિદ્યમાન છે પાપ, મદન અને દુશ્મન જેને વિષે એવી.
भव=કલ્યાણ.
भज्=ભજવું.
भवभाञ्जि=કલ્યાણને ભજનારાં.
नावः (મૂ० नौ)=નૌકાઓ, વહાણો.

શ્લોકાર્થ

જિનેશ્વરોને પ્રાર્થના—

"જેમનાં કલ્યાણકારી ચરણોની સ્તુતિ કરતી થકી (અર્થાત્ સ્તવના કરવાથી) મૂર્ખ એવી પણ માનવ-શ્રેણિ પાપ, મદન અને દુશ્મનથી રહિત થઇ (અને થાય છે), તે દુઃખ-સાગરમાં (આલંબનાથે) નૌકાસમાન તીર્થંકરો, જેમ પવનો વાદળને વિખેરી નાંખે છે, તેમ તમારા અજ્ઞાનરૂપ ભક્ષકને (હાથે થતા) પરાભવની પ્રભાને નિસ્તેજ કરો (નષ્ટ કરો)."-૧૮

जिनवाण्या माहात्म्यम्—

या हेलया हतवती कुमतिं कुपक्षै-
र्विज्ञा नराऽजितपदा शिवरा जिनेन ।
वाचं तमस्सु रचितां हृदि धेहि शैल-
विज्ञानराजितपदा शिवराजिनेनम् ॥ १९ ॥

—वसन्त०

विवरणम्

हे नर ! त्वं तां वाचं हृदि विधेहि–वहस्व । वाचं किंविशिष्टां ? रचितां–निर्मिताम् । केन ? जिनेन । जिनेन किंविशिष्टेन ? शैलाकृतिरेखाविज्ञानेन राजितौ पदौ–पादौ यस्य तेन । पुनः किं० ? शिवेन–मङ्गलेन राजत इत्येवंशीलः स तेन । तां कां ? या हेलया–लीलया कुमतिं–कुबुद्धिं हतवती–जघान । या किंविशिष्टा ? विज्ञा–निपुणा । पुनः किं० ? अजितानि–अनभिभूतानि पदानि यस्याः सा । कैः ? कुपक्षैः–कुवादिभिः । पुनः किं० ? शिवं–सिद्धिं राति–ददातीति तथा । पुनः किं० ? इनं–सूर्यसमाम् । क्व ? तमस्सु–पापेषु ॥ १९ ॥

अन्वयः

(हे) नर ! या कु-पक्षैः अजित–पदा, विज्ञा, शिव–रा (वाक्) कुमतिं हेलया हतवती, (तां) तमस्सु इनं, शैल–विज्ञान–राजित–पदा, शिव–राजिना जिनेन रचितां वाचं हृदि धेहि ।

શબ્દાર્થ

हेलया (મૂ० हेला)=લીલા વડે.
हतवती (ધા० हन्)=નષ્ટ કરી, હણી નાંખી.
कुमतिं (મૂ० कुमति)=દુર્બુદ્ધિને.
पक्ष=પક્ષ.
कुपक्षः (મૂ० कुपक्ष)=દુષ્ટ પક્ષો વડે, કુવાદીઓ વડે.
विज्ञा (મૂ० विज्ञ)=નિપુણ, ચતુર.
नर ! (મૂ० नर)=હે માનવ !
पद=પદ.
अजितपदा=નથી પરાસ્ત થયાં પદો જેનાં એવી.
शिव=મોક્ષ, નિર્વાણ.
शिवरा=મોક્ષને આપનારી, મુક્તિ–દાયક.
जिनेन (મૂ० जिन)=જિન વડે.
वाचं (મૂ० वाच्)=વાણીને.
तमस्सु (મૂ० तमस्)=(૧) અંધકારોને વિષે; (૨) અજ્ઞાનોને વિષે.
रचितां (મૂ० रचिता)=રચેલી.
हृदि (મૂ० हृद्)=અંતઃકરણમાં.
धेहि (ધા० धा)=તું ધારણ કર.
शैल=પર્વત.
विज्ञान=જ્ઞાન.
राजित (ધા० राज्)=સુશોભિત.
पद=ચરણ.
शैलविज्ञानराजितपदा=પર્વતના આકાર જેવી રેખાલક્ષણે કરીને શોભાયમાન છે જેમનાં ચરણો એવા.
शिव=કલ્યાણ, મંગલ.
राजिन्=શોભન–શીલ.
शिवराजिना=કલ્યાણ વડે શોભતા.
इनं (મૂ० इन)=સૂર્ય.

શ્લોકાર્થ

જિન–વાણીનું માહાત્મ્ય—

" કુવાદીઓ વડે પરાજિત નથી થયાં પદો જેનાં એવી, તથા નિપુણ એવી તેમજ મુક્તિ–દાયક એવી જે (વાણીએ) દુર્બુદ્ધિને લીલામાત્રમાં હણી નાંખી, તે (અજ્ઞાનરૂપી)

અંધકારને (દૂર કરવામાં) સૂર્યસમાન એવી તેમજ પર્વતના આકાર જેવી રેખાલક્ષણે કરી શોભાયમાન છે ચરણો જેમનાં એવા તથા કલ્યાણકારી એવા જિન વડે રચાયેલી [અર્થાત્ જિને પ્રરૂપેલી] એવી વાણીને હે માનવ ! તું હૃદયમાં ધારણ કર. "—૧૯

श्रीकालीदेव्या स्तुतिः—

उद्यद्गदा मृगमदाविलकज्जलाङ्क-
काली सुरीतिमतिरा जितराजदन्ता ।
मुष्णातु मर्मजननीमनिशं मुनीनां
काली सुरीतिमतिराजितराजदन्ता ॥ २० ॥ ५ ॥

—वसन्त०

विवरणम्

काली सुरी—कालीनाम्नी देवी मुनीनां ईतिं—उपप्लवं मुष्णातु—स्यतु । अनिशं—नित्यम् । काली किंविशिष्टा ? उद्यन्ती—दीप्यन्ती गदा—प्रहरणं यस्याः सा । पुनः किं० ? मृगमदेन—कस्तूर्या आविलं—आक्तं कज्जलाङ्कं—अञ्जनचिह्नं तद्वत् काली—श्यामवर्णा । पुनः किं० ? शोभना रीतिः—मर्यादा यत्र ईदृशीं मतिं रातीति तथा । पुनः किं० ? जितो—विनाशितो राजतां—उत्तमानां अन्तो—मरणं यया सा । ईतिं किं० ? मर्मजननीं—मर्मकरीम् । काली किं० ? अतिरा-जितौ—अतिशोभितौ राजदन्तौ—मध्यदन्तौ यस्याः सा ॥ २० ॥

अन्वयः

उद्यत्-गदा, मृग-मद-आविल-कज्जल-अङ्क-काली, सु-रीति-मति-रा, जित-राजत्-अन्ता, अति-राजित-राजन्-दन्ता काली सुरी मुनीनां मर्मन्-जननीं ईतिं अनिशं मुष्णातु ।

શબ્દાર્થ

उद्यत् (धा० या)=પ્રકાશમાન.
गदा=ગદા.
उद्यद्गदा=પ્રકાશમાન છે ગદા જેની એવી.
मृग=હરણ.
मृगमद=કસ્તૂરી.
आविल=વ્યાપ્ત.
कज्जल=કાજળ.
अङ्क=ચિન્હ.
काली=શ્યામવર્ણી.
मृगमदाविलकज्जलाङ्ककाली=કસ્તૂરીથી લિપ્ત એવા કાજળના ચિહ્નનં જેવી શ્યામવર્ણી.
रीति=સીમા, મર્યાદા.
मति=બુદ્ધિ.

सुरीतिमतिरा=સારી છે મર્યાદા જેને વિષે એવી બુદ્ધિ આપનારી.
राजत् (धा० राज्)=ઉત્તમ.
अन्त=મૃત્યુ, મરણ.
जितराजदन्ता=નિવારણ કર્યું છે ઉત્તમ (પુરૂષો)ના મરણને.
मुष्णातु (धा० मुष्)=લૂંટો, દૂર કરો.
मर्मन्=મર્મ.
जननी=પેદા કરનારી.
मर्मजननीं=મર્મને ઉત્પન્ન કરનારી.
अनिशं=સર્વદા.
मुनीनां (मू० मुनि)=યતિઓના, સાધુઓના.
काली=કાલી (દેવી).
सुरी=દેવી.
ईति (मू० ईति)=ઇતિ, ઉપદ્રવ.
दन्त=દાંત.
राजदन्त=ઉપલા દાંતની હારમાંના બે વચલા દાંત.
अतिराजितराजदन्ता=અતિશય સુશોભિત છે મધ્યદંત જેના એવી.

શ્લોકાર્થ

કાલી દેવીની સ્તુતિ—

"દેદીપ્યમાન છે ગદા જેની એવી, તથા કસ્તૂરીથી લિપ્ત એવા કાજલના ચિહ્નસમાન શ્યામવર્ણી, વળી સારી છે મર્યાદા જેને વિષે એવી [અર્થાત્ વિવેકાત્મિકા] બુદ્ધિને દેનારી, વળી નિવારણ કર્યું છે ઉત્તમ [પુરૂષો]ના મરણને જેણે એવી, તેમજ વળી અતિશય સુશોભિત છે મધ્ય દંત જેના એવી કાલી (દેવી) મુનિઓના મર્મ-જનક ઉપદ્રવને દૂર કરો."–૨૦

સ્પષ્ટીકરણ

કાલી દેવી—

સોળમા શ્લોકમાં 'રોહિણી' દેવીની સ્તુતિ કરવાના સંબંધમાં જે હકીકત લખી છે, તે અત્ર પણ લાગૂ પડે છે, કેમકે આ સ્થલે પણ શ્રીમાન્ મેરૂવિજયજી 'સ્તુતિ-ચતુર્વિંશતિકા'ના વીસમા પદ્યમાં સ્તુતિ-કરાયેલી કાલી દેવીની સ્તુતિ કરે છે. પરંતુ તેમણે કોઇ કોઇ વાર આવું અનુકરણ શા માટે કર્યું છે તે સમજી શકાતું નથી. આ 'કાલી' દેવીનું સ્વરૂપ નીચે મુજબ છે:—

કાલી દેવીનું સ્વરૂપ—

'દુશ્મનો પ્રતિ જે કાળ (યમરાજ) જેવી છે, તેમજ જે કૃષ્ણવર્ણી છે' તે 'કાલી' એ કાલી શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. આ દેવી પણ એક વિદ્યા-દેવી છે. તેનો વર્ણ શ્યામ છે અને તે હાથમાં ગદા રાખે છે. વિશેષમાં વિકસ્વર કમલ એ એનું વાહન છે. આ વાતના ઉપર નીચેનો શ્લોક પ્રકાશ પાડે છે:—

"शरदम्बुधरप्रमुक्तचञ्चद्गगनतलाभतनुद्युतिर्गदाढ्या ।
विकचकमलवाहना गदायुत् कुशलमलङ्कुरुतात् सदैव काली ॥"

—આચાર૦ પત્રાંક ૧૬૨

પરંતુ એથી વિશેષ માહિતી તો નિર્વાણ-કલિકા ઉપરથી મળે છે. કેમકે ત્યાં કહ્યું છે કે–"तथा कालीकादेवीं कृष्णवर्णां पद्मासनां चतुर्भुजामक्षसूत्रगदालङ्कृतदक्षिणकरां वज्राभययुतवामहस्तां चेति" અર્થાત્ આ દેવીને ચાર હાથ છે; તેના જમણા બે હાથ જપ-માલા અને ગદાથી વિભૂષિત છે, જ્યારે ડાબા બે હાથ વજ્ર અને અભયથી અલંકૃત છે.

६ श्रीपद्मप्रभजिनस्तुतयः

अथ श्रीपद्मप्रभस्य प्रार्थना—

भव्याङ्गिवारिजविबोधरविर्नवीन-
 पद्मप्रभेशकरणोऽर्जितमुक्तिकान्तः ।
त्वं देहि निर्वृतिसुखं तपसा विभञ्जन्
 पद्मप्रभेश ! करणोर्जितमुक्तिकान्तः ॥ २१ ॥

—वसन्त०

विवरणम्

हे पद्मप्रभेश ! षष्ठजिन ! त्वं निर्वृतिसुखं-मुक्तिशर्म देहि-दिश । त्वं किंविशिष्टः ? भव्याङ्गिवारिजानां-प्राणिपद्मानां विबोधने रविः-सूर्यसमः । पुनः किं० ? नवीनौ-नव्यौ पद्मप्रभेशौ-कजसूर्यौ तद्वत् करण-तनुः यस्य सः । पुनः किं० ? अर्जिता-उपार्जिता मुक्ति-कान्ता-सिद्धिवधूः येन सः । त्वं किं कुर्वन् ? तपसा विभञ्जन्-निरस्यन् । किं ? करणानां-इन्द्रियाणां ऊर्जितं-बलम् । त्वं किं० ? उक्त्या-वचसा कान्तः-प्रशस्यः ॥ २१ ॥

अन्वयः

(हे) पद्मप्रभ-ईश ! भव्य-अङ्गि-वारिज-विबोध-रविः, नवीन-पद्म-प्रभा-ईश-करणः, अर्जित-मुक्ति-कान्तः, तपसा करण-ऊर्जितं विभञ्जन्, उक्ति-कान्तः, त्वं निर्वृति-सुखं देहि ।

શબ્દાર્થ

अङ्गिन्=જીવ, પ્રાણી.
वारि=જલ.
वारिज=જલજ, કમલ.
विबोध=વિકાસ, ખીલવણી.
रवि=સૂર્ય, ભાનુ.
भव्याङ्गिवारिजविबोधरवि[1]=ભવ્ય જીવરૂપ કમલના વિકાસ પ્રતિ સૂર્ય-સમાન.
नवीन=નૂતન.
प्रभा=સૂર્યની એક સ્ત્રી.
प्रभेश=પ્રભા-પતિ, સૂર્ય.
नवीनपद्मप्रभेशकरणः=નૂતન કમલ અને સૂર્યના સમાન છે શરીર જેનું એવા.
अर्जित (धा० अर्ज्)=મેળવેલ.
कान्ता=રમણી, સ્ત્રી.
अर्जितमुक्तिकान्तः=ઉપાર્જન કરી છે સિદ્ધિરૂપી સુન્દરીને જેણે એવા.
त्वं (मू० युष्मद्)=તું.
देहि (धा० दा)=અર્પણ કર.

---

૧ સરખાવો શોભનસૂરીશ્વરકૃત ' स्तुति-चतुर्विंशतिકાના પ્રથમ પદ્યનું પ્રથમ ચરણ.

निर्वृति=निर्वाण, મોક્ષ.
निर्वृतिसुखं=નિર્વાણના સુખને.
तपसा (મૂ० तपस्)=તપશ્ચર્યા વડે.
विभजन् (મૂ० विभजत्)=ભાંગતો.
पद्मप्रभ=પદ્મપ્રભ(નાથ).
पद्मप्रभेश !=હે પદ્મપ્રભ પ્રભુ !
करण=ઇન્દ્રિય.
ऊर्जित=પરાક્રમ, બળ.
करणोर्जितं=ઇન્દ્રિયોના પરાક્રમને.
उक्ति=વાણી.
कान्त=પ્રશસ્ય, મનોહર.
उक्तिकान्तः=વાણી વડે પ્રશસ્ય.

શ્લોકાર્થ

શ્રીપદ્મપ્રભને પ્રાર્થના—

"હે પદ્મપ્રભ પ્રભુ ! ભવ્ય જીવોરૂપી કમલોનો વિકાસ કરવામાં સૂર્યના સમાન એવો, તથા નૂતન પદ્મ અને (ઉગતા)સૂર્યના જેવું (રક્ત) છે શરીર જેનું એવો, વળી (સમ્યક્-ચારિત્ર દ્વારા) પ્રાપ્ત કરી છે સિદ્ધિરૂપી સુંદરીને જેણે એવો, તથા વળી તપશ્ચર્યા વડે ઇન્દ્રિ-યોના પરાક્રમને પરાસ્ત કરનારો (અર્થાત્ પાંચે ઇન્દ્રિયોને કાબુમાં રાખનારો) તેમજ વાણી વડે મનોહર એવો તું ભવ્ય જનોને મોક્ષ-સુખ અર્પણ કર."—૨૧

સ્પષ્ટીકરણ

પદ્મપ્રભ-ચરિત્ર—

શ્રીદેવસૂરિએ પ્રાકૃત ભાષામાં ૮૪૦૦ શ્લોક પ્રમાણનું પદ્મપ્રભ-ચરિત્ર રચ્યું છે. આ તીર્થંકર સંબંધી થોડી ઘણી માહિતી સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ૭૮)માંથી મળી શકશે.

जिनसमुदायस्य स्तुतिः—

सिद्धिं सतां वितर तुल्यगते ! गजस्य
विध्वस्तमोहनतमा नवदानवारेः ।
तीर्थङ्करव्रज ! दधद् वहतं विभास्त-
विध्वस्तमोह ! नतमानवदानवारे ! ॥ २२ ॥

—वसन्त०

विवरणम्

हे तीर्थङ्करव्रज !—जिनव्रज ! त्वं सतां सिद्धिं वितर—देहि । तुल्या—समाना गतिः—गमनं यस्य तत्सं० । (समाना) कस्य ? गजस्य—नागस्य । त्वं किंविशिष्टः ? विध्वस्तो मोहनतमा—सुरतपापे येन सः । गजस्य किंविशिष्टस्य ? नवं—नवीनं दानवारि—मदजलं यस्य तस्य । त्वं

किं कुर्वन् ? दधत्–धरन् । किं ? वदनं–वक्त्रम् । वदनं किंविशिष्टं ? विभया–प्रभया अस्तो–जितो विधुः–इन्दुर्येन तत् । अस्तो मोहो–मौढ्यं येन तत्सं० । नताः–प्रणता मानवा–नरा दानवारयो–देवा यस्य तत्स० ॥ २२ ॥

अन्वयः

नव–दान–वारः गजस्य तुल्य–गते ! अस्त–मोह ! नत–मानव–दानव–अरे ! तीर्थंकर–व्रज ! विध्वस्त–मोहन–तमाः, विभा–अस्त–विधु वदनं दधत् (त्वं) सतां सिद्धिं वितर ।

શબ્દાર્થ

सिद्धिं (मू० सिद्धि)=મુક્તિને.
सतां (मू० सत्)=સજ્જનોને.
वितर (धा० तॄ)=અર્પણ કર.
तुल्य=સમાન.
गति=ચાલ.
तुल्यगते !=સમાન છે ચાલ જેની એવા ! (સં૦)
गजस्य (मू० गज)=કુંજરના, હાથીના.
विध्वस्त (धा० ध्वंस्)=નષ્ટ કરેલ.
मोहन=મૈથુન, વિષય–સેવન.
विध्वस्तमोहनतमाः=નાશ કર્યો છે મૈથુનનો અને પાપનો જેણે એવો.
दान=હાથીના કુમ્ભસ્થલમાંથી ઝરતો પ્રવાહી પદાર્થ, મદ.
नवदानवारः=નવીન છે મદ–જલ જેનું એવા.
तीर्थङ्कर=તીર્થંકર.
तीर्थङ्करव्रज !=હે તીર્થંકરોના સમૂહ !
दधत् (धा० धा)=ધારણ કરનારા.
वदनं (मू० वदन)=મુખને.
विभा=પ્રભા, તેજ.
विधु=ચન્દ્ર.
विभास्तविधु=પ્રભા વડે પરાસ્ત કર્યો છે ચન્દ્રને જેણે એવા ! (સં૦)
मोह=અજ્ઞાન.
अस्तमोह !=નાશ કર્યો છે અજ્ઞાનનો જેણે એવા ! (સં૦)
नत (धा० नम्)=નમન કરેલ.
मानव=મનુષ્ય.
दानव=દાનવ, અસુર.
नतमानवदानवारे !=નમન કર્યું છે મનુષ્યોએ તેમજ દેવોએ જેને એવા ! (સં૦)

શ્લોકાર્થ

જિન–સમુદાયની સ્તુતિ—

" નવીન મદ–જલથી યુક્ત (અર્થાત્ મદોન્મત્ત) એવા કુંજરની સમાન ચાલ છે જેની એવા હે (તીર્થપતિઓના સમુદાય) ! પરાસ્ત કર્યો છે મોહને એવા હે (વીતરાગોના વૃન્દ) ! નમસ્કાર કર્યો છે માનવોએ તેમજ દાનવોના દુશ્મનોએ (અર્થાત્ દેવોએ) જેને એવા હે (જિનવરોના નિકર) ! હે તીર્થંકરોના સમૂહ ! વિનાશ કર્યો છે (અર્થાત્ જલાંજલિ આપી છે) મૈથુનને તેમજ પાપને જેણે એવો તેમજ તેજ વડે તિરોહિત કર્યો છે ચન્દ્રને જેણે એવા મુખને ધારણ કરનારો તું સજ્જનોને મુક્તિ અર્પણ કર. "—૨૨.

जिनागमस्य स्तुतिः—

गम्भीरशब्दभर ! गर्वितवादिघूक-
वीथीकृतान्तजनकोपम ! हारिशान्तिः ।
त्रायस्व मां जिनपतेः प्रवरापवर्ग-
वीथी कृतान्त ! जनकोपमहारिशान्तिः ॥ २३ ॥

—वसन्त०

विवरणम्

हे जिनपतेः कृतान्त !—सिद्धान्त ! त्वं मां त्रायस्व—रक्ष । गम्भीरः शब्दानां भरः—समूहो यत्र तत्सं० । गर्विता—गर्ववती या वादिघूकानां वीथी—राजी तस्यां कृतान्तजनकस्य—रवेः उपमा यस्य तत्सं० । त्वं किंविशिष्टः ? हारिणी—रम्या शान्तिः—शिवं यस्मात् सः । पुनः किं० ? प्रवरा—प्रधाना अपवर्गस्य—मोक्षस्य वीथी—मार्गः । पुनः किं० ? जनानां कोपरूपमहारेः—शत्रोः शान्तिः—शमनं यस्मिन् सः ॥ २३ ॥

अन्वयः

(हे) गम्भीर—शब्द—भर ! गर्वित—वादिन्—घूक—वीथी—कृतान्तजनक—उपम ! जिन—पतेः कृतान्त ! हारिन्—शान्तिः, प्रवर—अपवर्ग—वीथी, जन—कोप—महत्—अरि—शान्तिः (त्वं) मां त्रायस्व ।

શબ્દાર્થ

गम्भीर=ગંભીર.
शब्द=શબ્દ.
भर=સમૂહ.
गम्भीरशब्दभर !=ગંભીર શબ્દોનો સમૂહ છે જેને વિષે એવા ! (સં૦)
गर्वित=અહંકારી, ગર્વિષ્ટ, અભિમાની.
वादिन्=વાદી.
घूक=ઘૂવડ.
वीथी=પંક્તિ, હાર.
कृतान्त=યમ.
जनक=પિતા, બાપ.
कृतान्तजनक=યમ-પિતા, સૂર્ય.
उपमा=ઉપમા.
गर्वितवादिघूकवीथीकृतान्तजनकोपम != હે ગર્વિષ્ઠ વાદીરૂપ ઘુવડોની શ્રેણિ પ્રતિ સૂર્યની ઉપમાવાળો !
हारिन्=મનોહર, રમ્ય.
शान्ति=કલ્યાણ.
हारिशान्तिः=મનોહર કલ્યાણ છે જેથી એવો.
त्रायस्व (धा० त्रै)=તું પરિપાલન કર.
मां (मू० अस्मद्)=મને.
पति=સ્વામી, નાથ.
जिनपतेः=જિનેશ્વરના, તીર્થંકરના.
प्रवर=ઉત્તમ.
अपवर्ग=મોક્ષ.
वीथी=માર્ગ, રસ્તો.

प्रवरापवर्गवीथी=મોક્ષના ઉત્તમ માર્ગરૂપ.
कृतान्त ! (मू० कृतान्त)=હે સિદ્ધાન્ત !
महत्=મોટો.
शान्ति=શમન, નાશ.
जनकोपमहारिशान्तिः=માનવોના ક્રોધરૂપી મહાન્ વૈરીનો નાશ છે જે દ્વારા એવો.

શ્લોકાર્થ

જિનાગમની સ્તુતિ—

"ગંભીર શબ્દોનો સમૂહ છે જેમાં એવા હે (આગમ) ! હે અભિમાની વાદીરૂપ ઘુવડની પંક્તિને પરાસ્ત કરવામાં સૂર્યની ઉપમાવાળા (પ્રવચન) ! હે તીર્થંકરના સિદ્ધાન્ત ! મનોહર કલ્યાણ [મળે] છે જે દ્વારા એવો, તથા મોક્ષના સર્વોત્તમ માર્ગરૂપ એવો તેમજ માનવોના ક્રોધરૂપી કટ્ટા શત્રુને શાંત કરનારો (અર્થાત્ તેને નષ્ટ કરનારો) એવો તું મારું [ભવ-ભ્રમણથી] રક્ષણ કર."—૨૩

श्रीश्यामायाः स्तुतिः—

या सेव्यते स्म दनुजैर्वरदायिवक्त्र-
श्यामावरा सुरवशोचितदैत्यरामा ।
श्यामं निरस्यतु ममेयमनन्तशोकं
'श्यामा' वरा सुरवशोचितदैत्य रामा ॥ २४ ॥ ६ ॥

—वसन्त०

विवरणम्

इयं श्यामानाम्नी सुरी मम अनन्तशोकं निरस्यतु—क्षिपतु । शोकं किंविशिष्टं ? श्यामं—कृष्णम् । श्यामा किंविशिष्टा ? वरा—उत्कृष्टा । पुनः किं० ? सुरवैः—अविच्छिन्नध्वनिभिः शोचिताः—शोकं नीता दैत्यरामाः—असुराङ्गना यया । सा का ? या सुरवशा—देवी दनुजैः—दानवैः सेव्यते स्म । एत्य—आगत्य । या किं० ? वरदायी—वाञ्छितप्रदो वक्त्रश्यामावरो—मुखेन्दुः यस्याः सा । पुनः किं० ? उचितदा—योग्यवस्तुप्रदा । पुनः किं० ? रामा—रमणीया ॥ २४ ॥

अन्वयः

या वर-दायिन्-वक्त्र-श्यामा-वरा, उचित-दा, रामा सुर-वशा दनुजैः सेव्यते स्म, (सा) इयं सु-रव-शोचित-दैत्य-रामा वरा 'श्यामा' एत्य मम श्यामं अनन्त-शोकं निरस्यतु ।

---

१ 'मनोहर-कल्याण-दायकै' इत्यपिकोऽपि पाठः ।

શબ્દાર્થ

सेव्यते स्म (धा० सेव्)=સેવાતી હતી.
दनुजैः (मू० दनुज)=દાનવો વડે.
वर=વરદાન, અભીષ્ટ.
दायिन्=અર્પણ કરનાર.
वक्त्र=વદન, મુખ.
श्यामा=રજની.
वर=નાથ, કાન્ત.
श्यामावर=રજની-કાન્ત, ચન્દ્ર.
वरदायिवक्त्रश्यामावरा=વરદાન દેનારૂં છે વદન-ચન્દ્ર જેનું એવી.
सु=શ્રેષ્ઠતાવાચક શબ્દ.
रव=ધ્વનિ, અવાજ.
शोचित (धा० शुच्)=શોકગ્રસ્ત કરેલ, દિલગીર બનાવેલ.
दैत्य=દાનવ.
सुरवशोचितदैत्यवरामा=મધુર ધ્વનિ વડે શોકાતુર કરી છે દૈત્યોની પત્નીઓને જેણે એવી.
श्यामं (मू० श्याम)=કૃષ્ણ.
निरस्यतु (धा० अस्)=નિરાસ કરો, દૂર કરો.
[illegible] (मू० [illegible])=[illegible].
अनन्त=અપાર.
शोक=શોક, દિલગીરી.
अनन्तशोकं=અપાર શોકને.
श्यामा=શ્યામા (દેવી).
वरा (मू० वर)=ઉત્કૃષ્ટ, પ્રધાન.
वशा=સ્ત્રી.
सुरवशा=દેવી.
उचित=યોગ્ય.
उचितदा=યોગ્ય (વસ્તુ)ની આપનારી.
[illegible] (धा० [illegible])=આપીને.
रामा (मू० राम)=રમણીય, મનોહર.

શ્લોકાર્થ

શ્યામા દેવીની સ્તુતિ—

"વરદાન દેનારૂં છે વદન-ચન્દ્ર જેનું એવી, તથા યોગ્ય (વસ્તુઓ)ને આપનારી તેમજ મનોહર એવી જે દેવીની દાનવો સેવા કરતા હતા, (તે) આ સર્વોત્તમ શ્યામા (દેવી) કે જેણે અસુરોની અંગનાઓને સુસ્વર વડે (પરાસ્ત કરીને) શોકાતુર બનાવી છે, તે (દેવી અત્ર) આવીને મારા કૃષ્ણ (અર્થાત્ અતિશય [illegible]) એવા અપાર શોકને દૂર કરો."—૨૪

સ્પષ્ટીકરણ

શ્યામા દેવીનું સ્વરૂપ—

શ્યામા એ છઠ્ઠા તીર્થંકર શ્રીપદ્મપ્રભની શાસનદેવીનું નામ છે. એનું વધારે પ્રચલિત નામ તો અચ્યુતા છે. તેનું સ્વરૂપ પ્રવચન-સારોદ્ધાર (પત્રાંક ૯૪)માં નીચે મુજબ આપ્યું છે:—

આ દેવીનો વર્ણ શ્યામ છે, વળી તેને મનુષ્યનું વાહન છે તેમજ તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ [illegible] શોભે છે, જ્યારે ડાબા બે હાથ બીજોરા અને અંકુશથી અલંકૃત છે.

આચાર-દિનકરમાં આ દેવીના સંબંધમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"श्यामा चतुर्भुजधरा नरवाहनस्था
पाशं तथाच वरदं करयोर्दधाना ।
[illegible] बीजपूरं
तीक्ष्णाङ्कुशं च करयोः [illegible] ॥"

७ श्रीसुपार्श्वजिनस्तुतयः

श्रीसुपार्श्वनाथस्य सेवायाः फलम्—

यं प्रास्तवीदतिशयानमृताशनानां
कान्ता रसारसपदं परमानवन्तम् ।
विज्ञः श्रियं भजति कां न नतः 'सुपार्श्वं'
कां तारसारसपदं परमानवन्तम् ॥ २५ ॥

—वसन्त०

विवरणम्

तं सुपार्श्वं—सप्तमजिनं नतः—प्रणतः सन् विज्ञः—प्राज्ञः कां कां श्रियं—रमां न भजति—न श्रयति ? अपितु सर्वां रमां श्रयति । सुपार्श्वं किंविशिष्टं ? तारं—सुन्दरं सारसं—कमलं तद्वत् पादौ यस्य तम् । पुनः किं० ? परं—प्रकृष्टं मानं—पूजा तद्वन्तम् । तं कं ? यं जिनं अमृताशनानां—देवानां कान्ता प्रास्तवीत्—स्तौति स्म । कान्ता किंविशिष्टा ? रसायां—पृथिव्यां ये रसाः—शृङ्गारादयः तेषां पदं—स्थानम् । यं किं कुर्वन्तं ? अवन्तं—रक्षन्तम् । कान् ? अतिशयान् । किंविशिष्टान् ? परमान्—उत्कृष्टान् ॥ २५ ॥

अन्वयः

परमान् अतिशयान् अवन्तं यं अमृत-अशनानां रसा-रस-पदं कान्ता प्रास्तवीत, (तं) तार-सारस-पदं पर-मान-वन्तं 'सुपार्श्वं' नतः विज्ञः कां कां श्रियं न भजति ?।

શબ્દાર્થ

यं (मू० यद्)=જેને.
प्रास्तवीत् (धा० स्तु)=સ્તુતિ કરી.
अतिशयान् (मू० अतिशय)=અતિશયોને.
अमृत=અમૃત.
अशन=ભોજન.
अमृताशनानां=અમૃતનું ભોજન કરનારાની, દેવોની.
रसा=પૃથ્વી.
पद=સ્થાન.

रसारसपदं=પૃથ્વીના રસોના સ્થાનરૂપ.
परमान् (मू० परम)=શ્રેષ્ઠ.
अवन्तं (मू० अवत)=રક્ષણ કરનારા.
विज्ञः (मू० विज्ञ)=વિદ્વાન્, પણ્ડિત.
श्रियं (मू० श्री)=લક્ષ્મીને, સંપત્તિને.
भजति (धा० भज्)=ભોગવે છે.
कां (मू० किम्)=કઇ.
न=નહિ.

नतः (मू० नत)=પ્રણામ કરેલ.
सुपार्श्वं (मू० सुपार्श्व)=સુપાર્શ્વ (નાથ)ને.
तार=મનોહર, સુન્દર.
पद्=ચરણ.
सारस=પદ્મ, કમલ.
तारसारसपदं=સુંદર કમલોનાં જેવાં ચરણો છે જેનાં એવા.
पर=ઉત્તમ.
मान=પૂજા.
परमानवन्तं=ઉત્તમ પૂજાથી યુક્ત.

શ્લોકાર્થ

શ્રીસુપાર્શ્વનાથની સેવાનું ફળ—

"(ચોત્રીસ) ઉત્કૃષ્ટ અતિશયોનું રક્ષણ કરનારા (અર્થાત્ સર્વદા અતિશયોથી યુક્ત) એવા જે (સપ્તમ તીર્થંકર)ની, પૃથ્વીને વિષે (રહેલા શૃંગારાદિ) રસોના સ્થાનરૂપ એવી દિવ્યાંગના સ્તુતિ કરતી હવી, તે સુન્દર કમલોનાં સમાન ચરણોવાળા તેમજ પરમ પૂજાથી યુક્ત (અર્થાત્ અત્યંત પૂજનીય) એવા સુપાર્શ્વ(નાથ)ને પ્રણામ કરનારો વિદ્વાન્ કઇ કઇ સંપત્તિને ભોગવતો નથી ?"—૨૫

સ્પષ્ટીકરણ

સુપાર્શ્વનાથ-ચરિત્ર—

શ્રીલક્ષ્મણગણિએ આશરે નવ હજાર શ્લોક પ્રમાણનું સુપાર્શ્વનાથ-ચરિત્ર પ્રાકૃત ભાષામાં રચ્યું છે. એને सुपासनाहचरिअं તરીકે ઓળખવામાં આવે છે. આ ગ્રન્થ ત્રણ ભાગમાં છાપવામાં આવ્યો છે અને પંડિત હરગોવિન્દદાસે તેનું સંશોધન કરવા ઉપરાંત તે ગ્રન્થના ઉપર સંસ્કૃત છાયા પણ લખી છે. આ તીર્થંકરના ચરિત્ર ઉપર સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૯૯-૧૦૦) પણ પ્રકાશ પાડે છે.

जिनपतिभ्यः प्रणामः—

निःशेषदोषरजनीकजिनीशमास-
　संसारपारगतमण्डलमानमारम् ।
प्राज्यप्रभावभवनं भुवनातिशायि-
　सं सारपारगतमण्डलमानमारम् ॥ २६ ॥

—वसन्त०

विवरणम्

हे नर ! त्वं सारपारगतमण्डलं-जिनव्रजं आनम-नमस्कुरु । अरं-अत्यर्थम् । मण्डलं किंविशिष्टं ? निःशेषाः-सर्वे दोषा-मिथ्यात्वादयः त एव रजन्यो-रात्रयः तासु कजिनीशं-

रविम् । पुनः किं० ? आप्तः संसारस्य-भवस्य पारः-पर्यन्तो येन तत्, मण्डल-महत्-कच्छादि-रोगविशेषः मानः-स्मयो मारो-मदनश्च यस्मात् तत्, पश्चात् पूर्वविशेषणेन कर्मधारयः । पुनः किं० ? प्राज्यप्रभावस्य-प्रौढमहिम्नो भवनं-गृहम् । पुनः किं० ? भुवनातिशायिनी-जगति अतिशयवती सा-ज्ञानसम्पद् यस्य तत् ॥ २९ ॥

अन्वयः

निःशेष-दोष-रजनी-कजिनी-ईशं, आप्त-संसार-पार-गतमण्डल-मान-मारं, प्राज्य-प्रभाव-भवनं, भुवन-अतिशायिन्-सं सार-पारगत-मण्डलं अरं आनम ।

शब्दार्थ

दोष=दोष.
रजनी=रात्रि, रात.
कजिनी=कमलिनी, पद्म-लता.
कजिनीश=सूर्य.
निःशेषदोषरजनीकजिनीशं=समस्त दोषरूपी रात्रि प्रति रविसमान.
आप्त (धा० आप्)=प्राप्त, मेळवेल.
संसार=संसार, भव.
पार=अन्त, छेडो.
गत (धा० गम्)=गयेल.
मण्डल=कोढ, एक जातनो रोग.
मार=मदन, कामदेव.
आप्तसंसारपारगतमण्डलमानमारं=प्राप्त कर्यो छे संसारनो अन्त जेमणे एवा तेमज गयां छे कोढ, गर्व अने मदन जेमनां एवा.
प्राज्य=प्रौढ, अत्यंत.
प्रभाव=प्रभाव, महिमा.
भवन=गृह.
प्राज्यप्रभावभवनं=प्रौढ प्रभावना गृहरूप.
भुवन=जगत्, दुनिया.
अतिशायिन्=अतिशयथी युक्त.
भुवनातिशायिसं=जगत्‌ने विषे अतिशयथी युक्त छे लक्ष्मी जेमनी एवा.
पारगत=जिन, तीर्थंकर.
मण्डल=समुदाय.
सारपारगतमण्डलं=श्रेष्ठ एवा तीर्थंकरोना समुदायने.
आनम (धा० नम्)=तुं नमस्कार कर.
अरं=शीघ्र, सत्वर.

श्लोकार्थ

जिनपतिओने प्रणाम—

" समस्त दोषरूपी रात्रिनो (अंत आणवामां) रविसमान एवा, तथा प्राप्त कर्यो छे संसारनो अन्त जेमणे एवा (अर्थात् संसारनो पार पामेला), तेमज नाश कर्यो छे कोढ, दर्प अने कंदर्पनो जेमणे एवा, अने वळी महामहिमाना धामरूप तेमज जगत्‌ने विषे अतिशययुक्त छे (केवल-ज्ञानरूपी) लक्ष्मी जेमनी एवा श्रेष्ठ तीर्थपतिओना समुदायने (हे भव्य !) तुं नमस्कार कर."—२९

प्रवचन-प्रणामः—

सर्वार्थसार्थखचितं रचितं यतीन्द्र-
भारा ! जिनेन मतमानतमानवेनम् ।
हेलावहेलितकुकर्म शिवाय शर्म-
भाराजिने नमत मानतमानवेनम् ॥ २७ ॥

—वसन्त०

विवरणम्

हे यतीन्द्रभाराः !-सूरिसङ्घाः ! यूयं शिवाय-मोक्षाय मतं-प्रवचनं नमत-नमस्कुरुत । मतं किं० ? सर्वार्थानां-सर्वपदार्थानां सार्थः-समूहः तेन खचितं-व्याप्तम् । पुनः किं० रचितं-निर्मितम् । केन ? जिनेन । पुनः किं० ? आनताः-प्रणता मानवेना-नरेन्द्रा यस्य तत् । पुनः किं० ? हेलया-लीलया अवहेलितं-अवगणितं कुकर्म-पापकर्म येन तत् । शिवाय किंविशिष्टाय ? शर्मभया-सुखप्रभया राजिने-शोभिने । मतं किं० ? मानो-गर्व एव तमा-रात्रिस्तत्र नवेनं-नव-रविसमम् ॥ २७ ॥

अन्वयः

(हे) यति-इन्द्र-भाराः ! सर्व-अर्थ-सार्थ-खचितं, जिनेन रचितं, आनत-मानव-इनं, हेला-अवहेलित-कु-कर्म, मान-तमा-नव-इनं मतं शर्म-भा-राजिने शिवाय नमत ।

શબ્દાર્થ

सर्व=સમસ્ત, બધા.
अर्थ=પદાર્થ, વસ્તુ.
खचित (धा० खच)=વ્યાપ્ત.
सर्वार्थसार्थखचितं=સમસ્ત પદાર્થોથી વ્યાપ્ત.
रचितं (मू० रचित)=રચેલું.
इन्द्र=મુખ્ય.
यतीन्द्र=મુનિવર, આચાર્ય, સૂરિ.
भार=સમૂહ.
यतीन्द्रभाराः=હે સૂરિઓના સમૂહો !
मतं (मू० मत)=દર્શનને.
आनत (धा० नम्)=પ્રણામ કરેલ.
इन=સ્વામી.
आनतमानवेनं=પ્રણામ કર્યો છે નૃપતિઓએ જેને એવા.
हेला=લીલા.
अवहेलित=અવગણના કરેલ, તિરસ્કાર કરેલ.
कु=અનિષ્ટવાચક શબ્દ.
कर्मन्=કાર્ય.
हेलावहेलितकुकर्म=લીલાપૂર્વક તિરસ્કાર કર્યો છે પાપને જેણે એવા.
शिवाय (मू० शिव)=મોક્ષને માટે.
शर्मन्=સુખ.

शर्मभाराजिते=સુખની કાંતિ વડે શોભતા.
नमत (धा० नम्)=તમે નમસ્કાર કરો.
क्षमा=નિશા, રાત્રિ.
इन=સૂર્ય.
मानतमानवेनं=અભિમાનરૂપ રાત્રિ પ્રતિ નવીન સૂર્યસમાન.

શ્લોકાર્થ

પ્રવચનને પ્રણામ—

" સમસ્ત પદાર્થોના સમૂહ વડે વ્યાપ્ત એવા, તથા તીર્થંકરે રચેલા (પ્રરૂપેલા) એવા, વળી નમસ્કાર કર્યો છે નરેન્દ્રોએ જેને એવા, તથા લીલાપૂર્વક તિરસ્કાર કર્યો છે પાપનો જેણે એવા તેમજ ગર્વરૂપી રાત્રિનો અંત આણવામાં નવીન (અર્થાત્ ઉદય પામતા) સૂર્ય-સમાન એવા સિદ્ધાન્તને હે સૂરિઓના સમુદાયો ! તમે સુખની પ્રભા વડે સુશોભિત એવા મોક્ષને માટે પ્રણામ કરો."—૨૭

સ્પષ્ટીકરણ

શું મુક્તમાં સુખ છે ?—

કેટલાકોની એવી માન્યતા છે કે મુક્તિમાં વાડી, ગાડી કે લાડી નહિ હોવાથી ત્યાં સુખ સંભવી શકે નહિ. આ વાત એક રીતે ખરી છે, કેમકે અષ્ટ કર્મથી મુક્ત થયેલા જીવને ત્યાં અવાસ્તવિક–પૌદ્ગલિક સુખનો સંભવ નથી. પરંતુ મુક્તિમાં આત્મિક–નૈસર્ગિક સુખનો પણ અભાવ છે એમ માનવું તો સયુક્તિક નથી. આ પરત્વે અત્ર વિચાર કરવો આવશ્યક સમજાય છે.

એ તો સહજ સમજી શકાય છે કે દરેક પ્રાણી સુખની અભિલાષા રાખે છે. આવી પરિસ્થિતિમાં કયો વિદ્વાન્ સુખથી રહિત એવી મુક્તિને સારૂ પ્રયત્ન કરે ? કેમકે જે મુક્તાવસ્થામાં જીવ પાષાણ જેવો જડરૂપજ બની જાય, તે મુક્તાવસ્થા કરતાં તો સાંસારિક અવસ્થા હજાર દરજ્જે સારી. કારણ કે આ સંસારમાં તો ક્વચિત્ પણ સુખનો લાભ મળી શકે છે. આથી કરીને તો ગૌતમ મહર્ષિએ કહ્યું છે કે—

" वरं वृन्दावने रम्ये, क्रोष्टुत्वमभिवाञ्छितम् ।
न तु वैशेषिकीं मुक्तिं, गौतमो गन्तुमिच्छति ॥ "

અર્થાત્–રમણીય વૃન્દાવનમાં શિયાળ તરીકે ઉત્પન્ન થવાની અભિલાષા રાખવી એ વૈશેષિકે માનેલી મુક્તિ મેળવવાની ઇચ્છા રાખવા કરતાં વધારે પસંદ કરવા જેવું છે અને એથી કરીને તો ગૌતમ આવી મુક્તિમાં જવા ઇચ્છતા નથી.

અત્ર એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે " दुःखात्यन्ताभावो हि मोक्षः " અર્થાત્ " દુઃખનો અત્યંત અભાવ એ મોક્ષ છે" એમ માનવામાં આવે તો શું વાંધો છે ? આના સમાધાનમાં સમજવું કે દુઃખરહિત બનવાનો પ્રયાસ કરવામાં પણ એ હેતુ સમાયેલો છે કે તેમ કરવાથી સુખ પ્રાપ્ત થાય; બાકી તો મૂર્ચ્છા, નિદ્રા ઇત્યાદિ અવસ્થામાં શું દુઃખનો અભાવ અનુભવાતો નથી વારૂ ?

કહ્યું પણ છે કે –

“ दुःखाभावोऽपि नावेद्यः, पुरुषार्थतयेष्यते ।
नहि मूर्च्छाद्यवस्थायां, प्रवृत्तो दृश्यते सुधीः ॥ ”

વિશેષમાં, જેમ જીવોને સાંસારિક અવસ્થામાં સુખ ઇષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે, તેમ મોક્ષમાં પણ દુઃખની નિવૃત્તિ ઇષ્ટ છે પરંતુ સુખની નિવૃત્તિ તો નહિજ.

અત્ર એ દલીલ કરવી નિરર્થક છે કે મુક્તાવસ્થામાં સુખ માનવામાં તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરનારા આત્માને રાગરૂપ દૂષણ લાગૂ પડશે અને તેમ થતાં તેને મુક્તિ મળી શકશે નહિ. કારણ કે આવી પરિસ્થિતિમાં તો મુક્તિમાં દુઃખનો અભાવ હોવાથી એવી મુક્તિ મેળવવાને માટે મહેનત કરનારા દુઃખના દ્વેષી બનવાથી તેઓ પણ મુક્તિ નહિ મેળવી શકે એમ કેમ ન માનવું એવો પ્રશ્ન ઉદ્ભવે છે, કેમકે બન્ને સ્થળે ન્યાય તો સમાન છે.

વિશેષમાં એ ધ્યાનમાં રાખવું કે જ્યાં સુધી ક્ષપક શ્રેણિમાં આરૂઢ ન થવાય ત્યાં સુધીજ મોક્ષની અભિલાષારૂપી રાગ રહી શકે છે અને આવી ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત થતાં રાગ તો સ્વયં પલાયન કરી જાય છે. એટલે સુખસંવેદનરૂપ મોક્ષ માનવામાં દોષને સારૂ અવકાશ રહેતો નથી.

વળી “अशरीरं वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः” (છાન્દો૦ ૮।૧૨।૧) અર્થાત્ અશરીરી મુક્ત જીવનો પ્રિય–અપ્રિય (સુખ–દુઃખ) સ્પર્શ કરતા નથી, એ ઉપરથી કંઇ મુક્તિમાં વાસ્તવિક સુખનો અભાવ સિદ્ધ થતો નથી, પરંતુ એક બીજાની સાથે સંબંધ ધરાવનારા, અદૃષ્ટ પરિપાકરૂપ વિષય–જન્ય સાંસારિક સુખ–દુઃખોનો મુક્તિમાં અભાવ છે એમ સમજવું યુક્તિ–યુક્ત છે. પરંતુ વેદનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન અનાસ, ક્ષાયિક, વિષયોથી વિરક્ત, પારમાર્થિક, નિરતિશય, નિરપેક્ષ, અક્ષય, અનન્ત, આત્યન્તિક, આત્મિક સુખનો અભાવ માનવો ઇષ્ટ નથી. વળી આ કથનને નીચેનું વાક્ય પણ ટેકો આપે છે.

“ सुखमात्यन्तिकं यत्र, बुद्धिग्राह्यमतीन्द्रियम् ।
तं वै मोक्षं विजानीयात्, दुष्प्रापमकृतात्मभिः ॥”

અર્થાત્–જ્યાં આત્યન્તિક, બુદ્ધિ–ગ્રાહ્ય, અતીન્દ્રિય અને અકૃત આત્માઓને દુર્લભ એવું સુખ હોય, તેને ‘ મોક્ષ ’ જાણવો.

હવે આ પ્રકરણ આપણે સમાપ્ત કરીએ તે પૂર્વે એટલું નિવેદન કરવું ઉચિત સમજાય છે કે આથી કરીને મુક્તિમાં નૈસર્ગિક સુખનો અભાવ માનનારે પૂર્ણ વિચાર કરવો જોઈએ.

शान्तादेव्याः स्तुतिः—

भक्तिं बभार हृदये जिनसामजानां
　शान्ताशिवं शमवतां वसुधामदेहा ।
सीमन्तिनी क्रतुभुजां कुरुतां सदा सा
　‘ शान्ता ’ शिवं शमवतां वसुधामदेहा ॥ ९८ ॥ ७ ॥

—वसन्त०

विवरणम्

सा शान्तानाम्नी (देवी) शमवतां–साधूनां शिवं–कुशलं कुरुतां–दिशतु । सदा–सर्वदा । शान्ता किंविशिष्टा ? क्रतुभुजां सीमन्तिनी–दवी । पुनः किं० ? वसूनां–रुचीनां धाम–गृहं देहं यस्याः सा । सा का ? या जिनसामजानां–जिनेन्द्राणां भक्तिं हृदये–हृदि बभार–दधौ । जिनसामजानां किं कुर्वतां ? अवतां–धरताम् । किं ? शं–सुखम् । शं किं० ? शान्तं–शमितं अशिवं–अमङ्गलं येन तत् । या किं० ? वसुधायां–भुवि ये आमा–रोगाः तच्छेदिनी ईहा–वाञ्छा यस्याः सा ॥ २८ ॥

अन्वयः

वसुधा–आम–दा–ईहा (या) शान्त–अशिवं शं अवतां जिन–सामजानां भक्तिं हृदये बभार, सा वसु–धाम–देहा क्रतु–भुजां सीमन्तिनी शान्ता शमवतां शिवं सदा कुरुताम् ।

શબ્દાર્થ

भक्तिं (मू० भक्ति)=ઉપાસનાને, સેવાને.
बभार (धा० भृ)=ધારણ કરી.
हृदये (मू० हृदय)=હૃદયમાં.
सामज=કુંજર, હાથી.
जिनसामजानां=જિનરૂપી કુંજરોની.
शान्त (धा० शम्)=શમાવી દીધેલ, નષ્ટ કરેલ.
अशिव=અમંગલ.
शान्ताशिवं=નાશ પામ્યાં છે અમંગલો જેનાથી એવા.
शं=સુખને.
अवतां (मू० अवत्)=રાખનારા.
वसुधा=વિશ્વ, ભૂમંડળ.
दा=છેદવું, કાપવું.
ईहा=વાંછા, ઇચ્છા.
वसुधामदेहा=ભૂમંડળના રોગોને છેદવાની વાંછાવાળી.
सीमन्तिनी=લલના, સ્ત્રી.
क्रतु=યજ્ઞ.
भुज=ભક્ષણ કરવું.
क्रतुभुजां (मू० क्रतुभुज्)=દેવોની.
कुरुतां (धा० कृ)=કરો.
सदा=હમેશાં.
शान्ता=શાન્તા (દેવી).
शिवं (मू० शिव)=કલ્યાણ.
शम=ઉપશમ, પ્રશમ.
शमवतां (मू० शमवत्)=ઉપશમધારીઓનું.
वसु=તેજ.
धामन्=ગૃહ.
देह=શરીર.
वसुधामदेहा=તેજના ગૃહરૂપ છે શરીર જેનું એવી.

શ્લોકાર્થ

શાન્તા દેવીની સ્તુતિ—

" ભૂમંડલ વિષેના (સમસ્ત) રોગોને નષ્ટ કરવાની અભિલાષાવાળી જે (શાન્તા દેવીએ), નાશ પામ્યાં છે અમંગલો જે દ્વારા એવા સુખને ધારણ કરનારા જિનરૂપી કુંજરોની

સેવા હૃદયમાં ધારણ કરી, તે, કાંતિના ગૃહરૂપ શરીરવાળી દિવ્યાંગના શાન્તા (દેવી) ઉપશમધારી (માનવો)નું સર્વદા કલ્યાણ કરો. "—૨૮

સ્પષ્ટીકરણ

ઉપશમ—

જે અવસ્થામાં અનન્તાનુબન્ધી (અર્થાત્ અતિશય મલિન તેમજ અત્યંત અનર્થકારી) એવા ક્રોધ, માન, માયા અને લોભરૂપી ચાર કષાયો ઉદયમાં ન હોય, તે અવસ્થાને ' ઉપશમ ' યાને ' શમ ' કહેવામાં આવે છે.

શાન્તા દેવી—

સાતમા તીર્થંકર શ્રીસુપાર્શ્વનાથની શાસન-દેવીને શાન્તાના નામથી ઓળખવામાં આવે છે. આનો વર્ણ સુવર્ણની જેમ પીળો છે અને એને હાથીનું વાહન છે. વિશેષમાં એને ચાર હાથ છે. તેના જમણા બે હાથમાં વરદ અને અક્ષ-સૂત્ર છે, જ્યારે ડાબા બે હાથમાં શૂલ અને અભય છે. આ વાતની આચાર-દિનકર પણ સાક્ષી પૂરે છે. કેમકે ત્યાં કહ્યું છે કે—

" गजारूढा पीता द्विगुणभुजयुग्मेन सहिता
लसन्मुक्तामालां वरदमपि सव्यान्यकरयोः ।
वहन्ती शूलं चाभयमपि च सा वामकरयो–
र्निशान्तं भद्राणां प्रतिदिशतु शान्ता सदुदयम् ॥ "

—પત્રાંક ૧૭૬.

८ श्रीचन्द्रप्रभजिनस्तुतयः

अथ श्रीचन्द्रप्रभप्रभोः प्रार्थना—

पूज्यार्चितश्चतुरचित्तचकोरचक्र–
चन्द्र ! प्रभावभवनं दितमोहसारः ।
संसारसागरजले पुरुषं पतन्तं
'चन्द्रप्रभाऽव भवनन्दितमोहसारः ॥ २९ ॥

—वसन्त०

विवरणम्

हे चन्द्रप्रभ ! त्वं पुरुषं अव–रक्ष । त्वं किं० ? पूज्यैः–अर्च्यैः अर्चितो–महितः । चतुराणां–विदुषां चित्तानि–मनांसि तान्येव चकोराः तेषां चक्रे–चये चन्द्रसमः तत्सं० । त्वं किं० ? प्रभावस्य–अनुभावस्य भवनं–गृहम् । पुनः किं० ? दितं–भिन्नं मोहस्य सारं–धनं येन सः । पुरुषं किं० ? पतन्तं–मज्जन्तम् । क्व ? संसारसागरजले–भवाब्धिनीरे । त्वं किं० ? भवनन्दिसंसारवर्धकं यत् तमः–पापं तद् हन्तृ सारं–बलं यस्य सः ॥ २९ ॥

अन्वयः

(हे) चतुर–चित्त–चकोर–चक्र–चन्द्र ! चन्द्रप्रभ ! पूज्य–अर्चितः, प्रभाव–भवनं, दित–मोह–सारः, भव–नन्दिन्–तमस–हन्–सारः (त्वं) संसार–सागर–जले पतन्तं पुरुषं अव ।

શબ્દાર્થ

पूज्य=પૂજનીય, અર્ચનપાત્ર.
अर्चित (धा० अर्च्)=પૂજાયેલ.
पूज्यार्चितः=પૂજનીય વડે પૂજાયેલ.
चतुर=નિપુણ.
चित्त=મન.
चकोर=ચકોર (પક્ષી).
चक्र=સમુદાય.
चन्द्र=ચન્દ્રમા.
चतुरचित्तचकोरचक्रचन्द्र !=હે નિપુણના મન-રૂપી ચકોર-ચક્ર પ્રતિ ચન્દ્રમાના સમાન !
प्रभावभवनं=માહાત્મ્યના ગૃહરૂપ.
दित (धा० दो)=કાપી નાંખેલ, છેદી નાંખેલ.
सार=ધન.
दितमोहसारः=છેદી નાંખ્યું છે મોહરૂપી ધન જેણે એવા.
सागर=સમુદ્ર, દરિયો.
जल=પાણી.
संसारसागरजले=સંસારરૂપી સમુદ્રના પાણીમાં.
पुरुषं (मू० पुरुष)=મનુષ્યને.
पतन्तं (मू० पतत)=પડતા.

चन्द्रप्रभ !=હે ચન્દ્રપ્રભ !
नन्दिन्=આનંદી.
सार=પરાક્રમ, બલ
भवनन्दितमोहसार:=સંસાર પ્રતિ આનંદી એવા પાપનો નાશ કરનારૂં છે પરાક્રમ જેનું એવા.

શ્લોકાર્થ

શ્રીચન્દ્રપ્રભ પ્રભુની પ્રાર્થના—

"ચતુર (જનો)ના ચિત્તરૂપ ચકોર—ચકને (આનંદિત કરવામાં) ચન્દ્ર (સમાન અષ્ટમ તીર્થંકર)! હે ચન્દ્રપ્રભ! પૂજ્યો વડે પૂજાયેલો તથા મહિમાના ધામરૂપ, વળી નાશ કર્યો છે અજ્ઞાનરૂપી ધનનો જેણે એવો તેમજ વળી સંસાર પ્રતિ હર્ષ ધારણ કરનારા (અર્થાત્ ભવવર્ધક) પાપનો નાશ કરનારૂં પરાક્રમ છે જેનું એવો તું સંસારરૂપી સમુદ્રના જલમાં પડતા (અર્થાત્ ડૂબી મરતા) મનુષ્યનું રક્ષણ કર."—૨૯

સ્પષ્ટીકરણ

શ્રીચન્દ્રપ્રભ-ચરિત્ર—

ચન્દ્રપ્રભ-ચરિત્રો તો ઘણા મુનિવરોએ રચ્યાં છે. તેમાં **યશોદેવ, હરિભદ્ર, દેવેન્દ્રસૂરિ** અને **સર્વાનંદ** એ ચારનાં નામો પ્રસિદ્ધ છે.

तीर्थंकरनिकरप्रणिपातः—

तीर्थेशसार्थ ! नतिरस्तु भवत्युदारा-
ऽऽरम्भागसामज ! समाननतारकान्ते ! ।
सन्दोहराहुबलनिर्मथने तमःसं-
रम्भागसामऽजसमान ! नतारकान्ते ॥ ३० ॥

—वसन्त०

विवरणम्

हे तीर्थेशसार्थ !-जिनौघ ! भवति-भवद्विषये नतिरस्तु-प्रणामोऽस्तु । नतिः किं० ? उदारा-स्फारा । (ती०सार्थः किं० ?) आरम्भो-जीवहिंसा तल्लक्षणे अगे-वृक्षे सामजो-हस्ती तत्सं० । समा-समग्रा आननस्य-मुखस्य तारा-मनोज्ञा कान्तिः-श्रीर्यस्य तत्सं० । हे अजसमान !-कृष्णसम !। क्व ? सन्दोहः-समूहः तद्रूपराहु (हुः तस्य) बलनिर्मथने । केषां ? तमःसंरम्भागसां-शापक्रोधापराधानाम् । भवति किंविशिष्टे ? नतानां पुंसां आरं-वैरिवृन्दं तस्य कस्य-सुखस्य अन्तो-विनाशो यस्मात् तस्मिन् ॥ ३० ॥

अन्वयः

(हे) आरम्भ-अग-सामज ! सम-आनन-तार-कान्ते ! तमस्-संरम्भ-आगसां सन्दोह-राहु-बल-निर्मथने अज-समान ! तीर्थ-ईश-सार्थ ! नत-आर-क-अन्ते भवति उदारा नतिः अस्तु ।

શબ્દાર્થ

तीर्थेशसार्थ !=હે તીર્થંકરોના સમૂહ !
नतिः (મૂ० नति)=પ્રણામ, નમસ્કાર.
भवति (મૂ० भवत्)=આપને વિષે.
उदारा(મૂ० उदार)=અસાધારણ.
आरम्भ=પાપમય આચરણ.
अग=વૃક્ષ, તરૂ.
आरम्भागसामज !=હે પાપમય આચરણરૂપી વૃક્ષ પ્રતિ કુંજર !
सम=સમગ્ર.
आनन=મુખ.
कान्ति=પ્રભા.
समाननतारकान्ते !=હે સમગ્ર છે જેમના મુખની મનોહર પ્રભા એવા ! (સં०)
सन्दोह=સમુદાય
राहु=રાહુ.
निर्मथन=નાશ.
सन्दोहराहुबलनिर्मथने=સમુદાયરૂપી રાહુના પરાક્રમનો નાશ કરવામાં.
संरम्भ=ક્રોધ, કોપ.
आगस्=અપરાધ.
तमःसरम्भागसां=પાપ, ક્રોધ અને અપરાધના.
अज=કૃષ્ણ
समान=જેવા.
अजसमान !=હે કૃષ્ણ જેવા !
आर=વૈરિ-મણ્ડલ, દુશ્મનોની ચોકડી.
नतारकान्ते=પ્રણામ કરેલાના દુશ્મનોના મણ્ડલના સુખનો નાશ છે જેથી એવાને વિષે.

શ્લોકાર્થ

તીર્થંકર-વર્ગને પ્રણામ—

"**હે** (જીવ-હિંસાદિક) પાપમય આચરણરૂપી વૃક્ષને (જડમૂળથી ઉખેડી નાંખવામાં) હસ્તિ-સમાન ! વળી સમગ્ર છે જેમના મુખની મનોહર પ્રભા એવા **હે** (તીર્થ-પતિઓના સમુદાય) ! હે પાપ, કોપ અને અપરાધના સમૂહરૂપી રાહુના પરાક્રમને પરાસ્ત કરવામાં કૃષ્ણસમાન ! હે તીર્થપતિઓના વૃન્દ ! પ્રણામ કરેલા (મનુષ્યો)ના દુશ્મનોના મણ્ડલના સુખનો નાશ કરનારા એવા આપને વિષે (મારા) અસાધારણ પ્રણામ હોઓ."—૩૦

સ્પષ્ટીકરણ

રાહુ-વિચાર

હિંદુ શાસ્ત્રોમા રાહુને એક રાક્ષસ ગણવામાં આવ્યો છે અને સિંહિકા અને વિપ્રચિત્તિને તેનાં માતાપિતા તરીકે ઓળખાવ્યાં છે. વળી ત્યાં કહ્યુ છે કે-સમુદ્રનું મંથન કરવાથી નીકળી આવેલ ચૌદ રત્નોમાંના અમૃત-રત્નનુ દેવો જ્યારે પાન કરતા હતા, તે વખતે છૂપા વેશે રાહુએ પણ રાક્ષસ (દાનવ) હોવા છતાં તેનું પાન કરી લીધું આ વાતની સૂર્ય અને ચન્દ્રને ખબર પડતાં તેમણે તે વાત વિષ્ણુને કહી સંભળાવી આથી વિષ્ણુએ રાહુનું માથું કાપી નાંખ્યું. પરંતુ

થોડા ઘણા અમૃતનો તેણે આસ્વાદ કરેલો હોવાથી તે અમર બની ગયો હતો, એટલે તે હજુ પણ સૂર્ય અને ચન્દ્રના ઉપર તેમને ગ્રહણ કરવારૂપ પોતાનું વેર લઇ શકે છે.

અત્ર કોઇને શંકા થાય કે શ્લોકાર્થમાં તો રાહુને પરાસ્ત કરનાર તરીકે કૃષ્ણનો ઉલ્લેખ કર્યો છે અને અત્ર તો વિષ્ણુનું નામ આપવામાં આવે છે તે શું ન્યાય-સંગત છે? આના સમાધાનમાં સમજવું કે કૃષ્ણ એ વિષ્ણુના મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ આ દશ અવતારો પૈકી આઠમો છે; એટલે ઉપર્યુક્ત હકીકત ન્યાય્ય છે.[1]

जिनवाण्याः स्तुतिः—

सम्यग्दृशामसुमतां निचये चकार
सद्भा रतीरतिवरा मरराजिगे या ।
दिश्यादवश्यमखिलं मम शर्म जैनी
सद्भारती रतिवरामरराजिगेया ॥ ३१ ॥

—वसन्त०

विवरणम्

सा जैनी–जिनसंबन्धिनी सद्भारती–उत्तमवाग् मम शर्म–सुखं दिश्यात्–कुर्यात् । अवश्यं–निश्चितम् । शर्म किं० ? अखिलं–सर्वम् । भारती किंविशिष्टा ? रत्या–सुखेन वराया अमरराज्याः–सुरालया गेया–स्तवनीया । सा का ? या असुमतां–प्राणिनां निचये–निकरे रतीः–सुखानि चकार–करोति स्म । असुमतां किंविशिष्टानां ? सम्यग्दृशां–सम्यक्त्वभृताम् । रतीः किं० ? सती–वरा भा–श्रीः याभ्यः ताः । या किं० ? अतिवरा–अत्युत्कृष्टा । निचये किंविशिष्टे ? मरराज्यां–मरणपरम्परायां (गे) गते ॥ ३१ ॥[2]

अन्वयः

या सत्–भा, अति–वरा (सत्–भारती) सम्यच्–दृशां असुमतां मर–राजि–गे (अथवा मर–रा–आजि–गे) निचये रतीः चकार, (सा) रति–वर–अमर–राजि–गेया जैनी सत्–भारती मम अखिलं शर्म अवश्यं दिश्यात् ।

---

1 સરખાવો નીચેના શ્લોકમાં આપેલું દશે અવતારોનું વર્ણન—

"वेदानुद्धरते जगन्निवहते भूगोलमुद्बिभ्रते
दैत्यं दारयते बलिं छलयते क्षत्रक्षयं कुर्वते ।
पौलस्त्यं जयते हलं कलयते कारुण्यमातन्वते
म्लेच्छान् मूर्च्छयते दशाकृतिकृते कृष्णाय तुभ्यं नमः ॥"

—ગીત-ગોવિન્દ, પ્રથમ શ્લોક.

2 'मरमप्रदयुद्धे गते' इति पाठान्तरं, अर्थान्तरं च ।

शब्दार्थ

सम्यक्=યથાર્થ.
दृश्=દૃષ્ટિ.
सम्यग्दृशां=સમ્યક્ત્વધારીઓના.
असुमतां (मू० असुमत्)=પ્રાણીઓના.
निचये (मू० निचय)=સમૂહને વિષે.
चकार (धा० कृ)=કર્યો.
सद्भा=ઉત્તમ છે પ્રભા જેની એવી.
रतीः (मू० रति)=સુખોને, આનંદોને.
अतिवरा=અત્યુત્તમ, સર્વોત્કૃષ્ટ.
मर=મરણ, મૃત્યુ.
राजि=પરંપરા, શ્રેણિ.
आजि=લડાઈ.
मरराजिगे=(૧)મરણની પરંપરાને પ્રાપ્ત થયેલ, (૨) મૃત્યુદાયક યુદ્ધમાં ગયેલ.
दिश्यात् (धा० दिश्)=અર્પો.
अवश्यं=નક્કી, ખચિત.
अखिलं (मू० अखिल)=સમસ્ત, સંપૂર્ણ.
शर्म (मू० शर्मन्)=સુખને.
जैनी=જિન-વિષયક.
भारती =વાણી.
सद्भारती=ઉત્તમ વાણી.
रति=સુખ.
अमर=દેવ, સુર.
गेय=ગાવા લાયક.
रतिवरामरराजिगेया=સુખે કરીને ઉત્તમ એવી સુરોની શ્રેણિને સ્તુતિ કરવા લાયક.

શ્લોકાર્થ

જિન-વાણીની સ્તુતિ—

" ઉત્તમ લક્ષ્મી (પ્રાપ્ત થઇ શકે) છે જેથી એવી [અથવા સુશોભિત છે પ્રભા જેની એવી] તેમજ અત્યુત્તમ એવી જે (જિન-વાણીએ) મરણની પરંપરાને પ્રાપ્ત થયેલા [અથવા મૃત્યુ-દાયક યુદ્ધમાં ગયેલા] સમ્યગ્દૃષ્ટિ પ્રાણીઓના સમુદાયને વિષે સુખો (ઉત્પન્ન) કર્યાં (અર્થાત્ સમ્યગ્-દૃષ્ટિઓને જન્મ, જરા અને મરણને અગોચર એવી મુક્તિ અપાવી), તે સુખે કરીને શ્રેષ્ઠ એવી સુરોની શ્રેણિને (પણ) સ્તુતિ કરવા યોગ્ય એવી જિન-વિષયક (અર્થાત્ જિનેશ્વરે પ્રરૂપેલી) વાણી મને ખચિત સંપૂર્ણ સુખ સમર્પો."—૩૧

वज्राङ्कुशीदेव्याः स्तुतिः—

अध्यासिता नवसुधाकरबिम्बदन्तं
स्वानेकपं कमलमुक्तघनाघनाभम् ।
' वज्राङ्कुशी ' दिशतु शं समुपात्तपुण्य-
स्वाऽनेकपङ्कमलमुक्तघना घनाभम् ॥ ३२ ॥ ८ ॥

—वसन्त०

विवरणम्

वज्राङ्कुशी-देवी शं-सुखं दिशतु-सृजतु । वज्राङ्कुशी किं० ? अध्यासिता-अधिगता । कं ? स्वानेकपं-निजनागम् । अनेकपं किं० ? नवं यत् सुधाकरबिम्बं-चन्द्रमण्डलं तद्वद् दन्तौ

निर्वाणकलिकायाम् --

"वज्राङ्कुशी कनकवर्णा गजवाहना चतुर्भुजा वरदवज्रयुतदक्षिणकरा मातुलिङ्गाङ्कुशयुक्तवामहस्ता चेति ।

यस्य तम् । पुनः किं० ? कमलेन–जलेन मुक्तो–रहितो घनाघनो–मेघः तन्निभम् । वज्राङ्कुशी किं० ? समुपात्तं–स्वीकृतं पुण्यस्वं–धर्मधनं यया सा । पुनः किं० ? अनेकेन–बहुप्रकारेण पङ्कमलेन–पापकर्दमेन मुक्तः–त्यक्तो घनः–तनुर्यस्याः सा । अनेकपं किं० ? घना–निबिडा आभा–शोभा यस्य तम् ॥ ३२ ॥

अन्वयः

नव–सुधा–कर–बिम्ब–दन्तं, कमल–मुक्त–घनाघन–आभं, घन–आभं स्व–अनेकपं अध्यासिता, समुपात्त–पुण्य–स्वा, अनेक–पङ्क–मल–मुक्त–घना वज्राङ्कुशी शं दिशतु ।

શબ્દાર્થ

अध्यासिता (धा० आस्)=બેઠેલી.
सुधा=અમૃત.
सुधाकर=અમૃતમય કિરણવાળો, ચન્દ્ર.
बिम्ब=મણ્ડલ.
नवसुधाकरबिम्बदन्तं=નવીન ચન્દ્ર–મણ્ડલના જેવા દન્ત છે જેના એવા.
स्व=નિજ, પોતાના.
अनेकप=કુંજર, હાથી.
स्वानेकपं=નિજ કુંજર ઉપર.
कमल=જલ, પાણી.
मुक्त (धा० मुच्)=છોડી દીધેલ.
घनाघन=મેઘ.
कमलमुक्तघनाघनाभं=જલથી રહિત એવા મેઘના સમાન.
वज्राङ्कुशी=વજ્રાંકુશી (દેવી).
दिशतु (धा० दिश्)=આપો.
समुपात्त (धा० दा)=સ્વીકાર કરેલ.
पुण्य=પુણ્ય.
स्व=ધન.
समुपात्तपुण्यस्वा=સ્વીકાર કર્યો છે પુણ્યરૂપી ધનનો જેણે એવી.
अनेक=અનેક.
पङ्क=કાદવ, કીચ્ચડ.
घन=દેહ.
अनेकपङ्कमलमुक्तघना=અનેક (જાતના) પાપ-રૂપ કાદવથી મુક્ત છે દેહ જેનો એવી.
घनाभं=અતિશય છે શોભા જેની એવા.

શ્લોકાર્થ

વજ્રાંકુશી દેવીની સ્તુતિ—

" નવીન ચન્દ્ર–મણ્ડલના સમાન (મનોરંજક) છે દંત જેના એવા, વળી જલ–રહિત મેઘના જેવા (અર્થાત્ શ્વેતવર્ણી) તેમજ અતિશય છે શોભા જેની એવા પોતાના (ઐરાવત સમાન) કુંજર ઉપર આરૂઢ થયેલી એવી, તથા સ્વીકાર્યું છે પુણ્યરૂપી ધન જેણે એવી, તેમજ અનેક (પ્રકારના) પાપરૂપી કાદવથી અલિપ્ત છે દેહ જેનો એવી વજ્રાંકુશી (દેવી) સુખ અર્પો. "—૩૨

સ્પષ્ટીકરણ

વજ્રાંકુશી દેવીનું સ્વરૂપ—

અત્ર પણ આ કવિરાજે **શ્રીશોભનાચાર્યનું** અનુકરણ કર્યું છે. આ **વજ્રાંકુશી** નામની વિદ્યા-દેવીનું સ્વરૂપ નીચે મુજબ છે:—

'વજ્ર અને અંકુશને જે ધારણ કરે તે વજ્રાંકુશી' એ **વજ્રાંકુશી** શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. આ વિદ્યા-દેવીની કાંચનવર્ણી કાયા છે અને તેને હાથીનું વાહન છે. વિશેષમાં તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ વરદ અને વજ્રથી વિભૂષિત છે, જ્યારે ડાબા બે હાથ તો માતુલિંગ (બિજોરું) અને અંકુશથી અલંકૃત છે. આ પ્રમાણેનો ઉલ્લેખ **નિર્વાણકલિકા**માં છે. ત્યાં કહ્યું છે કે—

"तथा **वज्राङ्कुशीं** कनकवर्णां गजवाहनां चतुर्भुजां वरदवज्रयुतदक्षिणकरां मातुलिङ्गाङ्कुशयुक्तवामहस्तां चेति"

આ સંબંધમાં નીચેનો શ્લોક વિચારી લઈએ.

" **निस्त्रिंशवज्रफलकोत्तमकुन्तयुक्त—**
हस्ता सुतप्तविलसत्कलधौतकान्तिः ।
उन्मत्तदन्तिगमना भुवनस्य विघ्नं
वज्राङ्कुशी हरतु वज्रसमानशक्तिः ॥ "

—આચાર૦ પત્રાંક ૧૬૨.

९ श्रीसुविधिजिनस्तुतयः

अथ श्रीसुविधिनाथस्य स्तुतिः—

निर्वाणमिन्दुयशसां वपुषा निरस्त-
रामाङ्गजोऽरुज ! गतः सुविधे ! निधे ! हि ।
विस्तारयन् सपदि शं परमे पदे मां
'रामा'ङ्गजोरु जगतः 'सुविधे !' निधेहि ॥ ३३ ॥

—वसन्त०

विवरणम्

हे सुविधे !–नवमजिन ! त्वं मां परमे पदे–सत्तमे स्थाने निधेहि–स्थापय । त्वं किं० ? । गतः–प्राप्तः । किं ? निर्वाणं–मुक्तिं अथवा सुखम् । त्वं किं० ? वपुषा–शरीरेण निरस्तो–न्यक्कृतो रामाङ्गजो–रम्यकामो येन सः । नास्ति रुजा–रोगो यस्य तत्सं० । शोभनो विधिर्यस्य तत्सं० । हे निधे !–निधान ! । केषां ? इन्दुयशसां–चन्द्रसमकीर्त्तीनाम् । हीति निश्चितम् । त्वं किं कुर्वन् ? विस्तारयन्–तन्वन् । किं ? शं–शर्म । कस्य ? जगतो–विश्वस्य । शं किं० ? उरु–विततम् । सपदि–शीघ्रम् । हे रामाङ्गज !–रामाराज्ञीपुत्र ! ॥ ३३ ॥

अन्वयः

इन्दु–यशसां निधे ! अ–रुज ! सु–विधे ! रामा–अङ्गज ! सुविधे ! निर्वाणं गतः, वपुषा निरस्त–राम–अङ्गजः, जगतः उरु शं सपदि विस्तारयन् (त्वं) मां हि परमे पदे निधेहि ।

શબ્દાર્થ

निर्वाणं (मू० निर्वाण)=(१) મોક્ષને; (૨) સુખને.
इन्दु=ચન્દ્ર.
यशस्=કીર્તિ.
इन्दुयशसां=ચન્દ્રસમાન કીર્તિઓના.
वपुषा (मू० वपुस्)=દેહ વડે.
राम=રમણીય.
निरस्तरामाङ्गजः=નિરાસ કર્યો છે રમણીય કંદર્પનો જેણે એવા.
रुजा=રોગ.
अरुज !=અવિદ્યમાન છે રોગ જેને વિષે એવા ! (સં૦)
गतः (मू० गत)=ગયેલ.
विधि=વિધાન, કામ.
सुविधे !=શોભન છે વિધાન જેનું એવા ! (સં૦)
निधे ! (मू० निधि)=હે ભંડાર !
हि=નિશ્ચયવાચક અવ્યય.
विस्तारयन् (मू० विस्तारयत्)=ફેલાવો કરનાર.
सपदि=એકદમ.

परमे (मू० परम)=ઉત્કૃષ્ટ.
पदे (मू० पद)સ્થાનમાં.
रामा=રામા (રાણી), સુવિધિનાથની માતા.
रामाङ्गज !=રામા (રાણી)ના પુત્ર !
उरु=વિસ્તીર્ણ.
जगतः (मू० जगत्)=જગત્‌ના, દુનિયાના.
सुविधे ! (मू० सुविधि)=હે સુવિધિ(નાથ) !
निधेहि (धा० धा)=સ્થાપો.

શ્લોકાર્થ

શ્રીસુવિધિનાથની સ્તુતિ—

"હે ચન્દ્ર સમાન [ઉજ્જ્વલ) કીર્તિઓના ભંડાર ! હે રોગ-રહિત (નવમા તીર્થંકર) ! શોભન છે વિધાન જેનું એવા હે (ઈશ) ! હે રામા (રાણી)ના નન્દન ! હે સુવિધિ (નાથ) ! મોક્ષને [અથવા સુખને] પ્રાપ્ત થયેલો, તથા દેહ (ની શોભા) વડે પરાસ્ત કર્યો છે રમણીય રતિ-રમણને (પણ) જેણે એવો તેમજ વળી જગત્‌ના વિશાળ સુખનો સત્વર વિસ્તાર કરનારો એવો તું મને ઉત્તમ સ્થાનમાં (અર્થાત્ શિવ-પુરીમાં) નક્કી સ્થાપ. "—૩૩

સ્પષ્ટીકરણ

સુવિધિનાથ-ચરિત્ર—

સુવિધિનાથ-ચરિત્ર પણ પ્રાકૃત તેમજ સંસ્કૃત ભાષામાં રચાયેલું હોવું જોઇએ, એમ **જૈન ગ્રન્થાવલી** ઉપરથી જોઈ શકાય છે.

जिनसमूहस्य प्रार्थना—

संप्रापयन्नतिमतोऽसुमतोऽतिचण्ड—
भास्वन्महाः शिवपुरः सविधेऽयशस्तः ।
पायादपायरहितः पुरुषान् जिनौघो
भास्वन्महाः शिवपुरः सविधेयशस्तः ॥ ३४ ॥

—वसन्त०

विवरणम्

जिनौघः पुरुषान् अयशस्तः—अपवादात् पायात्—रक्षतु । जिनौघः किं कुर्वन् ? संप्रापयन्—नयन् । कान् ? असुमतः प्राणिनः । क्व ? शिवपुरः सविधे—सिद्धिपुर्याः समीपे । पुनः किं० ? अतिमतः—अतिमान्यः । पुनः किं० ? अतिचण्डः—अतितीव्रो भास्वान्—रविः तद्वन्महः—तेजो यस्य सः । पुनः किं० ? अपायेन—कष्टेन रहितो—वर्जितः । पुनः किं० ? भास्वत्—राजमानं महः—उत्सवो यस्य सः । पुनः किं० ? शिवं—निरुपद्रवं पुरं—तनुर्यस्य सः । पुनः किं० ? सह विधेयेन—करणार्हेण शस्तेन—शिवेन वर्तते यः सः ॥ ३४ ॥

अन्वयः

असुमतः शिव-पुरः सविधे संप्रापयन्, अति-मतः, अति-चण्ड-भास्वत्-महाः, अपाय-रहितः, भास्वत्-महाः, शिव-पुरः, स-विधेय-शस्तः जिन-ओघः पुरुषान् अ-यशस्तः पायात् ।

શબ્દાર્થ

संप्रापयन् (मू० संप्रापयत्)=પ્રાપ્ત કરાવતો.
मत (धा० मन्)=માનેલ.
अतिमतः (मू० अतिमत)=અતિશય માન્ય.
असुमतः (मू० असुमत्)=પ્રાણીઓને.
भास्वत्=ભાનુ, સૂર્ય.
महस्=તેજ.
अतिचण्डभास्वन्महाः=અતિશય તીવ્ર એવા સૂર્યના જેવું તેજ છે જેનું એવો.
पुर्=નગર.
शिवपुरः=મોક્ષ નગરની.
सविधे (मू० सविध)=સમીપમાં, પાસે.
अयशस्तः (मू० अयशस्)=અપકીર્તિથી, બેઇજ્જતથી.
पायात् (धा० पा)=રક્ષણ કરો, બચાવો.
रहित=વિનાનું.
अपायरहितः=કષ્ટથી મુક્ત.
पुरुषान् (मू० पुरुष)=મનુષ્યોને.
ओघ=સમૂહ.
जिनौघः=જિનોનો સમુદાય.
भास्वत्=પ્રકાશમાન.
महस्=ઉત્સવ.
भास्वन्महाः=પ્રકાશમાન છે ઉત્સવ જેનો એવો.
शिव=કલ્યાણકારી.
पुरः=દેહ.
शिवपुरः=કલ્યાણકારી છે દેહ જેનો એવો.
विधेय (धा० धा)=કરવા લાયક.
शस्त=કલ્યાણ.
सविधेयशस्तः=કરવા લાયક કલ્યાણથી યુક્ત.

શ્લોકાર્થ

જિન-સમૂહની પ્રાર્થના—

"પ્રાણીને શિવ-પુરીની સમીપે લઇ જનારો, (લોકને વિષે) અતિશય માન્ય, અત્યન્ત પ્રચણ્ડ એવા ભાનુના સમાન તેજવાળો, વળી કષ્ટ-રહિત, તેમજ દેદીપ્યમાન છે મહોત્સવ જેનો એવો, તથા વળી ઉપદ્રવ-રહિત છે દેહ જેનો એવો તેમજ કરવા લાયક કલ્યાણથી યુક્ત એવો જિન-સમુદાય મનુષ્યોને અપકીર્તિથી બચાવો."—૩૪

जिनवचनविचारः—

ये प्रेरिताः प्रचुरपुण्यभरैर्विनम्रा-
ऽपापायमानव ! सुधारुचिरङ्गतास्म्‌ ।
कुर्वन्तु ते हृदि भवद्वचनं व्यपास्त-
पापायमान ! वसुधारुचिरं गतारम् ॥ ३५ ॥

—वसन्त०

विवरणम्

ये प्रचुरपुण्यभरैः–बहुधर्मभारैः प्रेरिताः सन्ति ते नरा भवद्वचनं हृदि कुर्वन्तु–स्मरन्तु । विनम्राः–प्रणताः अपापाया–गतकष्टा मानवा–नरा यस्य तत्सं० । वचनं किं० ? सुधारुचिः–चन्द्रः तस्य रङ्गो–रागस्तद्वत् तारं–उज्ज्वलम् । व्यपास्तो–निरस्तः पापस्य आयो–लाभो यस्मात् एतादृग् मानः–स्मयो येन तत्सं० । वचनं किं० वसुधायां–धरित्र्यां रुचिरं–रमणीयम् । पुनः किं० ? । गतं-नष्टं आरं–वैरिवृन्दं यस्मात् तत् ॥ ३५ ॥

अन्वयः

ये प्रचुर–पुण्य–भरैः प्रेरिताः (सन्ति), ते (हे) विनम्र–अप–अपाय–मानव ! व्यपास्त–पाप–आय–मान ! सुधा–रुचि– रङ्ग–तारं, वसुधा-रुचिर, गत–आरं भवत्–वचनं हृदि कुर्वन्तु ।

શબ્દાર્થ

ये (मू० यद्)=જેઓ.
प्रेरिताः (मू० प्रेरित)=પ્રેરાયેલા.
प्रचुर=બહુ, અત્યંત.
प्रचुरपुण्यभरैः=બહુ પુણ્યના સમૂહોથી.
अप=વિયોગવાચક અવ્યય.
विनम्रापापायमानव !=પ્રણામ કર્યો છે જતાં રહ્યાં છે કષ્ટો જેનાં એવા મનુષ્યોએ જેને એવા ! (સં०)
सुधारुचि=અમૃતના સમાન કિરણો છે જેનાં તે, ચન્દ્ર.
रङ्ग=વર્ણ.
तार=ઉજ્જવલ.
सुधारुचिरङ्गतारं=ચન્દ્રના વર્ણના જેવું ઉજ્જવલ.
कुर्वन्तु (धा० कृ)=કરો.
ते (मू० तद्)=તેઓ.
भवत=આપ.
वचन=વચન.
भवद्वचनं=આપના વચનને.
व्यपास्त (धा० अस्)=દૂર ફેંકી દીધેલ.
पाप=પાપ.
व्यपास्तपापायमान=દૂર ફેંકી દીધો છે પાપનો લાભ છે જે થકી એવા ગર્વને જેણે એવા ! (સં०)
रुचिर=મનોહર.
वसुधारुचिरं=જગતને વિષે મનોહર.
गतारं=નષ્ટ થયો છે શત્રુ–સમુદાય જે દ્વારા એવા.

શ્લોકાર્થ

જિન–વચનનો વિચાર—

" પ્રણામ કર્યો છે કષ્ટ-મુક્ત માનવોએ જેને એવા હે (પરમેશ્વર)! દૂર ફેંકી દીધો છે (અર્થાત્ સર્વથા જલાંજલિ આપી છે) પાપનો લાભ કરી આપનારા એવા ગર્વને જેણે એવા હે (વીતરાગ)! જેઓ બહુ પુણ્યના સમૂહોથી પ્રેરિત થયા છે, તે (મનુષ્યો) ચન્દ્રના વર્ણના જેવા ઉજ્જવલ, તેમજ જગત્‌ને વિષે મનોરંજક તેમજ વળી નાશ પામ્યો છે શત્રુ–સમૂહ જે દ્વારા એવા આપના વચનને હૃદયમાં (ધારણ) કરો. "—૩૫

सुतारकादेव्याः स्तुतिः—

त्वं देवते ! विशदवाग्विभवाभिभूत-
सारामृता समुदितास्यसुतारकेशा ।
नृणामुपप्लवचमूमुचितप्रदाने-
ऽसारामृता समुदिता स्य 'सुतारके'शा ॥ ३६ ॥ ९ ॥

—वसन्त०

विवरणम्

हे देवते ! नृणां—नराणां उपप्लवचमूं—उपद्रवसेनां स्य—दलय । त्वं किंविशिष्टा ? विशदेन—निर्मलेन वाग्विभवेन अभिभूतं—पराजितं सारं—वरं अमृतं—सुधा यया सा । पुनः किं० ? समुदितः—सम्यग् उदयं प्राप्त आस्यसुतारकेशो—मुखसुष्टुचन्द्रो यस्याः सा । चमूं किंविशिष्टां ? असारां—अप्रधानाम् । पुनः किंविशिष्टा (त्वं) ? ऋता—सत्यभाषिणी । पुनः किं०? समुदिता—सहर्षा । पुनः किं० ? सुतारकानाम्नी देवी । पुनः किं० ? ईशा—समर्था । क्व ? उचितप्रदाने—योग्यवितरणे ॥ ३६ ॥

अन्वयः

(हे) देवते ! विशद-वाच्-विभव-अभिभूत-सार-अमृता, समुदित-आस्य-सु-तारक-ईशा, उचित-प्रदाने ईशा, ऋता, स-मुदिता 'सुतारका' त्वं नृणां असारां उपप्लव-चमूं स्य ।

શબ્દાર્થ

देवते ! (मू० देवता)=હે દેવી !
विशद=નિર્મલ.
वाच्=વાણી.
विभव=સંપત્તિ, વૈભવ.
अभिभूत (धा० भू)=પરાભવ પમાડેલ.
विशदवाग्विभवाभिभूतसारामृता=નિર્મલ વાણીના વૈભવ વડે પરાભવ પમાડ્યું છે ઉત્તમ અમૃતને જેણે એવી.
समुदित (धा० इ)=સારી રીતે ઉદયને પ્રાપ્ત થયેલ.
आस्य=વદન, મુખ.
तारक=તારા, નક્ષત્ર.
तारकेश=તારા-પતિ, નક્ષત્ર-પતિ, ચન્દ્ર.
समुदितास्यसुतारकेशा=રૂડી રીતે ઉદય પામ્યો છે મુખરૂપી શુભ ચન્દ્ર જેનો એવી.
उपप्लव=(૧) ઉપદ્રવ; (૨) વિઘ્ન; (૩) આફત; (૪) ભય.
चमू=સેના, સૈન્ય.
उपप्लवचमूं=ઉપદ્રવની સેનાને.
प्रदान=અર્પણ.
उचितप्रदाने=યોગ્ય (વસ્તુ) અર્પણ કરવામાં.
असारां (मू० असारा)=અસારભૂત.
ऋता (मू० ऋत)=સત્યવતી.
समुदिता=હર્ષિત.
स्य (धा० सो)=નાશ કર.
सुतारका=સુતારકા (નામની દેવી).
ईशा (मू० ईश)=સમર્થ.

શ્લોકાર્થ

સુતારકા દેવીની સ્તુતિ—

" હે દેવી ! જેણે (પોતાની) નિર્મલ વાણીના વૈભવ વડે ઉત્તમ અમૃતને (પણ) પરાભવ પમાડયો છે એવી (અર્થાત્ જેનું વચન અમૃત કરતાં પણ અધિક છે એવી), વળી જેનો મુખરૂપી સુચન્દ્ર રૂડી રીતે ઉદય પામ્યો છે એવી (અર્થાત્ જેનું વદન શરદ્ ઋતુમાંના આશ્વિન શુક્લ પૂર્ણિમાના ચન્દ્રને પણ લીલામાત્રમાં જીતી લે છે એવી), તથા વળી (ભકત જનોને) યોગ્ય (વસ્તુ) અર્પણ કરવામાં (કલ્પવૃક્ષના સમાન) સમર્થ એવી, તેમજ સત્ત્વવતી તથા હર્ષિત એવી તું સુતારકા (દેવી) મનુષ્યોને ઉપદ્રવ કરનારી એવી અસારભૂત સેનાનો નાશ કર."—૩૬

સ્પષ્ટીકરણ

સુતારકા (સુતારા) દેવી—

'સુતારકા' કહો કે 'સુતારા' કહો તે બન્ને એકજ છે, કેમકે આ તો નવમા તીર્થંકર **શ્રીસુવિધિનાથ**ની શાસન-દેવી છે. એનો ગૌર વર્ણ છે અને એને વૃષભનું વાહન છે. વિશેષમાં એને ચાર હાથ છે. તેના જમણા બે હાથમાં વરદ અને અક્ષ-સૂત્ર છે, જ્યારે ડાબા બે હાથમાં કળશ અને અંકુશ છે. આ વાતની પુષ્ટિમાં કહેવાનું કે—

" वृषभगतिरथोद्यद्वारुबाहाचतुष्का
शशधरकिरणाभा दक्षिणे हस्तयुग्मे ।
वरवरसजमाले बिभ्रती चैव वामे
सृणिकलशमनोज्ञा स्तात् 'सुतारा' महर्द्ध्यै ॥"—मालिनी

—આચાર૦ પત્રાંક ૧૭૬.

१० श्रीशीतलजिनस्तुतयः

अथ श्रीशीतलनाथस्य स्तुतिः—

पीडागमो न परिजेतरि दत्तमर्त्या–
नन्दातनूद्भवभयायशसां प्रसिद्धे ! ।
चित्ते विवर्तिनि विशां भवति त्वयीश !
'नन्दा'तनूद्भव ! भया यशसां प्रसिद्धे ॥ ३७ ॥

—वसन्त०

विवरणम्

हे नन्दातनूद्भव !–शीतलजिन ! त्वयि विशां चित्ते–नराणां मनसि विवर्तिनि–वर्तनशीले सति पीडागमो–बाधागमो न भवति । त्वयि किंविशिष्टे ? परिजेतरि–जयनशीले । केषां ? अतनूनि–प्रचुराणि उद्भवभयायशांसि–उत्पत्तिभयापकीर्तयः तेषाम् । दत्तो–जनितो मर्त्यानां आनन्दो–हर्षो येन तत्सं० । प्रकृष्टा सिद्धिः अथवाऽष्टमहासिद्धिः यस्य तत्सं० । हे ईश ! । त्वयि किंविशिष्टे ? प्रसिद्धे–विख्याते । कया ? भया–प्रभया । केषां ? यशसां–कीर्तीनाम् ॥ ३७ ॥

अन्वयः

(हे) दत्त–मर्त्य–आनन्द ! प्र–सिद्धे ! ईश ! 'नन्दा'–तनु–उद्भव ! अतनु–उद्भव–भय–अयशसां परिजेतरि, यशसां भया प्रसिद्धे त्वयि विशां चित्ते विवर्तिनि (सति) पीडा–आगमः न भवति ।

શબ્દાર્થ

पीडा=કષ્ટ, દુઃખ.
आगम=આગમન, આવવું તે.
पीडागमः=કષ્ટનું આગમન.
परिजेतरि (મૂ० परिजेतृ)=વિજેતા, જીતનાર.
दत्त (ધા० दा)=અર્પણ કરેલ.
मर्त्य=માનવ.
दत्तमर्त्यानन्द !=અર્પણ કર્યો છે માનવોને હર્ષ જેણે એવા ! (સં०)
तनु=અલ્પ.
अतनु=અનલ્પ, બહુ.
उद्भव=ઉત્પત્તિ.
भय=ભીક.
अयशस्=અપકીર્તિ.
अतनूद्भवभयायशसां=અનલ્પ ઉત્પત્તિ, ભીતિ અને અપકીર્તિના.
सिद्धि=(૧) મુક્તિ; (૨) સિદ્ધિ.
प्रसिद्धे ! (મૂ० प्र–सिद्धि)=પ્રકૃષ્ટ સિદ્ધિ છે જેને એવા ! (સં०)
विवर्तिनि (મૂ० विवर्तिन्)=વર્તનાર.

विशां (મૂ૦ विश्)=મનુષ્યોના, માણસોના.
भवति (ધા૦ भू)=થાય છે.
त्वयि (મૂ૦ युष्मद्)=તું.
नन्दा=નન્દા (રાણી), શીતલ જિનની જનની.
नन्दातनूद्भव !=નન્દા (રાણી)ના દેહ દ્વારા ઉત્પત્તિ છે જેની એવા ! (સં૦)
भया (મૂ૦ भा)=પ્રભા વડે, કાંતિ વડે.
यशसां (મૂ૦ यशस्)=કીર્તિઓની.
प्रसिद्धे (મૂ૦ प्रसिद्ध)=વિખ્યાત.

શ્લોકાર્થ

શ્રીશીતલનાથની સ્તુતિ—

"જેણે માનવોને આનન્દ અર્પણ કર્યો છે એવા હે (દશમા તીર્થંકર) ! જેનું પ્રકૃષ્ટ નિર્વાણ છે એવા [અથવા જેને (અષ્ટ) મહાસિદ્ધિઓ (પ્રાપ્ત થઇ) છે એવા હે (યોગિરાજ)]! હે નાથ ! હે નન્દા (રાણી)ના નન્દન ([1]શીતલનાથ) ! અનલ્પ ઉત્પત્તિ, ભીતિ અને અપકીર્તિને જીતનારા તેમજ કીર્તિઓની કાંતિ વડે (જગત્માં) વિખ્યાત એવા તમે જ્યારે મનુષ્યોના ચિત્તમાં વર્તો છો, ત્યારે તેમને (લેશતઃ પણ) પીડા ઉદ્ભવતી નથી."–૩૭

સ્પષ્ટીકરણ

સિદ્ધિ—

જેની ચિત્ત-વૃત્તિ આત્મ-સ્વરૂપમાં લીન થયેલી હોય, જેને જગત્ની જંજાલ તરફ મધ્યસ્થ અને ઉદાસીન ભાવ પ્રકટ થયો હોય, તેવા મહાનુભાવને યોગના ફળરૂપ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. પરંતુ એ ધ્યાનમાં રાખવું કે આવો યોગીશ્વર પણ જો કદાચ સિદ્ધિના ઉપર મુગ્ધ બને, તો તેનું પણ અધઃપતન થવાનુંજ. અર્થાત્ જ્યાં સુધી તે આ સિદ્ધિરૂપી સુન્દરીમાં આસક્ત રહે, ત્યાં સુધી તે મુક્તિ મેળવી શકે નહિ.

આ સિદ્ધિઓના શાસ્ત્રમાં અનેક પ્રકારો બતાવ્યા છે. કેટલેક સ્થળે [2]અણિમાદિ અષ્ટ સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો છે અને તેનું સ્વરૂપ નીચે મુજબ બતાવવામાં આવ્યું છેઃ—

અણિમા (અણુત્વ)—આ સિદ્ધિ દ્વારા મનુષ્ય ધારે તેટલું પોતાનું શરીર નાનું બનાવી શકે. એક છિદ્રમાં પણ પેસી શકાય તેટલું તે નાનું બનાવે. સોયના છિદ્રમાંથી દોરાની માફક બહાર નીકળી શકે, કમલ-તન્તુના છિદ્રમાં પેસીને ચક્રવર્તીના ભોગો ભોગવી શકે, એ આ સિદ્ધિની બલિહારી છે.

મહિમા (મહત્ત્વ)—આ સિદ્ધિ દ્વારા જેવડું મોટું શરીર બનાવવું હોય, તેટલું બનાવવામાં વાંધો આવે તેમ નથી.

---

૧ આ દશમા તીર્થંકરનાં ચરિત્રો પણ સસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલાં હોવાનો ઉલ્લેખ જૈન ગ્રન્થાવલીમાં છે.

૨ સરખાવો—

"अणिमा १ महिमा २ चैव, गरिमा ३ लघिमा ४ तथा ।
प्राप्तिः ५ प्राकाम्य ६ मीशित्वं ७, वशित्वं ८ चाष्ट सिद्धयः ॥ १ ॥"

ગરિમા (ગુરુત્વ)—આ સિદ્ધિની સહાયથી પોતાનો દેહ જોઇએ તેટલો ભારે બનાવી શકાય. વજ્ર કરતાં પણ વધારે વજનદાર શરીર આ સિદ્ધિથી બને છે.

લઘિમા (લઘુત્વ)—આ સિદ્ધિથી શરીર જેટલું જોઇએ તેટલું હલકું બનાવી શકાય. રૂના કરતાં અરે પવનના કરતાં પણ હલકું શરીર બનાવવામાં આ સિદ્ધિ અનુપમ સાધન છે.

પ્રાપ્તિ—આ સિદ્ધિ દ્વારા જે વસ્તુની ઇચ્છા થાય તે મેળવી શકાય.[1]

પ્રાકામ્ય—પોતાના મનોબલને લઇને ધારવા કરતાં પણ વધારે મેળવવામાં આ સિદ્ધિ સહાયભૂત બને છે.[2]

ઈશિત્વ—આ સિદ્ધિ સમસ્ત બ્રહ્માણ્ડની પ્રભુતા પ્રાપ્ત કરાવનારી છે. ઇન્દ્ર અને તીર્થંકરની ઋદ્ધિનો દેખાવ પણ આ સિદ્ધિ દ્વારા આપી શકાય.

વશિત્વ—ગમે તે પ્રાણીને વશ કરવાની શક્તિ આ સિદ્ધિના સ્વામીમાં રહેલી છે.[3]

*　　*　　*　　*　　*

जिनवरध्यानम्—

यच्चित्तवृत्तिरवधीत् तमसां प्रशस्ता—
　या तापदं मनसि तारतमोरु जालम् ।
तं मानवप्रकर ! तीर्थकृतां कलापं
　यातापदं मन सितारतमोरुजालम् ॥ ३८ ॥

—वसन्त०

विवरणम्

हे मानवप्रकर !—नरव्रज ! त्वं (तं) तीर्थकृतां कलापं—सार्वसङ्घं मन—मन्यस्व । कलापं किं० ? याता—नष्टा आपद्—विपत्तिः यस्य यस्माद् वा तम् । पुनः किं० ? सितं—नियन्त्रितं आरं—वैरिवृन्दं

---

૧ આ સિદ્ધિનો અર્થ એમ પણ કરવામાં આવે છે કે આનું એટલું બધું સામર્થ્ય છે કે જમીન ઉપર ઊભા રહીને પણ મનુષ્ય પોતાની આંગળી વડે મેરૂ પર્વતને પણ સ્પર્શી શકે.

૨ આ સિદ્ધિની મદદથી જલમાં સ્થલચરની માફક અને સ્થલ ઉપર જલચરની માફક ગમન કરી શકાય છે, એવો પણ આ સિદ્ધિના સંબંધમાં ઉલ્લેખ છે.

૩ આ અષ્ટ સિદ્ધિઓ ઉપરાંત કેટલેક સ્થળે અપ્રતિઘાતિત્વ, અન્તર્ધાન અને કામરૂપિત્વ એવી બીજી ત્રણ સિદ્ધિઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાંની અપ્રતિઘાતિત્વ સિદ્ધિના બળથી તો પર્વતની અન્દરથી આઘાત વિના નીકળી શકાય. અન્તર્ધાન સિદ્ધિમાં એ સામર્થ્ય રહેલું છે કે આને લઇને પ્રાણી અદૃશ્ય બની શકે છે. કામરૂપિત્વ સિદ્ધિને લઇને પ્રાણી અનેક પ્રકારનાં રૂપો ધારણ કરી શકે છે.

तमो-दुरितं रुजा-रोगः आलं-अनर्थो येन तम् । तं कं ? यच्चित्तवृत्तिः-यस्यान्तःप्रवृत्तिः तमसां-अज्ञानानां जालं-वृन्दं अवधीत्-हन्ति स्म । वृत्तिः किंविशिष्टा ? प्रशस्तानां-मङ्गलानां आयो-लाभो यस्याः सा । जालं किंविशिष्टं ? तापदं-क्लेशप्रदम् । क्व ? मनसि-चित्ते । वृत्तिः किं० ? तारतमा-प्रधानतमा । जालं किं० ? उरु-विशालम् ॥ ३८ ॥

अन्वयः

प्रशस्त-आया, तार-तमा यद्-चित्त-वृत्तिः मनसि ताप-दं तमसां उरु जालं अवधीत्, तं यात-आपदं, सित-आर-तमस्-रुजा-आलं, तीर्थ-कृतां कलापं (हे) मानव-प्रकर ! मन ।

શબ્દાર્થ

यच्चित्तवृत्तिः=જેના મનની પ્રવૃત્તિ.
अवधीत् (ધા० हन्)=નાશ કરતી હવી.
तमसां (મૂ० तमस्)=અજ્ઞાનોની.
प्रशस्त=(૧) મંગલ, (૨) પ્રશંસા-પાત્ર.
प्रशस्तायाः=મંગલોનો અથવા પ્રશંસા-પાત્ર લાભ છે જે દ્વારા એવી.
तापदं=સંતાપકારક.
मनसि (મૂ० मनस्)=ચિત્તને વિષે.
तारतमा=સર્વોત્તમ
जालं (મૂ० जाल)=જાળને.
प्रकर=સમૂહ.
मानवप्रकर !=હે મનુષ્યોના સમૂહ !
तीर्थकृतां (મૂ० तीर्थकृत्)=તીર્થંકરોના.
कलापं (મૂ० कलाप)=સમુદાયને.
यात (ધા० या)=ગયેલ.
आपद्=વિપત્તિ.
यातापदं=ગયેલી છે વિપત્તિ જેનાથી અથવા જેની એવા.
मन (ધા० मन्)=તું ધ્યાન ધર.
सित (ધા० सो)=બાંધેલ, નિયન્ત્રિત.
सितारतमोरुजालं=નિયન્ત્રિત કર્યા છે વૈરિ-વૃન્દને, પાપને, રોગને તેમજ અનર્થને જેણે એવા.

શ્લોકાર્થ

જિનેશ્વરોનું ધ્યાન—

" જેથી મંગલોનો [અથવા પ્રશંસા-પાત્ર] લાભ છે એવી તેમજ સર્વોત્તમ એવી જે (તીર્થંકર-સમુદાય)ના મનની પ્રવૃત્તિએ ચિત્તમાં સંતાપ ઉત્પન્ન કરનારી તેમજ વિસ્તીર્ણ એવી અજ્ઞાનોની જાળનો વિનાશ કર્યો, તે તીર્થંકરોના સમૂહને કે જે દ્વારા [અથવા જેની] વિપત્તિઓ નષ્ટ થઇ છે તેમજ જેણે શત્રુ-સમૂહને, પાપને, રોગને તેમજ અનર્થને નિયન્ત્રિત કર્યાં છે, તે તીર્થંકરોના સમૂહનું હે મનુષ્ય-વર્ગ ! તું ધ્યાન ધર. "—૩૮

सिद्धान्तस्य स्तुतिः—

गायन्ति सार्धममरेण यशस्तदीयं
रम्भा जिनागम ! दवारिहरे सवर्णे ।
ध्यानं धरन्ति तव ये पठने सदा सा-
रम्भाजिनागमदवारिहरेऽसवर्णे ॥ ३९ ॥

—वसन्त०

विवरणम्

हे जिनागम ! ये पुरुषाः तव पठने—अध्ययने ध्यानं धरन्ति सदा—सर्वदा तदीयं यशः—तत्संबन्धिकीर्तिं रम्भा—अप्सरसो गायन्ति । अमरेण—देवेन सार्धं—समम् । पठने किंविशिष्टे ? दवो—दावानलः तद्वत् अरयः—शत्रवोऽनिष्टकारकत्वात् तेषां हरे—विनाशके । पुनः किं० ? सवर्णे—साक्षरे । सारम्भा—जीवहिंसायुक्ता या आजिः—कलिः स एव नागो—गजस्तस्य मदवारिणि—मदजले हरिः—सिंहसमः तत्सं० । पठने किं० ? असवर्णे-असमाने ॥ ३९ ॥

अन्वयः

स-आरम्भ-आजि-नाग-मद-वारि-हरे ! जिन-आगम ! ये तव दव-अरि-हरे, स-वर्णे असवर्णे पठने सदा ध्यानं धरन्ति, तदीयं यशः रम्भाः अमरेण सार्धं गायन्ति ।

શબ્દાર્થ

गायन्ति (धा० गै)=ગાય છે.
सार्धं=સહિત, સંઘાતે.
अमरेण (मू० अमर)=સુરની.
यशः (मू० यशस्)=યશને, કીર્તિને.
तदीयं (मू० तदीय)=તેનો.
रम्भाः (मू० रम्भा)=અપ્સરાઓ.
आगम=સિદ્ધાન્ત.
जिनागम !=હે જિનના સિદ્ધાન્ત !
दव=દાવાનલ.
हर=હરનાર, નાશ કરનાર.
दवारिहरे=દાવાનલ જેવા દુશ્મનનો નાશ કરનાર.
वर्ण=અક્ષર.
सवर्णे=અક્ષરાત્મક.
ध्यानं (मू० ध्यान)=ધ્યાનને.
धरन्ति (धा० धृ)=ધરે છે.
पठने (मू० पठन)=પઠનને વિષે, પાઠ કરવા વિષે.
नाग=કુંજર, હાથી.
मद=હાથીના કુંભસ્થલ પાસેથી ઝરતું પાણી.
हरि=સિંહ.
सारम्भाजिनागमदवारिहरे !=આરમ્ભથી યુક્ત યુદ્ધરૂપી કુંજરના મદ-જલ પ્રતિ સિંહ (સમાન) !
असवर्णे (मू० असवर्ण)=અનુપમ.

શ્લોકાર્થ

સિદ્ધાન્તની સ્તુતિ—

"હે આરમ્ભથી યુક્ત યુદ્ધરૂપી કુંજરના મદ-જલને વિષે સિંહ સમાન (અર્થાત્ જીવ-હિંસા, કંકાસ, કજીઆ વિગેરે દુર્ગુણોનો નાશ કરનારા)! હે જૈન સિદ્ધાન્ત! દાવાનલ જેવા દુશ્મનોના વિનાશક, વળી અક્ષરોથી યુક્ત તેમજ અનુપમ એવા તારા પઠનનું જે (પ્રાણીઓ) અહોનિશ ધ્યાન ધરે છે, તેમની કીર્તિ તો અમરોની સંઘાતે અપ્સરાઓ (પણ) ગાય છે."—૩૯

* * * * * *

अशोकादेव्याः स्तुतिः—

या भेजुषी जिनपदं न्यदधद् विशाला-
पत्त्रं परागमधुरं विगतामशोकाम् ।
स्मेराननां सुजन ! भो स्मर तां सहस्र-
पत्रं परागमधुरं विगता'मशोकाम्' ॥ ४० ॥ १० ॥

—वसन्त०

विवरणम्

भो सुजन !-सज्जन ! तां अशोकां देवीं स्मर । अशोकां किंविशिष्टां ? विगतां-यानाम् । किं ? सहस्रपत्रं-पद्मम् । सहस्रपत्रं किंविशिष्टं ? परागैः-रजोभिर्मधुरं-मनोज्ञम् । पुनः किंविशिष्टा ? स्मेरं-स्मितं आननं-मुखं यस्यास्ताम् । तां कां ? या देवी परागमस्य-वरसिद्धान्तस्य धुरं-भारं न्यदधत्-धरति स्म । या किं० ? भेजुषी-श्रितवती । कं ? जिनपदं-जिनचरणम् । जिनपदं किं० ? विशालापत्त्रं-पृथुविपत्तेः त्रायकम् । पुनः किं० ? विगतौ-नष्टौ आमशोकौ-रोगशुचौ यस्याः सकाशात् ताम् ॥ ४० ॥

अन्वयः

भोः सु-जन ! विशाल-आपद्-त्रं जिन-पदं भेजुषी या पर-आगम-धुरं न्यदधत, तां विगत-आम-शोकां, स्मेर-आननां पराग-मधुरं सहस्र-पत्रं वि-गतां 'अशोकां' स्मर ।

શબ્દાર્થ

भेजुषी (धा० भज्)=ભજેલી, આશ્રય લીધેલી.
जिनपदं=તીર્થંકરના ચરણને.
न्यदधत (धा० धा)=ધારણ કરતી હવી.
त्रै=રક્ષણ કરવું.
विशालापत्त्रं=મોટી આફતમાંથી ઉગારનારા.
पर=ઉત્તમ.

ब्रह्मयक्ष चतुर्मुख त्रिनेत्रं धवलवर्ण पद्मासन अष्टभुज मातुलिङ्गमुद्गरपाशाभययुक्तदक्षिणपाणि नकुलगदाऽङ्कुशाक्षसूत्रान्वितवामपाणि चेति।

अशोका देवी मुद्गवर्णा पद्मासना चतुर्भुजा वरदपाशयुक्तदक्षिणकरा फलाङ्कुशयुक्तवामकरा चेति।

धुर्=धुरा, धोंसरी.
परागमधुरं=ઉત્તમ સિદ્ધાન્તની ધુરાને.
विगत (धा० गम्)=વિશેષે કરીને ગયેલ.
शोक=દિલગીરી.
विगतामयशोकां=વિશેષે કરીને ગયેલા છે રોગ તથા શોક જેનાથી અથવા જેના એવી.
स्मेर=હસમુખું, હાસ્ય-યુક્ત.
स्मेराननां=હાસ્ય-યુક્ત છે વદન જેનું એવી.
सुजन !=હે સજ્જન !
भोस्=સંબોધનવાચક અવ્યય.
तां (મૂ० तद्)=તેને.
सहस्रपत्रं (મૂ० सहस्रपत्र)=હજાર પાંખડીવાળા કમલને.
मधुर=મધુર, મનોહર.
परागमधुरं=પરાગ વડે મધુર.
विगतां (મૂ०विगता)=વિશેષે કરીને પ્રાપ્ત થયેલી.
अशोकां (મૂ० अशोका)=અશોકા (દેવી)ને

શ્લોકાર્થ

અશોકા દેવીની સ્તુતિ—

"મોટી મોટી આફતોમાંથી ઉગારનારા એવા જિન-ચરણની સેવાને પ્રાપ્ત થયેલી એવી જે (દેવી)એ ઉત્તમ સિદ્ધાન્તની ધુરાનું વહન કર્યું, તે રોગ તેમજ શોકથી મુક્ત તથા હાસ્ય-યુક્ત વદનવાળી તેમજ પરાગ વડે મનોહર એવા સહસ્ર-પત્રને પ્રાપ્ત થયેલી એવી અશોકા (દેવી)ને હે સજ્જન ! તું યાદ કર."—૪૦

સ્પષ્ટીકરણ

અશોકા દેવીનું સ્વરૂપ—

અશોકા એ દશમા તીર્થંકર શ્રીશીતલનાથની શાસન-દેવી છે. એનો નીલ વર્ણ છે. એનું આસન પદ્માસન છે. વિશેષમાં એને ચાર હાથ છે. એના જમણા બે હાથમાં વરદ અને પાશ (અથવા મુદ્ગર) છે, જ્યારે ડાબા બે હાથમાં તો કળશ અને અંકુશ છે. આ વાત **પ્રવચન સારોદ્ધાર** (પત્રાંક ૯૪) ઉપરથી જોઈ શકાય છે. **આચાર-દિનકર**માં પણ કહ્યું છે કે—

"नीला पद्मकृतासना वरभुजैर्वेदप्रमाणैर्युता
पाशं सद्वरदं च दक्षिणकरे हस्तद्वये बिभ्रती ।
वामे चाङ्कुशवर्मणी बहुगुणाऽशोका विशोका जनं
कुर्यादप्सरसां गणैः परिवृता नृत्यद्भिरानन्दितैः ॥"—शार्दूल०

—પત્રાંક ૧૭૬.

११ श्रीश्रेयांसजिनस्तुतयः

अथ श्रीश्रेयांसनाथाय नमः—

'श्रेयांस'सर्वविदमङ्गिगण ! त्रियामा-
कान्ताननं तमहिमानम मानवाते ।
यं भेजुषो भवति यस्य गुणान् न यातं
कान्ताननन्तमहिमानममा नवा ते ॥ ४१ ॥

—वसन्त०

विवरणम्

हे अङ्गिगण !—प्राणिव्रज ! स त्वं तं श्रेयांससर्वविदं—एकादशजिनं आनम—नमस्कुरु । सर्वविदं किंविशिष्टं ? त्रियामाकान्तः—चन्द्रस्तद्वदाननं—मुखं यस्य तम् । पुनः किं० ? अहिं—सर्पसमम् । क्व ? मानवाते—दर्पसमीरे । तं कं ? यं जिनं भेजुषः—सेवां चक्रुषो यस्य ते—तव आङ्गिगणस्य अमा—अलक्ष्मीर्न भवति । यं किं० ? यातं—प्राप्तम् । कान् ? गुणान् । गुणान् किंविशिष्टान् ? कान्तान्—बन्धुरान् । यं किं० ? अनन्तो—मानातीतो महिमा—गरिमा यस्य तम् । अमा किं० ? नवा—नवीना ॥ ४१ ॥

अन्वयः

(हे) अङ्गिन्—गण ! कान्तान् गुणान् यातं, अनन्त—महिमानं यं भेजुषः यस्य ते (अङ्गि—गणस्य) नवा अ—मा न भवति, तं त्रियामा—कान्त—आननं मान—वाते अहिं 'श्रेयांस'—सर्व—विदं आनम ।

શબ્દાર્થ

श्रेयांस=શ્રેયાંસ (નાથ).
विद्=જાણવું.
सर्वविद्=સર્વના જાણકાર, સર્વજ્ઞ, કેવલજ્ઞાની.
श्रेयांससर्वविदं=શ્રેયાંસ (નામના) સર્વજ્ઞને.
गण=સમૂહ.
अङ्गिगण !=હે પ્રાણીઓના સમૂહ !
त्रियामा=રાત્રિ, નિશા.
कान्त=પતિ.
त्रियामाकान्त=નિશા-પતિ, ચન્દ્ર.
त्रियामाकान्ताननं=ચન્દ્રના જેવું મુખ છે જેનું એવા.
अहिं (मू० अहि)=સર્પને, સાપને.
वात=વાયુ, પવન.
मानवाते=ગર્વરૂપી વાયુને વિષે.
भेजुषः (मू० भेजुस्)=ભક્તિ કરનારની.
यस्य (मू० यद्)=જેના.
गुणान् (मू० गुण)=સદ્ગુણોને.
कान्तान् (मू० कान्त)=મનોહર.
अनन्तमहिमानं=અનન્ત છે મહિમા જેનો એવાને.
मा=લક્ષ્મી.
अमा=દરિદ્રતા, લક્ષ્મીનો અભાવ.
नवा (मू० नव)=નવીન.
ते (मू० युष्मद्)=તારા.

શ્લોકાર્થ

શ્રેયાંસનાથને નમસ્કાર—

"હે પ્રાણિ-વર્ગ ! રમણીય ગુણોને પ્રાપ્ત કરેલા તેમજ નિઃસીમ મહિમાવાળા એવા જે (શ્રેયાંસનાથ)ની ભક્તિ કરનારો એવો જે તું કે જેને નવીન દરિદ્રતા થતી નથી (અર્થાત્ જે કદી પણ ભવિષ્યમાં દરિદ્રતાના દુઃખથી પીડિત થતો નથી), તે ચન્દ્રસમાન વદનવાળા તેમજ ગર્વરૂપી પવનનું (પાન કરવામાં) સર્પસમાન એવા શ્રેયાંસ સર્વજ્ઞને તું પ્રણામ કર."—૪૧

સ્પષ્ટીકરણ

શ્રેયાંસનાથ-ચરિત્ર—

બે મુનિવરોએ શ્રેયાંસનાથ-ચરિત્ર પ્રાકૃત ભાષામાં રચ્યું છે. એક ચન્દ્રપ્રભના શિષ્ય [1]અજિતસિંહે ૧૧૦૦ શ્લોક પ્રમાણનું રચ્યું છે, જ્યારે બીજું જયસિંહદેવના રાજ્યમાં હરિભદ્રે ૬૫૮૪ ગાથાનું રચ્યું છે. આ ઉપરાંત સં. ૧૩૩૨ માં માનતુંગે ૫૧૨૪ શ્લોક પ્રમાણક ચરિત્ર સંસ્કૃત ભાષામાં રચ્યું છે.

*　　*　　*　　*　　*

आप्तनिकरस्य स्तुतिः—

लक्ष्मीमितानभजतर्भुसदोऽङ्घ्रिशैल-
　राजाननन्तमहिमप्रभवामकायम् ।
भिन्दन्तमाप्तनिकरं समुपैमि राका-
　राजाननं तमहिमप्रभवामकायम् ॥ ४२ ॥

—वसन्त०

विवरणम्

तं आप्तनिकरं—जिनव्रजं अहं समुपैमि—श्रये । निकरं किं० ? राकायाः—पूर्णिमाया राजा—चन्द्रस्तद्वद् आननं—मुखं यस्य तम् । निकरं किं कुर्वन्तं ? भिन्दन्तं—विदारयन्तम् । कं ? अकायं—कामम् । पुनः किं० ? अहिमप्रभः—तरणिस्तद्वद् वामो—रमणीयः कायः—तनुर्यस्य तम् । तं कं ? यस्य अंघ्रिशैलराजान्—पादपर्वता(धिपा)न् ऋभुसदः—सुरसभा अभजत—सिषेवे । शैलराजान् किं० ? इतान्—प्राप्तान् । कां ? लक्ष्मीं—श्रियम् । किं० ? अनन्तो यो महिमा—प्रभावस्तस्मात् प्रभवः—संभवो यस्याः ताम् ॥ ४२ ॥

---

[1] બૃહત્-ટિપ્પનિકા પ્રમાણે તો આ ચરિત્રના કર્તા દેવભદ્રસૂરિ છે.

अन्वयः

(यस्य) अनन्त-महिमन्-प्रभवां लक्ष्मीं इतान् अंह्रि-शैल-राजान् ऋभु-सदः अभजत, तं अ-कायं भिन्दन्तं राका-राजन्-आननं अहिम-प्रभा-वाम-कायं आप्त-निकरं समुपैमि ।

શબ્દાર્થ

लक्ष्मीं (મૂ० लक्ष्मी)=લક્ષ્મીને.
इतान् (મૂ० इत)=પ્રાપ્ત કરેલાને.
अभजत (ધા૦ भज्)=સેવા કરતી હવી.
ऋभु=દેવ.
सदस्=સભા, પરિષદ્.
ऋभुसदः=દેવોની પરિષદ્.
अंह्रिशैलराजान्=ચરણરૂપ ગિરિરાજોને.
प्रभव=ઉત્પત્તિ.
अनन्तमहिमप्रभवां=અનન્ત પ્રભાવ છે જેની ઉત્પત્તિનો એવી.
काय=દેહ.
अकाय=અવિદ્યમાન છે દેહ જેને તે, અનંગ, કંદર્પ.
अकायं=કંદર્પને, મદનને.
भिन्दन्तं (મૂ० भिन्दत्)=ભેદનારા.
आप्त=વિશ્વાસ-પાત્ર.
आप्तनिकरं=આપ્તના સમુદાયને.
समुपैमि (ધા० इ)=હું આશ્રય લઉં છું.
राका=પૂર્ણિમા, પૂનેમ.
राजन्=ચન્દ્ર.
राकाराजाननं=ચન્દ્રના જેવું વદન છે જેનું એવાને.
हिम=શીતલ.
अहिम=ઉષ્ણ.
प्रभा=પ્રકાશ.
अहिमप्रभ=ઉષ્ણ છે પ્રકાશ જેનો તે, સૂર્ય.
अहिमप्रभवामकायं=સૂર્યના જેવું મનોહર છે શરીર જેનું એવાને.

શ્લોકાર્થ

આપ્ત-સમુદાયની સ્તુતિ—

"જેની ઉત્પત્તિ અનન્ત પ્રભાવશીલ છે એવી લક્ષ્મીને પ્રાપ્ત કરેલા એવા જે (તીર્થંકર-સમુદાય)નાં ચરણરૂપી ગિરિરાજની સુર-સભાએ સેવા કરી, તે [1]અનંગનું વિદારણ કરનારા, તથા વળી પૂર્ણિમાના ચન્દ્ર જેવા વદનવાળા તેમજ રવિના જેવા રમણીય દેહધારી [2]આપ્ત-સમૂહનો હું આશ્રય લઉં છું."—૪૨

---

૧ અનંગના સ્વરૂપ સારૂ જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૪-૨૫) તેમજ ચતુર્વિંશતિકા (પૃ૦ ૫૯-૬૨).

૨ આપ્ત સંબંધી માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૭૩).

प्रवचनपरिचयः—

निर्वाणनिर्वृतिपुषां प्रचुरप्रमाद-
मारं भवारिहरिणा सममागमेन ।
विद्वज्जनः परिचयं चिनुतां जिनाना-
मारम्भवारिहरिणा सममागमेन ॥ ४३ ॥

—वसन्त०

विवरणम्

विद्वज्जनः-पण्डितजनो जिनाना आगमेन समं-जिनसिद्धान्तेन सह परिचयं-संगतिं चिनुतां-करोतु । जिनानां किं० ? निर्वाणनिर्वृतिपुषां-मुक्तिशर्मपुषाम् । परिचयं किं० ? प्रचुरस्य-भूयसः प्रमादस्य मारो-मारणं यत्र तम् । आगमेन किं० ? भवारिहरिणा-संसारशत्रोः हरिः-विनाशो यस्मात् तेन । पुनः किं० ? आरम्भो-हिंसा सैव वारि-जलं तत्र हरिः-समीरण-समः तेन । पुनः किं० ? समा-समग्रा मा-श्रीः तस्या आगमः-आगमनं यत्र तेन ॥ ४३ ॥

अन्वयः

विद्वस्-जनः निर्वाण-निर्वृति-पुषां जिनानां भव-अरि-हरिणा सम-मा-आगमेन, आरम्भ-वारि-हरिणा आगमेन समं प्रचुर-प्रमाद-मारं परिचयं चिनुताम् ।

શબ્દાર્થ

निर्वाण=મુક્તિ, સિદ્ધિ.
निर्वृति=સુખ.
पुष्=પોષણ કરવું.
निर्वाणनिर्वृतिपुषां=સિદ્ધિના સુખને પુષ્ટ કરનારા.
प्रचुर=ઘણા.
प्रमाद=પ્રમાદ, ગફલત, ગાફીલપણું.
मार=મરણ, વિનાશ.
प्रचुरप्रमादमारं=અત્યંત પ્રમાદનો વિનાશ છે જેને વિષે એવા.
हरि=(૧) વિનાશ; (૨) યમ.
भवारिहरिणा=(૧)સંસારરૂપી શત્રુનો વિનાશ છે જેથી એવા; (૨) સંસારરૂપી શત્રુ પ્રતિ યમ(સમાન).
सममागमेन=સમગ્ર લક્ષ્મીનું આગમન છે જેને વિષે એવા.
विद्वस्=પણ્ડિત.
विद्वज्जनः=(૧) વિદ્વાન્ મનુષ્ય, પણ્ડિત પુરૂષ; (૨) વિદ્વદ્વર્ગ.
परिचयं (मू० परिचय)=(૧) ઓળખાણને; (૨) અભ્યાસને.
जिनानां (मू० जिन)=તીર્થંકરોના.
हरि=(૧) પવન; (૨) સૂર્ય.
आरम्भवारिहरिणा=(૧) આરમ્ભરૂપ જલ પ્રતિ પવનસમાન; (૨) પાપમય આચરણરૂપી જલ પ્રતિ સૂર્યસમાન.
समं=સાથે.
आगमेन (मू० आगम)=સિદ્ધાન્તની.

શ્લોકાર્થ

સિદ્ધાન્તનો પરિચય—

" સિદ્ધિના સુખને પુષ્ટ કરનારા એવા તીર્થંકરોના (અર્થાત્ તીર્થંકરોએ પ્રરૂપેલા એવા તથા) સંસારરૂપી શત્રુનો વિનાશ કરનારા [અથવા ભવરૂપી દુશ્મનનો (અંત આણવામાં) યમસમાન એવા], તથા વળી પાપમય આચરણરૂપી જલ પ્રતિ પવનસમાન [અથવા હિંસારૂપ જલને સૂકાવી નાખવામાં સૂર્યસમાન] તેમજ વળી જેને વિષે સમગ્ર સંપત્તિનું આગમન છે એવા (જૈન) સિદ્ધાન્તની સાથે વિદ્વદ્વર્ગ પ્રમાદનો પ્રણાશક પરિચય કરો. "—૪૩

* * * * *

मानवीदेव्याः स्तुतिः—

यस्याः प्रसादमधिगम्य बभूव भूस्पृक्
सारातुलाभममला यतिमानवीनः ।
शं तन्वती मतिमताममरी शिवानां
सा रातु लाभममलायति ' मानवी ' नः ॥ ४४ ॥ ११ ॥

—वसन्त०

विवरणम्

सा मानवी नाम अमरी–देवी नः–अस्माकं शिवानां–मङ्गलानां लाभं रातु–दिशतु । मानवी किं कुर्वती ? तन्वती–विस्तारयन्ती । किं ? शं–सुखम् । केषां ? मतिमतां–पण्डितानाम् । शं किं० ? नास्ति मलस्य आयतिः–विस्तारो यत्र तत् । मानवी किं० ? अमला–निर्मला । सा का ? यस्याः प्रसादमधिगम्य–प्राप्य भूस्पृग्–नरः यतिमया–विरतिरूपश्रिया नवीनो–नवो बभूव–आसीत् । प्रसादं किं० ? सारा–प्रधाना अतुला–असमा आभा–शोभा यस्य तम् ॥ ४४ ॥

अन्वयः

यस्याः सार-अतुल-आभं प्रसादं अधिगम्य भू-स्पृग् यति-मा-नवीनः बभूव, सा अ-मला, मति-मतां अमल-आयति शं तन्वती ' मानवी ' अमरी नः शिवानां लाभं रातु ।

ईश्वरयक्ष धवलवर्ण त्रिनेत्र वृषभवाहनं चतुर्भुज मातुलिङ्गगदाऽन्वित-
दक्षिणपाणि नकुलाक्षसूत्रयुक्तवामपाणि चेति।

मानवीं देवीं गौरवर्ण सिंहवाहना चतुर्भुजा वरदमुद्गरान्वित-
दक्षिणपाणि कलशाङ्कुशयुक्तवामकरां चेति।

Lakshmi Art, Bombay 8

શબ્દાર્થ

प्रसादं (मू० प्रसाद)=પ્રસાદને, કૃપાને.
अधिगम्य (धा० गम्)=પ્રાપ્ત કરીને.
बभूव (धा० भू)=થયો.
स्पृश्=સ્પર્શ કરવો.
भूस्पृश्=જમીન ઉપર ચાલનાર, મનુષ્ય.
सारातुलाभं=ઉત્તમ તેમજ અસાધારણ છે શોભા જેની એવા.
अमला (मू० अमल)=અવિદ્યમાન છે મેલ જેને વિષે એવી, નિર્મળ, સ્વચ્છ.
यति=વિરતિ, સંયમ.
यतिमानवीनः=વિરતિરૂપી સંપત્તિ વડે નૂતન.
तन्वती=વિસ્તારતી, ફેલાવો કરતી.
अमरी=દેવી.
शिवानां (मू० शिव)=કલ્યાણોનો.
रातु (धा० रा)=અર્પો.
लाभं (मू० लाभ)=લાભને.
अमल=નિર્મળ.
आयति=વિસ્તાર.
अमलायति=નિર્મળ છે વિસ્તાર જેનો એવા.
मानवी=માનવી (દેવી).
नः (मू० अस्मद्)=આપણને.

શ્લોકાર્થ

માનવી દેવીની સ્તુતિ—

" જે (દેવી)ની પ્રધાન તેમજ અસાધારણ શોભાવાળી કૃપાને પ્રાપ્ત કરીને મનુષ્ય વિરતિરૂપી સંપત્તિ વડે નવીન થયો, તે નિર્મલ તેમજ બુદ્ધિશાળીઓના નિર્મલ વિસ્તારવાળા સુખનો વિસ્તાર કરનારી માનવી દેવી આપણને કલ્યાણોનો લાભ અર્પો."—૪૪

સ્પષ્ટીકરણ

માનવી દેવીનું સ્વરૂપ—

અગ્યારમા તીર્થંકર શ્રીશ્રેયાંસનાથની શાસન-દેવીનું નામ માનવી છે. આ દેવીને શ્રીવત્સા તરીકે પણ ઓળખાવવામાં આવે છે. એનો વર્ણ ગૌર છે અને એને સિંહનું વાહન છે. વળી એને ચાર હાથ છે. જમણી તરફના બે હાથમાં તે વરદ અને પાશ (અથવા મુદ્ગર) રાખે છે, જ્યારે તેના ડાબી તરફના બે હાથમાં તો તે કળશ અને અંકુશ (અથવા પુષ્પ અને ગદા) રાખે છે. આ દેવીના સંબંધમાં આચાર-દિનકર (પત્રાંક ૧૭૭)માં જે નીચે મુજબ ઉલ્લેખ છે તે જોઈ લઈએ.

" श्रीवत्साऽप्यथ मानवी शशिनिभा मातङ्गजिद्वाहना
वामं हस्तयुगं घटाङ्कुशयुतं तस्यास्तु वरं दक्षिणम् ।
गाढं पाशमुद्गरेण वरकेनालङ्कृतं बिभ्रती
पूजायां सकलं निहन्तु कलुषं विघ्नमयस्वामिनः ॥ "—शार्दूल०

१२ श्रीवासुपूज्यजिनस्तुतयः

अथ श्रीवासुपूज्यनाथस्य स्तुतिः—

एनांसि यानि जगति भ्रमणार्जितानि
पर्जन्यदानवसुपूज्य ! सुतानवानि ।
त्वन्नाम तानि जनयन्ति जना जपन्तः
पर्जन्यदान ! 'वसुपूज्य'सुतानवानि ॥ ४५ ॥

—वसन्त०

विवरणम्

हे वसुपूज्यसुत !—वासुपूज्यजिन ! त्वन्नाम—तवाभिधानं जपन्तो—ध्यायन्तो जना—लोकाः तानि पापानि जनयन्ति—निष्पादयन्ति । तानि कीदृशानि ? सुतानवानि—अतिकृशानि । पर्जन्यो—जीमूतः तद्वद् दानं—वितरणं यस्य तत्सं० । तानि कानि ? यानि एनांसि—पापानि जगति—विश्वे भ्रमणार्जितानि—भ्रमणेन उपार्जितानि सन्ति । एनांसि किं० अनवानि—पुरातनानि । पर्जन्या—इन्द्रा दानवा—असुराः तेषां सुपूज्यः—अतिशयेन अर्चनीयः तत्सं० ॥ ४५ ॥

अन्वयः

यानि अ-नवानि एनांसि जगति भ्रमण-अर्जितानि (सन्ति), तानि पर्जन्य-दानव-सु-पूज्य ! पर्जन्य-दान ! 'वसुपूज्य'-सुत ! त्वत्-नाम जपन्तः जनाः सु-तानवानि जनयन्ति ।

શબ્દાર્થ

एनांसि (मू० एनस्)=પાપો.
यानि (मू० यद्)=જે.
जगति (मू० जगत्)=દુનિયામાં.
भ्रमणार्जितानि=પરિભ્રમણથી ઉપાર્જન કરેલ.
पर्जन्य=ઇન્દ્ર, સુર-પતિ.
सु=અત્યંતતાવાચક અવ્યય.
पर्जन्यदानवसुपूज्य !=હે ઇન્દ્ર અને દાનવોના અતિશય પૂજનીય !
तानव=પાતળું.
सुतानवानि=અત્યંત પાતળાં.
नामन्=નામ.
त्वन्नाम=તારૂં નામ.
जनयन्ति (धा० जन्)=બનાવે છે.
जनाः (मू० जन)=લોકો.
जपन्तः (मू० जपत्)=જાપ જપનારાઓ.
पर्जन्य=મેઘ.
पर्जन्यदान !=મેઘસમાન છે ત્યાગ જેનો એવા ! (સં०)
वसुपूज्य=વસુપૂજ્ય (રાજા), બારમા તીર્થંકરના પિતા.
सुत=પુત્ર.
वसुपूज्यसुत !=હે વસુપૂજ્યના પુત્ર, હે વાસુપૂજ્ય (સ્વામી) !
अनवानि (मू० अनव)=પુરાતન, પુરાણાં.

શ્લોકાર્થ

શ્રીવાસુપૂજ્ય સ્વામીની સ્તુતિ—

"હે સુર-પતિઓના તેમજ અસુરોના અતિશય પૂજનીય (જયા-પુત્ર) ! જેનો મેઘ સમાન લાભ છે એવા (અર્થાત્ જેમ મેઘ યથેષ્ટ રીતે જળની વૃષ્ટિ કરે છે, તેમ બેધડક રીતે એક વર્ષ પર્યંત સુવર્ણાદિકનું યાચકોને દાન દેનારા એવા હે બારમા તીર્થંકર) ! હે વસુપૂજ્ય (પૃથ્વીપતિ)ના પુત્ર (વાસુપૂજ્ય સ્વામી) ! જે પુરાણાં પાપોનું જગત્‌ને વિષે પરિભ્રમણ કરવા વડે ઉપાર્જન થયું હતું, તે (ગાઢ) પાપોને તારા નામનો જાપ જપનારા જનો અતિશય પાતળાં બનાવી દે છે (અર્થાત્ તેનો પળમાં વિનાશ કરે છે)."—૪૫

સ્પષ્ટીકરણ

શ્રીવાસુપૂજ્ય-ચરિત્ર—

શ્રીવાસુપૂજ્ય સ્વામીનાં પૃથક્ ચરિત્રો પણ લખાયેલાં છે. જેમકે એક ચરિત્ર તો પ્રાકૃત ભાષામાં ચંદ્રપ્રભે ૮૦૦૦ શ્લોકપ્રમાણનું રચ્યું છે, જ્યારે ૯૪ પત્રાત્મક એક ચરિત્ર સંસ્કૃત ભાષામાં **વર્ધમાને** રચ્યું છે. વળી શ્રીવાસુપૂજ્ય-ચરિત્ર પદ્યમાં 'જૈનધર્મપ્રસારકસભા' તરફથી પ્રસિદ્ધ થયેલું છે.

* * * * *

जिनराज्या ध्यानम्—

ध्यानान्तरे धरत धोरणिमीश्वराणां
वाचंयमा ! मरणदामितमोहनाशाम् ।
दत्तेहितां भगवतामुपकारकारि-
वाचं यमामरणदामितमोहनाशाम् ॥ ४६ ॥

—वसन्त०

विवरणम्

हे वाचंयमा !—मुनयः ! यूयं भगवतां धोरणिं—जिनराजीं ध्यानान्तरे—ध्यानमध्ये धरत । भगवतां किं० ? ईश्वराणां—प्रभूणाम् । धोरणिं किं० ? मरणदो—निधनप्रदो योऽमितः—प्रचुरो मोहो—मोहनीयकर्म तस्य नाशो—विनाशो यस्याः ताम् । पुनः किं० ? दत्तं—प्रदत्तं ईहितं—वाञ्छितं यया ताम् । पुनः किं० ? उपकारकारिणी—उपकृतकारिणी वाग्—वाणी यस्याः ताम् । पुनः किं० ? यमः—पञ्चत्वं आमो—रोगो रणः—कलिः तान् द्यतीति ताम् । तथा पुनः किं० ? इता—मुक्ता मोहनस्य—सुरतस्य आशा—वाञ्छा यया ताम् ॥ ४६ ॥

अन्वयः

(हे) वाचंयमाः ! ईश्वराणां भगवतां मरण-द-अमित-मोह-नाशां, दत्त-ईहितां, उपकार-कारिन्-वाचं, यम-आम-रण-दां, इत-मोहन-आशां धोरणिं ध्यान-अन्तरे धरत ।

શબ્દાર્થ

ध्यान=ધ્યાન.
अन्तर=અંદર, મધ્ય.
ध्यानान्तरे=ધ્યાનમાં.
धरत (धा० धृ)=તમે ધરજો.
धोरणिं (मू० धोरणि)=પરંપરાને.
ईश्वराणां (मू० ईश्वर)=પ્રભુઓની.
वाचंयमाः ! (मू० वाचंयम)=હે મુનિઓ !
मरण=મરણ.
नाश=વિનાશ.
मरणदामितमोहनाशां=મરણ અર્પણ કરનારા એવા નિઃસીમ મોહનો નાશ છે જેથી એવી.
ईहित=વાંછિત, અભિલાષા.
दत्तेहितां=પરિપૂર્ણ કર્યા છે વાંછિતોને જેણે એવી.
भगवतां (भगवत)=ભગવાનોની.
उपकार=ઉપકાર.
कारिन्=કરનાર.
उपकारकारिवाचं=ઉપકાર કરનારી છે વાણી જેની એવી.
यम=મૃત્યુ.
यमामरणदां=મૃત્યુ, રોગ અને લડાઇનો નાશ કરનારી.
इत (धा० इ)=ગયેલ.
आशा=ઇચ્છા, વાંછા.
इतमोहनाशां=ગઇ છે મૈથુનની ઇચ્છા જેની એવી.

શ્લોકાર્થ

જિન-શ્રેણિનું ધ્યાન—

" મરણ પ્રાપ્ત કરાવનારા એવા નિઃસીમ મોહનો (અર્થાત્ મોહનીય કર્મનો) નાશ કરનારી એવી, વળી (યાચકોનાં) વાંછિતોને જેણે પરિપૂર્ણ કર્યા છે એવી, તથા વળી જેની વાણી ઉપકાર કરનારી છે એવી, તેમજ મૃત્યુ, વ્યાધિ અને સંગ્રામનો સંહાર કરનારી એવી તેમજ વળી જેની મૈથુનની અભિલાષા જતી રહી છે (અર્થાત્ નષ્ટ થઇ છે) એવી ઈશ્વર ભગવાનોની શ્રેણિનું હે મુનિઓ ! તમે ધ્યાન ધરજો."—૪૬

સ્પષ્ટીકરણ

ભગવાન્ એટલે શું ?—

'ભગવાન્' એટલે 'ભગથી યુક્ત'. આ 'ભગ' શબ્દના ચૌદ અર્થો થાય છે. આ સંબંધમાં નિમ્ન-લિખિત શ્લોક પ્રકાશ પાડે છે.

" भगोऽर्कज्ञानमाहात्म्य-यशोवैराग्यमुक्तिषु ।
रूपवीर्यप्रयत्नेच्छा-श्रीधर्मैश्वर्ययोनिषु ॥ "

અર્થાત્ 'ભગ' શબ્દના (૧) સૂર્ય, (૨) જ્ઞાન, (૩) માહાત્મ્ય, (૪) કીર્તિ, (૫) વૈરાગ્ય, (૬) મુક્તિ, (૭) રૂપ, (૮) વીર્ય, (૯) પ્રયત્ન, (૧૦) ઈચ્છા, (૧૧) શ્રી, (૧૨) ધર્મ, (૧૩) ઐશ્વર્ય અને (૧૪) યોનિ એમ ચૌદ અર્થો થાય છે, પરંતુ અત્ર સૂર્ય અને યોનિ સિવાયના અર્થો ઘટી શકે છે.

મોહ—

જૈન શાસ્ત્ર પ્રમાણે કર્મ એ એક પ્રકારનું આત્માના અસલ સ્વરૂપને આચ્છાદિત કરનારૂં પુદ્ગલ (અજીવ પદાર્થ) છે. કર્મના પ્રકૃતિની (સ્વભાવની) અપેક્ષાએ પાડવામાં આવેલા જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, વેદનીય, નામ, ગોત્ર, આયુષ્ય અને અન્તરાય એમ આઠ વિભાગો પૈકી મોહનીય કર્મ એક વિભાગ છે. સામાન્યતઃ મોહનીય શબ્દનો અર્થ મોહ ઉપજાવનાર થાય છે, તેમ પ્રસ્તુતમાં પણ કલત્ર, પુત્ર, મિત્ર વિગેરે ઉપર મોહ ઉત્પન્ન કરાવનાર આ કર્મ છે. આ કર્મને વશ થયેલો પ્રાણી કાર્યાકાર્યનો કે હિતાહિતનો વિચાર કરી શકતો નથી. મદિરાનું પાન કરવાથી જેવી ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે, તેથી પણ અતિશય ભયંકર દશા પ્રાપ્ત કરાવનાર કોઇ પણ કર્મ હોય તો તે આ છે. આ કર્મના 'દર્શન–મોહનીય' અને 'ચારિત્ર–મોહનીય' એમ બે મુખ્ય પ્રકારો છે. તત્ત્વ–દૃષ્ટિને અર્થાત્ યથાર્થ શ્રદ્ધાનને અટકાવનારૂં એટલે કે ખરા દેવ, ગુરૂ અને ધર્મમાં યથાવિધ શ્રદ્ધા થવામાં વિઘ્નરૂપ કર્મ 'દર્શન–મોહનીય' કહેવાય છે, જ્યારે યથાર્થ ચારિત્ર યાને સંયમમાં બાધા ઉત્પન્ન કરનારૂં અર્થાત્ યથોચિત વર્તન નહિ થવા દેવામાં કારણભૂત કર્મ 'ચારિત્ર–મોહનીય' કહેવાય છે. આત્માને અધોગતિરૂપ ખાડામાં ઉતારનાર તરીકે આ કર્મ અગ્ર ભાગ ભજવે છે. આઠે કર્મોમાં આ કર્મનું જોર અસાધારણ છે. તેની સ્થિતિ પણ સૌથી વધારે અર્થાત્ સીત્તેર કોડાકોડી સાગરોપમ (કાલ–વિશેષ)ની છે. છેક સર્વજ્ઞ બનવાની હદ સુધી આવી પહોંચેલાને પણ અર્થાત્ અગ્યારમા ગુણ–સ્થાનક સુધી જઇ પહોંચેલાને પણ નીચે ઉતારી મૂકનાર તરીકે આ કર્મ સુપ્રસિદ્ધ છે. એમાંજ એની બહાદુરી સમાયેલી છે.

વિશેષમાં આઠે કર્મોનો નાશ આ મોહનીય કર્મનો નાશ થયા બાદજ થાય છે. અર્થાત મોહનીય કર્મનો વિનાશ થયા બાદ અંતર્મુહૂર્ત કાળ વીત્યા પછી જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મનો સમકાલે નાશ થાય છે અને તેમ થતાં આત્મા સર્વજ્ઞ બને છે. (અંતમાં બાકીનાં ચાર કર્મોનો પણ ક્ષય થાય છે અને ત્યાર બાદ આત્મા મુક્તિ–નગરે જઈ પહોંચે છે.)

એ કહેવું વધારે પડતું નહિ ગણાય કે દર્શન–મોહનીયનો નાશ થવાથી નિર્મળ સમ્યક્ત્વ અને ચારિત્ર–મોહનીયનો નાશ થવાથી સંપૂર્ણ આદર્શમય ચારિત્ર પ્રાપ્ત થાય છે. એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોનો ચારિત્ર–મોહનીયમાં અંતર્ભાવ થાય છે અર્થાત્ આ ચાર ચંડાળોની ચોકડીનો ચારિત્ર–મોહનીય 'ચોરો' છે.

ઉપર્યુક્ત મોહના સ્વરૂપ ઉપરથી સમજી શકાય છે કે આવો મોહ મનુષ્યને મરણાન્ત સ્થિતિએ પહોંચાડે તેમાં આશ્ચર્ય જેવું નથી.[1]

---

૧ મોહને વશ થયેલા પ્રાણીને કેવી કેવી વિડંબનાએ ભોગવવી પડે છે, તેનો ખ્યાલ ઉપમિતિ–ભવપ્રપંચ–કથા, વૈરાગ્ય–કલ્પ–લતા, મોહ–પરાજય–નાટક ઇત્યાદિ ગ્રન્થો જેવાથી સહજ અને સચોટ આવી શકશે.

જિનેશ્વરની વાણીનો પ્રભાવ—

આ શ્લોકમાં જિનેશ્વરની વાણીને ઉપકાર કરનારી કહેવામાં આવી છે તે વાસ્તવિક છે, કેમકે સર્વજ્ઞનાં-જિનેશ્વરનાં-વીતરાગનાં-રાગ-દ્વેષનો સંપૂર્ણ ક્ષય કરેલાંના વચનથી કોઇને પણ નુકસાન થાય ખરૂં કે ? એવાં અમૃતમય વચનોમાં અપકારની ગન્ધ પણ ક્યાંથી હોય ? કદાચ જળ અગ્નિરૂપે પરિણમે, પરંતુ વીતરાગનાં વચનો તો અપકારકારક કદાપિ નીવડે નહિ.

* * * * *

शास्त्रमहिमा—

सोऽयं हिनस्ति सुकृती समवाप्य शास्त्र-
विद्यातरो गवि भवं भवतोदि तारम् ।
श्रोत्रैर्वचोऽमृतमधादिह सर्वभाव-
विद् ! यातरोगविभवं भवतो दितारम् ॥ ४७ ॥

—वसन्त०

विवरणम्

सोऽयं सुकृती-पुण्यवान भवं-संसारं हिनस्ति-निहन्ति । किं कृत्वा ? समवाप्य । किं ? शास्त्रविद्यातरः-शास्त्रज्ञानबलम् । कस्यां ? गवि-भुवि । शास्त्रविद्यातरः किं० ? भवतोदि-भवविनाशि । पुनः किं० ? तारं-मनोज्ञम् । स कः ? यः सुकृती श्रोत्रैः-श्रवणैः भवतो वचोऽमृतं-त्वद्वाक्सुधां अधात्-पिबति स्म । इह-लोके सर्वे भावाः-पदार्थाः तान् वेत्तीति तत्सं० । वचोऽमृतं किं० ? यातो-गतो रोगरूप(पो) विभवः-सम्पद् यस्मात् तत् । पुनः किं० ? दितं-छिन्नं आरं-वैरिवृन्दं येन तत् ॥ ४७ ॥

अन्वयः

इह सर्व-भाव-विद् ! (यः) भवतः यात-रोग विभवं दित-आरं वचः-अमृतं श्रोत्रैः (इह) अधात्, सः अयं सुकृती भव-तोदि, तारं शास्त्र-विद्या-तरः गवि समवाप्य भवं (इह) हिनस्ति ।

શબ્દાર્થ

सः (मू० तद्)=તે.
अयं (मू० इदम्)=આ.
हिनस्ति (धा० हिंस्)=નાશ કરે છે.
सुकृती (मू० सुकृतिन्)=સારા કાર્ય કરનારો, પુણ્યશાળી.
समवाप्य (धा० आप्)=પ્રાપ્ત કરીને.
शास्त्र=શાસ્ત્ર, ધર્મનું પવિત્ર પુસ્તક.
विद्या=જ્ઞાન.
तरस=બળ.
शास्त्रविद्यातरः=શાસ્ત્રના જ્ઞાન-બલને.
गवि (मू० गो)=પૃથ્વીને વિષે.
भवं (मू० भव)=સંસારને.

तुद्=नाश કરવો.
भवतोदि=ભવનો વિનાશ કરનારા.
तारं (મૂ० तार)=મનોજ્ઞ, મનોહર.
श्रोत्रैः (મૂ० श्रोत्र)=કર્ણો વડે, કાનોથી.
वचस्=વચન.
वचोऽमृतं=વચનામૃતને, અમૃત સમાન વાણીને.
अधात् (ધા० धा)=ધારણ કરતો હવો, પાન કરતો હવો.
इह=લોકને વિષે, આ દુનિયામાં.
भाव=પદાર્થ.
सर्वभावविद् !=હે સર્વ પદાર્થોને જાણનાર, સર્વજ્ઞ !
रोग=વ્યાધિ, રોગ.
यातरोगविभवं=ગઈ છે વ્યાધિરૂપી સંપત્તિ જેથી એવા.
दित (ધા० दो)=કાપી નાખેલ, સંહાર કરેલ.
दितारं=સંહાર કર્યો છે શત્રુ-સમૂહનો જેણે એવા.

શ્લોકાર્થ

સર્વજ્ઞના શાસ્ત્રનો મહિમા—

"હે લોકને વિષે સમસ્ત પદાર્થોને જાણનારા ! જેથી વ્યધિરૂપી સંપત્તિ ગઇ છે એવા (અર્થાત્ રોગના વિનાશક), તથા (આભ્યન્તર) શત્રુ-સમૂહનો જેણે સંહાર કર્યો છે એવા (અર્થાત્ ક્રોધાદિક શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરનારા એવા) આપના વચનામૃતનું જેણે કર્ણો(રૂપી કચોલા) વડે પાન કર્યું, તે પુણ્યાત્મા ભવને ભેદનારા તેમજ મનોજ્ઞ એવા શાસ્ત્રના જ્ઞાનનું બલ (આ પૃથ્વી ઉપર) મેળવીને સંસારનો નાશ કરે છે."—૪૭

સ્પષ્ટીકરણ

સર્વજ્ઞની સત્તા—

આ શ્લોકથી સર્વજ્ઞનો આ પૃથ્વી ઉપર સંભવ છે અર્થાત્ મનુષ્ય પણ સર્વજ્ઞ બની શકે છે અને તેમ થતાં તે લોક-અલોકમાંના સમસ્ત પદાર્થનો જ્ઞાતા બને છે એ વાતનું સૂચન કરવામાં આવ્યું છે. અર્થાત્ આ ઉપરથી મીમાંસકો (જૈમિનીય દર્શનાનુયાયીઓ)ના અને ખાસ કરીને જૈમિનીય દર્શન-ધુરંધુર કુમારિલભટ્ટના 'સમગ્ર વિશ્વમાં કોઇને પણ સર્વ પદાર્થોનું જ્ઞાન હોઇ શકે નહિ' એવા અભિપ્રાયની સાથે જૈન દર્શન સંમત નથી એ જોઈ શકાય છે. વિશેષમાં એ પણ ઉમેરવું અનાવશ્યક નહિ ગણાય કે નૈયાયિકો મુક્તિ-અવસ્થામાં આત્માને સર્વજ્ઞ માનતા નથી, તે વાત પણ જૈન દર્શનને માન્ય નથી.

શ્લોક-સમીક્ષા—

આ શ્લોકના સંબંધમાં सर्वभावविद्‌ની પૂર્વે જે इह શબ્દનો પ્રયોગ કર્યો છે તેથી અને બીજું श्रोत्रैः એમ બહુવચન (નહિ કે દ્વિવચન) વાપર્યું છે તેથી આ શ્લોક દૂષિત છે એવી શંકા ઉપસ્થિત થાય છે. વધુ સ્પષ્ટ શબ્દમાં કહીએ તો આ પૃથ્વીને વિષે સર્વ ભાવના જાણકાર એમ જે કહ્યું છે, તેથી શું અન્યત્ર પૃથ્વીની બહાર સર્વજ્ઞનો નિષેધ કર્યો છે વારૂ એવો પણ પ્રશ્ન ઉઠે છે. આના પ્રત્યુત્તર તરીકે સમજવાનું કે इह એટલે આ પૃથ્વીને વિષે એવો અર્થ કરવાથી જૈન દર્શનને બાધા આવતી નથી, કેમકે આ પૃથ્વી ઉપર પણ કાળા માથાનો માનવી સર્વજ્ઞ બની શકે છે, એવી આ દર્શનની માન્યતા છે. વિશેષમાં 'પૃથ્વી' શબ્દ ઉપર ભાર મૂકવામાં આવે, તો તેથી પણ વાંધો

નથી; કેમકે મનુષ્ય ગતિ સિવાય અન્ય કોઇ પણ ગતિમાં (અરે દેવગતિમાં પણ) સર્વજ્ઞતાનો સંભવ નથી (જોકે સિદ્ધિરૂપ પંચમ ગતિમાં સર્વજ્ઞતાનો સદ્ભાવ છે).

હવે જો इह શબ્દનો અર્થ લોકને વિષે એમ કરવામાં આવે, તો તે પણ ઇષ્ટ છે; કેમકે જૈન શાસ્ત્ર પ્રમાણે મુક્તાત્માઓ પણ લોકની બહાર અલોકમાં વસતા નથી. આથી સર્વજ્ઞની સત્તા આ લોકને વિષેજ રહેલી છે. પરંતુ इह શબ્દનો અર્થ ' सर्वभावविद् 'ની સાથે વિચારવામાં આવે અર્થાત્ ' આ લોકમાં રહેલા સર્વ પદાર્થોને જાણનાર ' એમ કરવામાં આવે, તો એક અપેક્ષાએ તે કથન અસત્ય ઠરે; કેમકે સર્વજ્ઞ તો લોકાલોકના જ્ઞાતા છે. પરંતુ અલોકમાં આકાશ સિવાય બીજો કોઇ પણ પદાર્થ નથી, એટલે લોકમાં રહેલા સમસ્ત પદાર્થના જાણનારને ત્યાં કંઇ પણ વિશેષ જાણવાનું નહિ હોવાને લીધે સર્વજ્ઞને આ લોકમાં રહેલા સમસ્ત પદાર્થોને જાણનારા એમ કહેવામાં આવે, તો તે સર્વથા અસત્ય નથી.

' इह ' શબ્દનો અન્વય ' हिनास्ति ' સાથે કરવામાં આવે તો તે પણ ન્યાયસંગત છે, કેમકે આ લોકમાંજ-તિર્યગ-લોકમાં રહીનેજ ભવનો નાશ થઇ શકે છે. આ ઉપરાંત ' इह 'નો પ્રયોગ ' अघात् ' સાથે કરવામાં આવે તો તેમાં પણ અડચણ નથી, કેમકે મોક્ષે ગયેલા પરમાત્માઓ ઉપદેશ આપતા નથી, પરંતુ આ પૃથ્વી ઉપર વિહરતા કેવલજ્ઞાન પામેલા મનુષ્યો અને ખાસ કરીને તીર્થંકરો યથાયોગ્ય ઉપદેશ આપે છે.

હવે श्रोत्रैः એવું જે રૂપ વાપર્યું છે, તે સંબંધમાં વિચાર કરીએ. પ્રથમ તો એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે કવિરાજ શ્રી**સિદ્ધસેન દિવાકરે** રચેલા (ત્રેવીસમા તીર્થંકર શ્રી**પાર્શ્વનાથ**ની સ્તુતિરૂપ) **કલ્યાણમન્દિર**-સ્તોત્રમાં ૪૨મા પદ્યમાં ' भवदङ्घ्रिसरोरुहाणां ' એ પદથી બહુ-વચનનો પ્રયોગ કર્યો છે એવી રીતે કવીશ્વર શ્રી**શોભન** મુનિરાજે પોતે રચેલી **સ્તુતિચતુર્વિંશતિકા**માં ૬૧મા પદ્યમાં શ્રી**શાન્તિનાથ**ની સ્તુતિ કરતાં ' पादैः ' પદ દ્વારા બહુવચનનો પ્રયોગ કર્યો છે. આથી કરીને મહાકવિઓએ દ્વિવચનને બદલે બહુવચનનો પ્રયોગ કર્યો હોવાથી અત્ર 'श्रोत्रैः' થી શ્લોક દૂષિતજ છે એમ માનવું ઉચિત નથી. વળી 'श्रोत्र' શબ્દથી કર્ણરૂપ દ્રવ્યેન્દ્રિય ન સમજતાં ઉપયોગરૂપ ભાવેન્દ્રિય સમજવામાં આવે અથવા ' श्रोत्रपुटैः 'ની માફક ' श्रोत्रैः ' શબ્દથી શ્રોત્રની શક્તિની અધિકતા સમજવામાં આવે તો તેથી પણ દોષનો પરિહાર સંભવે છે.

શાસ્ત્ર-વિચાર—

આ પદ્યમાં શાસ્ત્ર એ સંસારનો સંહાર કરનાર છે એમ જે કહ્યું છે તે વાસ્તવિક છે, કેમકે શાસ્ત્રનો અર્થ વિચારતાં એ વાત સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. આ સંબંધમાં વાચકવર્ય **ઉમાસ્વાતિ**કૃત ' પ્રશમ-રતિ'નાં નિમ્ન-લિખિત પદ્યો દિવ્ય પ્રકાશ પાડે છે.

" शास्विति वाग्विधिविद्भि-र्धातुः पापठ्यतेऽनुशिष्ट्यर्थः ।
त्रैङिति च पालनार्थे, विनिश्चितः सर्वशब्दविदाम् ॥—आर्या
यस्माद् रागद्वेषो-द्धतचित्तान् समनुशास्ति सद्धर्मे ।
संत्रायते च दुःखा-च्छास्त्रमिति निरुच्यते सद्भिः ॥ "—आर्या

—પદ્યાંક ૧૮૬, ૧૮૭.

અર્થાત્—વ્યાકરણવેત્તાઓએ 'શાસ્' ધાતુને અનુશાસન (શિક્ષા)ના અર્થવાચક ગણ્યો છે અને 'ત્રૈ' ધાતુને સર્વ શબ્દવેત્તાઓએ પરિપાલનના અર્થમાં નિશ્ચિત કર્યો છે. જેથી કરીને રાગ-દ્વેષથી ઉદ્ધત મનવાળા બનેલાને સદ્ધર્મને વિષે રૂડી રીતે અનુશાસન કરે છે અને દુઃખમાંથી સમ્યક્ પ્રકારે મુક્ત કરે છે, તેથી કરીને શાસ્ત્રકારો તેને 'શાસ્ત્ર' કહે છે. આ ઉપરથી જોઈ શકાય છે કે જે 'શાસ્ત્ર' એ નામને ખરેખર લાયક હોય, તેનો અભ્યાસ કરવાથી સંસારને છેલ્લી સલામ ભરી દેવાનો વારો આવે, તેમાં શી નવાઈ ?

*　　*　　*　　*　　*

चण्डादेव्याः स्तुतिः—

भक्त्या यया यतिगणः समपूजि भिन्न-
　चण्डेतिकोऽमलकले ! वरशोभनाभे ! ।
पण्डामखण्डिततमां घटयाऽऽशु पुंसां
　'चण्डे'! ऽतिकोमलकलेवरशोभनाभे ! ॥ ४८ ॥ १२ ॥

—वसन्त०

विवरणम्

हे चण्डे !—चण्डादेवि ! त्वं पुंसां—नृणां पण्डां—धियं आशु—शीघ्रं घटय—निष्पादय । पण्डां किं० ? अखण्डिततमां—अतिपूर्णाम् । (देवि ! किं० ?) अतिकोमलस्य—अतिसुकुमालस्य कलेवरस्य—वपुषः शोभना—कान्ता आभा—श्रीर्यस्याः तत्सं० । सा का ? यया—देव्या यतिगणः—साधुसङ्घः समपूजि—पूजितः । कया ? भक्त्या । यतिगणः किं० ? भिन्ना—दारिता चण्डा—कर्कशा ईतिः—उपप्लवो येन सः । (देवि ! किं० ?) अमला—विशदा कला यस्याः तत्सं० । वरा—मुख्या शोभा—राढा यस्याः इदृग् नाभिर्यस्याः तत्सं० ॥ ४८ ॥

अन्वयः

यया भिन्न-चण्ड-ईति-कः यति-गणः भक्त्या समपूजि, (सा त्वं) अमल-कले ! वर-शोभ-नाभे ! अति-कोमल-कलेवर-शोभन-आभे ! चण्डे ! पुंसां अ-खण्डित-तमां पण्डां आशु घटय ।

શબ્દાર્થ

भक्त्या (मू० भक्ति)=ભક્તિપૂર્વક, ઉપાસના સહિત.
यया (मू० यद्)=જેથી.
यति=સાધુ, મુનિ.
यतिगणः=સાધુઓનો સમુદાય, મુનિ-વર્ગ.
समपूजि (धा० पुज्)=પૂજાયો.
भिन्न (धा० भिद्)=વિદારણ કરેલ.
भिन्नचण्डेतिकः=વિદારણ કર્યું છે પ્રચણ્ડ ઉપદ્રવોનું જેણે એવા.

अमल=અવિદ્યમાન છે મેલ જેને વિષે એવા, નિર્મળ.
कला=કળા.
अमलकले !=નિર્મળ છે કળા જેની એવી! (સં૦)
शोभा=કાન્તિ.
नाभि=નાભિ, દૂંટી.
वरशोभननाभे !=ઉત્તમ છે શોભા જેની નાભિની એવી ! (સં૦)
पण्डां (મૂ૦ पण्डा)=મતિને, બુદ્ધિને.
अखण्डिततमां (મૂ૦अखण्डिततमा)=સર્વથા સંપૂર્ણ.
घटय (ધા૦ घट्)=કર, બનાવ.
पुंसां (મૂ૦ पुंस्)=મનુષ્યોની.
चण्डे ! (મૂ૦ चण्डा)=હે ચણ્ડા (દેવી)!
कोमल=મૃદુ, કોમળ.
कलेवर=દેહ, શરીર.
शोभन=સુંદર.
अतिकोमलकलेवरशोभनाभे !=જેના અતિશય સુકોમલ શરીરની શોભનીય શોભા છે એવી ! (સં૦).

શ્લોકાર્થ

ચણ્ડા દેવીની સ્તુતિ—

" પ્રચણ્ડ ઉપદ્રવોનો જેણે વિનાશ કર્યો છે એવા મુનિ-વર્ગની જેણે ભક્તિપૂર્વક સેવા કરી, તે તું, હે નિર્મલ કલાવતી ! જેની નાભિની શોભા ઉત્તમ છે એવી હે (દેવી) ! જેના સુકોમલ શરીરની શોભા સુશોભિત છે એવી હે ચણ્ડા ! મનુષ્યોને સર્વથા સંપૂર્ણ મતિ આપ."—૪૮

સ્પષ્ટીકરણ

ચણ્ડા દેવીનું સ્વરૂપ—

ચણ્ડા દેવી એ બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યની શાસન-દેવી છે. એનું બીજું નામ પ્રવરા છે. એનો વર્ણ શ્યામ છે અને અશ્વ એ એનું વાહન છે. એને પણ ચાર હાથ છે. એના જમણા બે હાથમાં વરદ અને શક્તિ છે, જ્યારે એના ડાબા બે હાથમાં તો પુષ્પ અને ગદા છે. આ પ્રમાણે પ્રવચન-સારોદ્ધારમાં આપેલા ચણ્ડા દેવીના સ્વરૂપના ઉપર નીચેનો શ્લોક પણ પ્રકાશ પાડે છેઃ—

" श्यामा तुरगासना चतुर्दोः करयोर्दक्षिणयोर्वरं च शक्तिम् ।
दधती किल वामयोः प्रसूनं सुगदां सा प्रवराऽवताञ्च चण्डा ॥ "

—આચાર૦ પત્રાંક ૧૭૭.

१२ श्रीविमलनाथजिनस्तुतयः

अथ श्रीविमलनाथस्य स्तुतिः—

> सिंहासने गतमुपान्तसमेतदेव-
> देवे हितं सकमलं 'विमलं' विभासि ।
> आनर्च यो जिनवरं लभते जनौघो
> देवेहितं स कमलं विमलं विभासि ॥ ४१ ॥

—वसन्त०

विवरणम्

स जनौघः कं–सुखं लभते–प्राप्नोति । अलं–अत्यर्थम् । कं किं० ? देवैः ईहितं–काङ्क्षितम् । पुनः किं० ? विमलं–निर्मलम् । पुनः किं० ? विभासि–शोभनशीलम् । स कः ? यो जिनवरं आनर्च–अर्चति स्म । जिनवरं किं० ? विमलं–विमलनाथनामानम् । पुनः किं० ? गतं–प्राप्तम् । क्व ? सिंहासने–हेमपीठे । सिंहासने किं० ? उपान्ते–निकटे समेताः–समागताः देवदेवा–इन्द्रा यत्र तस्मिन् । जिनवरं किं० ? हितं–हितकारिणम् । पुनः किं० ? सह कमलैः वर्तते यस्तं, यद्वा सश्रीकम् । सिंहासने किं० ? विशिष्टा भा–प्रभा यस्य तस्मिन् ॥ ४१ ॥

अन्वयः

यः जन–ओघः उपान्त–समेत–देव–देवे विभासि सिंहासने गतं हितं स–कमलं 'विमलं' जिन–वरं आनर्च, सः देव–ईहितं विमलं विभासि कं अलं लभते ।

શબ્દાર્થ

सिंहासने (मू० सिंहासन)=સિંહાસનને વિષે.
गतं (मू० गत)=પામેલ.
उपान्त=સમીપ, નિકટ.
समेत (धा० इ)=આવેલ.
देव=રાજા.
देवदेव=દેવના રાજા, ઇન્દ્ર.
उपान्तसमेतदेवदेवे=જેની સમીપમાં આવ્યા છે ઇન્દ્રો એવા.
हितं (मू० हित)=કલ્યાણકારી.
कमल=કમળ.
सकमलं=(१) કમળ સહિત; (२) લક્ષ્મીથી યુક્ત.
विमलं (मू० विमल)=વિમલ (નાથ)ને.
भास=કાન્તિ.
विभासि=વિશેષ કાન્તિ છે જેની એવા.
आनर्च (धा० अर्च्)=પૂજા કરી, અર્ચન કર્યું.
यः (मू० यद्)=જે.
जिनवरं (मू० जिनवर)=તીર્થંકરને.

लभते (धा० लभ्)=મેળવે છે, પામે છે.
जनौघः=જનોનો સમુદાય.
देवेष्टितं=દેવોએ ઇચ્છેલ.
कं (मू० क)=સુખને.
सुदर्शनधरेशं=સુદર્શન નૃપને.
वामा=મહિલા, નારી.
अनन्तवामं=અવિદ્યમાન છે મૃત્યુ અને મહિલા જેને વિષે એવા.

શ્લોકાર્થ

શ્રીઅરનાથની સેવા—

"હે અરનાથ ! તારાં કે જેનાં ચરણોના પ્રધાન સેવનવાળા એવા (અર્થાત્ જેનો ઘણાં જીવો આશ્રય લે છે એવા) તેમજ શોભન દર્શનને ધારણ કરનારા (અર્થાત્ જોવા લાયક) એવા આસન (પાદ–પીઠ) ઉપર સુરોની શ્રેણિ આળોટે છે, તેવા તને કે જે અવિદ્યમાન શાંતિવાળા (અર્થાત્ ક્લેશકારી) એવા રોગનો નાશ કરનાર છે તેમજ સુદર્શન નૃપતિને સંતોષ પમાડનાર છે અને જેને વિષે મૃત્યુ અને મહિલા (ના સંગ)નો અભાવ છે, એવા તને હું સેવું છું."—૬૯

સ્પષ્ટીકરણ

અરનાથ-ચરિત્ર—

અરનાથનાં ચરિત્રો પણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલાં હોવાનો જૈન ગ્રન્થાવલીમાં ઉલ્લેખ છે.

* * * * *

जिनाल्या विज्ञप्तिः—

सर्वज्ञसंहतिरवाप शिवस्य सौख्यं
सारं भवारिजनिशापतिरोहितश्रीः ।
शुद्धां धियं कृतधियां विदधातु नित्यं
साऽऽरम्भवारिजनिशापतिरोहितश्रीः ॥ ७० ॥

—वसन्त०

विवरणम्

सा–जिनाली शुद्धां–पवित्रां धियं–बुद्धिं कृतधियां–विदुषां विदधातु–जनयतु नित्यं–सदा। सा किं० ? आरम्भो–हिंसा स एव वारिजं–कमलं तत्र निशापतिवत्–चन्द्रवद् रोहिता–जाता श्रीः–पद्मा यस्याः सा । सा का ? या सर्वज्ञसंहतिः–जिनाली शिवस्य–मोक्षस्य सौख्यं–शर्म अवाप–प्राप । सौख्यं किं० ? सारम्–उत्तमम् । संहतिः किं० ? भवः–संसृतिः अरयो–वैरिणो जनिः–जन्म शापः–शपनं तैः तिरोहिता–रहिता श्रीः–शोभा यस्याः सा ॥ ७० ॥

अन्वयः

(या) भव–अरि–जनि–शाप–तिरोहित–श्रीः सर्वज्ञ–संहतिः शिवस्य सारं सौख्यं अवाप, सा आरम्भ–वारिज–निशा–पति–रोहित–श्रीः कृत–धियां धियं शुद्धां नित्यं विदधातु ।

શબ્દાર્થ

सर्वज्ञ=કેવલજ્ઞાની, સમસ્ત વસ્તુના જાણકાર.
संहति=સમુદાય, સમૂહ.
सर्वज्ञसंहतिः=સર્વજ્ઞોનો સમુદાય.
अवाप (धा० आप्)=પ્રાપ્ત કર્યું.
शिवस्य (मू० शिव)=મોક્ષના.
सौख्यं (मू० सौख्य)=સુખને.
जनि=જન્મ.
शाप=શાપ દેવો તે.
तिरोहित (धा० धा)=રહિત.
श्री=શોભા.
भवारिजनिशापतिरोहितश्रीः=સંસાર, શત્રુ, જન્મ અને શાપથી રહિત છે શોભા જેની એવો.
शुद्धां (मू० शुद्ध)=વિશુદ્ધ, નિર્મળ.
धियं (मू० धी)=બુદ્ધિને.
कृत (धा० कृ)=સંપાદન કરેલ.
कृतधियां (मू० कृतधी)=સંપાદિત કરી છે બુદ્ધિ જેમણે એવાની, પણ્ડિતોની.
विदधातु (धा० धा)=કરો.
निशा=રજની, રાત.
निशापति=રજની-કાન્ત, ચન્દ્ર.
रोहित (धा० रुह्)=ઉત્પન્ન થયેલ.
आरम्भवारिजनिशापतिरोहितश्रीः=પાપાચરણરૂપ કમલ પ્રતિ ચન્દ્રની માફક ઉત્પન્ન થઇ છે શોભા જેની એવા.

શ્લોકાર્થ

જિનેશ્વરોને વિજ્ઞપ્તિ—

"જેની શોભા સંસાર (ભવ-ભ્રમણ), શત્રુ, જન્મ (તથા મરણ) અને શાપથી મુક્ત છે એવા (અર્થાત્ જેમને હવે જન્મ-મરણના ફેરા ફરવાના નથી એવા તેમજ કોઈને પણ શાપ નહિ દેનારા એવા[1]) જે સર્વજ્ઞ-સમુદાયે મોક્ષનું ઉત્તમ સુખ પ્રાપ્ત કર્યું, તે પાપાચરણરૂપી (સૂર્ય-વિકાસી) કમલને (સંકોચિત કરવામાં) ચન્દ્રની જેમ ઉત્પન્ન થયેલી પ્રભાવાળો (જન-વર્ગ) જેમણે મતિ સંપાદિત કરી છે એવાની (અર્થાત્ પણ્ડિતોની) બુદ્ધિ સદા નિર્મળ કરો."—૭૦

*　　*　　*　　*　　*

जिनवाण्याः प्रार्थना—

हन्ति स्म या गुणगणान् परिमोचयन्ती
साभा रतीशमवतां भवतोदमायाः ।
ज्ञानश्रिये भवतु तत्पठनोद्यतानां
सा भारती शमवतां भवतो दमाया ॥ ७१ ॥

—वसन्त०

[1] આ તેમની ખરેખરી વીતરાગ દશા સૂચવે છે; બાકી સ્તુતિ કરનારા મનુષ્યો ઉપર તુષ્ટ થવું કે નિન્દા કરનારા જનો ઉપર રુષ્ટ થવું એ તો અપૂર્ણતાનું લક્ષણ છે.

विवरणम्

हे जिन ! भवतः सा भारती—वाणी शमवतां—साधूनां ज्ञानश्रिये भवतु—अस्तु । शमवतां किं० ? तत्पठनोद्यतानां—वचःपठने कृतोद्यमानाम् । भारती किं० ? दमस्य—शमस्य आयो—लाभो यस्याः सा । सा का ? या भारती रतीशं—कन्दर्पं हन्ति स्म—जघान । या किं कारयन्ती ? परिमोचयन्ती—त्याजयन्ती । काः ? भवः—संसारः तोदः—पीडा माया—दम्भः ताः । केषां ? गुणगणानवतां—गुणवतां नराणाम् । या किं० ? साभा—सश्रीका ॥ ७१ ॥

अन्वयः

या स-आभा (भारती) गुण-गणान् अवतां भव-तोद-मायाः परिमोचयन्ती रति-ईशं हन्ति स्म, (हे जिन !) भवतः सा दम-आया भारती तत्-पठन-उद्यतानां शमवतां ज्ञान-श्रिये भवतु ।

શબ્દાર્થ

हन्ति स्म (धा० हन्)=નાશ કર્યો.
गुणगणान्=ગુણોના સમૂહોને.
परिमोचयन्ती=ત્યાગ કરાવનારી.
साभा=શોભાથી યુક્ત.
रतीशं (મૂ० रतीश)=રતિ-પતિને, મદનને.
अवतां (મૂ० अवत)=રક્ષણ કરનાર.
भवतोदमायाः=સંસાર, પીડા અને માયાને.
ज्ञान=જ્ઞાન, બોધ.
ज्ञानश्रियं=જ્ઞાનરૂપી લક્ષ્મીને માટે.
पठन=વાંચન, પાઠ કરવો તે.
उद्यत (ધા० यम्)=ઉદ્યમ કરેલ.
तत्पठनोद्यतानां=તેના પઠનને વિષે ઉદ્યમ કરેલાઓના.
शमवतां (મૂ० शमवत्)=શમયુક્તના.
दमाया=ઉપશમનો લાભ છે જેથી એવી.

શ્લોકાર્થ

જિન-વાણીને પ્રાર્થના—

" જે શોભાયુક્ત વાણીએ ગુણોના સમુદાયોનું રક્ષણ કરનારા (અર્થાત્ ગુણિ-જનો)-ને સંસાર, પીડા અને માયાનો ત્યાગ કરાવનારી બની કંદર્પને હણ્યો, તે આપની (હે તીર્થંકર !) ઉપશમના લાભવાળી વાણી તેના પઠન પરત્વે જેમણે ઉદ્યમ કર્યો છે એવા ઉપશમ-ધારી (ઉત્તમ પુરૂષો)ની જ્ઞાનરૂપી લક્ષ્મીને અર્થે થાઓ. "—૭૧

* * * * *

अप्रतिचक्रा.

चक्रधरादेव्याः स्तुतिः—

चञ्चद्विलोचनमरीचिचयाभिभूत—
सारङ्गता स्फटिकरोचितभालकान्ता ।
चक्रं सतामवतु 'चक्रधरा' सुपर्णे
सारं गता स्फटिकरोचितभालकान्ता ॥ ७२ ॥ १८ ॥

—वसन्त०

विवरणम्

चक्रधरा देवी सतां—विज्ञानां चक्रं—वृन्दं अवतु—रक्षतु। चक्रधरा किं० ? चञ्चद्विलोचनयोः—लसन्नयनयोः मरीचिचयेन—प्रभाभरेण अभिभूता—परास्ता सारङ्गस्य—मृगस्य ता—लक्ष्मीः यया सा । पुनः किं० ? स्फटिकवत्—स्फटिकमणिवद् रोचितं यद् भालं—ललाटं तेन कान्ता—मनोहरा । पुनः किं० ? गता—याता । कं ? सुपर्णं—गरुडम् । सुपर्णं किं० ? सारं—उत्तमम् । पुनः किं० ? स्फटिनः—सर्पस्य कराः—प्रभाः तद्वदुचिता—योग्या भा—श्रीः येषां एतादृशा अलकान्ताः—केशान्ता यस्याः सा ॥ ७२ ॥

अन्वयः

चञ्चत्-विलोचन-मरीचि-चय-अभिभूत-सारङ्ग-ता स्फटिक-रोचित-भाल-कान्ता सारं सुपर्णं गता स्फटिन्-कर-उचित-भा-अलक-अन्ता 'चक्रधरा' सतां चक्रं अवतु ।

શબ્દાર્થ

चञ्चत् (धा० चञ्च्)=પ્રકાશતું, દીપતું.
विलोचन=લોચન, નેત્ર, આંખ.
मरीचि=પ્રભા.
चय=સમૂહ.
सारङ्ग=મૃગ, હરણ.
चञ्चद्विलोचनमरीचिचयाभिभूतसारङ्गता=પ્રકાશમાન નેત્રોની પ્રભાના સમૂહ વડે પરાભવ પમાડ્યો છે મૃગની લક્ષ્મીને જેણે એવી.
स्फटिक=સ્ફટિક (મણિ.)
भाल=લલાટ, કપાળ.
स्फटिकरोचितभालकान्ता=સ્ફટિક (મણિ)ની જેમ દેદીપ્યમાન લલાટ વડે રમણીય.
चक्रं (मू० चक्र)=મંડલને, સમૂહને.
अवतु (धा० अव्)=રક્ષણ કર.
चक्रधरा=ચક્રધરા (દેવી).
सुपर्णं (मू० सुपर्ण)=ગરૂડને.
सारं (मू० सार)=(१) વિચિત્રવર્ણી; (२) ઉત્તમ.
गता (मू० गत)=પ્રાપ્ત થયેલી.
स्फटा=સાપની ફેણ.
स्फटिन्=સર્પ.
कर=કાન્તિ.
अन्त=છેડો.
स्फटिकरोचितभालकान्ता=સર્પની પ્રભાને યોગ્ય એવી શોભા છે જેના વાળના છેડાની તે.

१ 'सक्र(क्ष)मं' इति मुद्रित-पाठः ।

શ્લોકાર્થ

ચક્રધરા દેવીની સ્તુતિ—

" જેણે પ્રકાશમાન નેત્રોની પ્રભાના સમૂહ વડે મૃગની લક્ષ્મીને પરાભવ પમાડ્યો છે એવી (અર્થાત્ મૃગના કરતાં પણ વધારે મનોહર લોચનવાળી), તથા વળી સ્ફટિક (મણિ)ની માફક દેદીપ્યમાન લલાટ વડે રમણીય એવી, તેમજ [1]વિચિત્રવર્ણી [અથવા ઉત્તમ] ગરૂડ ઉપર આરૂઢ થયેલી, તેમજ વળી સર્પની પ્રભાને યોગ્ય એવી શોભાવાળા કેશ-અન્ત વાળી (અર્થાત્ સર્પના જેવા લાંબા અને કૃષ્ણ કેશવાળી) એવી ચક્રધરા (દેવી) સજ્જનોના મંડળનું રક્ષણ કરો. "—૭૨

સ્પષ્ટીકરણ

ચક્રધરા દેવીની પ્રાર્થના—

આ પણ એક વિદ્યા-દેવી છે. એને **અપ્રતિચક્રા**ના નામથી પણ ઓળખવામાં આવે છે. એનો વર્ણ સુવર્ણના જેવો છે. વિશેષમાં એને ગરૂડનું વાહન છે અને તે પ્રત્યેક હાથમાં ચક્ર રાખે છે. આ વાતની **આચાર-દિનકર**નો નીચેનો શ્લોક સાક્ષી પૂરે છે. કેમકે તેમાં કહ્યું છે કે—

" गरुत्मत्पृष्ठ आसीना, कार्तस्वरसमच्छविः ।
भूयादप्रतिचक्रा नः, सिद्धये चक्रधारिणी ॥ "

—પત્રાંક ૧૬૨.

આ દેવીના સંબંધમાં એટલું નિવેદન કરવું બાકી રહે છે કે જેમ **શ્રીશોભન** કવીશ્વરે ૭૨મા પદ્યમાં **ચક્રધરા** દેવીની સ્તુતિ કરી છે, તેમ આ કવિરાજે પણ કર્યું છે.

---

૧ આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૨૪).

१९ श्रीमल्लिजिनस्तुतयः

अथ श्रीमल्लिनाथस्य स्तुतिः—

श्रीमल्लिनाथ ! शमथद्रुमसेकपाथः
कान्तप्रियङ्गुरुचिरोचितकायतेजः ! ।
पादाब्जमस्तु मदनार्त्तिमधौ विमुक्ता-
कान्त ! प्रियं गुरु चिरोचितकाय तेऽज ! ॥ ७३ ॥

—वसन्त०

विवरणम्

हे श्रीमल्लिनाथ ! ते-तव पादाब्जं-पदकजं चिरं-चिरकालीनं उचितं-योग्यं कं-सुखं तस्मै अस्तु-भवतु । पादाब्जं किं० ? शमथद्रुमस्य-शमद्रोः सेके-सेचने पाथः-पयःसमम् । कान्तः-सुन्दरः प्रियङ्गुः-फलिनीद्रुमः तस्य रुचिः-प्रभा तद्वद् रोचितं-शोभितं कायस्य तेजः-प्रकाशो यस्य तत्सं० । हे अज !-कृष्णसम ! । क्व ? मदनार्त्तिमधौ-कामपीडामधुदैत्ये । विमुक्तं-त्यक्तं अकान्तं-अप्रियं येन तत्सं० । पादाब्जं किं० ? प्रियं-कान्तम् । पुनः किं० ? गुरु-महत् ॥७३॥

अन्वयः

कान्त-प्रियङ्गु-रुचि-रोचित-काय-तेजः ! मदन-आर्त्ति-मधौ अज ! विमुक्त-अ-कान्त ! श्री-मल्लि-नाथ ! ते शमथ-द्रुम-सेक-पाथः प्रियं गुरु पाद-अब्जं चिर-उचित-काय अस्तु ।

શબ્દાર્થ

मल्लि=મલ્લિ(નાથ), ઓગણીસમા તીર્થંકર.
श्रीमल्लिनाथ !=હે શ્રીમલ્લિનાથ !
द्रुम=વૃક્ષ, ઝાડ.
सेक=સિંચન, પાણી છાંટવું તે.
पाथस्=જળ.
शमथद्रुमसेकपाथः=શમરૂપ વૃક્ષના સિંચન પ્રતિ જળના સમાન.
प्रियङ्गु=[1]પ્રિયંગુ, ફલિની (વૃક્ષ).
रुचि=પ્રભા.
तेजस्=તેજ.
कान्तप्रियङ्गुरुचिरोचितकायतेजः !=સુન્દર પ્રિયંગુની પ્રભાની જેમ શોભી રહી છે જેના શરીરની કાંતિ એવા ! (સં૦)
अब्ज=કમલ.
पादाब्जं=ચરણ-કમલ.
मदन=કામદેવ.
आर्त्ति=પીડા.
अर्त्ति=પીડા.
मधु=મધુ નામનો દૈત્ય.
मदनार्तिमधौ=કામદેવની પીડારૂપી મધુને વિષે.
अकान्त=અપ્રિય, અનિષ્ટ.

---

[1] ચઉક્કસાથ સૂત્રની ટીકામાં આનો અર્થ ' રાયણ ' કરવામાં આવ્યો છે.

विमुक्ताकान्त !=વિશેષતઃ ત્યજી દીધું છે અપ્રિય જેણે એવા ! (સં૦)
प्रियं (मू० प्रिय)=ઇષ્ટ.
गुरु=વિશાળ.
चिर=દીર્ઘ કાલ પર્યંત.
चिरोचितकाय=દીર્ઘ કાલ પર્યંતના તેમજ યોગ્ય એવા સુખને માટે.
अज ! (मू० अज)=હે કૃષ્ણ !

શ્લોકાર્થ

શ્રીમલ્લિનાથની સ્તુતિ—

"સુન્દર પ્રિયંગુની પ્રભાની જેમ જેના શરીરની કાંતિ શોભી રહી છે એવા હે (ઓગણીસમા તીર્થંકર)! હે કામદેવની પીડારૂપી મધુનો નાશ કરવામાં (શ્રી)કૃષ્ણ(સમાન)! જેણે અપ્રિય (કાર્યો) વિશેષતઃ ત્યજી દીધાં છે એવા હે (સર્વજ્ઞ)! હે **શ્રીમલ્લિનાથ**! શમરૂપી વૃક્ષનું સિંચન કરવામાં જલસમાન એવું તથા રૂચિકર તેમજ વિશાળ એવું તારૂં ચરણ-કમલ દીર્ઘ કાલ પર્યંતના તેમજ યોગ્ય એવા સુખને અર્થે થાઓ."—૭૩

સ્પષ્ટીકરણ

મલ્લિનાથ-ચરિત્ર—

શ્રીમલ્લિનાથ પરત્વે ત્રણ ચરિત્રો પ્રાકૃત ભાષામા રચવામાં આવ્યાં છે. તેમાં એક **જિનેશ્વરે** ૫૫૫૫ શ્લોક જેટલું, બીજું **હરિભદ્રે** ૯૦૦૦ શ્લોક પ્રમાણનું અને ત્રીજું **ભુવનતુંગે** (?) ૫૦૦ શ્લોક પ્રમાણુક રચેલ છે. આ ઉપરાંત **વિનયચન્દ્રે** ૪૨૫૦ શ્લોક જેવડું ચરિત્ર સંસ્કૃત ભાષામાં રચ્યું છે.

મધુ-દૈત્ય—

એક દિવસ **વિષ્ણુ** નિદ્રાદેવીને વશ થયેલા હતા, તેવામાં તેના કાનમાંથી **કૈટભ** અને **મધુ** નામના બે જબરજસ્ત દૈત્ય ઉત્પન્ન થયા. આ બે દૈત્યો **બ્રહ્માને** મારી નાખવાની તૈયારી કરતા હતા એટલામાં તે બંનેને **વિષ્ણુએ** મારી નાખ્યા. આ હિન્દુશાસ્ત્રમાંની પૌરાણિક કથા છે.

* * * * *

स्याद्वादिश्रेण्याः स्तुतिः—

स्याद्वादिनां ततिरनन्यजामिन्दुकान्ता—
च्छा या विडम्बयति सन्तमसङ्गमानाम् ।
सा सेवाधिः प्रविधुनोतु कृतप्रकाश—
च्छायाविडम्बयति सन्तमसं गमानाम् ॥ ७४ ॥

—वसन्त०

विवरणम्

सा–जिनततिः सन्तमसं–अवतमसं प्रविधुनोतु–हिनस्तु । सा किं० ? सेवधिः–निधानम् । केषां ? गमानां–ज्ञानानाम् । संन्तमसं किं० ? कृता–विहिता प्रकाशच्छायाया–ज्ञानश्रियो विलम्बेन यतिः–विरतिः येन तत् । डलयोरैक्यात् । सा का ? या स्याद्वादिनां ततिः–जिनश्रेणी अनन्यजं–कन्दर्पं विडम्बयति–तर्जयति । या किं० ? इन्दुकान्तवत्–चन्द्रकान्तवत् अच्छा–निर्मला । अनन्यजं किं० ? सन्तं–विद्यमानम् । स्याद्वादिनां किं० ? असङ्गमानां–सङ्गवर्जितानाम् ॥ ७४ ॥

अन्वयः

अ–सङ्गमानां स्याद्वादिनां या इन्दु–कान्त–अच्छा ततिः सन्तं अनन्यजं विडम्बयति, सा गमानां सेवधिः कृत–प्रकाश–छाया विड(ल)म्ब–यति सन्तमसं प्रविधुनोतु ।

શબ્દાર્થ

स्याद्वादिनां (मू० स्याद्वादिन्)=સ્યાદ્વાદીઓની, તીર્થંકરોની.
अनन्यजं (मू० अनन्यज)=કંદર્પને.
इन्दुकान्त=ચન્દ્રકાન્ત (મણિ).
अच्छ=નિર્મળ.
इन्दुकान्ताच्छा=ચન્દ્રકાન્તના જેવી નિર્મળ.
विडम्बयति (धा० विडम्ब्)=તિરસ્કાર કરે છે.
सन्तं (मू० सत्)=વિદ્યમાન, હૈયાતી ધરાવનારા.
असङ्गमानां=સંગ–રહિત.
सेवधिः (मू० सेवधि)=નિધાન, નિધિ.
प्रविधुनोतु (धा० धु)=નાશ કરો.
कृत (धा० कृ)=કરેલ.
प्रकाश=જ્ઞાન.
छाया=(૧) કાન્તિ; (૨) લક્ષ્મી.
विड(ल)म्ब=વિલંબ, ઢીલ.
यति=વિરામ.
कृतप्रकाशच्छायाविड(ल)म्बयति=કર્યો છે જ્ઞાન-રૂપી લક્ષ્મીના વિલંબથી વિરામ જેણે એવા.
सन्तमसं (मू० सन्तमस)=ગાઢ અજ્ઞાનને.
गमानां (मू० गम)=જ્ઞાનોના.

શ્લોકાર્થ

સ્યાદ્વાદીઓની શ્રેણિની સ્તુતિ—

" (રાગ–દ્વેષકારી) સંગથી રહિત એવા સ્યાદ્વાદીઓની ચન્દ્રકાન્ત (મણિ)ના જેવી જે નિર્મળ શ્રેણિ વિદ્યમાન કંદર્પનો તિરસ્કાર કરે છે, તે જ્ઞાનોના નિધાનરૂપ (જિન–પંક્તિ), જ્ઞાનરૂપી લક્ષ્મીના વિલંબથી જેણે વિરામ કર્યો છે એવા (અર્થાત્ જ્ઞાનને આચ્છાદિત કરનારા એવા) ગાઢ અજ્ઞાનનો વિનાશ કરો. "—૭૪

* * * * *

जिनवाक्चन्द्रिकाया महिमा—

सङ्कोचमानयति या गृहमस्तमोहा-
नायाऽसमानममतामरसं स्तवानाम् ।
वाक्चन्द्ररुग् द्यतु तमोभरमर्हताम-
नायासमानममतामरसंस्तवानाम् ॥ ७५ ॥

—वसन्त०

विवरणम्

अर्हतां-जिनानां सा वाक्चन्द्ररुग्-वाणीन्दुरुचिः तमोभरं द्यतु-पापवृन्दं निरस्यतु । अर्हतां किं० ? नास्ति आयासः-संसारप्रयासो मानो-गर्वो ममता-ममत्वं मरो-मरणं तेषां संस्तवः-परिचयो येषां तेषाम् । सा का? या वाक्चन्द्ररुचिः अमतामरसं-रोगाम्भोजं सङ्कोचमानयति-सङ्कोचयति । पुनः किं० ? गृहं-मन्दिरम् । केषां ? स्तवानां-स्तुतीनाम् । पुनः किं० ? अस्तो-गतो मोहानयोः-मौढ्याज्ञानयोः आयो-लाभो यस्याः सा । अमतामरसं किं० ? असमानं-असाधारणम् ॥ ७५ ॥

अन्वयः

या स्तवनां (अ-समानं) गृहं, अस्त-मोह-अन-आया (चन्द्रिका) अ-समानं अम-तामरसं सङ्कोचं आनयति, (सा) अन्-आयास-मान-ममता-मर-संस्तवानां अर्हतां वाक्-चन्द्र-रुक् तमस्-भरं द्यतु ।

શબ્દાર્થ

सङ्कोचं (मू० सङ्कोच)=સંકોચ, બીડાઇ જવું તે.
आनयति (धा० नी)=લઈ જાય છે.
गृहं (मू० गृह)=ઘર.
अन=અજ્ઞાન.
अस्तमोहानाया=નષ્ટ થયો છે મોહ અને અજ્ઞાનનો લાભ જેને વિષે (અથવા જેનાથી) એવી.
असमानं (मू० असमान)=અસાધારણ.
अम=વ્યાધિ, રોગ.
तामरस=કમળ.
अमतामरसं=રોગરૂપી કમળને.
स्तवानां (मू० स्तव)=સ્તુતિઓના.
वाक्चन्द्ररुग्=વાણીરૂપી નિશા-પતિની કાન્તિ.
द्यतु (धा० दो)=કાપો, નાશ કરો.
तमोभरं=અંધકારના સમૂહને.
अर्हतां (मू० अर्हत्)=અરિહંતોની, તીર્થંકરોની.
ममता=મમત્વ, મારાપણું.
संस्तव=પરિચય.
अनायासमानममतामरसंस्तवानां=અવિદ્યમાન છે પ્રયત્ન, ગર્વ, મમત્વ અને મરણનો પરિચય જેમને વિષે એવા.

શ્લોકાર્થ

જિન-વાણીરૂપી ચન્દ્રિકાનો મહિમા—

"સ્તુતિઓના (અનુપમ) ગૃહરૂપ એવી તથા જેનાથી મોહ અને અજ્ઞાનનો લાભ નષ્ટ થયો છે એવી જે (ચન્દ્રિકા) અસાધારણ રોગરૂપી (સૂર્ય-વિકાસી) કમલનો સંકોચ કરે છે, તે, જેમને વિષે (ભવ-ભ્રમણરૂપી) પ્રયત્ન, અભિમાન, મમત્વ અને મરણનો પરિચય અવિદ્યમાન છે એવા અરિહંતોની વાણીરૂપી નિશાપતિની ચંદ્રિકા (અજ્ઞાનરૂપ) અંધકારના સમૂહનો નાશ કરો."—૭૫

* * * * *

धरणप्रियायाः स्तुतिः—

श्रीजैनशासनहिता निखिलाहिताली-
संभिन्नतामरसभा सुरभासमाना ।
देवी दुनोतु दुरितं 'धरणप्रिया' वः
संभिन्नतामरसभासुरभा समाना ॥ ७६ ॥ १९ ॥

—वसन्त०

विवरणम्

धरणप्रियानाम्नी देवी वो-युष्माकं दुरितं-पापं दुनोतु-क्षिपतु । देवी किं० ? श्रीजैनशासनस्य हिता-हितकारिणी । पुनः किं० ? निखिला-समस्ता अहिताल्या-वैरिश्रेण्याः संभिद्-संभेदिनी । पुनः किं० ? नता-प्रणता अमरसभा-देवपर्षद् यस्याः सा । पुनः किं० ? सुरैः-देवैः भासमाना-शोभमाना । पुनः किं० ? संभिन्नं-विकसितं यत् तामरसं-कमलं तद्वद् भासुरा-सुन्दरा भा-प्रभा यस्याः सा । पुनः किं० ? समाना-सन्मानसहिता ॥ ७६ ॥

अन्वयः

श्री-जैन-शासन-हिता, निखिल-अहित-आली-संभिद्, नत-अमर-सभा, सुर-भासमाना, संभिन्न-तामरस-भासुर-भा, स-माना (अथवा अ-समाना) धरणप्रिया देवी वः दुरितं दुनोतु ।

શબ્દાર્થ

जैन=જિન-વિષયક.
शासन=શાસન, આજ્ઞા.
हिता (मू० हित)=હિતકારી, કલ્યાણકારી.
श्रीजैनशासनहिता=શ્રીજૈન શાસનને હિતકારી.
निखिल=સમસ્ત.
अहित=શત્રુ.

१ 'भाऽसमाना' इत्यपि संभवति ।

संभिद्=ભેદનારી.
निखिलाहितालीसंभिद्=સમસ્ત શત્રુઓની શ્રેણિને ભેદનારી.
सभा=સભા.
नतामरसभा=પ્રણામ કર્યો છે સુરોની સભાઓએ જેને એવી.
भासमाना (धा० भास्)=પ્રકાશમાન, દીપતી.
सुरभासमाना=દેવો વડે દીપતી.
देवी=દેવી.
दुनोतु (धा० दु)=દુઃખ દો.
दुरितं (मू० दुरित)=પાતકને, પાપને.
धरण=ધરણેન્દ્ર.
प्रिया=પત્ની.
धरणप्रिया=(१) ધરણેન્દ્રની પત્ની; (२) ધરણપ્રિયા.
संभिन्न (धा० भिद्)=વિકસિત, ખીલેલ.
भासुर=શોભાયમાન, તેજસ્વી.
संभिन्नतामरसभासुरभा=વિકસિત કમળના જેવી શોભાયમાન છે શોભા જેની એવી.
समाना (मू० समान)=માનયુક્ત.
असमाना (मू० असमान)=અસાધારણ.

શ્લોકાર્થ

ધરણપ્રિયા દેવીની સ્તુતિ—

"શ્રીજૈન શાસનને હિતકારી, વળી સમસ્ત શત્રુઓની શ્રેણિનો સંહાર કરનારી, તથા વળી સુરોની સભાએ જેને પ્રણામ કર્યો છે એવી, તેમજ દેવો વડે દીપતી તથા વળી વિકસિત કમળના જેવી શોભાયમાન શોભાવાળી એવી અને વળી માન-યુક્ત [અથવા અનુપમ] એવી ધરણપ્રિયા દેવી તમારા પાપને દુઃખ દો (અર્થાત્ પાપોને દૂર કરો).—૭૬

સ્પષ્ટીકરણ

ધરણપ્રિયા દેવીનું સ્વરૂપ—

ધરણેન્દ્રને છ પટ્ટરાણીઓ છે, પરંતુ તેમાં વૈરોટ્યાનું નામ આવતું નથી. છતાં [1]સામાન્ય રીતે 'ધરણપ્રિયા'થી **વૈરોટ્યા** સમજવામાં આવે છે. આ **વૈરોટ્યા** પણ એક વિદ્યા-દેવી છે. આ વિદ્યા-દેવીનો વર્ણ શ્યામ છે અને તેને અજગરનું વાહન છે. તેના ચાર હાથ પૈકી તેના જમણા બે હાથ ખડ્ગ અને સર્પથી શોભે છે, જ્યારે તેના ડાબા બે હાથ ઢાલ અને સર્પથી અલંકૃત છે.

૭૨ મા પદ્યમાં **ચક્રધરા** નામની વિદ્યા-દેવીની સ્તુતિ કરવામાં આવી છે એટલે અત્ર પણ **વૈરોટ્યા** નામની વિદ્યા-દેવીની સ્તુતિ કરવામાં આવી છે એ વાત સર્વાંગે સ્વીકારવામાં એક વાંધો આવે છે અને તે એ છે કે વૈરોટ્યા એ ઓગણીસમા તીર્થંકરની શાસન-દેવીનું પણ નામ છે. પરંતુ આ શાસન-દેવી પણ ધરણેન્દ્રની પત્ની છે કે નહિ એ પ્રશ્ન વિચારવો બાકી રહે છે. એ દેવીના સ્વરૂપ ઉપર મૂળ શ્લોકમાં પ્રકાશ પાડવામાં આવ્યો નથી એટલુંજ નહિ, પરંતુ સ્વોપજ્ઞ ટીકામાં પણ સ્તુતિકારે **ધરણ-પ્રિયા** સંબંધી ખુલાસો કર્યો નથી; વાસ્તે **ધરણપ્રિયાથી વૈરોટ્યા** નામની શાસન-દેવી સમજવી કે વિદ્યા-દેવી કે અન્ય કોઈ એનો નિર્ણય કરવો બાકી રહે છે. છતાં પણ સાથે સાથે શાસન-દેવી તરીકેનું વૈરોટ્યા દેવીનું સ્વરૂપ આપવું અસ્થાને નહિ ગણાય, એમ માની તે આલેખવામાં આવે છે.

આ દેવીનો શ્યામ વર્ણ છે અને તે પદ્માસની છે. વળી તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ વરદ અને અક્ષસૂત્રથી અલંકૃત છે, જ્યારે તેના ડાબા બે હાથ બીજપૂરક અને શક્તિથી વિભૂષિત છે.

---

१ આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० २७७).

२० श्रीमुनिसुव्रतजिनस्तुतयः

अथ श्रीमुनिसुव्रतनाथस्य स्तुतिः—

सीमन्तिनीमिव पतिः समगंस्त सिद्धिं
निर्माय विस्मितमहामुनि सुव्रतत्वम् ।
सोऽयं मम प्रतनुतात् तनुतां भवस्य
निर्माय ! विस्मितमहा 'मुनिसुव्रत !' त्वम् ॥ ७७ ॥

—वसन्त०

विवरणम्

हे मुनिसुव्रत ! सोऽयं त्वं मम भवस्य तनुतां—तुच्छत्वं प्रतनुतात्—विस्तारय । निर्गता माया—निकृतिर्यस्य तत्सम्बोधनम् । त्वं किं० ? विस्मितं—विकसितं महः—तेजो यस्य सः । स कः ? यो मुनिसुव्रतः सुव्रतत्वं—व्रतं निर्माय सिद्धिं—मुक्तिं समगंस्त—सिद्धिमङ्गीचकार । इव—यथा पतिः—भर्त्ता सीमन्तिनीं—स्त्रियं संसजति । सुव्रतत्वं किं० ? विस्मिता—विस्मयं नीता महामुनयो—यतयो येन तत् ॥ ७७ ॥

अन्वयः

(यः) विस्मित-महत्-मुनि सुव्रतत्वं निर्माय पतिः सीमन्तिनीं इव सिद्धिं समगंस्त, सः अयं विस्मित-महाः त्वं (हे) निर्-माय ! मुनिसुव्रत ! मम भवस्य तनुतां प्रतनुतात् ।

શબ્દાર્થ

सीमन्तिनीं (मू० सीमन्तिनी)=સ્ત્રીને.
पतिः (मू० पति)=નાથ.
समगंस्त (धा० गम्)=(१) મળ્યા; (२) અંગીકાર કરી.
निर्माय (धा० मा)=કરીને, આચરીને.
विस्मित (धा० स्मि)=અચંબો પમાડેલ.
मुनि=સાધુ.
विस्मितमहामुनि=અચંબો પમાડ્યો છે મહામુનિઓને જેણે એવા.
सुव्रतत्वं (मू० सुव्रतत्व)=વ્રતને, મુનિપણાને.
प्रतनुतात् (धा० तन्)=વિસ્તારો.
तनुतां (मू० तनुता)=થોડાપણાને, કૃશતાને.
निर्माय !=જતું રહ્યું છે કપટ જેનું એવા, હે નિષ્કપટી !
विस्मित=વિકસિત.
महस्=તેજ.
विस्मितमहाः=વિકસિત થયું છે તેજ જેનું એવા.
मुनिसुव्रत !=હે મુનિસુવ્રત(સ્વામી) !

શ્લોકાર્થ

શ્રીમુનિસુવ્રતસ્વામીની સ્તુતિ—

"જેણે મહામુનિઓને વિસ્મય પમાડ્યો છે એવા સુન્દર વ્રતને આચરીને પતિ પત્નીને મળે તેમ જે સિદ્ધિ (સુન્દરી)ને મળ્યો તે આ તું વિકસિત તેજવાળો હે નિષ્કપટી **મુનિસુવ્રત** (સ્વામી) ! મારા ભવની કૃશતાનો વિસ્તાર કર (અર્થાત્ મને અલ્પભવી બનાવ)."—૭૭

સ્પષ્ટીકરણ

શ્રીમુનિસુવ્રત-ચરિત્ર—

મુનિસુવ્રતસ્વામીનું એક ચરિત્ર **શ્રીચન્દ્રે** પ્રાકૃત ભાષામાં ૧૦૯૯૪ ગાથા જેટલું રચેલું છે. આ ઉપરાંત નવ ભવના વૃત્તાંત પૂર્વકનું એક ચરિત્ર **વિનયચંદ્રે** રચ્યું છે. આનું પ્રમાણ ૪૫૫૨ શ્લોક જેટલું છે. વિશેષમાં **પદ્મપ્રભસૂરિએ** પણ ૫૫૫૫ ગાથા પ્રમાણનું એક ચરિત્ર રચ્યું છે.

* * * * *

जिनेश्वराणां स्तुतिः—

दीक्षां जवेन जगृहुर्जिनपा विमुच्य
कान्तारसं गतिपराजितराजहंसाः ।
ते मे सृजन्तु सुषमां यशसा सुकीर्त्ति-
कां तारसङ्गतिपरा जितराजहंसाः ॥ ७८ ॥

—वसन्त०

विवरणम्

ते जिनेन्द्रा मे—मम सुषमां—शोभां सृजन्तु—दिशन्तु । सुषमां किं० ? शोभने कीर्त्तिके—श्लोकसुखे यस्याः ताम् । ते किंविशिष्टाः ? तारसङ्गत्या—मनोज्ञसङ्गमेन पराः—प्रधानाः । पुनः किं० ? जितौ—न्यक्कृतौ राजहंसौ—चन्द्ररजते यैः ते । केन ? यशसा—श्लोकेन । ते के ? ये जिनपा—जिनेन्द्रा जवेन—वेगेन दीक्षां—प्रव्रज्यां जगृहुः—गृह्णन्ति स्म । किं कृत्वा ? विमुच्य—त्यक्त्वा । कं ? कान्तारसं—स्त्रीप्रेम । जिनपाः किं० ? गत्या—गमनेन पराजितः—पराभूतो राजहंसो—मरालो यैः ते ॥ ७८ ॥

अन्वयः

(ये) गति-पराजित-राजहंसाः जिन-पाः कान्ता-रसं विमुच्य दीक्षां जवेन जगृहुः, ते तार-सङ्गति-पराः यशसा जित-राजन्-हंसाः मे सु-कीर्त्ति-कां सुषमां सृजन्तु ।

શબ્દાર્થ

दीक्षां (મૂ० दीक्षा)=દીક્ષાને, સંસ્કાર-ત્યાગને.
जवेन (મૂ० जव)=વેગપૂર્વક.
जगृहुः (ધા० ग्रह्)=ગ્રહણ કરતા હવા.
जिनपाः (મૂ० जिनप)=જિનેશ્વરો.
विमुच्य (ધા० मुच्)=વિશેષતઃ ત્યજી દઇને.
रस=રાગ, પ્રેમ.
कान्तारसं=સ્ત્રીના પ્રેમને.
गति=ચાલ.
पराजित (ધા० जि)=હરાવી દીધેલ.
राजहंस=રાજહંસ.
गतिपराजितराजहंसाः=ચાલ વડે જીત્યા છે રાજહંસોને જેમણે એવા.
सृजन्तु (ધા० सृज्)=અર્પો.
सुषमां (મૂ० सुषमा)=શોભાને.
यशसा (મૂ० यशस्)=યશ વડે, કીર્તિ વડે.
सुकीर्तिकां=સુન્દર છે યશ અને સુખ જેનાં એવી.
तार=મનોજ્ઞ.
सङ्गति=સંગમ.
तारसङ्गतिपराः=મનોજ્ઞ સંગમ વડે પ્રધાન.
हंस=રૂપું, ચાંદી.
जितराजहंसाः=જીત્યા છે ચન્દ્ર અને ચાંદીને જેમણે એવા.

શ્લોકાર્થ

જિનેશ્વરોની સ્તુતિ—

" જેમણે ચાલ વડે રાજહંસોને જીત્યા છે એવા જે જિનેશ્વરોએ પ્રમદાના પ્રેમનો ત્યાગ કરીને વેગપૂર્વક દીક્ષા ગ્રહણ કરી, તે ઉત્તમ સંગતિ વડે પ્રધાન તેમજ કીર્તિ (ની ઉજ્જ્વલતા) વડે ચન્દ્રને તેમજ ચાંદીને જેમણે પરાજિત કર્યાં છે એવા તીર્થંકરો મને યશસ્વિની શોભા અર્પો."—૭૮

* * * * *

जिनागमाय महादेवस्योपमा—

दुर्दान्तवादिकुमतत्रिपुराभिघाते
कामारिमानम मतं पृथु लक्षणेन ।
सर्वज्ञशीतरुचिना रचितं निरस्त-
कामारिमानममतं पृथुलक्षणेन ॥ ७९ ॥

—वसन्त०

विवरणम्

हे जन ! त्वं मतं आनम-नमस्कुरु । मतं किं० कामारिं-ईश्वरसमम् । क्व ? दुर्दान्ता-दुर्दमा ये वादिनः-परवादिनः तेषां कुमतं-कुपक्षः तदेव त्रिपुरनामा दैत्यः तस्य अभिघाते-हनने ।

पुनः किं० ? पृथु–विस्तीर्णम् । केन ? लक्षणेन । पुनः किं० ? रचितं–ग्रथितम् । केन ? सर्वज्ञशीतरुचिना–जिनचन्द्रेण । पुनः किं० ? निरस्ता–ध्वस्ताः कामः–कन्दर्पः अरयो–रिपवः मानः–स्मयो ममता च–ममत्वं येन तत् । लक्षणेन किं० ? पृथुला–विशालाः क्षणा–उत्सवा यस्मात् तेन ॥ ७९ ॥

अन्वयः

दुर्दान्त–वादिन्–कु–मत–त्रिपुर–अभिघाते काम–अरिं, पृथुल–क्षणेन लक्षणेन पृथु सर्वज्ञ–शीत–रुचिना रचितं निरस्त–काम–अरि–मान–ममतं मतं आनम ।

શબ્દાર્થ

दुर्दान्त=દુર્દમ, જેનું દુઃખેથી દમન થઈ શકે તેવો.
कुमत=દુષ્ટ સિદ્ધાન્ત.
त्रिपुर=ત્રિપુર (દૈત્ય).
अभिघात=વિનાશ.
दुर्दान्तवादिकुमतत्रिपुराभिघाते=દુર્દમ વાદીઓના દુષ્ટ સિદ્ધાન્તરૂપી ત્રિપુરના વિનાશને વિષે.
काम=કામદેવ, કંદર્પ, મદન.
कामारिं (મૂ० कामारि)=કંદર્પના શત્રુ(રૂપ), શિવ(રૂપ).
लक्षणेन (મૂ० लक्षण)=લક્ષણ વડે, ચિહ્ન વડે.
शीतरुचि=શીતળ છે તેજ જેનું તે, સુધાકર, ચન્દ્ર.
सर्वज्ञशीतरुचिना=સર્વજ્ઞરૂપી ચન્દ્ર વડે.
निरस्त (ધા० अस्)=નિવારણ કરેલ.
निरस्तकामारिमानममतं=નિરાસ થયો છે મદન, દુશ્મન, માન અને મમતાનો જેથી એવા.
पृथुल=વિશાળ.
क्षण=ઉત્સવ.
पृथुलक्षणेन=વિશાળ છે ઉત્સવો જેથી એવા.

શ્લોકાર્થ

જિનાગમને આપવામાં આવેલી મહાદેવની ઉપમા—

" દુર્દમ (દુર્જય) વાદીઓના દુષ્ટ સિદ્ધાન્તરૂપી ત્રિપુર (નામના દૈત્ય)નો વિનાશ કરવામાં મહાદેવના સમાન, વળી જેથી વિશાળ ઉત્સવો છે એવા લક્ષણ વડે વિસ્તીર્ણ, તેમજ સર્વજ્ઞરૂપ સુધાકર વડે રચાયેલ તથા વળી મદન, દુશ્મન, માન અને મમતાનું જે દ્વારા નિકન્દન ગયું છે એવા સિદ્ધાન્તને (હે જનો !) તમે નમસ્કાર કરો."—૭૯

સ્પષ્ટીકરણ

ત્રિપુર દૈત્ય—

આ દૈત્ય સોના, રૂપા અને લોઢાના મયાસુરે બનાવેલા ત્રણ નગરોનો અધિપતિ હતો. એનું મરણ મહાદેવને હાથે થયું હતું તેમજ એનાં ત્રણે નગરોને ભસ્મીભૂત પણ એ ભવાની–પતિએજ કર્યાં હતા. એ વાત હિંદુ શાસ્ત્રમાં નજરે પડે છે.

* * * *

गौरीदेव्याः स्तुतिः—

या दुर्धियामकृत दुष्कृतकर्ममुक्ता-
ऽनालीकभञ्जनपराऽस्तमरालवाला ।
गत्याऽऽस्यमस्यतु तमस्तव गौर्यवन्ती
नालीकभं जन ! परास्तमरालवाला ॥ ८० ॥ २०॥

—वसन्त०

विवरणम्

हे जन ! सा गौरी-देवी तव तमः-पापं अस्यतु-दलयतु । गौरी किं कुर्वन्ती ? अवन्ती-धरन्ती । किं ? आस्यं-वक्त्रम् । आस्यं किं० ? नालीकवद् भा-प्रभा यस्य तत् । गौरी किं० ? गत्या-गमनेन परास्ता-जिता मरालबाला-हंसी यया सा । सा का ? या-गौरी दुर्धियां-दुर्बुद्धीनां अस्तं-विनाशं अकृत-करोति स्म । या किं० ? दुष्कृतकर्मभिः-पापक्रियाभिः मुक्ता-वर्जिता । पुनः किं० ? अनालीकयोः-अज्ञानासत्ययोः भञ्जनं-विनाशः तत्र परा-परायणा । पुनः किं० ? अराला-वक्रा बालाः-केशाः यस्याः सा ॥ ८० ॥

अन्वयः

(हे) जन ! या दुष्कृत-कर्मन्-मुक्ता अन-अलीक-भञ्जन-परा अराल-वाला (देवी) दुर्-धियां अस्तं अकृत, (सा) गत्या परास्त-मराल-बाला नालीक-भं आस्यं अवन्ती 'गौरी' तव तमः अस्यतु ।

શબ્દાર્થ

दुर्धियां (मू० दुर्धी)=દુષ્ટ બુદ્ધિવાળાના.
अकृत (धा० कृ)=કરતો હવો.
दुष्कृत=પાપ.
कर्मन्=ક્રિયા.
दुष्कृतकर्ममुक्ता=પાપમય ક્રિયાઓથી મુક્ત એવી.
अलीक=અસત્ય, જૂઠું.
भञ्जन=વિનાશ.
पर=તત્પર.
अनालीकभञ्जनपरा=અજ્ઞાન અને અસત્યનો અંત આણવામાં તત્પર.
अस्तं (मू० अस्त)=વિલયને, વિનાશને.
अराल=વાંકડીઆ.
वाल=વાળ, કુન્તલ, કેશ.
अरालवाला=વાંકડીઆ છે વાળ જેના એવી.
गत्या (मू० गति)=ગતિ વડે.
आस्यं (मू० आस्य)=વદનને.
तमः (मू० तमस्)=અજ્ઞાનને.
गौरी=ગૌરી (દેવી).
अवन्ती (धा० अव्)=ધારણ કરનારી.

नालीक=કમળ.
नालीकभं=કમળના જેવી કાંતિ છે જેની એવા.
जन ! (મૂ૦ जन)=હે મનુષ્ય !
परास्त (ધા૦ अस्)=દૂર કરેલ.
मराल=હંસ.
बाला=સ્ત્રી.
परास्तमरालबाला=પરાસ્ત કરી છે હંસીને જેણે એવી.

શ્લોકાર્થ

ગૌરી દેવીની સ્તુતિ—

"પાપમય ક્રિયાઓથી વિમુખ એવી, તથા અજ્ઞાન અને અસત્યનો અંત આણવામાં તત્પર તેમજ વાંકડીઆ વાળવાળી એવી જે (દેવીએ) દુષ્ટ બુદ્ધિવાળાનો વિનાશ કર્યો, તે ગતિ વડે હંસીને પરાસ્ત કરનારી એવી તેમજ કમળના સમાન કાંતિમય વદનને ધારણ કરનારી એવી ગૌરી (દેવી) હે મનુષ્ય ! તારા અજ્ઞાનને દૂર કરો."—૮૦

સ્પષ્ટીકરણ

ગૌરી દેવીનું સ્વરૂપ—

આ સોળ વિદ્યા-દેવીઓ પૈકી એક છે. એને ચાર હાથ છે. તેના જમણા બે હાથ વરદ અને મુશળથી શોભે છે, જ્યારે તેના ડાબા બે હાથ જપ-માળા અને કમળથી વિભૂષિત છે. વળી એને ગોધિકાનું વાહન છે, એ વાત તો આચાર-દિનકરના નીચે મુજબના શ્લોક ઉપરથી પણ જોઈ શકાય છે:—

"गोधासनसमासीना, कुन्दकर्पूरनिर्मला ।
सहस्रपत्रसंयुक्त-पाणिर्गौरी श्रियेऽस्तु नः ॥"

—પત્રાંક ૧૬૨

અત્ર પણ આ કવિરાજે શ્રીશોભનમુનીશ્વરનું અનુકરણ કર્યું હોય એમ લાગે છે.

२१ श्रीनमिजिनस्तुतयः

अथ श्रीनमिनाथस्य स्तुतिः—

देवेन्द्रवृन्दपरिसेवित ! सत्त्वदत्त-
सत्यागमो मदनमेघमहानिलाभः ।
मथ्नासि नाथ ! रतिनाथसरूपरूपः
सत्यागमोऽमद ! 'नमे'ऽघमहानिलाभः ॥ ८१ ॥

—वसन्त०

विवरणम्

हे नमे !-नमिनाथ ! त्वं अघं-पापं मथ्नासि-विलोडयासि । देवेन्द्रवृन्दैः-इन्द्रौघैः परिसेवितः-(अत्यन्त)सेवितः तत्सं० । त्वं किं० ? सत्त्वानां-प्राणिनां दत्ता-विहिता सत्यागा-दानसहिता मा-लक्ष्मीः येन सः । पुनः किं० ? मदनमेघे-कामाम्भोधरे महानिलाभो-महावात-निभः । पुनः किं० ? रतिनाथस्य-कन्दर्पस्य सरूपं-सवर्णं रूपं यस्य सः । पुनः किं० ? सत्यः-सम्यगागमः-सिद्धान्तो यस्य सः । नास्ति मदो-दर्पो यस्य तत्सं० । त्वं किं० ? नास्ति हानेः-क्षयस्य लाभः-प्राप्तिः यस्य स तथा ॥ ८१ ॥

अन्वयः

देव-इन्द्र-वृन्द-परिसेवित ! नाथ ! अ-मद ! 'नमे !' सत्त्व-दत्त-स-त्याग-मः मदन-मेघ-महत्-अनिल-आभः रति-नाथ-सरूप-रूपः सत्य-आगमः अ-हानि-लाभः (त्वं) अघं मथ्नासि ।

શબ્દાર્થ

वृन्द=સમૂહ, સમુદાય.
परिसेवित (धा० सेव्)=સેવાયેલ.
देवेन्द्रवृन्दपरिसेवित !=હે સુરપતિઓના સમુદાયથી સેવાયેલ !
त्याग=ત્યાગ.
सत्त्वदत्तसत्यागमः=પ્રાણીઓને અર્પણ કરી છે દાનસહિત લક્ષ્મીને જેણે એવો.
मेघ=મેઘ, વાદળ.
अनिल=પવન, વાયુ.
मदनमेघमहानिलाभः=મદનરૂપી મેઘને વિષે પ્રચંડ પવનસમાન.
मथ्नासि(धा० मन्थ्)=તું મંથન કરે છે.
नाथ ! (मू० नाथ)=હે સ્વામિન્, હે પ્રભો !
सरूप=સમાન રૂપવાળું.
रतिनाथसरूपरूपः=કામદેવના સમાન રૂપ છે જેનું એવો.
सत्यागमः=સાચો છે સિદ્ધાન્ત જેનો એવો.
अमद !=હે નિરભિમાની !
नमे ! (मू० नमि)=હે નમિ (નાથ) !
अघं (मू० अघ)=પાપને.
अहानिलाभः=અવિદ્યમાન છે ક્ષયનો લાભ જેને (અથવા જેથી) એવો.

શ્લોકાર્થ

શ્રીનમિનાથની સ્તુતિ—

" હે સુર-પતિઓના સમુદાય વડે સેવા કરાયેલ સ્વામી ! હે પ્રભુ ! હે નિરભિમાની (એકવીસમા તીર્થંકર) ! હે નમિ (નાથ) ! જેણે પ્રાણીઓને દાનસહિત લક્ષ્મીને અર્પણ કરી છે એવો, વળી અનંગરૂપી વાદળને (વિખેરી નાંખવામાં) પ્રચણ્ડ પવનસમાન, તથા રતિપતિના સમાન સૌન્દર્યવાળો એવો તેમજ જેનો સિદ્ધાન્ત સત્ય છે એવો તેમજ વળી જેને [અથવા જેથી] હાનિની પ્રાપ્તિ અવિદ્યમાન છે એવો તું પાપનું મંથન કરે છે."—૮૧

સ્પષ્ટીકરણ

શ્રીનમિનાથ-ચરિત્ર—

શ્રીનમિનાથના સંબંધમાં પણ પૃથક્ ચરિત્રો સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલાં છે એવો **જૈન ગ્રન્થાવલી**માં ઉલ્લેખ છે.

*

जिनश्रेण्याः स्मरणम्—

पापप्रवृत्तिषु पराणि निवर्तयन्त्य-
सत्यासु खानि शिवसङ्गमनाददाना ।
जैनेन्द्रपङ्क्तिरुपयातु मदीयचित्ते
सत्या सुखानि शिवसङ्गमना ददाना ॥ ८२ ॥

—वसन्त०

विवरणम्

जैनेन्द्रपङ्क्तिः-जिनराजी मदीयचित्ते-मन्मनसि उपयातु-व्रजतु । पङ्क्तिः किं कुर्वन्ती ? निवर्तयन्ती-निवारयन्ती । कानि ? खानि-इन्द्रियाणि । खानि किं० ? पापप्रवृत्तिषु-पापव्यापारेषु पराणि-तत्पराणि । प्रवृत्तिषु किं० ? असत्यासु-अनृतासु । पङ्क्तिः किं० ? नास्ति दानं-त्यागो यस्याः सा । कस्मात् ? शिवसङ्गमनात्-सिद्धिगमनात् । पुनः किं० ? सत्या-सत्यवादिनी । पङ्क्तिः किं कुर्वाणा ? ददाना-ददती । कानि ? सुखानि-शर्माणि । पङ्क्तिः किं० ? शिवस्य-कुशलस्य सङ्गः-प्राप्तिः तत्र मनो यस्याः सा ॥ ८२ ॥

अन्वयः

अ-सत्यासु पाप-प्रवृत्तिषु पराणि खानि निवर्तयन्ती शिव-सङ्गमनात् अ-दाना सत्या सुखानि ददाना शिव-सङ्ग-मनाः जैनेन्द्र-पङ्क्तिः मदीय-चित्ते उपयातु ।

શબ્દાર્થ

प्रवृत्ति=વ્યાપાર, આચરણ.	पङ्क्ति=શ્રેણિ.
पापप्रवृत्तिषु=પાપમય વ્યાપારોને વિષે.	जैनेन्द्रपङ्क्तिः=જિનેશ્વરોની શ્રેણિ.
पराणि (મૂ૦ पर)=તત્પર.	उपयातु (ધા૦ या)=પ્રાપ્ત થાઓ.
निवर्तयन्ती=રોકનારી, અટકાવનારી.	मदीय=મારા.
असत्यासु (મૂ૦ असत्या)=અસત્ય.	मदीयचित्ते=મારા મનને વિષે.
खानि (મૂ૦ ख)=ઇન્દ્રિયોને.	सत्या (મૂ૦ सत्य)=સત્યવાદિની.
सङ्क्रमन=ગમન.	सुखानि (મૂ૦ सुख)=સુખોને.
शिवसङ्क्रमनात्=મોક્ષ પ્રતિ ગમનથી.	शिवसङ्क्रमनाः=મોક્ષની પ્રાપ્તિ પ્રતિ મન છે જેનું એવી.
अदाना=અવિદ્યમાન છે ત્યાગ જેને વિષે એવી.	ददाना (ધા૦ दा)=અર્પણ કરનારી.

શ્લોકાર્થ

જિન-શ્રેણિનું સ્મરણ—

"અસત્ય તેમજ પાપમય વ્યાપારોને વિષે તત્પર એવી ઇન્દ્રિયોને રોકનારી, મોક્ષમાં ગમન થવાની જેણે દાન દેવાનું નથી એવી, સત્યવાદિની, સુખોને અર્પણ કરનારી તથા વળી મોક્ષની પ્રાપ્તિ પ્રતિ જેનું ચિત્ત છે એવી જિનેશ્વરોની શ્રેણિ મારા ચિત્તને વિષે પ્રાપ્ત થાઓ."—૮૨

* * * * *

प्रवचनस्य विजयः—

यूथं ममन्थ हरिरिभमिवाधिमस्त–
मायामहारिमदनं दितदानवारि ।
जैनं मतं विजयतां तदिदं गमाना–
मायामहारि मदनन्दितदानवारि ॥ ८३ ॥

—वसन्त०

विवरणम्

जैनं मतं–जिनसम्बन्धि प्रवचनं विजयतां–सर्वोत्कर्षेण वर्तताम् । मतं किं० ? गमानां–समानपाठानां आयामेन–विस्तारेण हारि–मनोज्ञम् । पुनः किं० ? मदेन–हर्षेण नन्दिताः–प्रीणिता दानवारयः–सुरा येन तत् । पुनः किं० ? तदिदम् । तत् किं ? यन्मतं आधिं–मनोबाधां ममन्थ–विलोडयति स्म । इव–यथा हरिः–सिंहः ऐभं यूथं–हस्तिकुलं मध्नाति । तत् किं० ? अस्ता–निरस्ता माया–निकृतिः महारयो–वैरिणो मदनः-कामो येन तत् । यूथं किं०? दितं–छिन्नं दानवारि–मदजलं यस्य तत् ॥ ८३ ॥

अन्वयः

हरिः वित-दान-वारि ऐभं यूथं (मथ्नाति) इव (यः) आधिं ममन्थ, तत् इदं अस्त-माया-महत्-अरि-मदनं गमानां आयाम-हारि मद-नन्दित-दान-वारि जैनं मतं विजयताम् ।

શબ્દાર્થ

यूथं (मू० यूथ)=ટોળાને.
ममन्थ (धा० मथ्)=મન્થન કર્યું.
हरिः (मू० हरि)=સિંહ.
ऐभं (मू० ऐभ)=હાથી સંબંધી.
अस्तमायामहारिमदनं=દૂર ફેંકી દીધાં છે કપટ, કટ્ટા શત્રુઓ અને કામદેવને જેણે એવા.
वितदानवारि=બંધ થયું છે મદ-જલ જેનું એવા.
जैनं (मू० जैन)=જિનસંબંધી.
मतं (मू० मत)=મત, દર્શન.
विजयतां (धा० जि)=જયવંતા વર્તો.
तद् (मू० तद)=તે.
इदं (मू० इदम्)=આ.
गमानां (मू० गम)=સમાન પાઠોના.
आयाम=વિસ્તાર.
आयामहारि=વિસ્તાર વડે મનોહર.
नन्दित (धा० नन्द)=ખુશી કરેલ.
मदनन्दितदानवारि=હર્ષપૂર્વક ખુશી કર્યા છે દાનવોના દુશ્મનોને જેણે એવા.

શ્લોકાર્થ

પ્રવચનનો વિજય—

"(સિંહના પ્રતાપથી) જેનું મદ-જલ બંધ થયું છે એવા કુંજરોના સમુદાયનું જેમ સિંહ મન્થન કરે છે (અર્થાત્ તેને મારી હઠાવે છે) તેમ જે (સિદ્ધાન્તે) માનસિક પીડાનું મન્થન કર્યું, તે આ જૈન સિદ્ધાન્ત કે જેણે કપટ તથા કટ્ટા શત્રુઓ તેમજ કામદેવને દૂર ફેંકી દીધાં છે તથા જે ગમોના વિસ્તારથી મનોહર છે તેમજ વળી જેણે હર્ષપૂર્વક દાનવોના દુશ્મનોને (અર્થાત્ દેવોને) ખુશી કર્યા છે, તે સિદ્ધાન્ત સર્વોત્કૃષ્ટપણે જયવંતો વર્તો."—૮૩

* * * * *

कालीदेव्याः स्तुतिः—

या काल्यकिञ्चनजनानतनोदिताऽब्जं
प्रत्यर्थिनो विशदमानगदाक्षमाला ।
सा देवता प्रथयतु प्रथितप्रभावा
प्रत्यर्थिनो विशदमानगदाक्षमाला ॥ ८४ ॥ २१ ॥

—वसन्त०

विवरणम्

सा काली देवता प्रत्यर्थिनो—वैरिणः प्रथयतु—करोतु । कीदृशान् ? विशन्ती—प्रविशन्ती अमा—अलक्ष्मीः येषु तान् । देवता किं० ? प्रथितः—प्रतीतः प्रभावो—महिमा यस्याः सा । पुनः किं० ? अगदा—रोगवर्जिता अक्षमाला—इन्द्रियाली यस्याः सा । सा का ? या काली अकिञ्चन-

जनान्-दरिद्रिणो अतनोत्-करोति स्म । कीदृशान् ? अर्थिनो-धनवतः । या किं०? इता-गता । किं प्रति ? अब्जं प्रति-कजं प्रति । या किं० ? विशदं-निर्मलं मानं-पूजा ययोः तादृशे गदा-शस्त्रविशेषः अक्षमाला-जपमाला च यस्याः सा ॥ ८४ ॥

अन्वयः

या अब्जं प्रति इता विशद-मान-गदा-अक्ष-माला 'काली' अ-किञ्चन-जनान् अर्थिनः अतनोत्, सा प्रथित-प्रभावा अ-गद-अक्ष-माला देवता प्रत्यर्थिनः विशत्-अ-मान् प्रथयतु ।

શબ્દાર્થ

अकिञ्चन=નિર્ધન, દરિદ્ર.
अकिञ्चनजनान्=નિર્ધન મનુષ્યોને.
अतनोत् (ધા० तन्)=કરતી હવી.
इता (ધા० इ)=પ્રાપ્ત થયેલી.
अब्जं (મૂ० अब्ज)=કમળને.
प्रति=ને.
अर्थिनः (મૂ० अर्थिन्)=ધનિક , પૈસાદાર.
अक्षमाला=જપ-માલા.
विशदमानगदाक्षमाला=નિર્મલ છે પૂજા જેની એવી ગદા અને જપ-માલા છે જેની પાસે એવી.
देवता=દેવી.
प्रथयतु (ધા० प्रथ्)=કરો.
प्रथित (ધા० प्रथ्)=પ્રસિદ્ધ.
प्रथितप्रभावा=પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવી.
प्रत्यर्थिनः (મૂ० प्रत्यर्थिन्)=દુશ્મનોને, વૈરીઓને.
विशत् (ધા० विश्)=પ્રવેશ કરનાર.
विशदमान्=પ્રવેશ કરનાર છે નિર્ધનતા જેને વિષે એવા.
गद=રોગ.
अक्ष=ઇન્દ્રિય.
अगदाक्षमाला=રોગ-રહિત છે જેની ઇન્દ્રિયોની શ્રેણિ એવી.

શ્લોકાર્થ

કાલી દેવીની સ્તુતિ—

"કમળના ઉપર આરૂઢ થયેલી તેમજ જેની પૂજા નિર્મળ છે એવી ગદા અને જપ-માલાને ધારણ કરનારી જે કાલી (દેવી) નિર્ધન મનુષ્યોને ધનિક કરતી હવી, તે પ્રસિદ્ધ પ્રભાવવાળી તેમજ જેની ઇન્દ્રિયોની શ્રેણિ રોગ-રહિત છે એવી (અર્થાત્ નીરોગી કાયાવાળી) દેવી શત્રુઓને પ્રવેશ કરનાર છે નિર્ધનતા જેમને વિષે એવા (અર્થાત્ દરિદ્રી) બનાવો."—૮૪

સ્પષ્ટીકરણ

કાલી દેવીનું સ્વરૂપ—

આ સોળ વિદ્યા-દેવીઓ પૈકી એક છે. એના સંબંધમાં ૩૯મા પૃષ્ઠમાં વિચાર કરેલો હોવાથી અત્ર કંઇ વિશેષ કહેવાનું બાકી રહેતું નથી.

—:o:—

२२ श्रीनेमिजिनस्तुतयः

अथ श्रीनेमिनाथाय प्रणामः—

यो रैवताख्यगिरिमूर्ध्नि तपांसि भोग–
राजीमतीत्य जनमारचयां चकार ।
'नेमिं' जना ! नमत यो विगतान्तरारी
राजीमतीत्यजनमारचयाञ्चकार ॥ ८५ ॥

—वसन्त०

विवरणम्

हे जना ! यूयं तं नेमिं नमत–प्रणमत । तं कं ? यो–नेमिः रैवताख्यगिरिमूर्ध्नि–उज्ज–यन्ताद्रिशृङ्गे तपांसि चकार–करोति स्म । किं कृत्वा ? अतीत्य–त्यक्त्वा । कां ? भोगराजीं–विषयश्रेणीम् । भोगराजीं किं० ? जनानां–नराणां मारचयः–कामपुष्टिः यत्र ताम् । यो–नेमिः जिनो राजीमत्या–उग्रसेनसुतायाः त्यजनं–त्यागं आरचयाञ्चकार–रचयति स्म । यः किं० ? विगता–नष्टा आन्तरारय–आन्तरीयरिपवो यस्मात् सः ॥ ८५ ॥

अन्वयः

(हे) जनाः ! जन–मार–चयां भोग–राजीं अतीत्य यः रैवत–आख्य–गिरि–मूर्ध्नि तपांसि चकार, यः विगत–आन्तर–अरिः 'राजीमती'–त्यजनं आरचयांचकार, (तं) 'नेमिं' नमत ।

શબ્દાર્થ

रैवत=રૈવત, ઉજ્જયંત, ગિરિનાર (પર્વત).
आख्या=નામ.
गिरि=ગિરિ, પર્વત, પહાડ.
मूर्धन्=મસ્તક.
रैवताख्यगिरिमूर्ध्नि=રૈવત નામના પર્વતના મસ્તક (શિખર) ઉપર.
तपांसि (मू० तपस्)=તપશ્ચર્યાઓ.
भोग=વિષય.
राजी=શ્રેણિ.
भोगराजीं=વિષય-શ્રેણિને.
अतीत्य (धा० इ)=ત્યજી દઇને.
जनमारचयां=મનુષ્યોના મદનની વૃદ્ધિ છે જેને વિષે એવી.
नेमिं (मू० नेमि)=નેમિ (નાથ)ને, અરિષ્ટ-નેમિને.
जनाः ! (मू० जन)=હે લોકો !
आन्तर=આભ્યન્તર, આન્તરિક.
विगतान्तरारिः=નષ્ટ પામ્યા છે આભ્યન્તર શત્રુઓ જેના એવા.
राजीमती=રાજીમતી, ઉગ્રસેન રાજાની પુત્રી.
त्यजन=ત્યાગ.
राजीमतीत्यजनं=રાજીમતીના ત્યાગને.
आरचयाञ्चकार (धा० रच्)=રચના કરી.

શ્લોકાર્થ

શ્રીનેમિનાથને પ્રણામ—

"મનુષ્યોના મદનની પુષ્ટિ કરનારી એવી વિષય-શ્રેણિનો ત્યાગ કરીને જેણે ગિરિનાર નામના ગિરના શિખર ઉપર તપશ્ચર્યાઓ કરી તેમજ જેના આભ્યન્તર શત્રુઓ નાશ થયા છે એવા જેણે રાજીમતીના ત્યાગની રચના કરી (અર્થાત્ તેનો ત્યાગ કર્યો), તે નેમિ(નાથ)ને હે મનુષ્યો ! તમે વન્દન કરો. "—૮૫

સ્પષ્ટીકરણ

ગિરિનાર ગિરિ—

આ પર્વત કાઠિયાવાડમાં આવેલો છે. એની સાથે આ બાવીસમા તીર્થંકર **નેમિનાથને** ગાઢ સંબંધ છે, કેમકે આ પર્વતના શિખર ઉપર તો તેમનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ એ પાંચ કલ્યાણકોમાંનાં છેવટનાં ત્રણ કલ્યાણકો થયાં છે. આ વાતનું નીચેની ગાથા સમર્થન કરે છે.

" [1]उज्जितसेलसिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स ।
तं धम्मचक्कवट्टिं, अरिट्ठनेमिं नमंसामि ॥ "

—**સિદ્ધાણું બુદ્ધાણું (સિદ્ધસ્તવ સૂત્ર)**, ગા૦ ૪.

અર્થાત્—ઉજ્જયંત (ગિરિનાર) પર્વતના શિખર ઉપર દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ જેનાં થયાં છે, તે ધર્મચક્રવર્તી (શ્રી)**અરિષ્ટનેમિને** હું નમન કરૂં છું.

આ પર્વતનું વિશિષ્ટ વર્ણન **ભક્તામરસ્મરસ્યારૂપ** કાવ્ય-સંગ્રહના પ્રથમ વિભાગના પરિશિષ્ટમાંથી મળી શકશે.

તપશ્ચર્યા—

તીર્થંકરો કે જેઓ તેજ ભવમાં જરૂરજ મોક્ષે જનાર છે, તેઓ પણ તપશ્ચર્યા કરે છે, એ ધ્યાનમાં લેવા જેવી હકીકત છે. એ કહેવું અસ્થાને નહિ ગણાય કે [2]વિંશતિ-સ્થાનક તપની આરાધના કરીને તો તીર્થંકરો તીર્થંકર-નામ-કર્મ બાંધે છે અને ખુદ દીક્ષા લેતી વખતે પણ પ્રાયઃ સર્વે તીર્થંકરો કંઇને કંઈ તપશ્ચર્યા કરે છેજ. વિશેષમાં શ્રી**ગૌતમ બુદ્ધને** તપશ્ચર્યાના સંબંધમાં

---

૧ છાયા—

उज्जयन्तशैलशिखरे दीक्षा ज्ञानं नैषेधिकी यस्य ।
तं धर्मचक्रवर्तिनमरिष्टनेमिं नमस्यामि ॥

૨ આ તપનું સ્વરૂપ **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પ૦ ૧, સ૦ ૧, શ્લો૦ ૮૮૩-૯૦૨) ઉપરથી જોઇ શકાય તેમ છે,

જેવો કડવો અનુભવ થયો હતો, તેવો અનુભવ કોઇ પણ તીર્થંકરને થતો નથી. આનું કારણ જૈન શાસ્ત્રમાં તપની જે નીચે મુજબની વ્યાખ્યા કરવામાં આવી છે, તે તરફ દૃષ્ટિપાત કરવાથી સમજી શકાશે.

"[1]सो हु तवो कायव्वो, जेण मणोऽमंगुलं न चिंतेइ ।
जेण न इंदियहाणी, जेण य जोगा न हायंति ॥"

અર્થાત્ જે તપશ્ચર્યા કરવાથી ચિત્ત અશુભ વિચાર ન કરે, ઇન્દ્રિયની હાનિ ન થાય તેમજ (કાયિક, વાચિક અને માનસિક) વ્યાપારોને ખલેલ ન પહોંચે, તેજ તપશ્ચર્યા કરવી.

વિષય-વિચાર—

મૂળ શ્લોકમાં 'भोगराजीं' અને શ્લોકાર્થમાં 'વિષય-શ્રેણિ' વિષે ઉલ્લેખ છે, તો વિષય એટલે શું અને કઇ ઇન્દ્રિયના કેટલા વિષયો છે તેમજ તેનું સેવન કરવાથી શા શા ગેરલાભો થયા છે તેનું દિગ્-દર્શન કરી લઇએ.

એ તો જાણીતી વાત છે કે એકંદર રીતે ઇન્દ્રિયો પાંચ છે—(૧) સ્પર્શનેન્દ્રિય (ચામડી), (૨) રસનેન્દ્રિય (જીભ), (૩) ઘ્રાણેન્દ્રિય (નાક), (૪) નેત્રેન્દ્રિય (આંખ) અને (૫) કર્ણેન્દ્રિય (કાન). સામાન્યતઃ ઇન્દ્રિયોના વ્યાપારને અને વિશેષતઃ તેના અનિષ્ટ હાનિકારક વ્યાપારોને 'વિષય' કહેવામાં આવે છે. તેમાં સ્પર્શનેન્દ્રિયના (૧) શીત (ઠંડો), (૨) ઉષ્ણ (ગરમ), (૩) લઘુ (હલકો), (૪) ગુરૂ (ભારે), (૫) સ્નિગ્ધ (ચીકણો), (૬) રૂક્ષ (લુખો), (૭) સુકોમલ (લીસો) અને (૮) કઠોર (ખડબચડો) એમ આઠ વિષયો છે. એવી રીતે રસનેન્દ્રિયના મધુર (મીઠો), આમ્લ (ખાટો), તિક્ત (કડવો), કટુ (તીખો) અને કષાય (તુરો) એમ પાંચ વિષયો છે. ઘ્રાણેન્દ્રિયના તો સુગન્ધ અને દુર્ગન્ધ એમ બે વિષયો છે. નેત્રેન્દ્રિયના શ્વેત (સફેદ), નીલ (કાળો), હરિત (લીલો), પીત (પીળો) અને રક્ત (રાતો) એમ પાંચ વિષયો છે, જ્યારે શ્રવણેન્દ્રિયના શબ્દ, અપશબ્દ અને મિશ્ર-શબ્દ એમ ત્રણ વિષયો છે. આ ઉપરથી જોઇ શકાય છે કે ઇન્દ્રિયોના એકંદર રીતે ૨૩ વિષયો છે. આથી ભોગરાજી યાને વિષય-શ્રેણિ એવો શબ્દ-પ્રયોગ સયુક્તિક છે એમ જોઈ શકાય છે.

વિષય-વિડંબના—

સ્પર્શનેન્દ્રિયને વશ થયેલો પ્રાણી કેવી વિડંબના ભોગવે છે, તે સંબંધમાં હાથીનું દૃષ્ટાન્ત વિચારવા જેવું છે. સ્વતંત્ર ફરનારો, પર્વતોમાં નિવાસ કરનારો, વનમાં સુકોમલ વૃક્ષોનાં સુંદર પત્રોનો આહાર કરનારો એવો હાથી સ્પર્શનેન્દ્રિયના વિષયને વશ થવાથી તેને પકડવાને સારૂ તૈયાર કરેલા ખાડાના ઉપર કૃત્રિમ હસ્તિનીની આકૃતિ દેખીને ખાડામાં પટકાઈ મરે છે. અરે, તેને પકડનારા તરફથી પાછળથી પણ તેને કેવી અસહ્ય વેદના ભોગવવી પડે છે તેનું આ લેખન કરવા આ લેખિની અસમર્થ છે. આ તો હાથીની દુર્દશાનો વિચાર કર્યો.

---

૧ છાયા—

तदेव तपः कर्तव्यं येन मनोऽशोभनं न चिन्तयति ।
येन नेन्द्रियहानिर्येन च योगा न हीयन्ते ॥

એવીજ રીતે કૂતરાનો પણ વિચાર થઈ શકે તેમ છે. તેમાં એ તો પ્રસિદ્ધ હકીકત છે કે ફક્ત એક મહિનાને સારૂ સ્પર્શનેન્દ્રિયનો ગુલામ બનેલો કૂતરો અનેક વિડંબનાનો અનુભવ કરે છે, તો પછી બારે માસને માટે આ ઇન્દ્રિયના પક્કા ગુલામ બનેલા મનુષ્યોને સારૂ તો કહેવુંજ શું ? મહાત્મા તુલસીદાસે જે એમ કહ્યું છે કે—

"कार्तिक मासके कुतरे, तजे अन्न ओर पास ।
तुलसी वहां की क्या गति, जीसके बारे मास ॥"

તે ઠીકજ છે.

રસનેન્દ્રિયના વિષયમાં લંપટ બનેલો જીવ કેવી અધમ સ્થિતિએ પહોંચે છે, તે સંબંધમાં ગહન તેમજ નિર્મળ જળમાં નિવાસ કરનારા પરંતુ માછીમારોને હાથે આટાની ગોળીઓ કે એવા ખાદ્ય પદાર્થને ખાવાની લાલચથી ફસાઇ જતાં મત્સ્યની કેવી 'કમ્બક્તી' થાય છે, તેનો ખ્યાલ આપવાની કંઇ જરૂર રહેતી નથી.

ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આસક્ત બનેલો ભ્રમર તદ્વિષયમાં લીન બનેલા પ્રાણીની દુર્દશાનો ચિતાર આપવા પૂરતો છે. તેવીજ રીતે નેત્રેન્દ્રિયના વિષય પરત્વે પતંગિયાનું અને કર્ણેન્દ્રિયના વિષય સંબંધમાં મૃગનું દૃષ્ટાન્ત વિચારી લેવું.

ગમે તે એકજ ઇન્દ્રિયના વિષયરૂપી કેદખાનામાં સપડાયેલા જીવને પણ જ્યારે આ પ્રમાણે અનેક કષ્ટો વેઠવાં પડે છે, તો પછી જે પાંચે ઇન્દ્રિયોના 'ચેરોડા' જેલ કરતાં પણ વધારે ત્રાસ-જનક બંદીખાનામાં રહેલા જીવને સારૂ તો કહેવુંજ શું ?

આ ઉપર્યુક્ત હકીકતનો સમસ્ત સાર ચિદાનંદજીકૃત વિષય-વાસના-ત્યાગ એ નામના પદમાં સુંદર રીતે સમાયેલો હોવાથી તે પદની થોડી ઘણી કડીઓનું અત્ર ટાંચણ કરવું અસ્થાને નહિ ગણાય. તે મનોરંજક-ચિત્તાકર્ષક કડીઓ નીચે મુજબ છેઃ—

"મન્મથ વશ માતંગ જગતમેં, બહુત બહુત દુઃખ પાવે રે,
રસના લુબ્ધ હોય [1]ઝખ મૂરખ, જાલ પડ્યો પિછતાવે રે,
વિષયવાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે—આંકણી૦
ઘ્રાણ-સુવાસ કાજ સુન ભમરા, સંપુટ માંહે બંધાવે રે,
તે સરોજ સંપુટ સંયુત પુન [2]કરટીકે મુખ જાવે રે—વિષય૦
રૂપ મનોહર દેખ પતંગા, પડત દીપમાં જાઈ રે,
દેખો યાકું દુખ કારનમેં, નયન ભયે હૈ સહાઈ રે—વિષય૦
શ્રોત્રેન્દ્રિય આસક્ત [3]મિરગલા, છિનમેં શીશ કટાવે રે,
એક એક આસક્ત જીવ એમ, નાના વિધ દુઃખ પાવે રે—વિષય૦
પંચ પ્રબલ વર્તે નિત્ય જાકું, તાકું કહો કયા કહીયે રે,
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીયે રે—વિષય૦"

---

૧ માછલું. ૨ હાથી. ૩ મૃગ, હરણ.

એ તો ઘણાએ જાણે છે કે ઇન્દ્રિયોની લોલુપતા તે અધઃપતનનું મુખ્ય કારણ છે અને તેના ઉપર વિજય મેળવતાં સર્વ સુખ આવી મળે છે; પરંતુ તથાવિધ આચરણ કરનારા બહુજ થોડા છે.

આ સંબંધમાં શૃંગારરસમાં એક વખત પૂરેપૂરા રંગાયેલા અને ત્યાર બાદ વિષયરસ તે વિષ–રસ છે એવી સચોટ વૈરાગ્ય–ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા બનેલા મહર્ષિ ભર્તૃહરિ પણ શું કહે છે? એજ કે—

" अजानन् दाहात्म्यं पततु शलभस्तीव्रदहने
स मीनोऽप्यज्ञानाद् बडिशयुतमश्नातु पिशितम् ।
विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिलान्
न मुञ्चामः कामानहह ! गहनो मोहमहिमा ॥"

—વૈરાગ્યશતક, શ્લો૦ ૧૮

અર્થાત્—દાહ (બળતરા)ના સ્વભાવને નહિ જાણનારો પતંગીઓ તીવ્ર અગ્નિમાં પડે અને તે માંછલું પણ અજ્ઞાનને લીધે [1]બડિશ સાથે જોડાયેલા માંસને ખાવા જાય (એ બનવા જોગ છે), પરંતુ કામવાસનાઓ (વિષયો) વિપત્તિની જાળથી વીંટલાયેલી છે, એમ વિશેષતઃ જાણવા છતાં આ અમે તેને છોડતા નથી. અહો, મોહનો મહિમા કેવો ગહન છે !

આ સંબંધમાં શાસ્ત્રકારો પણ કથે છે કે—

" [2]सु चिय सूरो सो चेव पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया न लुंटिअं जस्स चरणधणं ॥ "

અર્થાત્ સાચો શૂરવીર તો તેજ છે કે જે કામિનીના કટાક્ષરૂપી બાણોથી વીંધાતો નથી; ખરેખરો પંડિત તો તેજ છે કે જે સ્ત્રીઓનાં ગહન ચરિત્રોથી ખંડિત થતો નથી; અને વસ્તુતઃ પ્રશંસાપાત્ર તો તેજ છે કે જે સંસારમાં રહીને પણ ઇન્દ્રિયોની વિષયજાળમાં સપડાતો નથી એટલુંજ નહિ, પરંતુ ઇન્દ્રિયરૂપી પ્રસિદ્ધ લુંટારાઓથી પોતાના ચારિત્ર–રત્નને જરા પણ આંચ આવવા દેતો નથી.[3]

આપણામાં તેમજ મહાત્મામાં કંઈ સામાન્યતઃ ફેર નથી, પરંતુ જે છે તે એજ છે કે તેઓ વસ્તુને વસ્તુસ્વરૂપે ઓળખ્યા બાદ પોતાનું વર્તન પણ તદનુકૂળ બનાવે છે જ્યારે આપણે તો–

" કહેવું છે કાંઇ અને કરવું છે કાંઇ, એમ ભવ–જલ તરવો છે ભાઈ. "

અન્ય શબ્દોમાં કહીએ તો " ज्ञानस्य फलं विरतिः " એ મુદ્રાલેખને મહાત્માઓજ ચરિતાર્થ કરી બતાવે છે.

---

૧ ' बडिशं मत्स्यवेधनम् ' इत्यमरः; માછલાને પકડવાનું યંત્ર.

૨ સંસ્કૃત છાયા—

" स एव शूरः स एव पण्डितः तं प्रशंसामो नित्यम् ।
इन्द्रियचौरैः सदा न लुण्टितं यस्य चरणधनम् ॥

૩ વિચારો શ્રીસ્થૂલિભદ્રનું ચરિત્ર.

રાજીમતીનો સકારણ ત્યાગ—

જ્યારે **સૂરદાસ** ઉર્ફે **બિલ્વમંગલ**ના વર્તનથી પ્રતિબોધ પામેલી **ચિંતામણિ** જેવી **વેશ્યા** પણ પોતાની માતાને—

"વિષયવાત મમ માત તજીને કૃષ્ણભજન તું કરવા દે"

—એમ કહેવાને તૈયાર થાય છે એટલુંજ નહિ, પણ પોતે વિષય-વાસનાને જલાંજલિ આપે છે અને સૂરદાસને પણ તેમ કરવા એવો પ્રોત્સાહિત કરે છે કે જેથી તે પણ સંસારથી વિરક્ત બને છે તો પછી **નેમિનાથ** જેવા વિદ્વદ્રત્ન વિષય-શ્રેણિનો અને તેની સાક્ષાત્કાર મૂર્ત્તિ **રાજીમતી**નો ત્યાગ કરે તો તેમાં શી નવાઈ ?

નેમિનાથ-ચરિત્ર—

નેમિનાથ-ચરિત્ર પ્રાકૃત તેમજ સંસ્કૃત ભાષામાં રચાયેલાં છે. તેમાં **મલધારી શ્રીહેમચન્દ્રે** ૫૧૦૦ શ્લોકપ્રમાણક, **શ્રીરત્નપ્રભે** ૧૨૬૦૦ શ્લોકપ્રમાણક અને **શ્રીહરિભદ્રે** ૮૦૩૨ શ્લોકપ્રમાણક પ્રાકૃત ભાષામાં રચેલ ચરિત્રો મુખ્ય છે. વળી સંસ્કૃત ભાષામાં ચરિત્ર લખનારા તરીકે ઉદયપ્રભ, ગુણવિજય અને વિક્રમનાં નામો મોજુદ છે. આ ઉપરાંત **તિલકાચાર્યે** ૩૫૦૦ શ્લોક પ્રમાણનું ચરિત્ર લખ્યાનું કહેવામાં આવે છે. નેમિનાથ-ચરિત્ર ગદ્યમાં **અમૃતલાલ** પંડિત (પાલીતાણા) તરફથી પ્રસિદ્ધ થયેલું છે, જ્યારે નેમિ-નિર્વાણ કાવ્ય 'શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલા' તરફથી પ્રસિદ્ધ થયેલું છે.

* * * * *

जिनाधिपानां स्तुतिः—

यज्ज्ञानसारमुकुरे प्रतिबिम्बमीयु–
भावालयो गणनया रहिता निशाते ।
मेधाविनां स भगवन् ! परमेष्ठिनां श्री–
भावालयो गण ! नयाऽऽरहितानि शाते ॥ ८६ ॥

—वसन्त०

विवरणम्

हे परमेष्ठिनां गण !–जिनसङ्घ ! स त्वं मेधाविनां–विदुषां आरहितानि–वैरिवृन्दप्रियाणि नय–प्रापय । क्व ? शाते–क्षये । हे भगवन् !–ज्ञानवन् ! । त्वं किं० ? श्रियां–रमाणां भावः–सत्ता तस्य आलयो–मन्दिरम् । स कः ? यज्ज्ञानसारं–यत्केवलज्ञानं तदेव मुकुरः–आदर्शः तत्र भावालयः–पदार्थश्रेणयः प्रतिबिम्बं ईयुः–प्रतिभासन्ते स्म । भावालयः किं० ? गणनया रहिताः–सङ्ख्यातीताः । मुकुरे किं० ? निशाते–उत्तेजिते ॥ ८६ ॥

अन्वयः

निशाते यद्-ज्ञान-सार-मुकुरे गणनया रहिताः भाव-आलयः प्रति-बिम्बं ईयुः, स श्री-भाव-आलयः (त्वं) भगवन्! परमेष्ठिनां गण! मेधाविनां आर-हितानि शाते नय।

શબ્દાર્થ

मुकुर=દર્પણ, આદર્શ.
यज्ज्ञानसारमुकुरे=જેના ઉત્તમ જ્ઞાનરૂપી દર્પણમાં.
प्रतिबिम्बं (મૂ० प्रतिबिम्ब)=પ્રતિબિંબને.
ईयुः (ધા० इ)=પ્રાપ્ત થઈ.
भावालयः=પદાર્થોની શ્રેણિઓ.
गणनया (મૂ० गणना)=ગણત્રીથી.
रहिताः (મૂ० रहित)=રહિત.
निशाते (મૂ० निशात)=સતેજ કરેલ.
मेधाविनां (મૂ० मेधाविन्)=બુદ્ધિશાળીઓના.
भगवन्! (મૂ० भगवत्)=હે જ્ઞાની!
परमेष्ठिनां (મૂ० परमेष्ठिन्)=પરમેષ્ઠીઓના.
श्री=લક્ષ્મી.
भाव=સત્તા.
श्रीभावालयः=લક્ષ્મીની સત્તાના મંદિર (રૂપ)
गण! (મૂ० गण)=હે સમૂહ!
आरहितानि=શત્રુ-સમુદાયને પ્રિય.
शाते (મૂ० शात)=ક્ષયને વિષે.

શ્લોકાર્થ

જિનેશ્વરોની સ્તુતિ—

"જેના ઉત્તમ જ્ઞાન (અર્થાત્ કેવલજ્ઞાન)રૂપી સતેજ કરેલા દર્પણમાં ગણનાથી રહિત (અર્થાત્ ગણી ન શકાય તેટલી) પદાર્થોની પંક્તિઓનું પ્રતિબિમ્બ પડ્યું, તે લક્ષ્મીની સત્તાના મંદિરરૂપ તું, હે જ્ઞાનવાન્, હે પરમેષ્ઠીઓના સમુદાય! બુદ્ધિશાળીઓના શત્રુ-સમુદાયને પ્રિય (એવી વસ્તુ)નો વિનાશ કર."—૮૬

સ્પષ્ટીકરણ

જ્ઞાન-વિચાર—

'જ્ઞાનસાર' યાને 'ઉત્તમ જ્ઞાન' તો કેવલજ્ઞાનજ છે. જોકે જૈનશાસ્ત્ર પ્રમાણે જ્ઞાનના (૧) મતિ-જ્ઞાન, (૨) શ્રુત-જ્ઞાન, (૩) અવધિ-જ્ઞાન, (૪) મનઃપર્યય-જ્ઞાન અને (૫) કેવલ-જ્ઞાન એમ પાડવામાં આવેલા પાંચ પ્રકારો પૈકી કેવલજ્ઞાનના સંબંધમાં માન્યતાઓ જૂદી જૂદી છે (અર્થાત્ કેટલાકનું એમ કહેવું છે કે કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતાં બાકીનાં બીજાં જ્ઞાનોનો પ્રકાશ ઝાંખો થઈ જાય છે એટલે કે એકી વખતે પાંચ જ્ઞાનોનો સદ્ભાવ હોય શકે છે, જ્યારે કેટલાકનું એમ માનવું છે કે કેવલજ્ઞાન પ્રાપ્ત થતાં બાકીનાં ચાર જ્ઞાનો નષ્ટ થઈ જાય છે), તોપણ એ બાબત તો નિર્વિવાદ છે કે સર્વોત્કૃષ્ટ જ્ઞાન તો સર્વજ્ઞતા-કેવલજ્ઞાનજ છે.

આ કેવલજ્ઞાન સંબંધી વિશેષ માહિતી વિશેષાવશ્યકની ૮૩ અને ત્યાર પછીની ગાથાઓ-માંથી મળી શકશે. પાંચે જ્ઞાનના સ્વરૂપ વિષે વધુ વિવેચન પણ એ ગ્રન્થમાંથી મળી શકે તેમ છે.

પરમેષ્ઠી—

જૈન શાસ્ત્રમાં અરિહંત (તીર્થંકર), સિદ્ધ (મુક્ત), આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચેનો 'પરમેષ્ઠી' શબ્દથી વ્યવહાર કરવામાં આવે છે. 'પરમેષ્ઠી' શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ એ છે કે—

"परमे पदे तिष्ठतीति परमेष्ठी"

અર્થાત્ જે ઉત્કૃષ્ટ પદ ઉપર હોય, તે 'પરમેષ્ઠી' છે. ઉપર્યુક્ત વ્યક્તિઓમાં અરિહંત પ્રથમ સ્થાન ભોગવે છે, જોકે કર્મ-ક્ષયની અપેક્ષાએ તો તે સિદ્ધથી ઉતરતા છે. તીર્થ-પ્રવર્તન દ્વારા જે ઉપકાર અરિહંત કરી શકે છે તે સિદ્ધિને પ્રાપ્ત થયેલા જીવો કરતા નથી, તેથી તેમજ સિદ્ધના જીવ વિષેનું જ્ઞાન પણ તેમના દ્વારા થતું હોવાથી અરિહંતને અત્ર પ્રથમ સ્થાન આપ્યું છે.

*　*　*　*　*

सिद्धान्तस्य शोभा—

निर्मापयन्त्यखिलदेहजुषां निषेधं
　सारा विभाति समतापर ! मारणस्य ।
सिद्धान्त ! सिद्धरचितस्य तवोग्रतत्त्व-
　सारा विभाऽतिसमतापरमारणस्य ॥ ८७ ॥

—वसन्त०

विवरणम्

हे सिद्धान्त ! तव विभा—श्रीः विभाति—राजते । विभा किं कुर्वन्ती ? निर्मापयन्ती—जनयन्ती । कं ? मारणस्य—हिंसायाः निषेधं—प्रतिषेधम् । मारणं केषां ? अखिलदेहजुषां—सर्वाङ्गिणाम् । विभा किं० ? सारा—प्रधाना । समतया—साम्येन परः—प्रधानः तत्सं० । तव किं० ? सिद्धैः—जिनैः रचितस्य—गुम्फितस्य । विभा किं० ? उग्रम्—उत्कटं तत्त्वमेव सारो—बलं यस्याः सा । तव किं० ? अतिक्रान्ते समा—समस्ता तापस्य—सन्तापस्य रमा—लक्ष्मी रणं च—युद्धं येन तस्य ॥ ८७ ॥

अन्वयः

(हे) समता-पर ! सिद्धान्त ! सिद्ध-रचितस्य अति-सम-ताप-रमा-रणस्य तव उग्र-तत्त्व-सारा सारा अखिल-देह-जुषां मारणस्य निषेधं निर्मापयन्ती विभा विभाति ।

શબ્દાર્થ

निर्मापयन्ती=નિર્મિત કરનારી.
अखिल=સમસ્ત.
देहजुष्=પ્રાણી.
अखिलदेहजुषां=સમસ્ત પ્રાણીઓની.
निषेधं (મૂ૦ निषेध)=પ્રતિષેધને, મનાઈને.
सारा (મૂ૦ सार)=પ્રધાન, ઉત્તમ.
विभाति (ધા૦ भा)=શોભે છે.
समता=સમભાવ, માધ્યસ્થ્ય.
समतापर !=સમભાવે કરીને ઉત્તમ !
मारणस्य (મૂ૦ मारण)=હિંસાનો.
सिद्ध=[1]જ્ઞાન-સિદ્ધ, જિન.
रचित (ધા૦ रच्)=રચેલ.
सिद्धरचितस्य=જિનેશ્વરોએ રચેલ.
उग्र=ઉત્કટ, પ્રખર.
उग्रतत्त्वसारा=ઉત્કટ તત્ત્વ છે બળ જેનું એવી.
विभा=લક્ષ્મી.
अति=ઉલ્લંઘનાર્થક અવ્યય.
रमा=લક્ષ્મી.
अतिसमतापरमारणस्य=ઉલ્લંઘન કર્યું છે સમસ્ત સંતાપની લક્ષ્મીનું તેમજ યુદ્ધનું જેણે એવા.

શ્લોકાર્થ

સિદ્ધાન્તની શોભા—

"હે સમભાવે કરીને ઉત્તમ ! હે (જૈન) સિદ્ધાન્ત ! જિનેશ્વરોએ રચેલા તેમજ જેથી સમસ્ત સંતાપની સંપત્તિનું તેમજ સંગ્રામનું ઉલ્લંઘન થયું છે એવા (અર્થાત્ સંતાપ અને સંગ્રામના વિનાશક એવા) તારી ઉત્કટ તત્ત્વરૂપી બળવાળી, પ્રધાન તેમજ સમસ્ત જીવોની હિંસાનો નિષેધ કરનારી લક્ષ્મી શોભે છે."—૮૭

સ્પષ્ટીકરણ

સમતા-વિચાર—

જે સિદ્ધાન્તના પ્રરૂપક [2]વીતરાગ હોય તેજ સિદ્ધાન્તરૂપી મહેલમાં 'સમતા' દેવી હિંચોળા ખાતી જોઈ શકાય. સમતારૂપી સદ્ગુણી સુંદરીના સ્વામી બનવું એ તો પૂરાં પુણ્ય કર્યાં હોય

---

૧ 'સિદ્ધ' શબ્દનો આ અર્થ અનુયોગદ્વારમાં વ્યાવહારિક પરમાણુના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડનારી ગાથામાં પણ કર્યો છે.

૨ વીતરાગ કોણ છે તે સંબંધમાં નીચેનો શ્લોક મનન કરવા જેવો છે

"प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं
वदनकमलमङ्कः कामिनीसङ्गशून्यम् ।
करयुगमपि यत् ते शस्त्रसम्बन्धवन्ध्यं
तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥ "—માલિની

२२
अ बिकादेवी

તેજ અને અને તે પણ મમતારૂપી ડાકણને દેશવટો આપ્યા બાદજ બની શકાય. સંપત્તિમાં તેમજ વિપત્તિમાં, નિન્દા થતી હોય કે સ્તુતિ થતી હોય, ત્યારે પણ સમભાવમાં વર્તવું એ તો પુણ્યાત્માની બલિહારી છે. વિશેષમાં એવા પુણ્યાત્મા [1]વિરલા છે. કનક અને ઉપલ (પત્થર), રાજા અને રંક, શત્રુ અને મિત્ર એ બધા ઉપર સમદૃષ્ટિ રાખવી એનુંજ નામ પુરૂષાર્થ છે અને એથી શોભાયમાન એવા પવિત્ર પુણ્યશાળી પુરૂષોએ પ્રકાશેલ પ્રવચનજ પ્રમાણભૂત છે.

* * * * *

अम्बिकादेव्याः स्तुतिः—

प्राप्ता प्रकाशमसमद्युतिभिर्निरस्त—
तारात्रिभावसुमतोदमहारिबन्धा ।
भक्ताऽम्बिकाऽमरवशाऽवतु 'नेमि 'सार्व—
ताराविभावसुमतो दमहारिबन्धा ॥ ८८ ॥ २२ ॥

—वसन्त०

विवरणम्

अम्बिकानाम्नी अमरवशा—देवी असुमतः—प्राणिनः अवतु । अम्बिका किं० ? प्राप्ता । कं ? प्रकाशं—तेजः । प्रकाशं किं० ? असमद्युतिभिः—असाधारणप्रभाभिः निरस्तौ—ध्वस्तौ तारा-विभावसू—नक्षत्राऽग्नी येन तम् । पुनः किं० ? न सन्ति तोदः—पीडा महारयः—शत्रवो बन्धः—कर्मबन्धश्च यस्याः सा । पुनः किं० ? भक्ता—भक्तिमती । क्व ? नेमिसार्वताराविभौ—नेमिजिन-चन्द्रे । पुनः किं० ? दमेन—शमेन हारी—बन्धुरो बन्धो—देहो यस्याः सा ॥ ८८ ॥

अन्वयः

अ-सम-द्युतिभिः निरस्त-तारा-विभावसुं प्रकाशं प्राप्ता अ-तोद-महत्-अरि-बन्धा 'नेमि'-सार्व-तारा-विभौ भक्ता दम-हारिन्-बन्धा 'अम्बिका' अमर-वशा असुमतः अवतु ।

શબ્દાર્થ

प्राप्ता (धा० आप्)=પ્રાપ્ત કરેલ.
प्रकाशं (मू० प्रकाश)=તેજને.
असमद्युतिभिः=અસાધારણ તેજો વડે.
तारा=નક્ષત્ર.
विभावसु=અગ્નિ.
निरस्तताराविभावसुं=પરાસ્ત કર્યાં છે નક્ષત્રો અને અગ્નિને જેણે એવા.
बन्ध=બન્ધ.

---

[1] સરખાવો—

" सम्पदि यस्य न हर्षो, विपदि विषादो रणे च धीरत्वम् ।
तं भुवनत्रयतिलकं, जनयति जननी सुतं विरलम् ॥ "—આર્યા

अतोदमहारिबन्धा=અવિદ્યમાન છે પીડા, પ્રબળ શત્રુ અને બન્ધ જેને વિષે એવી.
भक्ता (મૂ૦ भक्त)=ભક્તિમાં તત્પર.
अम्बिका=અંબિકા (દેવી).
अमरवशा=દેવી.
नेमि=નેમિ(નાથ).
सार्व=જિન.
विभु=નાથ.
नेमिसार्वताराविभौ=નેમિ જિન-ચન્દ્રને વિષે.
बन्ध=દેહ, શરીર.
दमहारिबन्धा=ઉપશમે કરીને મનોહર છે શરીર જેનું એવી.

શ્લોકાર્થ

અંબિકા દેવીની સ્તુતિ—

"જેણે અસાધારણ તેજે વડે નક્ષત્ર તેમજ અગ્નિને પરાસ્ત કર્યાં છે એવા તેજને પ્રાપ્ત કરેલ, વળી જેને વિષે પીડા, પ્રબળ શત્રુ અને (કર્મ–)બન્ધ અવિદ્યમાન છે એવી, તથા વળી નેમિ (નામના) જિન-ચન્દ્રને વિષે ભક્તિ યુક્ત તેમજ ઉપશમે કરીને મનોહર શરીરવાળી એવી અંબિકા દેવી પ્રાણીઓનું રક્ષણ કરો."—૮૮

સ્પષ્ટીકરણ

અંબિકા દેવીનું સ્વરૂપ—

८८—न समाः असमाः ' नञ्तत्पुरुषः ', असमाश्च ता द्युनयश्च असम० ' कर्मधारयः', ताभिः असम० । तारा च विभावसुश्च तारा० ' इतरेतरद्वन्द्वः ', निरस्तौ ताराविभावसू येन स निरस्त० ' बहुव्रीहिः, तं निरस्त० । महान्तश्च अरयश्च महा० ' कर्मधारयः ', तोदश्च महारयश्च बन्धश्च तोद० ' इतरेतरद्वन्द्वः ', न विद्यन्ते तोदमहारिबन्धाः यस्याः सा अतोद० ' बहुव्रीहिः ' । अमरस्य वशा अमर० ' तत्पुरुषः ' । ताराणां विभुः तारा० ' तत्पुरुषः ', सार्वेषु ताराविभुः सार्व० ' तत्पुरुषः ', नेमिश्चासौ सार्वताराविभुश्च नेमि० ' कर्मधारयः ', तस्मिन् नेमि० । दमेन हारी दम० ' तत्पुरुषः ', दमहारी बन्धो यस्याः सा दम० ' बहुव्रीहिः ' ॥

८९—श्रिया युक्तः पार्श्वः श्री० ' मध्यमपदलोपी ' समासः, यक्षाणां पतिः यक्ष० ' तत्पुरुषः ', श्रीपार्श्वश्चासौ यक्षपतिश्च श्रीपार्श्व० ' कर्मधारयः ', तेन श्रीपार्श्व० । परिसेव्यमानं पार्श्वं यस्य स परि० ' बहुव्रीहिः ', तस्मिन् परि० । अमिता चासौ रसा च अमित० ' कर्मधारयः ', भव एव अमितरसा भवा० ' कर्मधारयः ', भवामितरसायाः दरं भवा० ' तत्पुरुषः ', लाङ्ग-

लस्येव आभा यस्य स लाङ्कलाभः ' बहुव्रीहिः ', भवामितरसादरे लाङ्कलाभः भवा० ' तत्पुरुषः ', तस्मिन् भवा० । रागयुक्तं मनो यस्य स राग० ' बहुव्रीहिः ' । दरं लुनातीति दरलं ' उपपद 'समासः , दरलं च तद् अङ्गं च दर० ' कर्मधारयः ', दरलाङ्गस्य लाभो यस्य स दर० ' बहुव्रीहिः ', तस्मिन् दर० ॥

९०—वरं च तद् इन्द्रनीलं च वरे० ' कर्मधारयः ', श्यामा च सुधाकरश्च सुवर्णं च वरेन्द्रनीलं च राजीवं च श्यामा० ' इतरेतरद्वन्द्वः ', श्यामासुधाकरसुवर्णवरेन्द्रनीलराजीवबद् राजिततरं श्यामा० ' कर्मधारयः ' श्यामासुधाकरसुवर्णवरेन्द्रनीलराजिततरं च तद् अङ्गं च श्यामा० ' कर्मधारयः ', श्यामासुधाकरसुवर्णवरेन्द्रनीलराजीवराजिततराङ्गं धरतीति श्यामा० ' उपपद 'समासः । अतिशायिनी धीः अति० ' प्रादि 'समासः, तां श्रे० । जिनेषु कुञ्जराः जिन० ' तत्पुरुषः ', तेषां जिन० । अतिशयेन धीरा अति० ' प्रादि 'समासः, धरवद् अतिधीरा धरा० ' मध्यमपदलोपी ' समासः ॥

९१—जिनस्य वाग् जिन० ' तत्पुरुषः ' । गहनाश्च ते अर्थाश्च गहना० ' कर्मधारयः ', गहनार्थानां सार्थाः गहना० ' तत्पुरुषः ', तैः गहना० । तमो हन्तीति तमोहा ' उपपद 'समासः, तां तमो० । दूरे स्थिता दूर० ' तत्पुरुषः ', तां दूर० । स्मृतेः पथः स्मृति० ' तत्पुरुषः ', तं स्मृति० । मुक्तिरेव पुरी मुक्ति० ' कर्मधारयः ', तस्याः मुक्ति० । समश्चासौ यातश्च सम० ' कर्मधारयः ', समयातो मोहो यस्याः सा सम० ' बहुव्रीहिः ', तां सम० ॥

९२—पादौ एव पद्मौ पाद० ' कर्मधारयः ', पार्श्वस्य पादपद्मौ पार्श्व० ' तत्पुरुषः ', तौ पार्श्व० । अतिशायि ईहितं अती० ' प्रादि 'समासः, अतीहितं एव रसाजः अती० ' कर्मधारयः ', वनस्य उपमानं यस्याः सा वनो० ' बहुव्रीहिः ', अतीहितरसाजे वनोपमाना अती० ' तत्पुरुषः ' । अपगतो मानो यस्याः सा अप० ' बहुव्रीहिः ' ॥

९३—सिद्धार्थस्य वंशः सिद्धार्थ० ' तत्पुरुषः ', सिद्धार्थवंशस्य भवनं सिद्धार्थ० ' तत्पुरुषः ', तस्मिन् सिद्धार्थ० । सुराणां आली सुरा० ' तत्पुरुषः ' । तमो हन्तीति तमो० ' उपपद 'समासः, तं तमो० । न विद्यते करो यस्य सः अकरः ' बहुव्रीहिः ', तत्सं० अकर ! । आनता अरयो यस्य स आन० ' बहुव्रीहिः ', तत्सं० आन० । सुमेरुवद् धीरः सुमेरु० ' मध्यमपदलोपी ' समासः, तं सुमेरु० । हृदः याताः हृद्याताः ' तत्पुरुषः ', मोहश्च मकरध्वजश्च मानश्च मोह० ' इतरेतरद्वन्द्वः ', हृद्याताः मोहमकरध्वजमाना यस्य स हृद्यात० ' बहुव्रीहिः ', तत्सं० हृद्यात० ॥

९४—पाद एव पद्मं पाद० 'कर्मधारयः', यस्य पादपद्मं यत्पाद० 'तत्पुरुषः'। भव एव अब्धिः भवा० 'कर्मधारयः', तस्मिन् भवा०। श्रमस्य धरी श्रम० 'तत्पुरुषः'। कामस्य चक्रं काम० 'तत्पुरुषः', कृतं कामचक्रं यया सा कृत० 'बहुव्रीहिः'। जिनस्य इयं जैना, जैना चासौ राजी च जैन० 'कर्मधारयः', तत्सं० जैन०। मञ्जवश्च ते शिवाश्च मञ्जु० 'कर्मधारयः', मञ्जुशिवाश्च ते द्रुमाश्च मञ्जु० 'कर्मधारयः', तेषां मञ्जु०। कामस्य चक्रं काम० 'तत्पुरुषः', अधरीकृतं कामचक्रं यया सा अधरी० 'बहुव्रीहिः'॥

९५—न रामा अरामा 'नञ्तत्पुरुषः', न रमा अरमा 'नञ्तत्पुरुषः, अरामा चासौ अरमा च अरामा० 'कर्मधारयः', अपास्ता अरामारमा यया सा अपास्ता०। अमर्त्या चासौ मणी च अमर्त्य० 'कर्मधारयः'। अतिशयेन मता अति० 'प्रादि'समासः, अतिश्रियं रातीति अति० 'उपपद'समासः। श्रेयसः श्रीः श्रेयःश्रीः 'तत्पुरुषः', तां अति०। न रीणा अरीणा 'नञ्तत्पुरुषः', तां अरीणाम्॥

९६—सम्यग् दृग् येषां ते सम्य० 'बहुव्रीहिः' तेषां सम्य०। सुखस्य करी सुख० 'तत्पुरुषः'। मदेन मत्ता मद० 'तत्पुरुषः', मदमत्ता चासौ नीलकण्ठी च मद० 'कर्मधारयः', मदमत्तनीलकण्ठीवद् रवो यस्याः सा मद० 'बहुव्रीहिः'। ततं च तत् नोदितं च तत० 'कर्मधारयः', अक्षमया सहितं साक्षमं 'बहुव्रीहिः', साक्षमं च तद् आलं च साक्षमालं 'कर्मधारयः', ततनोदितं साक्षमालं यया सा तत० 'बहुव्रीहिः'। कण्ठीरवे आसिता कण्ठी० 'तत्पुरुषः', कण्ठीरवासिता तनुर्यस्याः सा कण्ठी० 'बहुव्रीहिः', तत्सं० कण्ठी०। न दिता अदिता 'नञ्तत्पुरुषः', अदिता सा यस्याः सा अदितसा 'बहुव्रीहिः'। क्षमां लातीति क्षमाला 'उपपद'समासः॥

क-परिशिष्टम् ।

श्रीसोमतिलकसूरीश्वरकृता

॥ साधारणजिनस्तुतिः ॥

(सावचूरिः)

तावत् मूलनायकस्तुतिः—

श्रीतीर्थराजः पदपद्मसेवा–हेवाकिदेवासुरकिन्नरेशः ।
गम्भीरगीस्तारतरा वरेण्य–प्रभावदाता ददतां शिवं वः ॥ १ ॥

—उपजातिः

अवचूरिः

'श्रीतीर्थराजः' श्रिया–चतुस्त्रिंशदतिशयरूपया उपलक्षितः, तीर्थस्य–चतुर्वर्णश्रीश्रमणसङ्घादिरूपस्य राजा–स्वामी, श्रिया–ज्ञानादिरत्नत्रयरूपया उपलक्षितस्य वा तीर्थस्य राजा (श्री)तीर्थराजः। अत्र 'राजन्सखेः' (सिद्धहेम० अ० ७, पा० ३, सू० १०६) इति अट्समासान्तः, अन्त्यस्वरादिलोपे च सिद्धिः। किम्भूतः स इत्याह–पदपद्मानि अर्थात् भगवत एव पदकमलानि तेषां या सेवा–परिचर्या तस्याः हेवाकः–तच्छीलत्वात् स्वभावो येषां ते पदपद्मसेवाहेवाकिनः, देवासुरकिन्नरेशः–ऊर्ध्वाधस्तिर्यग्लोकनिवासिजनाधिपाः, उपलक्षणत्वात् ज्योतिष्कशेषभवनपतिव्यन्तरखचरप्रभवोऽपि गृह्यन्ते, ततः पदपद्मसेवाहेवाकिनो देवासुरकिन्नरेशा यस्य स तथा। पुनः किम्भूतः? गाम्भीर्यादिगुणयुतत्वात् अनुत्ताना गीर्यस्य स तथा । तारं–(उत्कृष्टं) अपरिमितत्वात् तरो–बलं वीर्यं वा यस्य स तथा। वरेण्याः–प्रशस्यतमाः ये प्रभावाः–माहात्म्याद्यतिशयास्तान्, यद्वा वरेण्यः प्रकृष्टो यो भावः–भावनात्मकश्चित्ताभिप्रायो विभूतिरूपो वा तं ददातीत्येवंशीलस्तथा। अत एव उक्तमनेकार्थे (श्लो० ५३८–५३९)—

"भावोऽभिप्रायवस्तुनोः। स्वभावजन्मसत्तात्मक्रियालीलाविभूतिषु"

इति ॥ अथ शीलार्थे तृन्, ईदृग्विशेषणविशिष्टः सन् तीर्थराजः किं कुरुतामित्याह–शिवं–सुखं कल्याणं मोक्षं च तन्निबन्धनसन्मार्गोपदेशनाद् वः–युष्माकं (ददताम्)। इह कथं ददतां इत्येकवचनम्? उच्यते–'ददि दाने' (सिद्ध० धातुपाठे) इति धातोः आत्मनेपदत्वात् पञ्चमी शिवि च सिद्धम्, तृतीयस्तुतावप्येवमेवेति ॥ १ ॥ एषा मूलनायकापेक्षयोक्ता ॥

अन्वयः

पद–पद्म–सेवा–हेवाकिन्–देव–असुर–किन्नर–ईशः गम्भीर–गीः तार–तराः वरेण्य–प्रभाव–दाता श्री–तीर्थ–राजः वः शिवं ददताम् ।

શબ્દાર્થ

श्री=લક્ષ્મી.
तीर्थ=ચતુર્વિધ સંઘ.
राजन्=રાજા, સ્વામી.
श्रीतीर्थराजः=લક્ષ્મીયુક્ત તીર્થરાજ.
पद्=ચરણ, પગ.
पद्म=કમળ.
सेवा=સેવા, ભક્તિ.
हेवाकिन्=આતુર.
देव=દેવ, સુર.
असुर=અસુર.
किन्नर=કિન્નર.
ईश=સ્વામી.
पद्पद्मसेवाहेवाकिदेवासुरकिन्नरेशाः=જેના ચરણ–કમળની સેવા કરવાને આતુર છે સુર, અસુર અને કિન્નરના સ્વામીઓ એવા.
गम्भीर=ગંભીર.
गिर्=વાણી.
गम्भीरगीः=ગંભીર છે વાણી જેની એવા.
तार=ઉત્તમ.
तरस्=બળ.
तारतराः=ઉત્તમ છે બળ જેનું એવા.
वरेण्य=પ્રશંસા કરવા લાયક.
प्रभाव=(૧) પ્રભાવ, મહિમા; (૨) પ્રકૃષ્ટ ભાવ.
दातृ=આપનાર.
वरेण्यप्रभावदाता=પ્રશંસા કરવા લાયક પ્રભાવના દાતા.
ददतां (धा० दद)=આપો.
शिवं (मू० शिव)=મોક્ષને.
वः (मू० युष्मद्)=તમને.

પદ્યાર્થ

મૂળ નાયકની સ્તુતિ—

"જેના ચરણ–કમળની સેવા કરવાને [1]સુર, [2]અસુર અને [3]કિન્નરના સ્વામીઓ આતુર છે એવા, વળી ગંભીર વાણીવાળા તેમજ અતિશય બળવાળા તેમજ વળી પ્રશંસા–પાત્ર પ્રભાવ [અથવા પ્રકૃષ્ટ ચિત્તના અભિપ્રાય]ને આપનારા એવા તથા ([4]ચોત્રીસ અતિશયરૂપી અથવા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી) લક્ષ્મી વડે યુક્ત એવા તીર્થરાજ (હે ભવ્યો!) તમને મોક્ષ આપો."–૧

* * * * *

अथ सर्वतीर्थङ्करानाश्रित्य (पूर्वमेव पद्यम्)।

अवचूरिः

श्रीतीर्थराजः–श्रीतीर्थाधिपतयः, अत्र राट्शब्दो व्यञ्जनान्तः, प्रथमान्तश्च । अर्थस्तु पूर्ववत् किन्तु शब्दान्तरवचनान्तराभ्यां शब्दवचनयोरत्र श्लेषो द्रष्टव्यः । किंविशिष्टास्ते ? 'पद्पद्मसेवाहेवाकिदेवासुरकिन्नरेशाः' इह ईट्शब्दो राट्शब्दवद् व्यञ्जनान्तः प्रतीतः, ततः पद्पद्मसेवाहेवाकिनो देवासुरकिन्नरेशा येषां ते तथा इतीह बहुव्रीहिर्विधेयः । तथा गम्भीरा गीर्येषां ते तथा । समस्तत्रिभुवनाद्भुतनिष्प्रतिमरूपयुक्तत्वाद् अतिशयेन ताराः तारतरा–मनोज्ञा इत्यर्थः, ततो गम्भीरगिरश्च ते तारतराश्चेति कर्मधारयः, यद्वा गम्भीरशब्दोऽत्र हृदयङ्गमनाऽतिस्निग्धमधुरत्वादिवचनगुणसङ्ग्राही ततो गम्भीरगिरा तारतरा गम्भीरगीस्तारतराः । तथा वरेण्याः–प्रशस्यतमाः प्रभा–भास्वद्देहद्युतिस्तया सर्वा वा अवदाताः(–विगतमलकलङ्काः), न तु धवलदेहदीधितयः, तेषां पञ्चवर्णत्वात् । तथा चोक्तम्–"प्रियङ्गुस्फटिकस्वर्ण०" । इह 'डुदांग्क् दाने' (सिद्ध० धातुपाठे) इति उभयपदत्वात् पञ्चम्यां अन्तां द्वित्वे सिद्धम्॥२॥

૧–૨–૩ સુર ઊર્ધ્વ–લોકમાં, અસુર અધોલોકમાં અને કિન્નર મર્ત્ય–લોકમાં વસે છે.
૪ ચોત્રીસ અતિશયોની માહિતી માટે જુઓ અભિધાન–ચિન્તામણિના પ્રથમ કાણ્ડના પ૭–૬૪ શ્લોકો.

अन्वयः

पद० गम्भीर–गिर्–तारतराः वरेण्य–प्रभा–अवदाताः श्री–तीर्थ–राजः वः शिवं ददताम् ।

શબ્દાર્થ

राज्=રાજા.
श्रीतीर्थराजः=લક્ષ્મીથી યુક્ત તીર્થંકરો.
ईश=સ્વામી.
पदपद्म०=જેમના ચરણ–કમળની....
तार=મનોહર.
गम्भीरगीस्तारतराः= (૧) ગંભીર છે વાણી જેમની એવા તથા અત્યંત મનોહર; (૨) ગંભીર વાણી વડે અતિશય મનોહર.
प्रभा=તેજ.
अवदात=નિર્મળ.
वरेण्यप्रभावदाताः= પ્રશંસા–પાત્ર પ્રભા વડે નિર્મળ.
ददतां (धा० दा)=આપો.

પદ્યાર્થ

સર્વ તીર્થંકરોની સ્તુતિ—

"જેમના ચરણ–કમળની .... આતુર છે એવા, વળી ગંભીર વાણીવાળા તેમજ મનોહર [અથવા ગંભીર વાણીએ કરીને મનોહર] તથા વળી પ્રશંસા–પાત્ર પ્રભા વડે નિર્મળ એવા શ્રીતીર્થંકરો તમને સિદ્ધિ સમર્પો."—૨

* * * * *

(श्रुतज्ञानस्तुतिः प्रथमपद्यात्मिका)—

अवचूरिः

श्रीतीर्थराजः–श्रीतीर्थाधिनाथस्य–पादारविन्दनिरन्तरपरिचर्याचतुरसुराद्यधीश्वरस्य, अत्र उभयत्रापि प्रथमास्थाने षष्ठीज्ञानात् विभक्तिश्लेषः । एकवचनं तु विवक्षितैकजिनापेक्षं समानगुणत्वात् जात्यपेक्षं वा, एवंभूतस्य तीर्थनाथस्य सम्बन्धिनी गम्भीरा चाऽसौ गीश्चेति विशेष्यभूता ददतां शिवं वः इति सम्बन्धः । गम्भीरत्वं च त्रिपदीरूपयाऽपि समस्तत्रिभुवनवर्त्तियथावस्थितधर्मास्तिकायादिद्रव्यषट्कप्ररूपणापरत्वात् तारतरा–उदात्तगुणयोगाद्योजनविस्तारित्वाच्च अतिशयेन तारतरा । यद्वा स्वस्वभाषात्वेन परिणामित्वात् हृदयसंशयच्छेदाच्च अतिमनोज्ञा । ननु जिनवचनस्य द्वादशाङ्गीरूपस्य पूर्वोक्तगुणाभावात् असम्भवि विशेषणमिदम्, नैवम्, यतो द्वादशाङ्गी हि त्रिपदीमपञ्चरूपैव, सा च भगवतां धर्मदेशनारूपा, अथवा अद्भुतप्रभावत्वात् मनोज्ञतरा, तथा वरेण्यप्रभया–विशिष्टविभया अवदाता–शुभ्रा । इह लिङ्गश्लेषः, शब्दार्थश्लेषावपि विचार्यौ ॥ ३ ॥

अन्वयः

पद० श्री–तीर्थ–राजः तारतरा वरेण्य–प्रभा–अवदाता गम्भीरगीः वः शिवं ददताम् ।

શબ્દાર્થ

श्रीतीर्थराजः=શ્રીતીર્થરાજની.
गम्भीरगीः=ગંભીર વાણી.
तारतरा=અત્યંત મનોહર.
अवदात=શુદ્ધ.
वरेण्यप्रभावदाता=પ્રશંસા–પાત્ર વિશિષ્ટ પ્રભા વડે શુદ્ધ.

પદ્યાર્થ

શ્રુતજ્ઞાનની સ્તુતિ—

" જેના ચરણ-કમળની .. એવા શ્રીતીર્થરાજની અતિશય મનોહર તેમજ પ્રશંસાપાત્ર વિશિષ્ટ વિભા વડે શુદ્ધ એવી ગંભીર વાણી તમને મોક્ષ અર્પો. "—૩

* * * * *

वैयावृत्यसुरस्तुतिः (अत्र आद्यचरणद्वयं पूर्ववत्, तृतीयतुरीये तु यथा)–

गम्भीरगीस्तारतरा वरेण्य–प्रभावदाता ददतां शिवं वः ॥ ४ ॥

अवचूरिः

श्रीतीर्थनाथस्य पदपद्मसेवाहेवाकिनश्च देवासुरकिन्नरेशाश्च ददतां शिवं वः इति सम्बन्धः। इहापि शिवशब्देन मोक्षव्याख्यानं न अनुपपन्नम्। यतः सम्यग्दृष्टिसुरा हि ध्यामूढानां मोक्षप्राप्तिहेतुं सर्वज्ञोपज्ञतत्त्वप्रकाशनेन मोक्षं प्रयच्छन्त्येव " सम्मद्दिट्ठी देवा, दिंतु समाहिं च बोहिं च " (वंदित्तुसंज्ञके सूत्रे गाथाङ्कः ४७) इति वचनात्, "भवविरहवरं देहि मे देवि! सारं" (संसारदावानलस्तुतौ श्लो० ४) इत्यादि वचनात्, मेतार्यादिचरित्रेषु तथा श्रूयमाणत्वात् चेत्यलं विस्तरेण। तथा गम्भीरगिरः–अतुच्छवचनाः, इदं माधुर्यादिगुणवर्यवचो वा इदं विशेषणं स्वरे सामुद्रिकवचनात् अप्रतिहतशासनम्। तारतरा–स्वस्वसामानिकादिवृन्दारकेभ्यः सातिशयदेहद्युतिकत्वाद् अतिप्रदीप्तयः। तथा अवरेण्या–अनिष्टा अप्रकृष्टाश्च भावाः–क्षुद्रव्यन्तरादिसमुत्पादितमहमारिप्रभृत्युपसर्गवर्गरूपाः तेषां दानं 'दांपूक् लवने' (सिद्ध० धातुपाठे) इति वचनात् ततः क्ते सति दानम्। ततः पदत्रयकर्मधारयः। अत्र प्रकृतिप्रत्ययाविश्लेषः। इह च श्रीतीर्थराजः पदपद्मसेवाहेवाकित्वात् सम्यग्दृष्टित्वम्, गम्भीरगिस्त्वाद् अप्रतिहतशासनम्, तारतरत्वात् स्वस्वनिकायेषु वैशिष्ट्यम्, अवरेण्यप्रभावदातृत्वाद् धार्मिकाणां विघ्नसङ्घातविघातत्वादिकं च देवासुरकिन्नरेश्वराणां प्रकाशितम्। इति चतुर्थस्तुत्यर्थः ॥ ४ ॥

॥ इतिश्रीसोमतिलकसूरीश्वरकृतसकलजिनसाधारणस्तुत्यर्थः समाप्तः ॥

लिखितः पं. हंसविमलगणिना श्रीनवीनश्रीनवीननगरे ॥

अन्वयः

श्री–तीर्थ–राजः पद० गम्भीर–गिर्–तारतर–अ–वरेण्य–प्रभाव–दाताः (सन्तः) वः शिवं ददताम्।

શબ્દાર્થ

पदपद्म०=ચરણ-કમળની....કિન્નરના સ્વામીઓ.
तार=તેજસ્વી.
अवरेण्य=અનિષ્ટ.
दो=કાપવું.
गम्भीरगीस्तारतरावरेण्यप्रभावदाता=ગંભીર છે વાણી જેમની એવા તથા અતિશય તેજસ્વી તેમજ અનિષ્ટ પ્રભાવનો નાશ કરનારા એવા.

પદ્યાર્થ

શાસનાનુરાગી સુરની સ્તુતિ—

" શ્રીતીર્થરાજના ચરણ-કમળની સેવા કરવાના સ્વભાવવાળા એવા સુર, અસુર અને કિન્નરના સ્વામીઓ કે જેઓ ગંભીર વાણીવાળા, અતિશય તેજસ્વી તેમજ (દુષ્ટ વ્યન્તરાદિ કૃત ઉપસર્ગરૂપ) અનિષ્ટ પ્રભાવનો નાશ કરવાવાળા છે તેઓ તમને મોક્ષ આપો. "—૪

* * * * *

श्री गौतम आदि गणधरो

ख-परिशिष्टम् ।

श्रीरविसागरमुनीशसूत्रिता

द्रुतविलम्बितच्छन्दोबद्धा

॥ श्रीगौतमस्तुतिः ॥

(मुनिराजश्रीचतुरविजयकृताऽवचूरिसमलङ्कृता)

श्रीगौतमस्वामिने विज्ञप्तिः--

यदगमत् परशैलभृगौ तमस्तदपि यद् भवता भुवि गौतम ! ।
ननु निरस्तमतस्तव सेवकं प्रति भवाम्बुधितः पव सेवकम् ॥ १ ॥

अवचूरिः

यद० इत्यादि । यद्-यस्मात् कारणात्, यत् तमः--अन्धकारं पापं वा "तमो राहौ गुणे पापे ध्वान्ते' (श्लो० ५८५) इति हैम्यनेकार्थवचनात् । ' परशैलभृगौ ' परः--प्रकृष्टः यः शैलो-मेरुपर्वतः, तस्य भृगुः-शिखराग्रं "भृगुः सानौ जमदग्निप्रपातयोः । शुक्रे रुद्रे च" (श्लो० ५५) इत्यनेकार्थः तस्मिन् अगमत्-प्रययौ तदपि हे गौतम !-हे इन्द्रभूते ! भुवि-पृथिव्याम् । ननु-निश्चयेन भवता निरस्तं-परिक्षिप्तम्, ध्वस्तमित्यर्थः । अतः-अस्माद् हेतोः तव सेवां करोतीति सेवकस्तम्, सेवकं-भृत्यं प्रति भवाम्बुधितः-संसारसमुद्रात् पव-रक्ष ।

अन्वयः

(हे) गौतम ! यद् यद् तमः पर-शैल-भृगौ अगमत् तद् अपि भवता ननु भुवि निरस्तम्, अतः तवः सेवकं सेवकं प्रति भवः-अम्बुधितः पव ।

શબ્દાર્થ

यद् (मू० यद्)=જે.
अगमत् (धा० गम्)=ગયું.
पर=ઉત્તમ.
शैल=પર્વત, ગિરિ.
भृगु=શિખર.
परशैलभृगौ=ઉત્તમ પર્વતના શિખર ઉપર.
तमः (तमस्)=(૧) અંધકાર; (૨) પાપ.
तद् (मू० तद्)=તે.

अपि=પણ.
यद्=જે માટે.
भवता (મૂ० भवत्)=આપથી.
भुवि (મૂ० भू)=પૃથ્વી ઉપર.
गौतम ! (મૂ० गौतम)=હે ગૌતમ !
ननु=ખરેખર.
निरस्तं (મૂ० निरस्त)=દૂર કરેલ, નાશ કરેલ.
अतः=એથી કરીને.
तव (મૂ० युष्मद्)=તારી.
सेवकं (મૂ० सेवक)=સેવા કરનારાને.
प्रति=ને.
भव=સંસાર.
अम्बुधि=સમુદ્ર.
भवाम्बुधितः=સંસાર-સમુદ્રમાંથી.
पव (धा० पव्)=તું રક્ષણ કર (?)
सेवकं (મૂ० सेवक)=સેવકને, દાસને.

પદ્યાર્થ

શ્રીગૌતમસ્વામીને વિનતિ—

"હે [1]ગૌતમ (પ્રભુ)! જે (અજ્ઞાનરૂપી) અંધકાર (મેરૂ નામના) ઉત્તમ પર્વતના શિખર ઉપર ગયો હતો તેનો પણ આપે ખરેખર પૃથ્વી ઉપર જેથી કરીને નાશ કર્યો તેથી કરીને તમારી સેવા કરનારા દાસને તમે સંસાર-સમુદ્રમાંથી બચાવો."—૧

*   *   *   *   *

सकलजिनबहुमानसूचनम्—

तनुविभास्तविकर्त्तनमण्डलं कृतकृपं चक्रिवज्जिनमण्डलम् ।
हृदि वहे व्रतिमानसभासुरं प्रणतनव्यकदिव्यसभासुरम् ॥ २ ॥

अवचूरिः

तनु० इत्यादि । तनोः-शरीरस्य विभया-कान्त्या अस्तं-पराभूतं विकर्त्तनमण्डलम्—रविबिम्बं येन स तम्, चक्रिवत्-सार्वभौमनृप इव कृतकृपं, व्रतिनां-संयमिनां मानसे-चेतसि भासुरं-दीप्तिमत् । नव्या-नूतना दिव्या-देवसम्बन्धिनी मनोहरा वा सभा-संसद् येषां ते नव्यकदिव्यसभाश्च ते सुराश्च नव्यकदिव्यसभासुराः, प्रणता नव्यकदिव्यसभासुराः यत् तत् प्रणतनव्यकदिव्यसभासुरम्, तत् प्रणत-नव्य० । जिनमण्डलं-अर्हत्समूहं हृदि-चेतसि वहे-धारयामि ॥ २ ॥

अन्वयः

तनु-विभा-अस्त-विकर्त्तन-मण्डलं चक्रि-वत् कृत-कृपं व्रतिन्-मानस-भासुरं प्रणत-नव्यक-दिव्य-सभा-सुर जिन-मण्डलं हृदि वहे ।

---

[1] આ ગૌતમસ્વામીના જીવનની સ્થૂલ રૂપરેખા માટે જુઓ શ્રીભક્તામર-સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહનો પ્રથમ વિભાગ (પૃ० ૨૨-૨૫).

શબ્દાર્થ

तनु=શરીર, દેહ.
विभा=કાન્તિ, પ્રભા.
अस्त (धा० अस्)=દૂર કરેલ.
विकर्त्तन=સૂર્ય.
मण्डल=મણ્ડળ, બિમ્બ.
तनुविभाऽस्तविकर्त्तनमण्डलं=દેહની કાન્તિ વડે પરાસ્ત કર્યું છે સૂર્યના મણ્ડળને જેણે એવાને.
कृत (धा० कृ)=કરેલ.
कृपा=કૃપા, મહેરબાની.
कृतकृपं=કરી છે કૃપા જેણે એવાને.
चक्रिन्=ચક્રવર્તી.
चक्रिवत्=ચક્રવર્તીની માફક.
जिन=તીર્થંકર.
मण्डल=સમૂહ.
जिनमण्डलं=તીર્થંકરોના સમૂહને.
हृदि (मू० हृद्)=હૃદયમાં, અંતઃકરણમાં.
वहे (धा० वह्)=હું વહન કરૂં છું.
व्रतिन्=વ્રતી, સંયમી.
मानस=મન, ચિત્ત.
भासुर=દીપતું.
व्रतिमानसभासुरं=સંયમીઓના ચિત્તને વિષે દીપતા.
प्रणत (धा० नम्)=પ્રણામ કરેલ, વન્દન કરેલ.
नव्य=નવીન.
दिव्य=દિવ્ય, સ્વર્ગીય, સ્વર્ગ સંબંધી.
सभा=સભા.
सुर=દેવ.
प्रणतनव्यकदिव्यसभासुरं=પ્રણામ કર્યો છે નવી તેમજ દિવ્ય સભાવાળા સુરોએ જેને એવાને.

પદ્યાર્થ

સકલ જિનેશ્વરોનું બહુમાન—

" પોતાના દેહની દ્યુતિ વડે જેણે સૂર્યના મણ્ડળને પરાસ્ત કર્યું છે એવા, વળી ચક્રવર્તી માફક કૃપાળુ, તથા સંયમીઓના મનને વિષે દીપતા તેમજ જેને નવીન તેમજ દિવ્ય સભાવાળા સુરોએ નમન કર્યું છે એવા તીર્થંકરોના સમૂહને હૃદયમાં વહન કરૂં છું. "—૨

* * * * *

जिनवाण्याः स्तवनम्—

> स्फुरितविभ्रमशुभ्रसरस्वतीभ्रमितभङ्गिविभैकसरस्वती ।
> भगवतो मधुराऽऽर्शु शुभेतरांऽहसि रिपुप्रतिमा शुशुभेतराम् ॥ ३ ॥

अवचूरिः

स्फुरित० इत्यादि । स्फुरिताः-शोभमानाः विभ्रमाः स्फुरितविभ्रमाः तैः शुभ्रा-अवदाता सरस्वती-तरङ्गिणी तस्या भ्रमिता-इतस्ततश्चञ्चन्त्यः भङ्ग्यः-तरङ्गाः ताभिः सदृक्षा विभा-कान्तिर्यस्याः सा स्फुरितविभ्रमशुभ्रसरस्वतीभ्रमितभङ्गिविभा, अतिशयेन निर्मला विविधभङ्गवती चेत्यर्थः, भगवतः-तीर्थकृतः 'एकसरस्वती' एका-अद्वितीया सरस्वती-वाणी शुशुभेतरां-अतिशयेनाऽशोभत-व्यराजत इति

सम्बन्धः । कथंभूता एक० ? इतरांहसि-अन्यजनानां पातके आशु-शीघ्रं रिपुप्रतिमा-शत्रुतुल्या, तन्नाशनशीलत्वात् । पुनः कथम्भूता ? मधुरा-प्रिया रसवती वा "मधुरस्तु प्रिये स्वादौ रसे च रसवत्यपि (श्लो० ११८८) इति हैम्यनेकार्थवचनात् । शुभा-शोभना निष्कलङ्का, अविसंवादित्वात् ॥ ३ ॥

अन्वयः

मधुरा शुभा इतर-अंहसि आशु रिपु-प्रतिमा स्फुरित-विभ्रम-शुभ्र-सरस्वती-भ्रमित-भङ्गि-विभा भगवतः एक-सरस्वती शुशुभेतराम् ।

શબ્દાર્થ

स्फुरित(धा० स्फुर्)=શોભતો.
विभ्रम=વિભ્રમ.
शुभ्र=નિર્મળ.
सरस्वती=નદી.
भ्रमित (धा० भ्रम्)=ભમતા.
भङ्गि=તરંગ, મોજું.
विभा=કાન્તિ, તેજ.
स्फुरितविभ्रमशुभ्रसरस्वतीभ्रमितभङ्गिविभा= શોભતા વિભ્રમ વડે શુભ્ર નદીના આમથી તેમ અથડાતા તરંગોના જેવી કાન્તિ છે જેની એવી.
एक=અદ્વિતીય.
सरस्वती=વાણી.
एकसरस्वती=અદ્વિતીય વાણી.
भगवतः (मू० भगवत्)=પ્રભુની.
मधुरा (मू० मधुर)=મધુર.
आशु=જલદી.
शुभा (मू० शुभ)=ઉજ્જવળ.
इतर=અન્ય.
अंहस्=પાપ.
इतरांहसि=અન્યના પાપને વિષે.
रिपु=શત્રુ.
प्रतिमा=સરખાપણું
रिपुप्रतिमा=શત્રુની પ્રતિમા.
शुशुभेतरां (धा० शुभ्)=અત્યંત શોભી રહી.

પદ્યાર્થ

જિન-વાણીની પ્રશંસા—

"મધુર, ઉજ્જવળ, અન્યનાં પાપને (નષ્ટ કરવામાં) સત્વર શત્રુસમાન તેમજ શોભાયમાન વિભ્રમ વડે શુભ્ર એવી નદીના આમથી તેમ અથડાતા તરંગોની જેમ શોભતી એવી પ્રભુની અદ્વિતીય વાણી અત્યંત શોભી રહી."—૩

* * * * *

श्रुतदेवतायै प्रार्थना—

[1]कठिनविभ्रमशातात् श्रुतदेवते ! [2]जिनपभक्तिमतः श्रुतदे[3]ऽवै ते[4] ।
[5]विशदशासनगं [6]वरमानवं प्रतिदिनं मदिनं न रमानवम् ॥ ४ ॥

निर्वाणकलिकायाम —

' श्रुतदेवता शुक्लवर्णा हंसवाहना चतुर्भुजा वरदकमलान्वित दक्षिणकरा पुस्तकाक्षमालान्वितवामकरा चेति । '

अवचूरिः

कठिन० इत्यादि । हे श्रुतदेवते !- ज्ञानाधिष्ठात्रि ! देवि ! । हे श्रुतदे !- ज्ञानदायिनि ! । कस्य ? जिनपभक्तिमतः-तीर्थकृत्परिचर्याकारिणः । ते-तव विशदशासनगं-सदादेशवर्तिनं आज्ञाकारिणमित्यर्थः प्रतिदिनम्-अनुवासरं, मदः-अहङ्कारोऽस्यास्तीति मदी तं मदिनम्, न मदिनं- निरभिमानम्, रमया- लक्ष्म्या नवं- भासुरं वरमानवं-भव्यजनम् 'कठिनविघ्नशतात्' विघ्नानां-प्रत्यूहानां शतं विघ्नशतम्, कठिनं-दुःसहं विघ्नशतं कठिनविघ्नशतं तस्मात् कठि० अव-रक्ष, त्रायस्व इत्यर्थः ॥ ४ ॥

अन्वयः

(हे) श्रुत-देवते ! जिन-प-भक्तिमतः श्रुत-दे ! ते प्रति-दिनं विशद-शासन-गं मदिनं न रमा-नवं वर-मानवं कठिन-विघ्न-शतात् अव ।

શબ્દાર્થ

कठिन=કઠિન, સખ્ત.
विघ्न=વિઘ્ન, સંકટ.
शत=સો.
कठिनविघ्नशतात्=સેંકડો સખ્ત સંકટોમાંથી.
श्रुतदेवते ! (મૂ० श्रुतदेवता)=હે શ્રુતની અધિષ્ઠાયિકા દેવી !
जिनप=તીર્થંકર.
भक्तिमत्=ભક્તિશાળી, ભક્ત.
जिनपभक्तिमतः=તીર્થંકરના ભક્તને.
श्रुत=શ્રુત (જ્ઞાન).
दा=આપવું.
श्रुतदे !=શ્રુતને આપનારી.
अव (ધા० अव्)=તું રક્ષણ કર.
ते (મૂ० युष्मद्)=તારા.
विशद=નિર્મળ.
शासन=આજ્ઞા.
गम्=જવું.
विशदशासनगं=નિર્મળ આજ્ઞાને પામેલ.
वर=ઉત્તમ.
मानव=માનવ, મનુષ્ય.
वरमानवं=ઉત્તમ માનવને.
प्रतिदिनं=અહોનિશ, દરરોજ.
मदिनं (મૂ० मदिन्)=અહંકારી, ગર્વિષ્ટ.
न=નહિ.
रमा=લક્ષ્મી.
नव=નૂતન, તરૂણ.
रमानवं=લક્ષ્મી વડે નૂતન.

પદ્યાર્થ

શ્રુત-દેવતાને પ્રાર્થના—

"હે શ્રુતદેવતા ! હે તીર્થંકરના ભક્તને શ્રુત (જ્ઞાન) દેનારી (દેવી) ! પ્રતિદિન તારી નિર્મળ આજ્ઞાને પાળનારા, નિરભિમાની અને એથી કરીને લક્ષ્મી વડે નૂતન એવા ઉત્તમ માનવને તું સેંકડો સખ્ત સંકટોમાંથી બચાવ."—૪

સ્પષ્ટીકરણ

શ્રુત-દેવતાનું સ્વરૂપ—

શ્રુત–દેવતાનાં વિવિધ સ્વરૂપો અન્યાન્ય ગ્રન્થોમાં નજરે પડે છે. તેમાં **નિર્વાણ-કલિકામ** નીચે મુજબનો ઉલ્લેખ છે.

"तथा श्रुतदेवतां शुक्लवर्णा हंसवाहनां चतुर्भुजां वरदकमलान्वितदक्षिणकरां पुस्तकाक्षमालान्वितवामकरां चेति"

અર્થાત્– શ્રુત–દેવતાનો શુદ્ધ વર્ણ છે અને હંસ એ એનું વાહન છે. વળી એને ચાર હાથ છે. એના જમણા બે હાથ વરદ અને કમળથી શોભે છે, જ્યારે એના ડાબા બે હાથ પુસ્તક અને જપમાળાથી વિરાજે છે.

શ્રીશોભન-સ્તુતિ (પૃ૦ ૨૫)માં તેમજ '[1]કલ્લાણકંદં'ની સ્તુતિમાં તો શ્રુત–દેવતાનું આસન કમળ હોવાનો ઉલ્લેખ છે. **શ્રીપાલ-રાસ**ના [2]બાલાવબોધના પ્રારંભિક ભાગમાં શ્રુત–દેવતાના ચાર હાથ પૈકી એક હાથમાં વેણુનો ઉલ્લેખ દષ્ટિ–ગોચર થાય છે, એ વાતની નિમ્ન–લિખિત પદ્ય સાક્ષી પૂરે છેઃ—

"प्रकटपाणितले जपमालिका, कमलपुस्तकवेणुवराधरा ।
धवलहंसखमा श्रुतवाहिनी, हरतु मे दुरितं भुवि भारती ॥"

---

૧ આ રહ્યું તે પદ્ય—

"कुंदिंदुगोक्खीरतुसारवन्ना, सरोजहत्था कमले निसन्ना ।
वाएसिरी पुत्थयवग्गहत्था, सुहाय सा अम्ह सया पसत्था" ॥

[कुन्देन्दुगोक्षीरतुषारवर्णा सरोजहस्ता कमले निषण्णा ।
वागीश्वरी पुस्तकवर्ग(व्यग्र)हस्ता सुखाय सा नः सदा प्रशस्ता ॥]

૨ આ બાલાવબોધ ઇ. સ. ૧૮૯૪ મા શ્રાવક **ભીમજી ભીમસિંહ માણેકે** પ્રસિદ્ધ કર્યો હતો.

ग-परिशिष्टम् ।

श्रीजिनपद्ममुनिवर्यविरचितः

॥ श्रीपार्श्वनाथस्तवः ॥

(मुनिराज'कल्याणविजय'विरचितयाऽवचूर्या समलङ्कृतः)

तमालनीलच्छविपिच्छलाङ्गः, सिद्धान्तमुद्रासहितो मनोज्ञः ।
जीयाज्जिनेन्द्रप्रभु'पार्श्वनाथः', सिद्धान्तमुद्रासहितो मनोज्ञः ॥ १ ॥

—उपजातिः

अवचूरिः

तमालेति । तमालस्तापिच्छापरपर्यायो वृक्षविशेषः तद्वन्नीलया-हरितया छव्या-द्युत्या पिच्छलं-सस्नेहमङ्गं-देहो यस्य सः । " पिच्छलो विजिलेऽन्यवद् " इति मेदिनिः (श्लो० ११५)। तथा सिद्धान्त-प्रतिपादिता मुद्रा सिद्धान्तमुद्रा, मैत्रीप्रमोदादिसूचिका आगमोक्ता जिनमुद्रा इति यावत्, तया सहितः; अथवा सिद्धानां-योगसिद्धिभाजां महायोगिनाम् अन्तमुद्रया-समाध्यवस्थानलक्षणया अन्तिमाव-स्थया सहित·-अविनाकृत । मनांसि-अन्तःकरणानि जानाति इति मनोज्ञः-प्राणिगणमनोभाववि-ज्ञायकः । जीयात्-सर्वोत्कर्षेण वर्तिषीष्ट । जिनानां-सामान्यकेवलिनामिन्द्रो जिनेद्रः, प्रभुः-सामर्थ्य-वान्, जिनेन्द्रश्चासौ प्रभुश्चेति विशेषणसमासः, पार्श्वनाथः-एतदभिधानस्त्रयोविंशस्तीर्थकरः। जिनेन्द्र-प्रभुश्चासौ पार्श्वनाथश्चेति कर्मधारयः । सिद्धान्तस्य-जिनागमस्य मुद्रां-पिधानम् अस्यन्ति-क्षिपन्ति ते सिद्धान्तमुद्रासाः-आगमरहस्योद्घाटकाः सूरयः, तेषां हितो-हितावहः। अथवा सिद्धान्तमुद्रायाम्-आगममर्यादायामासते-उपविशन्ति ते सिद्धान्तमुद्रासाः, यद्वा सिद्धान्तमुद्राम् असन्ते-आददते, वा सिद्धान्तमुद्रया असन्ति-दीप्यन्ते ते सिद्धान्तमुद्रासाः, यद्वा सिद्धान्ते मुद्-प्रीतिर्येषां ते, रायाः-लक्ष्म्याः आसः-क्षेपो येषां ते द्वन्द्वे कृते सिद्धान्तमुद्रासा-मुनयः तेषां हितः सिद्धान्तमुद्रासहितः। मनोज्ञः-अभिरामः ॥ १ ॥

अन्वयः

तमाल-नील-छवि-पिच्छल-अङ्गः सिद्धान्त [सिद्ध-अन्त]-मुद्रा-सहितः मनस्-ज्ञः सिद्धा-न्त-मुद्रा-अस [आस]-हितः मनोज्ञः जिन-इन्द्र-प्रभु-पार्श्वनाथः जीयात् ।

શબ્દાર્થ

तमाल=તમાલ, એક જાતનું ઝાડ.
नील=શ્યામ.
छवि=દ્યુતિ, પ્રભા.
पिच्छल=સ્નેહાળ.

अङ्ग=દેહ, શરીર.
तमालनीलच्छविपिच्छलाङ्गः=તમાલના જેવી નીલ કાંતિથી પિચ્છલ છે દેહ જેનો એવા.
सिद्धान्त=સિદ્ધાન્ત, આગમ.

सिद्ध=યોગ–સિદ્ધ, મહાયોગી.
अन्त=અન્તિમ.
मुद्रा=(૧) મુદ્રા; (૨) અવસ્થા.
सहित=યુક્ત, સાથે.
सिद्धान्तमुद्रासहितः=(૧) સિદ્ધાન્તમાં (પ્રરૂપેલી) મુદ્રાથી યુક્ત; (૨) સિદ્ધની અંતિમ અવસ્થાથી યુક્ત.
मनस्=ચિત્ત.
ज्ञ=જાણનાર.
मनोज्ञः=ચિત્તને જાણનાર.
जीयात् (धा० जि)=જયવંતા વર્તો.
जिन=સામાન્ય કેવલી.
इन्द्र=સ્વામી.
प्रभु=સમર્થ.
पार्श्वनाथ=**પાર્શ્વનાથ**, ત્રેવીસમા તીર્થંકર.
जिनेन्द्रप्रभुपार्श्वनाथः=સામાન્યકેવલીના સ્વામી તથા સમર્થ **પાર્શ્વનાથ**.
मुद्रा=(૧) ઢાંકણ, (૨) મર્યાદા.
अस्=ફેંકવું.
अस्=(૧) ગ્રહણ કરવું; (૨) દીપવું.
आस्=બેસવું.
मुद्=પ્રીતિ, હર્ષ.
रै=લક્ષ્મી.
आस=ફેંકવું તે, ત્યાગ.
हित=હિતકારી, કલ્યાણકારી.
सिद्धान्तमुद्रासहितः=(૧) આગમના રહસ્યને ઉકેલનારાઓને હિતકારી; (૨) આગમની મર્યાદાને વિષે રહેલાઓને કલ્યાણકારી; (૩) આગમની મુદ્રાને ગ્રહણ કરનારાઓને હિતકારી, (૪) આગમની મુદ્રા વડે દીપતાઓને કલ્યાણકારી; (૫) સિદ્ધાન્તને વિષે પ્રીતિવાળા તેમજ લક્ષ્મીના ત્યાગી એવાઓને હિતકારી.
मनोज्ञः (मू० मनोज्ञ)=મનોહર.

પદ્યાર્થ

"તમાલ (વૃક્ષ)ના જેવી નીલ પ્રભા વડે વત્સલ શરીરવાળા તથા સિદ્ધાન્ત (માં સૂચવેલી મૈત્રી, પ્રમોદાદિ) મુદ્રાથી (કે છેક જિન–મુદ્રા)થી યુક્ત [અથવા (યોગ–) સિદ્ધની સમાધિ–અવસ્થારૂપ અંતિમ અવસ્થાથી યુક્ત], (પ્રાણીઓના) મન(ના ભાવો)ને જાણનારા, આગમના રહસ્યનું ઉદ્‌ઘાટન કરનારા (સૂરિવરો)ને હિતકારી [અથવા આગમ(પ્રણીત) મર્યાદામાં રહેનારા, આગમની મુદ્રાને ગ્રહણ કરનારા, સિદ્ધાન્તની મુદ્રાથી દીપતા કે આગમને વિષે પ્રીતિવાળા તેમજ લક્ષ્મીના ત્યાગી એવા (યોગિજનો)ને કલ્યાણકારી], સામાન્ય કેવલીઓના નાથ તથા સમર્થ એવા **પાર્શ્વનાથ** જયવંતા વર્તો."—૧

સ્પષ્ટીકરણ

અલંકાર-વિચાર—

આ પદ્ય તેમજ ત્યાર પછીનાં પાંચ પદ્યો પણ તેમજ ચતુર્થ પરિશિષ્ટગત છઠ્ઠું પદ્ય [1]સમપાદસમાનતારૂપ યમકથી અલંકૃત છે. વળી અહીં આપેલું ૯૬ પદ્યનું મૂળ કાવ્ય પણ આ

૧ આને પાદાભ્યાસ યમકના અભિન્ન સમપાદ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. જુઓ **શિશુપાલ-વધ** (સ૦ ૧૯, શ્લો૦ ૫)ની શ્રી**મલ્લિનાથ**કૃત ટીકા આવા યમકનાં ઉદાહરણો આ મહાકાવ્યના અનેક પ્રકારના યમક અને ચિત્રથી અલંકૃત ૧૯ મા સર્ગમાંનાં ૫,૭,૯,૧૫,૧૭,૧૯,૨૧,૨૫,૩૧,૩૮,૪૨,૪૮,૫૦,૫૨,૫૪,૫૬, ૬૪,૭૪,૭૬,૮૦ અને ૮૨ પદ્યો પૂરાં પાડે છે.

યમકથી શોભે છે, એથી કરીને યમકનો લક્ષણ અને વિધાનની દૃષ્ટિએ વિચાર કરવો અસ્થાને નહિ ગણાય. આ સંબંધમાં દણ્ડીનું કથન એ છે કે—

"अव्यपेत–व्यपेतात्मा, व्यावृत्तिर्वर्णसंहतेः ।
यमकं तच्च पादाना—मादिमध्यान्तगोचरम् ॥ १ ॥
एक–द्वि–त्रि–चतुष्पादै—र्यमकानां विकल्पना ।
आदि–मध्या–ऽन्त–मध्या–ऽन्त—मध्या–ऽऽद्या–ऽऽद्या–ऽन्तसर्वतः ॥ २ ॥"

આ પરત્વે વાગ્ભટાલંકાર (પરિ૦ ૪, શ્લો૦ ૨૨)ની સ્વોપજ્ઞ વૃત્તિ તરફ નજર કરતાં સમજાય છે કે [1]ભિન્ન અર્થવાળાં ચરણો કે તેના એક વિભાગરૂપ પદોની આવૃત્તિ તે 'યમક' છે. આ આવૃત્તિ સંયુત તેમજ અસંયુત એમ ઉભય પ્રકારની છે. વચમાં કોઇ અન્ય પદ ન આવ્યું હોય તો તે આવૃત્તિ સંયુત (જોડાયેલી) કહેવાય છે; એથી વિપરીત તે અસંયુત છે. ચરણોની સંયુત આવૃત્તિના (પ્રથમ અને દ્વિતીય ચરણની સમાનતારૂપ) [2]આદિપાદ યમક, (બીજા અને ત્રીજાની સદૃશતારૂપ) [3]મધ્યપાદ યમક અને (ત્રીજા અને ચોથાની એકતારૂપ) [4]અન્તપાદ યમક (પાદાન્ત યમક) એમ ત્રણ પ્રકારો છે. અસંયુત આવૃત્તિના [5]આદિ–મધ્ય (પ્રથમ અને તૃતીયની સમાનતા), [6]મધ્ય–અન્ત (બીજા અને ચોથાની સમાનતા) અને [7]આદિ–અન્ત (પ્રથમ અને ચતુર્થની સમાનતા) એમ ત્રણ પ્રકારો છે.

આ ઉપરથી જેટલી માહિતી મળે છે તે કરતાં વિશેષ હકીકત કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિકૃત કાવ્યાનુશાસનની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ૦ ૨૧૦–૨૧૧) પૂરી પાડે છે. ત્યાં જે પાદયમકના પંદર પ્રકારો સૂચવ્યા છે તેમાં ઉપર સૂચવેલ છએ પ્રકારોનો સમાવેશ થઇ જાય છે, પરંતુ બીજા નવ રહી જાય છે. આ નવ પ્રકારો બે કરતાં વધારે ચરણોની સમાનતાને આભારી છે. જેમકે [8]પ્રથમનાં ત્રણે ચરણોની, પ્રથમ, દ્વિતીય અને ચતુર્થની; પ્રથમ, તૃતીય અને ચતુર્થની, અને દ્વિતીય, તૃતીય અને ચતુર્થની સમાનતા; [9]પ્રથમ અને દ્વિતીયની તથા તૃતીય અને ચતુર્થની; [10]પ્રથમ અને તૃતીયની અને બાકીનાં બેની; [11]પ્રથમ અને ચતુર્થની અને મધ્યના બેની; [12]ચારે ચરણોની સમાનતા અને [13]સમગ્ર શ્લોકની આવૃત્તિ.

---

૧ લાટાનુપ્રાસમાં અતિવ્યાપ્તિ ન થાય તે માટે આ પદ યોજવામાં આવ્યું છે.

૨–૭ શ્રીગોવિન્દ ઠક્કુરે રચેલા કાવ્ય–પ્રદીપ (પૃ૦ ૨૦૪)માં તેમજ શ્રીરુદ્રટકૃત કાવ્યાલંકાર–(પૃ૦ ૨૨–૨૩)માં આને મુખ, ગર્ભ, પુચ્છ, સંદંશ, સંદષ્ટક અને આવૃત્તિ તરીકે ઓળખાવેલ છે.

૮ એનું ઉદાહરણ શ્રીહેમચન્દ્રીય કાવ્યાનુશાસન (પૃ૦ ૨૧૧)માંથી નીચે મુજબ મળે છેઃ—

"प्रभावतोऽनाम न वासवस्य, प्रभावतो नाम नवासवस्य ।
प्रभावतो नाम नवा सवस्य, विच्छित्तिरासीत् त्वयि विष्टपस्य ॥"

૯–૧૧ આને અનુક્રમે યુગ્મક, સમુદ્ગક અથવા અર્ધાવૃત્તિ અને પરિવૃત્તિ કહેવામાં આવે છે, જુઓ કાવ્ય–પ્રદીપ (પૃ૦ ૨૦૫) તથા કાવ્યાલંકાર (પૃ૦ ૨૪–૨૫)

૧૨ આ પંક્તિ કહેવાય છે. કાવ્યપ્રદીપ (પૃ૦ ૨૦૫)માં સૂચવ્યા મુજબ કેટલાક આને 'મહાયમક' પણ કહે છે.

૧૩ આ મહાયમક કહેવાય છે. આના ઉદાહરણાર્થે નિમ્ન–લિખિત શ્લોક કાવ્યાનુશાસન (પૃ૦ ૨૧૨)માં તેમજ કાવ્યાલંકાર (પૃ૦ ૨૬)માં દૃષ્ટિગોચર થાય છેઃ—

"स त्वारं भरतो वश्य–मवलं विततारवम् ।
सर्वदा रणमानैषी–द्वानलसमस्थितः ॥
सत्वारम्भरतोऽवश्य–मवलम्बिततारवम् ।
सर्वदारणमानैषी, द्वानलसमस्थितः ॥"

આ પ્રમાણે જેમ પાદ-યમકના પંદર પ્રકારો પડે છે, તેમ પદ-યમકના પણ અનેક પ્રકારો પડે છે; કેમકે પ્રત્યેક ચરણના બે બે ભાગો પાડતાં તેના પ્રથમના પ્રારંભમાં યમક હોય એવા પદ-યમકના ૧૪ પ્રકારો પડે છે, કેમકે ઉપર્યુક્ત પંદર પ્રકારો પૈકી શ્લોકાવૃત્તિરૂપ મહા-યમક માટે અત્ર સ્થાન નથી. એવી રીતે પ્રત્યેક ચરણના અન્તિમ ભાગમાં યમક હોય તેવા પ્રકારોની સંખ્યા પણ ચૌદની જ છે. એટલે બધા મળીને આમ ૨૮ ભેદો પડે છે. એવી રીતે ત્રણ ત્રણ ભાગમાં વિભક્ત થતા ચરણના પ્રારંભમાં યમક હોય એવા ૪૨, જ્યારે ચાર ચાર ભાગોમાં વહેંચાતા ચરણ સંબંધી ૫૬ પ્રકારો છે. આ તો સ્થાનની નિયતતાને લક્ષીને ભેદોનો વિચાર થયો. જેમકે [1]પ્રથમાદિ પાદોના અન્ત ભાગની દ્વિતીયાદિ પાદોના પ્રારંભમાં આવૃત્તિ ઇત્યાદિ. એવી રીતે સ્થાનમાં પરિવર્તન થતા જે ભેદો પડે છે તેનો પણ વિચાર થઇ શકે છે.

वरेण्यलावण्यनिधे! व(वि)धेहि, सदा महानन्दमहासुखानि ।
प्रभावभङ्गीरभितस्त्रिलोक-सदामहानं दमहासुखानि ॥ २ ॥

—उपेन्द्रवज्रा

अवचूरिः

वरेण्येति । वरेण्यं-प्रकृष्टं लावण्यं-लवणिमा वरेण्यलावण्यं, तस्य निधिः-निधानं, तदामन्त्रणे । विधेहि-कुरु । सदा-नित्यम् । महाः-उत्सवाः, आनन्दः-प्रमोदः, महासुखानि-विशालसौख्यानि, यद्वा महानन्दस्य-मोक्षस्य महासुखानि "महानन्दोऽमृतं सिद्धिः" इति हैमः (का० १, श्लो० ७४), तानि । 'विधेहि' इति क्रियया सह योजना । प्रभावस्य-प्रतापस्य भङ्ग्यो-रचनाः प्रभावभङ्ग्यः, ताः । अभितः-आभिमुख्येन । त्रिलोके सीदन्ति इति त्रिलोकसदः—भुवनत्रयवर्तिप्राणिनः तेषाम् आमानां-रोगाणां "आमो रुक्तद्भिदोः पुंसि" इति मेदिनिः, (श्लो० १) हानं-हानिः तत । हाः—हानं, जिहीतेः क्विपि हाशब्दस्य निष्पत्तिः, दमस्य-पापरूपस्य दण्डस्य हाः-दमहाः, "दण्डः स्यात् साहसं दमः" इति हैमः । (अभि० का० ३, श्लो० ४००) सुष्ठु खानि-संवेदनानि देवलोकानि वा सुखानि । "खमिन्द्रिये पुरे क्षेत्रे शून्ये बिन्दौ विहायसि । संवेदने देवलोके शर्मण्यपि नपुंसकम्" इति मेदिनिः (श्लो० १) । दमहाश्च सुखानि च दमहासुखानि तानि । इदमपि कर्मपदं 'विधेहि 'क्रियया योज्यम् ॥ २ ॥

अन्वयः

(हे) वरेण्य-लावण्य-निधे ! मह-आनन्द-महत्-सुखानि प्रभाव-भङ्गीः त्रि-लोक-सद्-आम-हानं दम-हा-सु-खानि अभितः सदा विधेहि ।

---

[1] દ્વિખાણ્ડી પ્રથમ પાદના દ્વિતીય ખણ્ડના દ્વિતીય પાદના પ્રથમ ખણ્ડમાં પુનરાવૃત્તિ એટલે અન્ત-આદિ યમક, એવી રીતે પ્રથમ પાદના પ્રથમ ખણ્ડની દ્વિતીય પાદના દ્વિતીય ખણ્ડમાં આવૃત્તિ યાને આદિ-અન્ત યમક, તથા આ બે પ્રકારના યમકનો સમુચ્ચય, ત્રિખાણ્ડી પાદ આશ્રીને પ્રથમ પાદનો પ્રથમ ખણ્ડ અને દ્વિતીય પાદનો મધ્ય, આ બેની ઉલટા સુલટી તેમજ સમુચ્ચય, તથા પ્રથમ પાદનો મધ્ય ભાગ અને દ્વિતીય પાદનો અન્તિમ ભાગ, એની ઉલટા સુલટી તથા બેનો સમુચ્ચય. આ પણ નિયમબદ્ધ છે.

શબ્દાર્થ

वरेण्य=(૧) ઉત્તમ; (૨) ઇચ્છવા યોગ્ય.
लावण्य=લાવણ્ય, લવણિમા.
निधि=નિધિ, ભંડાર.
वरेण्यलावण्यनिधे !=(૧) હે ઉત્તમ લાવણ્યના ભંડાર !; (૨) હે ઇચ્છવા યોગ્ય સૌન્દર્યના નિધાન !
विधेहि (धा० धा)=તું કર.
सदा=સર્વદા, હમેશાં
मह=ઉત્સવ.
आनन्द=આનન્દ, પ્રમોદ.
महानन्द=મોક્ષ.
महत्=મોટું
सुख=સુખ.
महानन्दमहासुखानि=(૧) ઉત્સવ, આનન્દ અને મહાસુખને; (૨) મોક્ષના મોટા સુખને.
प्रभाव=પ્રભાવ, પ્રતાપ.
भङ्गी=રચના, પ્રકાર.
प्रभावभङ्गीः=પ્રતાપના પ્રકારોને.
अभितः=અભિમુખ.
त्रिलोक=ત્રૈલોક્ય.
सद्=રહેવું.
आम=રોગ.
हान=હાનિ, નાશ.
त्रिलोकसदामहानं=ત્રૈલોક્યમાં વસતા (પ્રાણીઓ)ના રોગના નાશને.
दम=દણ્ડ.
हा=હાનિ.
सु=શ્રેષ્ઠતાવાચક અવ્યય.
स्व=(૧) જ્ઞાન; (૨) દેવલોક.
दमहासुखानि=(૧) દણ્ડની હાનિને તેમજ શ્રેષ્ઠ જ્ઞાનને; (૨) દણ્ડના નાશને તેમજ સુન્દર દેવલોકને.

પદ્યાર્થ

"હે ઉત્તમ [અથવા અભીષ્ટ] લાવણ્યના ભંડાર ! ઉત્સવ, આનન્દ અને મહાસુખને, પ્રભાવના પ્રકારોને, ત્રૈલોક્ય-વાસી (પ્રાણીઓ)ના રોગના નાશને, (પાપરૂપ) દણ્ડના વિનાશને તેમજ શ્રેષ્ઠ સંવેદનને [અથવા સ્વર્ગને] તું કર."—૨

——— o ———

सदर्घमुक्तोपम ! तारकाया-ऽसुबन्धुराऽऽरामजयाङ्गसार ! ।
सदर्घ ! मुक्तोपम ! तारकायाः, सुबन्धुराराम ! जयाङ्ग ! सार ! ॥ ३ ॥

—उपे०

अवचूरिः

सदर्घेति । सदर्घाभिः-सन्मूल्याभिर्मुक्ताभिरुपमा-साहश्यं यस्य सः, तदामन्त्रणे । तारयति भवसमुद्रादिति तारकः, तदामन्त्रणे । या-संसारपरिभ्रमणरूपा यात्रा, "या यात्रासिधूमितत्यागेषु" इति मेदिनिः (श्लो० १)। यायाः सुः-प्रसवो यासुः, "सुस्तु प्रसवे गर्भमोचने" इति मेदिनिः (श्लो० १)। न विद्यते यासुर्यस्यः सः अयासुः, निवृत्तभवभ्रमण इति भावः । अथवा अयैः-अमत्वैरसुभिः-ज्ञानादिभावप्राणैर्बन्धुरो-नम्रः, यद्वा अयः-शुभावहो विधिः, असवश्च-ज्ञानादिभावप्राणाः तैर्बन्धुरो-नम्रः, तेषां वा बन्धुरो- मुकुटः, शोभाकारित्वेन भूषणरूप इत्यर्थः । "बन्धुरं मुकुटे पुंसि स्त्रीखिन्नतैलकल्कयोः । बन्धूके बधिरे हंसे त्रिषु स्याद् रम्यनम्रयोः ॥" इति मेदिनिः (श्लो० १८९)।

आरामाणि-समन्ताद्रम्याणि " रामा योषा हिङ्गुनद्योः क्लीबं वास्तूककुष्ठयोः । ना राघवे च वरुणे रैणुकेये हलायुधे । हये च पशुभेदे च त्रिषु चारौ सितेऽसिते " इति मेदिनिः (श्लो० २६-२७) । जयस्य अङ्गानि-उपायाः, "अङ्गं गात्रे प्रतीकोपाययोः पुंभूम्नि नीवृति " इति मेदिनिः (श्लो० ४) । तानि एव सारं-धनं बलं वा यस्य सः, तदामन्त्रणे । सत्-समीचीनः अर्घः-पूजाविधिर्यस्य सः, " अर्घः पूजाविधौ मूल्ये " इति मेदिनिः (श्लो०१), । तदामन्त्रणे । मुक्ता-त्यक्ता उपमा-उपमानं येन सः, तथोक्तः, अनुपम इति यावत्, यद्वा मुक्तः-कर्मभिस्त्यक्तः । तथा उप-समीपे मा-लक्ष्मीर्यस्य स उपमः, तदामन्त्रणे । तारकायाः—कनीनिकायाः दृष्टेर्वा । " तारको दैत्यभित्कर्णधारयोर्ना द्वयोर्दृशि ॥ कनीनिकायामृक्षे च न पुमांस्त्रातरि त्रिषु । " इति मेदिनिः (श्लो० ९९-१००) । सुबन्धुरारामः-अतिरम्योपवनं, तदामन्त्रणे । जय-सर्वोत्कर्षेण वर्तस्व । 'अङ्ग' इति सम्बोधनार्थेऽव्ययः' । " अङ्ग सम्बोधने हर्षे सम्भ्रमासूययोरपि " इति मेदिनिः (अव्यये श्लो० १२) । सारः-प्रधानः, तदामन्त्रणे । अत्र पद्ये तृतीयपादस्य सविसर्जनीयत्वेऽपि " नकार-णकारयोरस्वरमकार-नकारयोर्विसर्जनीयस्य भावाभावयोरपि न विरोध इति केचित् " इति वचनात् न यमकभङ्गः ॥ ३ ॥

अन्वयः

अङ्ग सत्-अर्घ-मुक्ता-उपम ! तारक ! अ-या-सु [अय-असु]-बन्धुर ! आ-राम-जय-अङ्ग-सार ! सत-अर्घ ! मुक्त-उपम ! [मुक्त ! उप-म !] तारकायाः सु-बन्धुर-आराम ! सार ! जय ।

શબ્દાર્થ

सत्=શ્રેષ્ઠ.
अर्घ=મૂલ્ય.
मुक्ता=મોતી.
उपमा=ઉપમા, સમાનતા.
सदर्घमुक्तोपम !=હે શ્રેષ્ઠ મૂલ્યવાળાં મોતી-ઓના સમાન !
तारक=હે તારનાર !
या=યાત્રા.
सु=પ્રસૂતિ, જન્મ.
अयासु=(સંસાર-પરિભ્રમણરૂપ) યાત્રાનો જન્મ જેમાં નથી એવા.
अय=(૧) નહિ જનાર, સ્થાયી; (૨) લાભ; (૩) શુભ કાર્ય.
असु=પ્રાણ.
बन्धुर=(૧) મનોજ્ઞ; (૨) મુગટ.
अयासुबन्धुर !=(૧) હે (સંસારપરિભ્રમણ-રૂપ) યાત્રાની પ્રસૂતિથી રહિત તેમજ મનોજ્ઞ ! (૨) (સંસાર-)યાત્રાના જન્મથી રહિતના મુગટ !; (૩) હે સ્થાયી પ્રાણ વડે મનોહર !; (૪) હે શુભ વિધિ અને પ્રાણથી ચિત્તરંજક !
आ=સમસ્ત રીતે.
राम=મનોહર.
जय=વિજય.
अङ्ग=ઉપાય.
सार=(૧) બળ; (૨) સંપત્તિ.
आरामजयाङ्गसार !=(૧) સમસ્ત રીતે મનોહર એવા વિજયના ઉપાયોરૂપ બળ છે જેનું એવા ! (૨) હે બધી રીતે મનોજ્ઞ એવા વિજયની સામગ્રીની સંપત્તિરૂપ !
सत्=સમુચિત.
अर्घ=અર્ઘ, પૂજાવિધિ.
सदर्घ !=હે સમુચિત અર્ઘવાળા !
मुक्त (ધા० मुच्)=ત્યજી દીધેલ.
मुक्तोपम !=હે ઉપમા રહિત !

१ श्रीहेमचन्द्रीयकाव्यानुशासनटीकायाम् (પૃ० २१०) ।

मुक्त ! (મૂ० मुक्त)=હે ત્યજાયેલ !
उप=સમીપ.
मा=લક્ષ્મી.
उपम !=સમીપ છે લક્ષ્મી જેની એવા !
तारकायाः (મૂ० तारका)= (૧) આંખની કીકીનું; (૨) દૃષ્ટિનું.

सु=અતિશયતાવાચક અવ્યય.
आराम=ઉદ્યાન, બગીચો.
सुबन्धुराराम !=હે અતિશય મનોહર ઉદ્યાન !
जय (ધા० जि)=તું જય પામ.
अङ्ग=સંબોધનવાચક અવ્યય.
सार ! (મૂ० सार)= હે ઉત્તમ !

પદ્યાર્થ

"હે શ્રેષ્ઠ મૂલ્યવાળાં મોતીઓની ઉપમાવાળા (નાથ) ! હે (ભવ-સમુદ્રમાંથી પ્રાણીઓને) તારનાર ! હે (સંસાર-પરિભ્રમણરૂપ) યાત્રાની પ્રસૂતિથી રહિત તેમજ મનોજ્ઞ ! [અથવા સંસાર-યાત્રાથી રહિત જનોના મુગટ !, હે સ્થાયી (જ્ઞાનાદિક ભાવ)પ્રાણોથી મનોહર ! કે હે લાભ અને (ભાવ-)પ્રાણોથી ચિત્તરંજક !], હે સમસ્ત રીતે મનોહર એવા વિજયના ઉપાયરૂપ બળવાળા ! [અથવા હે બધી રીતે મનોજ્ઞ એવા વિજયની સામગ્રીની સંપત્તિ !], હે સમુચિત અર્થવાળા ! હે નિરૂપમ ! [અથવા હે (કર્મોથી) રહિત ! હે સમીપ લક્ષ્મીવાળા !], હે આંખની કીકીને [અથવા દૃષ્ટિને] અતિશય મનોહર ઉદ્યાન (સમાન) ! હે ઉત્તમ (યોગીશ્વર) ! તું જય પામ."—૩

સ્પષ્ટીકરણ

યમક-વિચાર—

આ પદ્ય અર્ધાભ્યાસ લક્ષણથી લક્ષિત સમુદ્ગ યમકથી શોભે છે. એનું લક્ષણ **દણ્ડી**ના શબ્દોમાં એ છે કે—

"अर्धाभ्यासः समुद्गः स्यादस्य भेदास्त्रयो मताः"

અર્થાત્ અર્ધાભ્યાસ તે સમુદ્ગ કહેવાય છે અને તેના ત્રણ પ્રકારો સ્વીકારવામાં આવ્યા છે. (૧) પ્રથમ અને દ્વિતીય ચરણોની સમાનતા અને એવી રીતે તૃતીય અને ચતુર્થ ચરણોની અભિન્નતા; (૨) પ્રથમ અને તૃતીય ચરણોની એકતા અને દ્વિતીય અને ચતુર્થ ચરણોની સમતા; અને (૩) પ્રથમ અને ચતુર્થ ચરણોની એકરૂપતા અને દ્વિતીય અને તૃતીય ચરણોની તુલ્યતા. આ ત્રણ પ્રકારો પૈકી અત્ર તેમજ આ પછીના પદ્યમાં દ્વિતીય પ્રકાર નજરે પડે છે, જ્યારે બાકીના પ્રકારો ચતુર્થ પરિશિષ્ટગત કાવ્ય પૂરા પાડે છે, કેમકે એના ચોથા અને નવમા પદ્યમાં તૃતીય પ્રકાર જોવાય છે, ત્યાર પછીના દશમા પદ્યમાં પ્રથમ પ્રકાર કે જેના ઉદાહરણ તરીકે **શિશુપાલ**ના ૧૯ મા સર્ગના ૧૧૮ મા પદ્યનો ઉલ્લેખ કરી શકાય તેમ છે અને અગ્યારમા પદ્યમાં દ્વિતીય પ્રકાર દષ્ટિગોચર થાય છે કે જેના ઉદાહરણની ગરજ આ સર્ગનું ૫૮ મું પદ્ય પણ સારે છે.

———:0:———

सत्यागमाऽसारधराऽङ्गनाना–दराधिकन्तोऽलसमाननन्द ।
सत्यागमासारधराङ्ग ! नाना–ऽऽदराधिकं तोल समान ! नन्द ॥४॥ —उप०

अवचूरिः

सत्यागमेति । सत्यः–प्रमाणप्रतिष्ठितः, आगमः–सिद्धान्तो ज्ञानं वा यस्य सः, तदामन्त्रणे । सारं–धनं, "सारो बले स्थिरांशे च मज्ज्ञि पुंसि जले धने" इति मेदिनिः (श्लो० ९५) । धरा–पृथ्वी, अङ्गना–स्त्री, अनादरः–तिरस्कारः, आधिः–चित्तपीडा, कन्तुः–कामः "कन्तुः कन्दर्पे" इति [1]जिनदेवः । एतेषां द्वन्द्वं विधाय, न विद्यन्ते सारधराङ्गनादराधिकन्तवो यस्य सः, तथोक्तः, तदामन्त्रणे । लसो–विलासः, मानः–अहङ्कारः ताभ्यां नन्दतीति लसमाननन्दः, न लसमाननन्दोऽलसमाननन्दः, क्रीडाहङ्काररहित इति यावत्, तदामन्त्रणे । त्यागेन–दानेन सहिता मा–लक्ष्मीः सत्यागमा " मा मातरि तथा लक्ष्म्याम् " इति सुधाकलशः (श्लो० ३४) । तस्याः सारं–सर्वस्वं धरतीति तथोक्तः, तदामन्त्रणे । ' अङ्ग ' इति आमन्त्रणे । नानाऽऽदरेण–विविधसम्मानेन अधिकं–नानाऽऽदराधिकं यथा स्यात् तथा, क्रियाविशेषणमिदम् । तोलयति इति तोलः–वस्तुस्वरूपनिर्णायकः, तदामन्त्रणे । मानेन–ज्ञानेन प्रतिष्ठया वा सह वर्तते इति समानः तदामन्त्रणे । यद्वा तस्य–पुण्यस्य " तश्चौरामृतपुच्छेषु क्रोडे म्लेच्छे च कुत्रचित् । अपुमांस्तरणे पुण्ये कथितः शब्दवेदिभिः" इति मेदिनिः (श्लो० १) । ऊ–रक्षणं "पुंल्लिङ्ग ऊस्तु रक्षणे" इति सुधाकलशः (श्लो० ५), तत्र लसमानः–शक्तुल्यः, " लः शक्रे ला तु दाने स्याद् ग्रहणेऽपि निगद्यते " इति मेदिनिः (श्लो० १), तदामन्त्रणे । नन्द–समृद्धिं प्राप्नुहि ॥ ४ ॥

अन्वयः

अङ्ग सत्य–आगम ! अ–सार–धरा–अङ्गना–अनादर–आधि–कन्तो ! अ–लस–मान–नन्द ! स–त्याग–मा–सार धर ! तोल ! [त–ऊ–ल] स–मान ! नाना–आदर–अधिकं [नाना अ–दर ! अधि–कं] नन्द ।

શબ્દાર્થ

सत्य=સાચો.
आगम=(૧) આગમ, સિદ્ધાન્ત; (૨) જ્ઞાન.
सत्यागम !=(૧)સાચો છે સિદ્ધાન્ત જેનો એવા !; (૨) સાચું છે જ્ઞાન જેનું એવા !
सार=લક્ષ્મી, દ્રવ્ય.
धरा=પૃથ્વી.
अङ्गना=નારી.
अनादर=તિરસ્કાર.
आधि=માનસિક પીડા.
कन्तु=મદન, કામદેવ.
असारधराऽङ्गनाऽनादराधिकन्तो !=અવિદ્યમાન છે લક્ષ્મી, પૃથ્વી, નારી, તિરસ્કાર, માનસિક પીડા અને મદન જેને વિષે એવા !
लस=વિલાસ, મોજશોખ.
मान=અહંકાર.
नन्द=ખુશી થવું.
अलसमाननन्द !=હે વિલાસ અને અહંકારથી આનન્દિત નહિ થનાર !
सह=સહિત.
त्याग=દાન.

---

[1] एतन्मुनिराजप्रणीते अभिधानचिन्तामणिशिलोञ्छे (का० २, श्लो० १०) ।

मा=લક્ષ્મી.
सार=સાર, સર્વસ્વ.
धर=ધરનાર, ધારણ કરનાર.
सत्यागमासारधर !=હે દાન સહિત લક્ષ્મીના સારને ધરનાર !
अङ्ग=સંબોધનવાચક શબ્દ.
नाना=વિવિધ.
आदर=આદર, સત્કાર, સન્માન.
अधिक=અધિક, વધારે.
नानाऽऽदराधिकं=વિવિધ આદરથી અધિક એવી રીતે.
दर=ભય.
अदर !=હે નિર્ભય !
अधिकं (મૂ૦ अधिक)=અધિક.
तोल ! (મૂ૦ तोल)=હે તુલના કરનાર !
त=પુણ્ય.
ऊ=રક્ષણ.
ल=ઇન્દ્ર.
तोल !=હે પુણ્યનું રક્ષણ કરવામાં ઇન્દ્ર !
मान=(૧) જ્ઞાન, (૨) પ્રતિષ્ઠા.
समान !=(૧) હે જ્ઞાની !; (૨) હે પ્રતિષ્ઠાશાળી !
नन्द (ધા૦ नन्द्)=તું સમૃદ્ધિ પામ.

પદ્યાર્થ

"હે સાચા (પ્રામાણિક) સિદ્ધાન્તવાળા ! [અથવા હે સત્યજ્ઞાની !] હે લક્ષ્મી, પૃથ્વી, લલના, અનાદર, માનસિક પીડા અને મદનથી વિમુખ ! હે (વિષયજન્ય) વિલાસ અને ગર્વથી નહિ ખુશી થનાર ! હે દાન સહિત લક્ષ્મીના સર્વસ્વને ધારણ કરનાર ! હે (વિવિધ વસ્તુના સ્વરૂપોની) તુલના કરનાર ! [અથવા હે પુણ્યનું રક્ષણ કરવામાં ઇન્દ્ર (સમાન) !] હે જ્ઞાની ! [અથવા હે પ્રતિષ્ઠાશાળી !] હે નિર્ભય ! તું વિવિધ અને અધિક સમૃદ્ધિ પામ [અથવા તું વિવિધ આદરથી અધિક એવી રીતે] સમૃદ્ધ થા."—૪

———:o:———

गुरो ! सदालोकनबालभाल–विभावरीनाथविभाऽस्तभाव ! ।
वामेय ! मे कामितमातनु श्री–गुरो ! सदाऽऽलोकन ! बालभाल ! ॥ ५ ॥

—उप०

अवचूरिः

गुरो ! इति । हे गुरो !–तत्त्ववादिन् ! सद् आलोकनं–दर्शनं यस्य सः, तथोक्तः भालं–ललाटमेव विभावरीनाथः–चन्द्रः भालविभावरीनाथः, बालश्चासौ भालविभावरीनाथश्च तथोक्तः, सदालोकनश्चासौ बालभालविभावरीनाथश्चेति कर्मधारयः, तस्य विभया–कान्त्या निरस्तो भावः–कामः क्रीडा वा येन सः, " भावः सत्तास्वभावाभिप्रायचेष्टात्मजन्मसु । क्रियालीलापदार्थेषु विभूतिबुधजन्तुषु ॥ " इति मेदिनिः (श्लो० १०–११), तदामन्त्रणे । वामायाः पुमानपत्यं वामेयः, तदामन्त्रणे । मे–मम । बाहुलकादामन्त्रितपदादपि ' मे ' आदेशः, अव्ययं वाऽस्मदेकवचनप्रतिरूपकमिदम् । कामितम्–इष्टम् । आतनु–समन्ताद् विस्तारय । श्रिया–लक्ष्म्या शोभया वा गुरुः–महान् श्रीगुरुः, तदामन्त्रणे । आलोकनमालोकः, ज्ञानरूपः प्रकाश इत्यर्थः, सदा–निरन्तरमालोकनं यस्य सः, तदामन्त्रणे । बालान्–अज्ञान् भालयति–निरूपयति इति बालभालः, उद्धारकबुद्ध्या मूर्खनिरीक्षक इत्यर्थः, तदामन्त्रणे ॥ ५ ॥

अन्वयः

(हे) गुरो ! सत्–आलोकन–बाल–भाल–विभावरी–नाथ–विभा–अस्त–भाव ! श्री–गुरो ! सदा–आलोकन ! बाल–भाल ! वामेय ! मे कामितं आतनु ।

શબ્દાર્થ

गुरो ! (મૂ૦ गुरु)=હે ગુરૂ !, હે તત્ત્વ-વિવેચક !
सत्=સુન્દર.
आलोकन=અવલોકન, દૃષ્ટિ.
बाल=બાળક.
भाल=લલાટ.
विभावरी=નિશા, રાત્રિ.
नाथ=સ્વામી.
विभा=તેજ.
अस्त (ધા૦ अस्)=દૂર કરેલ.
भाव=(૧) મદન; (૨) ક્રીડા
सदालोकनबालभालविभावरीनाथविभाऽस्तभाव ! =સુંદર દૃષ્ટિ અને લલાટરૂપ બાલ-ચન્દ્રની પ્રભા વડે પરાસ્ત કર્યો છે ભાવને જેણે એવા !
वामेय ! (મૂ૦ वामेय)=હે વામા (રાણી)ના નન્દન !, હે પાર્શ્વનાથ !
मे (મૂ૦ अस्मद्)=મારા.
कामितं (મૂ૦ कामित)=મનોવાંછિતને.
आतनु (ધા૦ तन्)=તું અત્યંત વિસ્તાર.
श्री=લક્ષ્મી.
गुरु=મહાન્, મોટા.
श्रीगुरो !=હે લક્ષ્મી વડે મોટા !
सदा=સર્વદા.
आलोकन=જ્ઞાન.
सदाऽऽलोकन !=સર્વદા છે જ્ઞાન જેને એવા !
बाल=મૂર્ખ.
भाल=જોનાર.
बालभाल !=હે મૂર્ખને જોનાર !

પદ્યાર્થ

હે તત્ત્વ-વિવેચક (વિભુ) ! હે સુંદર દૃષ્ટિ અને લલાટરૂપ બાલ (અષ્ટમીના) ચન્દ્રની પ્રભા વડે મદનને [અથવા (વિલાસમય) ક્રીડાઓને] જેણે પરાસ્ત કરેલ છે એવા હે (યોગિનાથ) ! હે (જ્ઞાનાદિ અંતરંગ) લક્ષ્મી વડે મોટા (મહેશ) ! હે નિરંતર જ્ઞાનવાળા (પ્રભુ) ! હે (જગતનો ઉદ્ધાર કરવાની બુદ્ધિથી) મૂર્ખના નિરીક્ષક ! હે વામા-નન્દન ! તું મારા વાંછિતનો ચારે બાજુ વિસ્તાર કર. "—૫

—:o:—

कल्याण ! मालाऽकरणाऽऽधिहारी–कल्याऽणमालाऽकरणाऽऽधिहारी ।
कल्याणमालाऽकरणाऽधिहारी, कल्याणमालाः कर णाधिहारी ॥ ६ ॥

—इन्द्रवज्रा

अवचूरिः

कल्याणेति । कल्यां–शुभां वाणीं अणति–वदतीति कल्याणः, तदामन्त्रणे । मालाः–किरातविशेषाः "मालं क्षेत्रे स्त्रियां पुष्पस्रजोर्जात्यन्तरे पुमान्" इति मेदिनिः (श्लो० ४५)। न विद्यते कं–सुखं यस्य स अकः, "सुखशीर्षजलेषु कम्" इति मेदिनिः (श्लो० १६)। रणो–युद्धं शब्दो वा "रणः कोणे क्वणे पुंसि समरे पुंन-

पुंसकम् " इति मेदिनिः (श्लो० १८)। अकश्चासौ रणश्च अकरणः, मालाग्रामकरणो मालाकरणः-चौरजनितं दुःखप्रचुरं युद्धं तेषां शब्दो वा आक्रन्दायकः। आधिः-व्यसनम् "आधिः पुमांश्चित्तपीडा-प्रत्याशाबन्धकेषु च। व्यसने चाप्यधिष्ठाने" इति मेदिनिः (श्लो० ३)। हारिः-द्यूतादिभङ्ग। "हारिः पथिकसन्तानद्यूतादिभङ्गयोः स्त्रियाम्।" इति मेदिनिः (श्लो० १०१)। इः-कामः "इः कामे पुंलिङ्ग इ च" इति सुधाकलशः (श्लो० १)। कल्यं-मद्यं इरेव कल्यम् इकल्यं-काममदिरा। णस्य-ज्ञानस्य अभावोऽणम्- अज्ञानम् "णः प्रकटे निष्कले च प्रस्तुते ज्ञानबन्धयोः" इति सुधाकलशः (श्लो० २१)। मालं-ग्रामयोरन्तरालाटवी। करणानि-इन्द्रियाणि तेषामभावोऽल्पता वा अकरणम्। मालाकरणश्च आधिश्च हारिश्च इकल्यं च अणं च मालं च अकरणं च मालाकरणाधिहारीकल्याणमालाकरणानि एतेषां सम्बन्धिनः एतज्जनितस्य वा आधेः-चित्तपीडाया हारी-हरणशीलः, तथोक्तः। कल्याणस्य मां-मोक्षस्य लक्ष्मीं, "कल्याणमक्षये स्वर्गे मङ्गलेऽपि नपुंसकम्" इति मेदिनिः (श्लो० ४०), लाति-ददाति इति कल्याणमालः, तदामन्त्रणे। न विद्यते करणं-देहो यस्य सः अकरणः, तदामन्त्रणे, देहरहित इत्यर्थः। अधिकं हारी-मनोहरः-अधिहारी। कल्याणस्य मालाः मङ्गलस्य श्रेणीः कर-कुरु। भौवादिपाठात् करोतेः पाक्षिके शवि सप्तम्यां मध्यमपुरुषैकवचनान्तक्रियापदमिदम्। णस्य-बन्धस्य अधिहाः-हानं, जिहीतेर्भावे क्विपि अधिहाः, कर्मबन्धहानिरित्यर्थः, तत्र अरि इव-चक्रमिव णाधिहारी। एतादृशस्त्वं कल्याणमालाः कुरु इत्यर्थः॥ ६॥

अन्वयः

कल्या-अण! कल्याण-मा ल! अ-करण! माल-अ-क-रण-आधि-हारि-इ-कल्या-अण-माल-अ-करणा-आधि-हारी अधि-हारी ण-अधि-हा-अरि कल्याण-मालाः कर।

શબ્દાર્થ

कल्या=શુભ વાણી, સાબાશી.
अण्=બોલવું, વદવું.
कल्याण !=હે શુભવાણી વદનાર !
माल=માલ, જંગલીઓની એક જાત.
अक=દુઃખ.
रण=(१) યુદ્ધ; (२) શબ્દ.
आधि=વ્યસન.
हारि=દ્યૂત વગેરેનો ભંગ
इ=કામદેવ, મદન.
कल्य=મદ્ય, દારૂ.
अण=અજ્ઞાન.
माल=બે ગામની વચ્ચેનું જંગલ, ખેતર.
अ=(१) નિષેધવાચક શબ્દ; (२) અલ્પતા-વાચક શબ્દ.
करण=ઇન્દ્રિય.
आधि=માનસિક પીડા.
हारिन्=હરણ કરવાના સ્વભાવવાળો.

मालाऽकरणाऽऽधिहारीकल्याऽणमालाऽकरणाऽऽधिहारी=(१) માલ(જનિત) દુઃખરૂપ યુદ્ધ, વ્યસન, દ્યૂતાદિના ભંગ, મદનરૂપ મદ્ય, અજ્ઞાનરૂપ ખેતર, અને ઇન્દ્રિયોના અભાવ સંબંધી આધિને (હરનારો); માલ(જનિત) દુઃખ અને અવાજ, વ્યસન, દ્યૂતાદિના ભંગ, મદનરૂપ મદ્ય, અજ્ઞાનરૂપ ખેતર અને ઇન્દ્રિયોની અલ્પતાથી ઉદ્ભવતી આધિને હરનાર.
कल्याण=મોક્ષ.
मा=લક્ષ્મી.
ला=આપવું.
कल्याणमाल !=હે મોક્ષની લક્ષ્મીને આપનાર !
करण=દેહ.
अकरण !=હે દેહ રહિત !
अधि=અધિકતાવાચક શબ્દ.
हारिन्=મનોહર.

अधिहारी=અધિક મનોહર.
कल्याण=કલ્યાણ, મંગળ.
माला=માળા, શ્રેણિ.
कल्याणमालाः=મંગલ-માલાઓ.
कर (धा० कृ)=તું કર.

ण=બન્ધન.
अधिहा=હાનિ, નાશ.
अरि=ચક્ર.
णाधिहारी=બન્ધનનો નાશ કરવામાં ચક્ર (સમાન).

પદ્યાર્થ

" હે શુભ વાણી વદનાર ! હે મુક્તિ-લક્ષ્મીને આપનાર ! હે દેહ રહિત ! 'માલ' (જનિત) દુઃખરૂપ યુદ્ધ [અથવા દુઃખ અને અવાજ], વ્યસન, દ્યૂતાદિના ભંગ, મદનરૂપ મદ્ય, અજ્ઞાનરૂપ ખેતર અને ઇન્દ્રિયોના અભાવ સંબંધી [અથવા ઇન્દ્રિયોની અલ્પતાથી ઉદ્ભવતી) આધિને હરનાર, અધિક મનોહર, તેમજ (કર્મ)બન્ધનનો નાશ કરવામાં ચક્ર (સમાન) એવો તું મંગલ-માલા કર. "—૬

સ્પષ્ટીકરણ

આ પદ્ય પંક્તિ નામના યમકથી અલંકૃત છે, કેમકે એનાં ચારે ચરણો સમાન છે. આવાં અન્ય ઉદાહરણો તરીકે ચતુર્થ પરિશિષ્ટગત કાવ્યના આઠમા પદ્યનો ઉલ્લેખ થઇ શકે તેમ છે. વિશેષમાં આવું એક ઉદાહરણ વાગ્ભટાલંકારની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ૦ ૩૫) પણ પૂરૂં પાડે છે, તે નીચે મુજબ છેઃ—

" रम्भारामा कुरबककमला-ऽरं भारामा कुरबककमला- ।
रम्भा रामाऽकुरबक ! कमला-रम्भारामाऽकुरबककमला ॥ "

આ ભ્રમરવિલસિત છંદમાં રચાયેલા પદ્યના દ્વિતીય ચરણના અન્તિમ પદનો અને તૃતીયન પ્રારમ્ભિક પદનો સમાસ છે એટલે કે દ્વિતીય અને તૃતીય ચરણની વચ્ચે યતિ નથી. આવો પ્રયોગ કવિસમ્પ્રદાયથી સિદ્ધ હોય એ શંકાસ્પદ છે (જોકે આવું એક પદ્ય 'શ્રીભક્તામર સ્તોત્રની પાદ-પૂર્તિરૂપ કાવ્યસંગ્રહ'ના દ્વિતીય વિભાગના ૧૯૦ મા પૃષ્ઠમાં છે) અને એથી આ પદ્યગન્ધી ગદ્ય તો ન હોય એવો તર્ક સ્ફુરે છે.

———.o·———

इत्थं स्तुतं सुयमकैर्यमकैरवेन्दुं, चारूपभूमिरमणीरमणीयहारम् ।
श्रीपार्श्वनाथजिनपं जिनपद्मयाऽऽढ्यं, ध्यायामि भावसहितं सहितं समन्तात् ।७।

—वसन्ततिलका

अवचूरिः

इत्थमिति । इत्थम्-एवंप्रकारेण स्तुतं-नुतम्, सुयमकैः-महायमकैः । यमाः-नियमा महाव्रतानि वा ते एव कैरवाणि-कुवलयानि तेषु इन्दुः-चन्द्रः, तम् । चारूपम्-अणहिल्लपट्टनतः उत्तरस्यां दिशि चतुःक्रोशदूरवर्ती ग्रामविशेषः, तस्य भूमिरेव रमणी-सुन्दरी तस्या भूषाकृते रमणीयो-मनोहरो

हारी–मुक्तावली, तम् । श्रीपार्श्वनाथजिनपतिम् । जिनस्य–अर्हतः पद्मा–प्रातिहार्यादिलक्ष्मीः, तया आढ्यं–समृद्धम् । ' जिनपद्म ' इति वचनेन कविना स्वनामापि सूचितं सम्भवति । ध्यायामि–चिन्तयामि । भावेन–मानसोल्लासेन सहितम् । हितेन सह वर्तमानः सहितः, तम् । समन्तात्–सर्वतः ॥ ७ ॥

' पार्श्व ' स्तवनकरण्डं, महायमकमुद्रया निगूढतरम् ।
' कल्याणविजय 'मुनिना, भित्त्वा प्रकटीकृतोऽर्थभरः ॥ १ ॥

इति मुनिराजकल्याणविजयविरचिता श्रीपार्श्वनाथजिनस्तवाऽवचूरिः समाप्ता ॥

अन्वयः

इत्थं सु–यमकैः स्तुतं यम–कैरव–इन्दुं चारूप–भूमि–रमणी–रमणीय हारं जिन–पद्मया आढ्यं स–हितं श्री–पार्श्वनाथ–जिन–पं भाव–सहितं समन्तात् ध्यायामि ।

શબ્દાર્થ

इत्थं=આ પ્રમાણે.
स्तुतं (મૂ૦ स्तुत)=સ્તુતિ કરાયેલ.
सु=શ્રેષ્ઠતાવાચક અવ્યય.
यमक=શબ્દાલંકારનો એક પ્રકાર, ઝમક.
सुयमकैः=સુન્દર યમકો વડે.
यम=(૧) નિયમ; (૨) વ્રત.
कैरव=ચન્દ્રમુખી કમળ.
इन्दु=ચન્દ્ર.
यमकैरवेन्दुं=યમરૂપ કૈરવ પ્રતિ ચન્દ્ર.
चारूप=ચારૂપ.
भूमि=સ્થળ.
रमणी=લલના, મહિલા, ભામિની.
रमणीय=મનોહર, ભવ્ય,
हार=હાર.
चारूपभूमिरमणीरमणीयहारं=ચારૂપ ભૂમિરૂપ ભામિનીના ભવ્ય હાર.
श्री=માનવાચક શબ્દ.
पार्श्वनाथ=પાર્શ્વનાથ.
जिनप=જિનપતિ, તીર્થંકર.
श्रीपार्श्वनाथजिनपं=શ્રીપાર્શ્વનાથ તીર્થંકરને.
जिन=અરિહંત, તીર્થંકર.
पद्मा=લક્ષ્મી.
जिनपद्मया=અરિહંતની લક્ષ્મીથી.
आढ्यं (મૂ૦ आढ्य)=સમૃદ્ધ.
ध्यायामि (ધા૦ ध्यै)=હું ધ્યાન ધરૂં છું.
भाव=માનસિક ઉલ્લાસ.
सहित=યુક્ત, સાથે.
भावसहितं=માનસિક ઉલ્લાસ સહિત.
सह=સાથે.
हित=કલ્યાણ.
सहितं=કલ્યાણથી યુક્ત.
समन्तात्=સર્વ બાજુથી.

પદ્યાર્થ

" આ પ્રમાણે સુન્દર યમકો વડે સ્તુતિ કરાયેલા, યમરૂપ કૈરવને (વિકસિત કરવામાં) ચન્દ્ર (સમાન), ' ચારૂપ ' ભૂમિરૂપ ભામિનીના ભવ્ય હાર (તુલ્ય), આર્હત સંપત્તિ વડે સમૃદ્ધ તથા કલ્યાણથી યુક્ત એવા શ્રીપાર્શ્વનાથ જિનેશ્વરનું હું સર્વ બાજુથી માનસિક ઉલ્લાસ પૂર્વક ધ્યાન ધરૂં છું. "—૭

———:o:———

च-परिशिष्टम् ।

श्रीजिनप्रभसूरिसूत्रितं

॥ श्रीअजितजिनस्तोत्रम् ॥

(सटिप्पणकम्)

विश्वेश्वरं [1]मथितमन्मथभूपमानं
देवं [2]क्षमाऽतिशयसंश्रितभूपमानम् ।
तीर्थाधिराज'मजितं' [3]*'जितशत्रु'जातं
प्रीत्या स्तवीमि यमकै[4]र्जितशत्रुजातम् ॥ १ ॥

टि०—१ दलितकामनृपतिमदम् । २ क्षमाऽतिशयेन—क्षान्त्यतिरेकेण संश्रितं—कलितं भुवः—पृथिव्याः उपमानं—साम्यं येन (तम्) । ३ श्रीजितशत्रुनृपतितनयम् । ४ पराभूतशत्रुसमूहम् ॥१॥

अन्वयः

विश्व-ईश्वरं मथित-मन्मथ-भूप-मानं देवं क्षमा-अतिशय-संश्रित-भू-उपमानं तीर्थ-अधिराजं जित-शत्रु-जातं ' जितशत्रु '-जातं ' अजितं ' यमकैः प्रीत्या स्तवीमि ।

શબ્દાર્થ

विश्व=જગત્, દુનિયા.
ईश्वर=ઈશ્વર, સ્વામી, નાથ.
विश्वेश्वरं=દુનિયાના સ્વામીને, જગન્નાથને
मथित (धा० मन्थ्)=મથેલ, દળી નાંખેલ.
मन्मथ=કામદેવ, મદન.
